ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-08

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૧

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)

(મુખ્ય વિષય)

વિભાગ

# 4

## રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો - 1 (Nationalism : Inter War Years-1 )


**એકમ 17**

બંધારણીય સુધારા : 1892-1920 (Constitutional Reforms : 1892-1920) 7

**એકમ 18**

અસહકાર અને ખિલાફતનાં આંદોલનો 1919-1922
(Non-Co-operation and Khilafat Movements : 1919-1922) 24

**એકમ 19**

અકાલી ચળવળ (The Akali Movement) 40

**એકમ 20**

પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં બિન-બ્રાહ્મણ આંદોલન
(The Non-Brahmin Movement in Western and Southern India) 55

**એકમ 21**

સ્વરાજ્ય પક્ષ અને રચનાત્મક કાર્ય 1922-1929
(The Swarajists and Constructive Work : 1922-1929) 68

**એકમ 22**

દ્વિતીય વિશ્વયુદ્ધ સુધીમાં કોમવાદનો ફેલાવો
(Growth of Communalism upto the Second World War) 88

## Expert Committee

Prof. Ravinder Kumar (Chairman)
Director
Nehru Memorial Museum & Library
New Delhi

Prof. S. Gopal
Director
Nehru Memorial Fund
New Delhi

Prof. Satish Chandra (CHS)
Prof. Romila Thapar (CHS)
Dr. Muzaffar Alam (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R. I. Malhotra
Department of History
Punjab University
Chandigarh

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor (Acd.)
Prof. Bakeshish Singh
(Convener)
IGNOU
New Delhi



## Course Preparation Team

Dr. S.K. Bajaj
Punjabi University
Patiala

Prof. J.C. Jha
Department of History
Patna University
Patna

Prof. Mohinder Singh
Director
Guru Nanak Foundation
New Delhi

Prof. V.N. Datt (Course Editor)
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya (Consultant)
Jawaharlal Nehru University
New Delhi

Prof. O.P. Grewal (Language Editor)
Department of English
Kurukshetra University
Kurukshetra

Dr. Atluri Murali
School of Correspondence Course and Continuing Education
Delhi University
Delhi

Dr. S.K. Mittal
History Department
Meerut College
Meerut

**Faculty Members: Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

Ms. Anju Sehgal
(Language Editor)



## Production

Mr. Balakrishna Selvaraj
Production Officer (MPDD)
IGNOU



*© Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's Office at K-76, Hauz Khas, New Delhi-110016.*

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 4 રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો-I (Nationalism : The Inter War Years-I

આ અભ્યાસક્રમના વિભાગ-2માં આપણે ભારતીય રાષ્ટ્રીય લડત કઈ રીતે સંગઠિત બની તેની ચર્ચા કરી. રાષ્ટ્રીય લડતની માગણીઓમાં ક્રમશઃ વધારો થતો ગયો અને ભારતીય રાષ્ટ્રીય લડત પર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના જે બનાવોની અસર પણ પડી, તેનો તમને ઘટક 3માં પરિચય કરાવવામાં આવ્યો છે. રાજકારણમાં ગાંધીજીના પ્રવેશ સાથે રાષ્ટ્રીય લડતમાં ક્રમશઃ લોકોનું જોડાણ કઈ રીતે થયું તેની પણ તમને જાણકારી આપવામાં આવી છે. આંતર-યુદ્ધોનાં વર્ષો દરમિયાન રાષ્ટ્રીય લડતનાં વિવિધ પાસાંઓની ચર્ચા આપણે આ એકમમાં કરીશું.

17મું એકમ 1892થી 1920ની વચ્ચેના સમયમાં થયેલા બંધારણીય સુધારાનું વિવરણ કરે છે. ભારતમાં બંધારણીય ફેરફારો કરવા માટે ઇંગ્લૅન્ડની સંસદે પસાર કરેલા વિવિધ ધારાઓનું આ એકમમાં આલેખન કરવામાં આવેલું છે. આ બંધારણીય સુધારા માટે જવાબદાર પરિબળોની પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે. આ સુધારાની મુખ્ય કલમો તથા આ સુધારાની ભારત પર થયેલી અસરોની પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

18માં એકમમાં અસહકાર તથા ખિલાફતનાં આંદોલનોની ચર્ચા કરવામાં આવી છે. આ બન્ને આંદોલનો માટેનાં જવાબદાર પરિબળોનો પણ આ એકમમાં નિર્દેશ કરવામાં આવેલો છે. આ આંદોલનોનું સ્વરૂપ, લોકોએ તેમને આપેલો પ્રતિભાવ, અને પછીની રાષ્ટ્રીય લડતો પર આ આંદોલનોની અસર વગેરેનું વર્ણન પણ આ એકમમાં અપાયેલું છે.

19 અને 20મા એકમમાં પ્રાદેશિક સ્તરે થયેલી સુધારણાની ચળવળનું વર્ણન અપાયેલું છે. સાથોસાથ અમુક પ્રાદેશિક ચળવળો રાષ્ટ્રીય લડત સાથે કઈ રીતે સંલગ્ન થઈ તે પણ દર્શાવવામાં આવ્યું છે. 19મા એકમમાં અકાલી ચળવળની ચર્ચા કરવામાં આવી છે. આ ચળવળે શીખ-સમાજમાં પ્રવર્તમાન સામાજિક અનિષ્ટો સાથે સુધારાની જેહાદ જગાવી હતી. સાથોસાથ અકાલી ચળવળે રાષ્ટ્રીય લડત સામે જોડાણ સાધીને બ્રિટિશ સત્તા સાથે પણ આંદોલન કરેલ તેની નોંધ પણ આ એકમમાં આપયેલી છે.

20મા એકમમાં ભારતના પશ્ચિમ તથા દક્ષિણ-પૂર્વ પ્રદેશોમાં થયેલી બ્રાહ્મણ વિરોધી ચળવળનું આલેખન છે. આ ચળવળે પ્રણાલિકાગત ભારતીય સામાજિક વ્યવસ્થા સામેના પડકારરૂપ લદાયેલ પાશ્ચાત્ય વિચારસરણી સામે સામાજિક અને સાંસ્કૃતિક લડત ચલાવી તેની નોંધ પણ આ એકમમાં લેવાયેલ છે.

અસહકારનાં આંદોલનની મોકૂફી બાદ રાષ્ટ્રીય રાજકારણમાં એક નવી વિચારસરણી ઉદ્ભવી, જેને પરિણામે સ્વરાજ્ય પક્ષની સ્થાપના થઈ.

21મા એકમમાં સ્વરાજ્ય પક્ષની રચના, તેના હેતુઓ, તેનો કાર્યક્રમ, તેની પદ્ધતિ, ધારાસભાઓમાં તેની કામગીરી અને છેવટે પક્ષના પતન માટે જવાબદાર પરિબળો વગેરેની ચર્ચા કરવામાં આવી છે. સ્વરાજ્ય પક્ષે કરેલી રચનાત્મક કામગીરીની પણ આ એકમમાં નોંધ કરાયેલી છે. આવી કામગીરીમાં અસ્પૃશ્યતા સામે સ્વરાજ્ય પક્ષે જગાવેલ જેહાદ તથા ખાદીના પ્રચાર માટે તેણે કરેલાં કાર્યનો પણ સમાવેશ થાય છે.

છેલ્લે, 22મા એકમમાં 1939 સુધીની કોમી સમસ્યાઓનું વિવરણ કરવામાં આવ્યું છે. પ્રારંભમાં કોમવાદનો અર્થ તથા તેના ઘટકોની સૈદ્ધાંતિક ચર્ચા કરવામાં આવી છે. પછીથી કોમવાદ માટેનાં જવાબદાર વિવિધ પરિબળો તથા રાષ્ટ્રીય લડત પર તેની થયેલી અસરોનું વર્ણન કરવામાં આવેલું છે.

# એકમ 17 બંધારણીય સુધારા : 1892-1920
## (Constitutional Reforms : 1892-1920)

રૂપરેખા

17.0 ઉદ્દેશો
17.1 પ્રસ્તાવના
17.2 પૂર્વભૂમિકા
17.3 1892નો હિન્દ સમિતિનો ધારો
17.3.1 બંધારણીય ફેરફારોની જરૂરિયાત
17.3.2 ધારાની મુખ્ય કલમો
17.4 મોર્લે-મિન્ટો સુધારા
17.4.1 બંધારણીય ફેરફારોની આવશ્યકતા
17.4.2 ધારાસભાઓની રચનામાં ફેરફારો
17.4.3 કાર્યક્ષેત્રમાં ફેરફારો
17.5 મોન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારા
17.5.1 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા માટેના સંજોગો
17.5.2 કેન્દ્ર સરકારમાં ફેરફારો
17.5.3 પ્રાંતીય સરકારમાં ફેરફારો
17.5.4 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની સમીક્ષા
17.6 સારાંશ
17.7 ચાવીરૂપ શબ્દો
17.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 17.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ ભારતમાં 1892 થી 1919ની વચ્ચે ધારાસભાનો થયેલ ઉદ્ભવ અને વિકાસ તપાસવાનો છે. આ એકમના અભ્યાસ બાદ તમે,

- આ સમય દરમિયાનની ધારાસભાના કદ, કાર્ય તથા વિકાસની રૂપરેખા જાણી શકશો.
- આ સુધારા આપવાની બ્રિટિશ સત્તાને ફરજ પાડનાર પરિબળો સમજી શકશો.
- આ ધારાસભાઓના વિકાસ તથા સ્વાતંત્ર્ય માટેની લડત વચ્ચેના સંબંધની મુલવણી કરી શકશો.

## 17.1 પ્રસ્તાવના

અંગ્રેજોએ કેટલાક બંધારણીય સુધારા દાખલ કર્યા. આ એકમમાં 1892ના હિન્દ ધારાસમિતિને લગતા ધારાને પસાર કરવાનાં પરિબળોની ચર્ચા કરવામાં આવી છે. ધારાની મુખ્ય કલમો તથા તેની સિદ્ધિઓ અને મર્યાદાઓ પણ દર્શાવવામાં આવેલી છે. વિશેષમાં આ એકમમાં મોર્લે-મિન્ટો સુધારા (1909) તથા મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા (1919)ની પૂર્વભૂમિકા આપવામાં આવેલ છે અને આ સુધારાથી સરકારનાં વિવિધ અંગોમાં શા ફેરફાર થયા તેનો પણ નિર્દેશ કરવામાં આવેલો છે. તમે આ સુધારાનું નિરપેક્ષ પૃથક્કરણ કરી શકો તે માટે છેવટે તેમની સિદ્ધિઓ તથા નિર્બળતાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવેલો છે.

## 17.2 પૂર્વભૂમિકા (Background)

1833ની સનદને આધારે ગવર્નર જનરલની કારોબારીમાં કાયદા સભ્ય નામે ચોથા સભ્યનો ઉમેરો કરવામાં આવ્યો. આ કાયદા સભ્યને ફક્ત ધારાકીય બાબતોની ચર્ચા સમયે કારોબારીમાં

હાજર રહેવાનો તથા મત આપવાનો અધિકાર મળ્યો. આમ મધ્યસ્થ સરકારના કાર્યમાં કારોબારી તથા ધારાકીય બાબતોને પ્રથમ સમય અલગ કરવામાં આવી. આ સનદથી બીજો ફેરફાર એ થયો કે સ્વતંત્ર રીતે ધારો ઘડવાની પ્રાંતીય સરકારની સત્તા રદ કરવામાં આવી.

વીસ વર્ષ પછી 1853ની સનદ પ્રમાણે કાયદા સભ્ય એ ગવર્નર જનરલનો કારોબારીનો સંપૂર્ણ દરજ્જો ધરાવતો સભ્ય બન્યો. આ સમયે ગવર્નર જનરલની કારોબારીમાં ધારકીય હેતુ માટે વધારાના છ સભ્યોનો ઉમેરો થતાં ગવર્નર જનરલની કાર્યવાહક સમિતિ તથા ધારાકીય સમિતિ વચ્ચેનો તફાવત તદ્દન સ્પષ્ટ થયો. આ બધા પગારદાર અધિકારીઓ હતા. આમાંના ચાર અધિકારીઓ મુંબઈ, મદ્રાસ અને બંગાળ ત્રણ પ્રાંતો તથા વાયવ્ય સરહદ પ્રાંતનું (જે હાલના ઉત્તર પ્રદેશનો પશ્ચિમ પ્રદેશ) પ્રતિનિધિત્વ કરતા હતા, જ્યારે બાકીના બે ન્યાયાધીશો હતા. આ ધારાની રૂએ આ બધા સભ્યોને ધારા ઘડનારા સભ્યો તરીકેનો દરજ્જો મળ્યો. આમાં કોઈ અંગ્રેજ કે ભારતીય બિન-અધિકારી સભ્યને નિયુક્ત કરવાની દરખાસ્ત સ્વીકારવામાં આવી નહિ.

1854માં ધારાસમિતિએ કામકાજ માટેની વિગતવાર પદ્ધતિ નક્કી કરી. કાયદા ઘડવા ઉપરાંત આ સમિતિ વિવિધ પ્રકારની ફરિયાદોની તપાસ કરનાર સંસ્થા પણ બની. આથી પ્રાંતીય સરકારોએ કાયદાના ઘડતરના કેન્દ્રીકરણ સામે નારાજી વ્યક્ત કરી. આમ છતાં 1857ના વિપ્લવે પ્રચલિત માળખામાં વિશેષ ફેરફાર કરવાની બ્રિટિશ સરકારની ઇચ્છાને તાત્કાલિક કારણ પૂરું પાડ્યું. એવું જણાયું કે હિન્દીઓ અને સત્તાધારીઓ વચ્ચે સંપર્ક અને સમજૂતિનો અભાવ જ વિપ્લવનું મુખ્ય કારણ હતું. આ વિચારસરણીનું પ્રતિબિંબ બ્રિટિશ સરકારે 1861માં પસાર કરેલ "હિન્દ સમિતિ"ને લગતા ધારામાં (Indian Council Act) પડ્યું. ધારા ઘડવા માટે ગવર્નર જનરલની સમિતિમાં છથી ઓછા નહિ તથા બારથી વધારે નહિ તેટલા સભ્યો ઉમેરવામાં આવ્યા. આ સભ્યોની નિમણૂક ગવર્નર જનરલે બે વર્ષ માટે કરવાની હતી. આ ધારા અનુસાર ખાસ નવો ફેરફાર એ થયો કે વધારાના સભ્યોમાંથી અર્ધાથી ઓછા નહિ તેટલા સરકારની દીવાની કે લશ્કરી સેવામાં ન હોય તેવા બિન-અધિકારીઓ હોવાનું જરૂરી હતું. આ જોગવાઈ પ્રમાણે ત્રણ બિન-અધિકારી હિન્દીઓની ધારાસમિતિમાં નિયુક્તિ કરવામાં આવી. ધારાસમિતિનું કાર્ય ચુસ્ત રીતે ધારા ઘડવા પૂરતું જ મર્યાદિત રાખવામાં આવ્યું. આ ધારાએ મદ્રાસ તથા મુંબઈની સરકારોને ધારા ઘડવાની સત્તા પુનઃ સુપરત કરી અને અન્ય પ્રાંતોમાં ધારાસમિતિ રચવાની જોગવાઈ કરી. આ અનુસાર 1862માં બંગાળમાં, 1886માં પંજાબમાં અને 1887માં વાયવ્ય સરહદ પ્રાંતમાં ધારાસમિતિઓ સ્થાપવામાં આવી.

ધારો પસાર થયાના પ્રથમ વીસ વર્ષ દરમિયાન બિન-અધિકારી સભ્યોની નિમણૂક કરવાની સત્તાનો ઉપયોગ બહુધા અધિકૃત-રાજ્યાશ્રયની વહેંચણીના સાધન તરીકે થયો. 1857-58ના વિપ્લવ દરમિયાન જે રાજાઓ, તેમના દીવાનો અથવા મોટા જમીનદારોએ બ્રિટિશ સરકારને સહાય કરી હતી, તેમની જ બિન-અધિકારી સભ્યો તરીકે નિયુક્તિ કરવામાં આવી. આમ છતાં બિન-અધિકારીઓની નિમણૂક કરવાનો નિર્ણય નોંધપાત્ર હતો. તેમાં ત્રણ બાબતો અભિપ્રેત હતી : (i) વહીવટ વિશે હિન્દીઓનો અભિપ્રાય જાણવાની સૂચિત સ્વીકૃતિ હતી. (ii) અંગ્રેજ અધિકારીઓ હિન્દીઓની ઇચ્છાઓનું વાસ્તવિક અર્થઘટન કરી શકે તેમ ન હતા. અને (iii) સત્તાધારી સાંસ્થાનિક સરકારને સંપૂર્ણ અલગતામાં કાર્ય કરવાનું શક્ય ન હતું.

## 17.3 1892નો હિન્દ સમિતિનો ધારો (The Indian Councils Act, 1892)

હવે આપણે 1892નો હિન્દ સમિતિને લગતો ધારો બ્રિટિશ સરકારે કયાં કારણોથી પસાર કર્યો તેની ચર્ચા કરીશું. આ ધારાની મુખ્ય લાક્ષણિકતાઓ, તેની નિર્બળતાઓ તથા તેની સિદ્ધિઓનું પણ આ એકમમાં પૃથક્કરણ કરીશું.

### 17.3.1 બંધારણીય ફેરફારોની જરૂરિયાત (Need for Constitutional Changes)

સરકારી દષ્ટિએ 1861ના ધારાનો અમલ સંતોષકારક રીતે થતો હતો. પરંતુ 30 વર્ષના સમયગાળા દરમિયાન ભારતમાં પણ રાષ્ટ્રીય ચેતનાનો નોંધપાત્ર વિકાસ થયો હતો. દેશમાં વસતા તમામ લોકોના હિતો, આકાંક્ષાઓ તથા ભાવિ સર્વ સામાન્ય છે તેવી લાગણી હિન્દીઓમાં ઝડપથી વિકસી હતી. આવી લાગણીના ઉદ્ભવ અને વિકાસને લગતાં પરિબળોનો અભ્યાસ

તમે વિભાગ 1ના એકમ 3માં કરેલો જ છે. તમે એ પણ જાણો છો કે હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ (કૉંગ્રેસે) તેની પહેલી જ બેઠકમાં ચૂંટાયેલ સભ્યોના ઉમેરા તથા તેમના અધિકાર અને કાર્યના વિસ્તાર સાથે કેન્દ્રીય તથા પ્રાંતિક ધારાસભાઓનું વિસ્તરીકરણની માગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો. આ માગણીઓનું ત્યાર પછીની બેઠકોમાં પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું.

હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના સમયે ભારતના ગવર્નર જનરલ તરીકે લૉર્ડ ડફરીન હતા. તેના હોદ્દાના સમય દરમિયાન ભારતીય સરકારે કેન્દ્રીય તથા પ્રાંતિક ધારાસભાના કદ તથા કાર્યક્ષેત્રના વિસ્તૃતીકરણ માટે ઇંગ્લૅન્ડની સરકાર સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરી હતી. પ્રશ્ન એ થાય છે કે આપખુદ કે નિરંકુશ સરકારે ધારાસમિતિઓમાં વધારે સભ્યો ઉમેરવાનો તથા તેમનું કાર્યક્ષેત્ર વિસ્તારવાનો શા માટે વિચાર કરવો જોઈએ ? પ્રશ્ન એટલા માટે વધારે અગત્યનો બને છે કે તે સમયે સરકાર પર લોકો તરફથી આવું કોઈ દબાણ ન હતું કે બ્રિટિશ સત્તાને ઉથલાવી નાખવા માટે કોઈ ક્રાંતિકારી ચળવળ પણ ન હતી. વિશેષમાં સરકારે શિક્ષિત હિન્દીઓની આ માગણીઓને શંકાની નજરે જોઈ અને તેઓ હિન્દના લોકોનું કોઈ પણ પ્રકારે પ્રતિનિધિત્વ કરતા હોવાનો ઇન્કાર કર્યો.

તમે વિભાગ 2ના એકમ 8માં શીખી ગયા છો કે હિન્દ સરકારે હિન્દી રાષ્ટ્રીય મહાસભાને (કૉંગ્રેસને) પ્રાથમિક કક્ષાએ સ્વીકૃતિ આપી હતી, તો પણ તેણે તેને (કૉંગ્રેસને) અપાતું ઉત્તેજન પાછું ખેંચી લીધું. સરકારને કદાચ ખાતરી થઈ હતી કે ભારતમાં રાષ્ટ્રવાદનો વિકાસ બ્રિટિશ શાસનનાં હિતોની વિરુદ્ધ હતો. રાષ્ટ્રીય નેતાઓની મુખ્ય માગણી એ હતી કે હિન્દનું શાસન હિન્દના લોકોનાં હિતો માટે જ હોવું જોઈએ. બીજી બાજુ હિન્દ સરકારનો મુખ્ય આશય ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદી હિતોનું રક્ષણ કરવાનો હતો. આ પરિસ્થિતિમાં બ્રિટિશ સરકાર ભારતમાં જે લોકો મર્યાદિત બંધારણીય સુધારાથી સંતુષ્ટ થાય તેમ હતા તેમનો સાથ મેળવવા ઇચ્છતી હતી. આમ બંધારણીય માળખામાં ફેરફાર કરીને સરકારની સર્વગ્રાહી આપખુદીને વિપરીત અસર કર્યા સિવાય શિક્ષિત હિન્દીઓનો અસંતોષ દૂર કરી શકાય તેમ હતો. આ હેતુથી 1892નો હિન્દ સમિતિને લગતો નવો કાયદો પસાર કરવામાં આવ્યો.

### 17.3.2 ધારાની મુખ્ય કલમો (Main Provisions of the Act)

હિન્દ ધારાસમિતિને લગતો 1892નો કાયદો સુધારક ધારો હતો. પરિણામે 1861ના ધારા હેઠળ ની મૂળ બંધારણીય કલમો એવી જ રહી. આ ધારાથી મુખ્યત્વે બે પ્રકારના ફેરફાર થયા :

(i) ધારાકીય સમિતિઓની રચનામાં ફેરફારો

(ii) તેમના કાર્યક્ષેત્રનું વિસ્તૃતીકરણ

કેન્દ્રીય કારોબારી સમિતિના વધારાના સભ્યોની સંખ્યા 10થી ઓછી નહિ અને 16 થી વધારે નહિ તેવું નિશ્ચિત રાખવામાં આવ્યું. તેમાં 1861ના ધારાની માફક અર્ધાથી ઓછા નહિ તેટલા બિન-અધિકારી હોવા જરૂરી હતા. ચૂંટણીની પ્રથા અમલમાં મુકાશે તેવી આશા હતી. પરંતુ છેવટે ભારતની વિવિધ સંસ્થાઓને પોતાના પ્રતિનિધિઓ ચૂંટવા કે પસંદ કરવા તેમ જ નિયુક્તિ માટેના નિયમો બનાવવા નિમંત્રણ આપવાની ગવર્નર જનરલને સત્તા આપવામાં આવી.

છેવટે, નક્કી કરેલા નિયમો અનુસાર મધ્યસ્થ ધારાસમિતિમાં હોદ્દાની રૂએ નવ સભ્યો (ગવર્નર જનરલ, કારોબારી સમિતિના છ સભ્યો, સર-સેનાપતિ અને જે પ્રાંતમાં સમિતિની બેઠક મળે તે પ્રાંતના વડા-એટલે કે બંગાળ અથવા પંજાબના ઉપ-વગર્નર), વધારાના છ અધિકારી સભ્યો તથા બંગાળ, મુંબઈ, મદ્રાસ અને વાયવ્ય સરહદ પ્રાંતની ધારાસમિતિઓના દશ બિન-અધિકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો.

પછીથી પંજાબ અને બ્રહ્મદેશમાં ધારાસમિતિઓની.રચના થતાં તે પ્રત્યેકમાંથી એક એક સભ્ય મધ્યસ્થ ધારાસમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યો. કલકત્તા વેપારી મંડળની ભલામણ અનુસાર એક સભ્યની નિયુક્તિ કરવામાં આવી. આ સંસ્થાઓ પોતાના પ્રતિનિધિઓ ચૂંટતી અને તેમના નામ કેન્દ્ર સરકારને મોકલી આપતી. સરકાર આ નામોને હંમેશાં મંજૂરી આપતી. આવા સભ્યો વાસ્તવમાં ચૂંટાયેલ પ્રતિનિધિઓ હતા, તોપણ સરકારે ચૂંટણીના સિદ્ધાંતનો ખૂબ સાવચેતીપૂર્વક અમલ કર્યો હતો. આવી સાવચેતીપૂર્વકની પ્રક્રિયા પાછળનો આશય એ હતો કે મધ્યસ્થ ધારાસમિતિમાં બેઠક લેનાર સભ્યો એ જે તે સંસ્થાઓના પ્રતિનિધિઓ ન હતા, પરંતુ ગર્વનર જનરલ મારફત નિયુક્ત થયેલ સભ્યો જ હતા. બાકીના બિન-અધિકારી નિયુક્ત સભ્યો હતા. હોદ્દાની રૂએના સભ્યો તથા અધિકારી સભ્યોની ધારાસમિતિમાં બહુમતી હતી.

પ્રાંતીય ધારાસમિતિઓની રચનામાં પણ આજ પ્રકારના ફેરફારો અમલમાં મુકાયા. બધા જ પ્રાંતોની ધારાસમિતિઓમાં અધિકારીઓની બહુમતી રાખવામાં આવી.

કાર્યક્ષેત્રની બાબતમાં મધ્યસ્થ ધારાસમિતિને ધારાકીય દરખાસ્તોની ચર્ચા ઉપરાંત સરકાર મારફત રજૂ થતા વાર્ષિક નાણાકીય અહેવાલ પર ચર્ચા કરવાની છૂટ આપવામાં આવી. જોકે વાર્ષિક નાણાકીય અહેવાલમાં ધારાસમિતિને કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર ન હતો. સભ્યો ચાલુ અંદાજપત્ર પર પોતાના મન્તવ્યો વ્યક્ત કરી શકતા. જોકે તેમાં ફેરફારને કોઈ અવકાશ ન હતો. તેમ છતાં પછીનાં વર્ષોમાં અંદાજપત્રની રજૂઆત પહેલાં આ મંતવ્યો વિશે વિચારણા થઈ શકતી.

પ્રાંતીય ધારાસમિતિઓનું કાર્યક્ષેત્ર તે પ્રાંતીય સરકારોના અંકુશ તળેના મહેસૂલ અને તેને લગતા ખર્ચની ચર્ચા પૂરતું મર્યાદિત હતું. આંતરિક બાબતો પર પ્રશ્નો પૂછવાની પણ સભ્યોને છૂટ હતી. પરંતુ પૂરક પ્રશ્નોની છૂટ ન હતી. આવી મર્યાદાઓ હોવા છતાં આ નવો ફેરફાર સૂચક હતો, કારણ કે ઇંગ્લૅન્ડની આમ સભામાં પણ આ સમયે (1892) પ્રશ્ન – પદ્ધતિનો પૂરેપૂરો આવિર્ભાવ થયો ન હતો.

હિન્દી રાષ્ટ્રીય મહાસભાના 1892 અને 1893નાં વર્ષોનાં અધિવેશનોમાં આ ધારાની ટીકા કરવામાં આવી, કારણ કે તેમાં પ્રત્યક્ષ ચૂંટણીનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો ન હતો, છતાં એ ધારાની કલમ અનુસાર જેવા કે ગોપાલ કૃષ્ણ ગોખલે, લાલમોહન ઘોષ, ડબલ્યુ. સી. બેનરજી, સુરેન્દ્રનાથ બેનરજી તથા ફિરોજશાહ મહેતા જેવા રાષ્ટ્રીય નેતાઓ મધ્યસ્થ ધારાસમિતિના સભ્ય તરીકે ચૂંટાઈને નિયુક્ત થઈ શક્યા હતા. બિન-અધિકારી સભ્યોએ ચર્ચામાં પોતાની આવડતનો તથા ધારાસભ્યો તરીકે પોતાની કાબેલિયતનો સારો એવો પરિચય કરાવ્યો. તેઓએ દરેક તકનો લાભ ઉઠાવીને ભારતીય દૃષ્ટિબિન્દુને ધારાસમિતિમાં ભારપૂર્વક રજૂ કર્યું. એવું માલૂમ પડ્યું કે તે સમયના ઉપરોક્ત રાષ્ટ્રીય નેતાઓ 1892ના ધારાની કલમોથી બહુધા સંતુષ્ટ હતા, કારણ કે 1894થી 1900 વચ્ચેનાં કૉંગ્રેસ-અધિવેશનોમાં ધારાસમિતિના સુધારાને લગતા કોઈ ખાસ ઠરાવો કરવામાં આવ્યા નહિ. આમ છતાં આ અસર કામચલાઉ નીવડી, કારણ કે તે જ વર્ષમાં ભારતમાં ઉદ્દામવાદના પ્રવાહો શરૂ થયા હતા અને 1904થી કૉંગ્રેસ વધારે સારા સુધારાની જોરદાર માગણી કરતી થઈ હતી.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં (√) છે અને કયાં ખોટાં (×) છે ?
   (i) સરકારે હિન્દીઓને વહીવટમાં તાલીમ આપવાના આશયથી બંધારણીય સુધારા અમલમાં મૂક્યા.
   (ii) હિન્દીઓમાં સામાજિક સહકારની ભાવના વિસ્તારીને સરકાર પોતાની સ્થિતિ મજબૂત કરવા માગતી હતી.
   (iii) ધારાસમિતિમાં બિન-અધિકારીઓની જગાઓ પ્રત્યક્ષ ચૂંટણીથી ભરવામાં આવી.
2. 1892ના હિન્દ-ધારાસમિતિના કાયદાની પૂર્વભૂમિકાની ચર્ચા કરો. તમારો જવાબ આશરે પાંચ લીટીમાં લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

3. 1892ના ધારાની મુખ્ય કલમો કઈ કઈ હતી ? તમારો જવાબ આશરે 100 શબ્દોમાં આપો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

## 17.4 મોર્લે-મિન્ટો સુધારા (Morley-Minto Reforms)

1909ના મોર્લે-મિન્ટો સુધારાની જાહેરાત 1892ના હિન્દ ધારાસમિતિને લગતા કાયદાના અમલ બાદ ઉગ્ર અને આત્યંતિક રાષ્ટ્રવાદ (ક્રાન્તિકારી)ની જે પ્રવૃત્તિઓ થઈ તેના અનુસંધાનમાં મૂલવવી ઘટે.

### 17.4.1 બંધારણીય ફેરફારોની આવશ્યકતા (Need for Constitutional Changes)

1892નો કાયદો પસાર થયા બાદ આશરે 15 વર્ષે કૉંગ્રેસના હેતુ અને કાર્યપદ્ધતિ સામે અસંતોષ વધ્યો. 1885થી 1906 દરમિયાન ભારતમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 1286માંથી 8211 થઈ. જોકે હાલનાં ધોરણોને અનુલક્ષીને આ સંખ્યા ઘણી નાની લાગે છે, તોપણ આ વર્ષો (1885-1906) દરમિયાન સંખ્યા લગભગ સાતગણી થઈ હોવાનું કહી શકાય. આ દરમિયાન પ્રસિદ્ધ થયેલાં વર્તમાનપત્રો અને સામયિકો તથા તેમનો ફેલાવો પણ આ પ્રકારનું વલણ દર્શાવે છે. આ હકીકત એ પણ સૂચવે છે કે આ વર્ષો દરમિયાન પોતાના હકો તેમ જ સરકારની ફરજો વિશે જાગ્રત થયેલ અને દેશમાં વિદેશી શાસનના ગેરલાભો સમજનાર હિન્દીઓની સંખ્યામાં પણ વધારો થયો હતો. આ વર્ષોમાં ભારતની રાષ્ટ્રીય લડતમાં ઉદ્દામવાદી અને ક્રાન્તિકારી પ્રવાહોની પણ શરૂઆત થઈ, જેમાં અન્ય પરિબળો ઉપરાંત કર્ઝનની નીતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

1898થી 1905 સુધીના ભારતના ગવર્નર લૉર્ડ કર્ઝને બ્રિટનના મજબૂત આંતરરાષ્ટ્રીય સ્થાનને અનુલક્ષીને પોતાનાં પગલાં પ્રત્યે આત્મવિશ્વાસ દર્શાવ્યો. કેન્દ્રીકરણની તેની નીતિ, હિન્દી રાષ્ટ્રીય મહાસભા તથા શિક્ષિત હિન્દીઓની ઇચ્છાઓ પ્રત્યેનો તેનો ખુલ્લો તિરસ્કાર તથા છેવટે તેમણે બંગાળના ભાગલાની કરેલી યોજનાથી હિન્દીઓનો સરકાર પ્રત્યેનો અસંતોષ ઘેરો બન્યો. ડિસેમ્બર, 1903માં જ્યારથી બંગાળના વિભાજનની યોજના જાહેર કરવામાં આવી ત્યારથી બંગાળના લોકોએ ભાગલાની યોજના સામે પ્રબળ અસંતોષ અને વિરોધ દર્શાવ્યો. યોજનાનો અમલ થાય તે પહેલાં અન્ય વૈકલ્પિક યોજનાઓ સૂચવવામાં આવી. આમ છતાં વિભાજનની યોજનાનો અમલ થયો. આ બિન-લોકશાહી નિર્ણય શાસકોએ શાસિતોની ઇચ્છાની સંપૂર્ણ અવગણના કરી હોવાનું પ્રતીક કહી શકાય. આને પરિણામે કૉંગ્રેસના નેતાઓ પોતાની સંસ્થાના અંતિમ ધ્યેય તેમ જ બ્રિટિશ સરકાર પર દબાણ લાવવાની પદ્ધતિ પરત્વે પુનર્વિચારણા કરવા લાગ્યા. ભાગલાને લીધે બ્રિટિશ શાસન સામે ઊઠેલો ભારે વિરોધ કલકત્તા અને અન્ય સ્થળોએ થયેલા દેખાવો તેમ જ બહિષ્કાર, સ્વદેશી તથા રાષ્ટ્રીય શિક્ષણના સૂત્રોચ્ચારમાં પરિણમ્યો.

વિશેષતઃ બંગાળના નરમ વલણ ધરાવતા કૉંગ્રેસ નેતાઓએ ઉદ્દામવાદીઓએ શરૂ કરેલ બહિષ્કાર તથા સ્વદેશીના કાર્યક્રમને શરૂઆતમાં ખુલ્લો ટેકો જાહેર કર્યો. પરંતુ પછીથી તેઓએ પીછેહઠ કરી અને અરજી અને વિનંતીની પદ્ધતિ ફરી અપનાવી. સરકાર કંઈક ઉદાર વલણ રાખે તેવી તેઓ આશા રાખતા હતા. 1905માં બનારસમાં યોજાએલ કૉંગ્રેસ અધિવેશનમાં તેના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં ગોપાલ કૃષ્ણ ગોખલેએ કહ્યું, "હિન્દીઓના હિતમાં જ હિન્દનું શાસન ચાલે તેવું કૉંગ્રેસનું ધ્યેય છે." કૉંગ્રેસની તાત્કાલિક માગણીઓમાં તેણે ધારાસમિતિની સુધારણા તથા હિન્દી વજીરની સમિતિમાં ઓછામાં ઓછા ત્રણ હિન્દીઓની નિયુક્તિ પર ભાર મૂક્યો. બ્રિટનમાં 1905ને અંતે ઉદારમતવાદી પક્ષ સત્તા પર આવતાં મવાળ નેતાઓ વધારે આશાવાદી બન્યા, કારણ કે પોતાના ઉદાર વિચારો માટે જાણીતો થયેલ જ્હોન મોર્લે હિન્દી વજીર તરીકે નિયુક્ત થયો હતો. થોડા જ સમયમાં કર્ઝનના સ્થાને હિન્દના ગવર્નર જનરલ તરીકે રૂઢિવાદી

લૉર્ડ મિન્ટો નિમાયો. મોર્લે-મિન્ટો સુધારા તરીકે જાણીતા થયેલા 1909ના હિન્દ ધારાસમિતિને લગતા ફેરફારો સાથે મોર્લે-મિન્ટોના નામ જોડાયેલાં છે.

મોર્લે અને મિન્ટો તેમની પશ્ચાદ્ ભૂમિકા, નામના તથા વ્યાવહારિક અનુભવમાં જુદા પડતા હતા, તોપણ ભારત પ્રત્યેની નીતિમાં બન્નેના એક જ સરખા વિચારો હતા. બન્ને માનતા હતા કે બંગાળના ભાગલા એ ગંભીર ભૂલ હતી અને તેમાંથી દેશમાં સરકાર સામેની વિરોધની લાગણી તીવ્ર બની હતી. તેમને ભય હતો કે મુસ્લિમો સુધી પણ આ લાગણી પ્રસરી હતી. આ લાગણી અધિકૃત તેમ જ બિન-અધિકૃત પત્ર-વ્યવહારમાં સ્પષ્ટ થતી હતી. દા.ત. એક જાહેર ખરીતામાં હિન્દની સરકારે લખ્યું કે :

> "હિન્દના અંગ્રેજી બોલતા લોકો પરથી આપણે આપણું વર્ચસ્વ, ગુમાવતા જતા હોઈએ તેવું લાગે છે અને તેવું સૂચન મળે છે કે આ વર્ગના મોટા ભાગના લોકોનું સરકાર વિરોધી વલણ નીચલા થરના લોકોમાં પણ પ્રસરતું જાય છે. આવા લોકો વિરોધનું કારણ નહિ સમજતા હોવા છતાં એ એટલું તો જાણતા થયા છે કે અંગ્રેજ અધિકારીઓનું વર્ચસ્વ પહેલાં જેવું રહ્યું ન હતું. આવા સંજોગોમાં નવી નીતિની ખાસ આવશ્યકતા છે."

ધારાસમિતિઓની રચના તથા કાર્યક્ષેત્રમાં ફેરફાર કરીને હિન્દ સરકારે આ નવી નીતિનો અમલ કર્યો. આ નીતિથી સરકારને મવાળ નેતાઓનો સાથ મળે તેમ હતો, કારણ કે તેમની આ પ્રાથમિક માગણી હતી. આમ છતાં બ્રિટિશ સરકાર એ હકીકતથી સભાન હતી કે ફક્ત હિન્દીઓનાં હિતમાં જ હિન્દનો વહીવટ ચલાવવો જોઈએ તેવી મવાળ નેતાઓની માગણીને સામ્રાજ્યવાદી માળખામાં સ્વીકારવાનું શક્ય ન હતું. એક બાજુથી જાગ્રત થતી જતી રાષ્ટ્રીય ચેતનાને સંતોષથી અને બીજી બાજુથી બ્રિટિશ શાસનને વફાદાર રહેવાનો દેખાવ કરવો તે અશક્ય હતું. આથી બ્રિટિશ સરકારે મવાળ વર્ગના લોકોનો સાથ મેળવવાના પ્રયત્નો ઉપરાંત, ભારતમાં પોતાનું શાસન ટકાવવા બીજા ઉપાયો પણ અમલમાં મૂક્યા. મિન્ટોએ ગવર્નર જનરલ પદ ધારણ કરતાંની સાથે લખ્યું કે "કૉંગ્રેસના પ્રતિકારનો માર્ગ હું વિચારી રહ્યો છું." પ્રથમ તો તેણે બ્રિટિશ સરકારને વફાદાર હિન્દના રાજાઓ તથા જમીનદારોનું મંડળ રચવાનો વિચાર કર્યો. પરંતુ પછીથી તેઓએ સૂચિત સુધારાની કેન્દ્રીય ધારાસમિતિમાં જ જમીનદારોને પ્રતિનિધિત્વ આપવાનો નિર્ણય લીધો.

આ દરમિયાન ઑક્ટોબર, 1906માં મુસ્લિમ નેતાઓનું એક પ્રતિનિધિમંડળ સિમલામાં વાઇસરોયને મળ્યું (વિગત ૨૨મા એકમમાં અપાયેલ છે). તેઓએ માગણી કરી કે સૂચિત સુધારામાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ માત્ર તેમની સંખ્યાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ કોમ તરીકેની તેની અગત્યને ખ્યાલમાં રાખીને નક્કી થવું જોઈએ. બ્રિટિશ સરકારને આ માગણીમાં રાષ્ટ્રવાદનો પ્રતિકાર કરવા માટેનો સારો વિકલ્પ દેખાયો. મુસ્લિમોના આ વર્ગની માગણીના સ્વીકારથી બ્રિટિશ સરકાર કૉંગ્રેસ નેતાઓની વધતી જતી માગણીઓને ખાળી શકે તેમ હતી. આપણે આગળ શીખીશું તેમ મુસ્લિમોને વસ્તીના પ્રમાણમાં વધારે પ્રતિનિધિત્વ તથા અલગ મતદારમંડળ પણ મળ્યું. રાષ્ટ્રીય નેતાઓએ દલીલ કરી કે આ પ્રતિનિધિ મંડળ બ્રિટિશ સરકારે ઉપસ્થિત કરેલું નાટક હતું. મોહમ્મદઅલીએ તેને આદેશ પ્રમાણેના અભિનય તરીકે વર્ણવ્યું. મુસ્લિમ લીગના પ્રશંસકોએ આ આક્ષેપનો ઇન્કાર કર્યો અને જણાવ્યું કે સર સૈયદ અહમદખાનના અનુયાયીઓ છેક 1880થી મુસ્લિમોનાં હિતોની જાળવણી માટે મુસ્લિમ પ્રતિનિધિત્વની માગણી કરતા હતા અને જ્યારે ચૂંટણીનો અમલ કરવાનો હોય ત્યારે મુસ્લિમો વધારે બેઠકો તથા અલગ મતદાર- મંડળની માગણી કરે તે બનાવોના સંદર્ભમાં તદ્દન યોગ્ય હતું. આમ છતાં એ હકીકતનો ઇન્કાર થઈ શકે નહિ કે બ્રિટિશ સરકારે ભારતમાં પોતાનું શાસન ટકાવવા કોમ-વિભાજનને ઉત્તેજન આપ્યું. આ કારણે જ પ્રમાણમાં નિર્બળ સંગઠન ધરાવતી, તથા મવાળ નેતાઓની માફક અરજી અને આજીજીમાં માનતી મુસ્લિમ લીગ ટૂંક સમયમાં જ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકી.

હિન્દને બંધારણીય સુધારા આપવાનું પ્રથમ સૂચન મે, 1906માં થયું અને ત્રણ વર્ષની લાંબી અને જહેમત ભરી ચર્ચાવિચારણા બાદ મે, 1909માં હિન્દ-ધારાસભાને લગતો કાયદો પસાર થયો..

આ સાથે અમલમાં મુકાએલા ધારાકીય સુધારાથી એક બાજુ તુષ્ટીકરણની નીતિ સ્પષ્ટ થઈ, તો બીજી બાજુ સરકારનો સતત વિરોધ કરનારા પ્રત્યે સખત દમનની નીતિ સરકારે અપનાવી.

આના અનુસંધાનમાં 1907-08માં રાજદ્વારી પ્રવૃત્તિઓ અટકાવવા માટે ચોક્કસ વિસ્તારોમાં સભાઓ યોજવા પર પ્રતિબંધ મૂકતો ધારો, ગુનાઓની ઉશ્કેરણી કરતો તથા છાપખાનાં જપ્ત કરવાની સત્તા આપતો વર્તમાનપત્રોને લગતો ધારો, અને બંગાળમાં સમિતિઓ પર પ્રતિબંધ મૂકતો હિન્દ ફોજદારી સુધારક ધારો પસાર કરવામાં આવ્યો.

1909ના મોર્લે-મિન્ટો સુધારા પસાર થયા પહેલાં કોઈ પણ જાતના ધારાકીય ફેરફાર કર્યા વગર હિન્દી નેતાઓની એક અગત્યની માગણી સ્વીકારવામાં આવી હતી. હિન્દી વજીર, ગવર્નર જનરલ તથા પ્રાંતીય ગર્વનરોની સમિતિઓમાં બે હિન્દીઓની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પગલું વહીવટી કાબેલિયત વધારવાના આશયથી લેવામાં આવ્યું ન હતું, પરંતુ ચાલુ માળખામાં લાયક હિન્દીઓને વહીવટી આધાર આપવાના આશયથી ભરવામાં આવ્યું હતું. આ જોગવાઈ હેઠળ શિક્ષણ તથા કાયદા જેવા ઓછી અગત્યનાં ખાતાંઓ હિન્દીઓને સોંપવામાં આવ્યાં આમ છતાં આ પગલું અગત્યનું કહી શકાય, કારણ કે આમાંથી બે બાબતો ફલિત થઈ : (i) હિન્દીઓ ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત થવા માટે લાયક હતા, અને (ii) બ્રિટિશ અધિકારીઓ કરતાં હિન્દી અધિકારીઓ પોતાના દેશબાંધવોની ઇચ્છાઓને સારી રીતે સમજી શકે તેમ હતા.

1892ના હિન્દ-સમિતિ ધારાની માફક 1909નો ધારો પણ સુધારક ધારો હતો. તેના પુરોગામી ધારાની માફક આ ધારાએ પણ કાયદાઓ અને નિયમો ઘડવા ગવર્નર જનરલની સમિતિ તથા ગવર્નરોની સમિતિઓનાં કદ અને કાર્યક્ષેત્રમાં ફેરફારો કર્યા.

### 17.4.2 ધારાસભાઓની રચનમાં ફેરફારો (Changes in the Composition of Legislative Bodies)

મોર્લે-મિન્ટો સુધારાએ કેન્દ્રીય ધારાસભા તથા પ્રાંતિક ધારાસમિતિઓની સભ્યસંખ્યા વધારી. મધ્યસ્થ ધારાસભામાં વધારાના સભ્યોની સંખ્યા 60ની તથા પ્રાંતીય ધારાસમિતિઓમાં તે સંખ્યા 30થી 50ની વચ્ચે રાખવામાં આવી. આ સંખ્યામાં હોદ્દાગત સભ્યોનો સમાવેશ થતો ન હતો. વધારાના સભ્યો બે પ્રકારના હતા– અધિકારીઓ તથા બિન-અધિકારીઓ. કેન્દ્રમાં હોદ્દાગત સભ્યો સહિત અધિકારી સભ્યોની બહુમતી હતી; જ્યારે પ્રાંતીય ધારાસમિતિઓમાં બિન-અધિકારી સભ્યોની બહુમતી રખાઈ. આમ એવી સમજણથી કરવામાં આવ્યું હતું કે બિનઅધિકારી સભ્યો જુદા જુદા વર્ગો અને ક્ષેત્રોના વિવિધ પ્રકારના હિતોનું પ્રતિનિધિત્વ કરતા હોવાથી તેમને માટે સંયુક્ત વલણ અપનાવવું મુશ્કેલ હતું. વિશેષમાં સંજોગોવશાત્ જો આ ધારાસમિતિઓ કોઈ અનિચ્છનીય ઠરાવો પસાર કરે તો 'વીટો' સત્તાથી અંગ્રેજ સરકાર રદ કરે તેવી સત્તાની સગવડ હતી.

મધ્યસ્થ ધારાસભામાં 37 અધિકારી (9 હોદ્દાગત + 28 વધારાના અધિકારી સભ્યો) સભ્યો તથા 32 બિન-અધિકારી સભ્યો હતા. જે રીતે ધારાસભામાં બેઠકોની ફાળવણી કરવામાં આવી તથા ભરવામાં આવી તે દષ્ટિએ 1909નો ધારો એક સીમાચિહ્ન હતો. 32 બિન-અધિકારી બેઠકોમાંથી 5 સરકારે નિયુક્તિથી ભરવાની હતી. બાકીની બેઠકોની ફાળવણી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| 1. પ્રાંતીય ધારાસમિતિઓના બિન-અધિકારીઓ | 13 |
| 2. છ પ્રાંતોના જમીનદારો | 6 |
| 3. પાંચ પ્રાંતોના મુસ્લિમો | 5 |
| 4. વૈકલ્પિક પદ્ધતિથી ઉત્તર પ્રદેશ અથવા બંગાળના જાગીરદારો | 1 |
| 5. કલકત્તા તથા મુંબઈનાં વેપારી મંડળો | 2 |
| | 27 |

પ્રાંતીય ધારાસમિતિઓની ભિન્નતાભરી ખાસ પરિસ્થિતિઓને લક્ષ્યમાં લઈને તેમની રચના માટે પણ આ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી. તાત્કાલિક કાયદાની દષ્ટિએ નહિ, પરંતુ ભવિષ્યમાં થનારા લાભનો ખ્યાલ રાખીને મુસ્લિમો તથા જમીનદારોને બેઠકોની ફાળવણીમાં વધારે પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું.

ઉપરોક્ત બેઠકો ચૂંટણી પદ્ધતિ અપનાવીને પૂરવાની હતી. 13 સામાન્ય બેઠકો માટે બેવડી પરોક્ષ ચૂંટણી પદ્ધતિ અમલમાં મુકાઈ હતી. શહેર કે ગામડાના કર ભરતા નાગરિકો નગરપાલિકા અથવા સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓને ચૂંટતા અને આ પ્રતિનિધિમાં પ્રાંતીય ધારાસમિતિઓના સભ્યોને ચૂંટતા. તથા પ્રાંતીય ધારાસમિતિઓના બિનસરકારી સભ્યો કેન્દ્રિય ધારાસભાના સભ્યો ચૂંટતા આ રીતે પ્રાંતીય ધારાસમિતિઓના 200 જેટલા બીન અધિકારી સભ્યો દ્વારા 13 સામાન્ય બેઠકોની ચૂંટણી થતી. આવું મતદાર મંડળ હાસ્યજનક રીતે નાનકડું હતું અને 1919ના મોન્ટેગ્યુ-

ચેમ્સફર્ડ અહેવાલમાં પણ તેની એ અંગે ટીકા કરવામાં આવી હતી. બીજી મધ્યસ્થ ધારાસભામાં પણ જમીનદારો તથા મુસ્લિમોના પ્રતિનિધિઓ પ્રત્યક્ષ ચૂંટણીથી ચૂંટાતા આનાથી મુસ્લિમો અને બિન-મુસ્લિમો વચ્ચેનો સરકારી ભેદભાવ વધારે દ્વેષભર્યો તથા અન્યાયી સાબિત થયો. જ્યારે મુસ્લિમ જમીનદારો, ધનિક વેપારીઓ, સ્નાતકો અને ધંધાદારી માણસોને, પ્રાંતીય તેમ જ કેન્દ્રીય ધારાસભાઓની ચૂંટણીમાં પ્રત્યક્ષ રીતે મત આપવાનો અધિકાર મળ્યો હતો, ત્યારે બિન-મુસ્લિમો ગમે તેટલા ધનિક તેમ જ લાયકાતવાળા હોય તોપણ તેઓ નગરપાલિકા અથવા સ્થાનિક સંસ્થાઓના સભ્ય ન હોય તો તેમને આવો અધિકાર આપવામાં આવ્યો ન હતો.

આ ભેદભાવે બીજી રીતે પણ બિન-મુસ્લિમોને ભારે આઘાત પહોંચાડ્યો. મુસ્લિમ પ્રતિનિધિઓની ચૂંટણી અલગ મતદારમંડળ એટલે કે માત્ર મુસ્લિમોના બનેલ મતદારમંડળ દ્વારા થવાની હતી. આ માટે માત્ર મુસ્લિમ મતદારોની યાદી સાથે અલગ પત્રકો તૈયાર કરવામાં આવ્યાં. વળી મુસ્લિમોને તેમની વસ્તીના પ્રમાણમાં વધારે પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું, એટલે કે તેમને વધારે બેઠકો ફાળવવામાં આવી. વિશેષમાં સામાન્ય મતદાર મંડળમાં તેમને અન્ય કોમોની સાથે ચૂંટણીમાં ઊભા રહેવાનો સમાન હક આપવામાં આવ્યો. આના પરિણામે 1909માં મધ્યસ્થ ધારાસભાની યોજાયેલી ચૂંટણીમાં સામાન્ય મતદાર મંડળમાંથી પણ મુસ્લિમ પ્રતિનિધિઓ ચાર બેઠકો જ મેળવી શક્યા. એ રીતે તેઓ 30 માંથી કુલ 11 બેઠકો પ્રાપ્ત કરી શક્યા. (વેપારી મંડળોને ફાળવવામાં આવેલી બે બિન-અધિકારી બેઠકો અત્રે બાકાત રાખવામાં આવી છે.) એ નોંધવું ઘટે કે સરકારી અધિકારીઓ તેમ જ મુસ્લિમ નેતાઓ સમસ્ત મુસ્લિમ કોમને નામે રજૂઆત કરતા હતા, તો પણ વાસ્તવમાં સભ્યો તરીકે, ઉચ્ચ વર્ગના જમીનદારો કે સરકારી અધિકારીઓને જ પસંદ કરવામાં આવતા.

મુસ્લિમોની આટલી બધી તરફદારી કરવા પાછળનો સરકારનો હેતુ ભારતીય સમાજની બિન-સમતુલાને સુધારવાનો ન હતો, પરંતુ મુસ્લિમ નેતાઓને ઉપકારના ભાર તળે દાબીને અંગ્રેજ સરકારને સંપૂર્ણ વફાદાર બનાવવાનો હતો. આમ છતાં બંધારણીય લડતમાં માનતા આ સમયના અમુક અગ્રગણ્ય રાજકીય નેતાઓ ધારાસમિતિમાં પ્રવેશ મેળવી શક્યા. તેટલા પૂરતા આ ધારાના નિયમો ઉદાર કહી શકાય. આવા નેતાઓમાં નવાબ સૈયદ મહમ્મદ બહાદુર, શ્રીનિવાસ શાસ્ત્રી, ગોપાલ કૃષ્ણ ગોખલે, ડી.ઈ.વાચ્છા, ભૂપેન્દ્રનાથ બસુ, સુરેન્દ્રનાથ બેનરજી, મદન મોહન માલવિયા, તેજ બહાદુર સપ્રુ, મહમદઅલી જીન્હા, મહમુદાબાદના રાજવી તથા મઝહરુલ હક મુખ્ય હતા.

### 17.4.3 કાર્યક્ષેત્રમાં ફેરફારો (Changes in Functions)

મોર્લે-મિન્ટો સુધારાએ ધારાસમિતિઓની ધારાકીય સત્તાઓમાં કોઈ ફેરફાર કર્યો નહિ. તેણે માત્ર તેમના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો. ધારાસમિતિઓના સભ્યોને અમુક મર્યાદાઓ સાથે જાહેર હિતની બાબતો પર ઠરાવો કરવાનો અધિકાર આપવામાં આવ્યો. આ ઠરાવો સરકારને ભલામણ સ્વરૂપના હતા, જેનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનું સરકારની ઇચ્છા પર આધારિત હતું. નાણામંત્રીએ ધારાસમિતિમાં રજૂ કરેલ નાણાકીય નિવેદન (અંદાજપત્ર) પર ચર્ચા કરવા માટેના વિગતવાર નિયમો બનાવવામાં આવ્યા હતા. અંદાજપત્ર તેના આખરી સ્વરૂપમાં રજૂ થાય તે પહેલાં નાણાકીય નિવેદન ઉપર ચર્ચા કરવાની તથા ઠરાવો રજૂ કરવાની તક સભ્યોને આપવામાં આવી હતી. જે સભ્ય પ્રશ્ન પૂછે તેને અસલ પ્રશ્ન પર પૂરક પ્રશ્નો પૂછવાનો પણ હક આપવામાં આવ્યો.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે સરકારના માર્લે-મિન્ટો સુધારા અમલમાં મૂકવા પાછળ મુખ્ય બે હેતુઓ હતા :

(i) સામ્રાજ્ય માટે મવાળોનો ટેકો મેળવીને તેને દઢ બનાવવું.

(ii) રાજકીય ક્ષેત્રમાં સક્રિય હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાગલાને ઉત્તેજન આપવું. આ એમ આ સુધારા "ભાગલા પાડો અને રાજ કરો"ની નીતિના સમર્થક તરીકે અમલમાં મૂકવાના હતા.

પરંતુ ટૂંક સમયમાં જ એ સ્પષ્ટ થયું કે હિન્દની સરકાર આ બન્નેમાંથી એક પણ હેતુમાં સફળ થઈ નહિ. જોકે શરૂઆતમાં મવાળ નેતાઓ આ સુધારાથી સંતુષ્ટ હતા અને તેઓએ ઉત્સાહપૂર્વક તેના અમલમાં સાથ આપ્યો. અગાઉ 1907માં કૉંગ્રેસના સુરત અધિવેશનમાં તેઓએ કૉંગ્રેસ પર કાબૂ મેળવ્યો હતો. તેમ છતાં કૉંગ્રેસમાં જ તેમનું મહત્ત્વ ઘટતું ગયું અને કૉંગ્રેસમાંની

તેમની કાર્યવાહી નીરસ બનતી ગઈ. 1916માં મવાળો અને ઉદ્દામો વચ્ચે સમજૂતી થયા બાદ મવાળો સ્વાતંત્ર્ય માટેની લડતથી દૂર થતા ગયા અને પછીથી તેઓની રાજકારણમાં કોઈ ભૂમિકા રહી નહિ.

રાજકીય રીતે સક્રિય હિન્દુઓ તથા મુસ્લિમો વચ્ચે ભાગલા પાડવામાં પણ સરકાર ખાસ સફળ થઈ નહિ, જોકે આ બાબત ઇતિહાસકારોમાં મતભેદ પ્રવર્તે છે. મુસ્લિમોને અપાયેલ અલગ મતદાર મંડળો તથા વધારે પડતાં પ્રતિનિધિત્વનાં આવેલ તાત્કાલિક પરિણામોએ સરકારની તે વિશેની અપેક્ષાઓને ખોટી ઠેરવી છે. જે સંસ્થાઓમાં એક બીજાનાં વિરોધી બળો સામસામાં ટકરાય તેવા ઇરાદાથી વર્ગ પ્રમાણે જૂથો કાળજીપૂર્વક મૂકવામાં આવ્યાં હતાં. તેમાં પોતાને આ જૂથોના સભ્યો ટેકો આપશે તેવી સરકારની સ્વાભાવિક અપેક્ષા હતી. પરંતુ ધારાસમિતિની કાર્યવાહીનું નિરીક્ષણ કરતાં માલૂમ પડ્યું કે આ જૂથોએ સરકારને ભાગ્યે જ ટેકો આપ્યો. ઊલટી રીતે આ જૂથના સભ્યોએ રાષ્ટ્રીય હિતની કોઈ પણ ચર્ચા કે તે પરના કોઈ પણ ઠરાવમાં અન્ય સભ્યોને પોતાનો ટેકો આપ્યો. આવું ભારતની નાણાકીય સ્વાયત્તતા, રેલવે પર રાજ્યના અંકુશ, કપાસ પરની જકાતની નાબૂદી, કરારનામા હેઠળ વિદેશોમાં વસવાટ તથા શિક્ષણ પર વધારે ખર્ચ કરવાની માગણી પરત્વે પણ બન્યું હતું. વાસ્તવમાં આ મુદ્દાઓ પરની ચર્ચાથી વિદેશી સરકાર સામેના પરાધીન લોકોનાં હિતો વિશેની એકતાની ભાવના વ્યક્ત થઈ. આમ છતાં એ સાચું હતું કે સરકાર કેન્દ્રીય ધારાસમિતિમાં અધિકારીઓની બહુમતીથી આવા ઠરાવોને નિષ્ફળ બનાવી શકતી તથા પ્રાંતીય ધારાસમિતિઓમાં નિયુક્ત બિન-અધિકારી સભ્યોના ટેકા પર આધાર રાખી શકતી હતી; તોપણ પ્રસ્તાવો અને ઠરાવો પરની ચર્ચામાં સભ્યો જેનો વિરોધ ન થઈ શકે તેવી તર્કશુદ્ધ અને સબળ દલીલો કરીને અધિકારી સભ્યોને મૂંઝવણભરી સ્થિતિમાં મૂકતા. આ ચર્ચાઓને દેશભરના વર્તમાનપત્રો વ્યાપક પ્રસિદ્ધિ આપતાં. આથી આવી ચર્ચાઓ બ્રિટિશ રાજના નૈતિક પાયા નિર્બળ બનાવવામાં કારણભૂત બની.

મુસ્લિમોને અપાયેલ અલગ મતદાર મંડળો તથા વધારે પડતું પ્રતિનિધિત્વ લાંબે ગાળે સામ્રાજ્યવાદી રાજનીતિના (રાષ્ટ્રવાદને) એક મહાન ફટકા રૂપ સાબિત થયો. એક વખત ધર્મને રાજકીય પરિબળ તરીકે દાખલ કર્યા બાદ ધાર્મિક રીતે હિતોની જાળવણી માટે તે સ્વીકૃત ધોરણ બન્યું, જેને આધારે બેઠકો મેળવવા અને ટકાવી રાખવા લોકોની ધાર્મિક લાગણીઓને ઉત્તેજવાનું અનિવાર્ય લેખાયું.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. 1909ના કહેવાતા બંધારણીય સુધારા અમલમાં મૂકવા પાછળ સરકારના બે હેતુઓ કયા કયા હતા ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. મોર્લે-મિન્ટો સુધારા પ્રતિ દોરી જતા સંજોગોની ચર્ચા કરો. આશરે પાંચ વાક્યોમાં જવાબ લખો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. મોર્લે-મિન્ટો સુધારાની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ કઈ હતી ? આશરે દસ વાક્યોમાં જવાબ આપો.

..............................................................................................

..............................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 17.5 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા (Montagu-Chelmsford Reforms)

1916થી ભારતના તેમ જ ઇંગ્લૅન્ડના બધા રાજકીય પક્ષોને ભારતની સરકારના માળખામાં અમુક ફેરફારો આવશ્યક હોવાની પ્રતીતિ થઈ. આ સમય ગાળામાં હિન્દીઓની અપેક્ષાઓ પણ વધી હતી. પ્રથમ યુદ્ધના વર્ષો દરમિયાન હિન્દના વધેલા રાજકીય દબાણના પ્રત્યાઘાતરૂપે હિન્દીઓનો સાથ મેળવવા બ્રિટિશ સરકારે મોન્ટેગ્યુ-એમ્સફર્ડ સુધારા દાખલ કર્યા.

### 17.5.1 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા માટેના સંજોગો (Circumstances Leading to Montagu-Chelmsford Reforms)

મોર્લે-મિન્ટોએ જુદી જુદી કક્ષાએ ત્રણ વર્ષ ઉપરાંત ભારે જહેમતભરી ચર્ચા-વિચારણા બાદ 1909માં અમલમાં મૂકેલ બંધારણીય સુધારા ફક્ત સાત જ વર્ષમાં હિન્દીઓને સંતોષવામાં નિષ્ફળ જશે તેની કલ્પના મોર્લે અને મિન્ટોએ કરી ન હતી. ઑગસ્ટ, 1914માં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆતથી જે સ્થિતિ સર્જાઈ તેનાથી ભારતે તેમ જ બ્રિટનના બધા રાજકીય પક્ષોને હિન્દ સરકારના માળખામાં અમુક ફેરફાર અનિવાર્ય હોવાની ખાતરી થઈ. વિશ્વયુદ્ધથી ભારતને તાત્કાલિક કોઈ જોખમ આવ્યું નહિ, પરંતુ તે બ્રિટિશ સામ્રાજ્યનું એક અંગ હોવાથી તેને પણ યુદ્ધમાં સામેલ થવાની ફરજ પડી. આ પછી ભારતે બ્રિટનને યુદ્ધમાં માણસો, દ્રવ્ય તથા માલ-સામાન પૂરો પાડીને પૂરો સાથ આપ્યો. આવા કટોકટીના સમયે ભારતે બ્રિટનને પૂરતી સહાય કરી તેથી હિન્દીઓની અપેક્ષાઓ વધી. તેમને આ સહાય માટે શાસકો તરફથી કોઈ બદલો જોઈતો ન હતો, અને ખરેખર તો અંગ્રેજ સૈનિકો સાથે ખભેખભા મિલાવીને યુદ્ધમાં લડતા ભારતીય સૈનિકોમાં નવો આત્મવિશ્વાસ આવ્યો હતો, આથી તેઓ પણ શાસક તરીકે લાયક હતા તેની સ્વીકૃતિની બ્રિટન તરફથી અપેક્ષા રાખતા હતા. યુદ્ધ દરમિયાન ઉદ્‌ભવેલી નવી વિચારસરણીથી આ ઇચ્છા વધારે દૃઢ બની હતી. અમેરિકાના પ્રમુખ વુડરો વિલ્સને જાહેર કર્યું હતું કે યુદ્ધ વિશ્વમાં લોકશાહીની સલામતી માટે લડવામાં આવતું હતું. આથી એવી આશા જન્મી કે ભારતને સ્વશાસનના માર્ગે આગળ વધવામાં મદદ કરવામાં આવશે.

આ સંદર્ભમાં ભારતીયોની આશાઓ પોષાય તેવા બંધારણીય સુધારા સૂચવવાની યોજના વિચારવામાં આવી. હિન્દીઓએ પણ કેટલીક યોજનાઓ સૂચવી. લખનૌ અધિવેશનમાં સૂચવવામાં આવેલી અને સ્વીકારાયેલી યોજના સૌથી અગત્યની હતી. તેને સમજવા માટે થોડા ભૂતકાળમાં જવું જરૂરી છે. અગાઉ કહેવામાં આવ્યું છે તેમ મોર્લે-મિન્ટો સુધારાના અમલ બાદ મુસ્લિમો હિન્દ સરકારના ટેકેદાર બન્યા નહિ. ઊલટી રીતે મસ્લિમો અને સરકાર વચ્ચેનું અંતર ક્રમશઃ વધ્યું. આ માટે અમુક પરિબળો જવાબદાર હતાં. ડિસેમ્બર, 1911માં બંગાળના ભાગલા રદ કરવામાં આવ્યા. આથી રાજકારણમાં સક્રિય ઉચ્ચ વર્ગના મુસ્લિમો આ પગલાંથી નારાજ થયા. લૉર્ડ હાર્ડિંજની સરકારે અલિગઢ-મુસ્લિમ યુનિવર્સિટી સ્થાપવાની દરખાસ્તનો 1912માં ઇન્કાર કર્યો. 1913માં કાનપુરમાં થયેલાં કોમી હુલ્લડોમાં મસ્જિદ પાસેનો ઓટલો તોડી પાડવામાં આવ્યો. બ્રિટને 1911-13ના ઇટાલિયન તથા બાલ્કન યુદ્ધોમાં તુર્કીને મદદ આપવાનો અસ્વીકાર કર્યો હતો. મુહમ્મદ અલી, શૌકત અલી, હસરત મોહાની અને ફઝલુલ હકની સક્રિય અને ઉદારમતવાદી નેતાગીરી હેઠળ મુસ્લિમ લીગ ભારતને અનુકૂળ સ્વશાસન આપવા માગણી કરતી હતી. વિશ્વયુદ્ધે લોકશાહીની ઊભી કરેલી હવાથી મુસ્લિમો અલિપ્ત રહી શકે તેમ ન હતા.

ભારતની ભાવિ સરકારનું સ્વરૂપ નિશ્ચિત કરવા માટેની યોજના તૈયાર કરવા મુસ્લિમ લીગે કૉંગ્રેસ સાથે વાટા ઘાટો કરવા નિર્ણય કર્યો. લગભગ આ જ સમયે અગાઉ સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં રોકાયેલ શ્રીમતી એની બેસન્ટે હોમ રૂલ લીગની સ્થાપના કરી.

લોકમાન્ય તિલક 1914માં જેલ મુક્ત થયા હતા. તેમણે પુણેમાં બીજી હોમ રૂલ લીગ શરૂ કરી. આ બંને લીગે સાથે મળીને યુદ્ધ પૂરું થયા બાદ ભારતને ગૃહ-સ્વરાજ્ય મળે તે માટે ચર્ચા-સભાઓ, વ્યાખ્યાનો, પત્રિકાઓ, પ્રવાસો વગેરે મારફત પ્રબળ પ્રચાર કર્યો. હોમ રૂલ લીગની પ્રવૃત્તિઓથી સરકારી વર્તુળોમાં ચિંતા ઊપજી. એ જાણવું રસપ્રદ છે કે ભારત પ્રત્યેની નીતિ સ્પષ્ટ કરવા માટે નિવેદન કરવા હિન્દના ગવર્નર જનરલ ચેમ્સફર્ડે હિન્દી વજીરને મોકલેલ તારમાં તેણે ગૃહ સ્વરાજ્યની લડતની તેમ જ રશિયામાં આપખુદ ઝારશાહીને ઉથલાવી નાખવા ચાલતા આંદોલનની ભારત પરની શક્ય અસરો વિશે પણ નિર્દેશ કર્યો હતો. આ દરમિયાન લખનૌમાં મવાળો અને ઉદ્દામો તથા ગૃહ સ્વરાજ્ય (હોમરૂલ)ની લડત ચલાવનારા અને મુસ્લિમ લીગના નેતાઓ મળ્યા અને ડિસેમ્બર 1916માં "લખનૌ સમજૂતી" તરીકે જાણીતા થયેલા કરાર સર્વાનુમતે કર્યા. તેઓએ સંયુક્ત રીતે બંધારણીય સુધારાની યોજના પણ તૈયાર કરી. ઇંગ્લૅન્ડમાં ગોળમેજી જૂથ તરીકે જાણીતા થયેલ અસરકારક જૂથે પણ હિન્દ સરકારના માળખાની પુનર્રચના માટે વિચારણા કરી. તેના આગેવાન સભ્યો લીયોનેલ કર્ટિસ, વિલિયમ્સ ડ્યુક અને અન્યોને લાગ્યું કે હિન્દીઓને કારોબારીમાં સ્થાન આપ્યા વગર ધારાસભાઓમાં ચૂંટાયેલ સભ્યોની બહુમતી કરવાથી તો ધારાસભાઓમાં સરકાર સામેનો કાયમી વિરોધ વધશે. આથી તેઓએ પ્રાંતોમાં "ડાયાર્કી" અથવા "દ્વિમુખી" શાસન સ્થાપવાની તરફેણ કરી. "ડાયાર્કી" શબ્દ ગ્રીક ભાષાનો છે અને તેનો અર્થ બે વ્યક્તિઓ કે બે જૂથો દ્વારા સંયુક્ત રીતે સંપૂર્ણ સત્તા ભોગવતી સરકાર થાય છે.

હિન્દ સરકારને યુદ્ધભંડોળમાં જ્યારે દશ લાખ પાઉન્ડ આપવાનું કહેવામાં આવ્યું ત્યારે લાગ્યું કે હિન્દીઓની ઇચ્છાઓને સંતોષવા ચોક્કસ પગલાં લેવાની જરૂર હતી. સરકારને પણ પોતાના ખર્ચ માટે વધારાની આવકની ખાસ જરૂર હતી. છેવટે તેને દેશમાં આયાત થતા માલ પર જકાત નાખવાની છૂટ આપવામાં આવી. આયાત થતા કપાસ પર 7.1/2 ટકા જકાત નાખવામાં આવી, જ્યારે 3.1/2 ટકાની આબકારી જકાત ચાલુ રાખવામાં આવી. આ જકાત પાછળનો એક માત્ર નાણાકીય હેતુ હતો, તો પણ આનાથી ભારતીય કપાસ ઉદ્યોગને રક્ષણ મળતાં હિન્દી નેતાઓની આ અંગેની લાંબા સમયની માગણી સંતોષી શકાઈ: એવું પણ નક્કી થયું કે બ્રિટિશ સરકારે ભારતમાંના પોતાના આખરી ધ્યેયની પણ જાહેરાત કરવી જોઈએ, કારણ કે હવે કટકે કટકે અપાતા ધીમા સુધારા હિન્દીઓને સ્વીકાર્ય થશે નહિ. આ તકનો લાભ લઈને બ્રિટિશ સરકાર ભારતની સ્થિતિને નિયંત્રણમાં રાખી શકશે.

ભારતના રાજકીય દબાણના પ્રતિભાવ રૂપે હિન્દીઓને રાજકીય જવાબદારી અને સત્તા સોંપવાનું વિચારવામાં આવ્યું. તે હિન્દીઓનો ટેકો મેળવવાની એક યોજના હતી.

આ સંજોગોમાં હિન્દી વજીર લૉર્ડ મોન્ટેગ્યુએ બ્રિટિશ સંસદમાં 20મી ઑગસ્ટ, 1917ના રોજ નીચેનું નિવેદન કર્યું.

> "નામદાર સરકારની નીતિ વહીવટની પ્રત્યેક શાખામાં હિન્દીઓનું જોડાણ વધારવાની તથા બ્રિટિશ સામ્રાજ્યના એક અંગ તરીકે ભારત ક્રમશઃ જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્ત કરી શકે તે માટે સ્વશાસિત સંસ્થાઓનો વિકાસ કરવાની છે."

આ નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે આ ધ્યેયની પ્રાપ્તિ ક્રમશઃ લેવાનારાં પગલાંથી કરવાની હતી અને તે માટેની જરૂરી કાર્યવાહી તુરતમાં શરૂ કરવાની હતી. આ માટેનો સમય અને કાર્યવાહી બ્રિટિશ સંસદે નક્કી કરવાનાં હતાં. બ્રિટિશ સંસદની આ કાર્યવાહી હિન્દીઓના સાથ અને કામગીરી પર આધારિત રહેવાની હતી. આ માટે મોન્ટેગ્યુએ ભારતની મુલાકાત લેવાનો તથા બંધારણીય સુધારાની યોજના તૈયાર કરવાનો નિર્ણય કર્યો.

નવેમ્બર 1917માં લૉર્ડ મોન્ટેગ્યુએ ભારતની મુલાકાત લીધી અને તેમણે વાઇસરૉય લૉર્ડ ચેમ્સફર્ડ, પ્રાંતીય તેમ જ કેન્દ્રીય સરકારના અધિકારીઓ અને ભારતીય નેતાઓ સાથે ઘણી ચર્ચા-વિચારણા કરી. આ ચર્ચા-વિચારણાના આધારે હિન્દને આપવાના બંધારણીય સુધારાને લગતો મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ અહેવાલ અથવા મોન્ટફર્ડ અહેવાલ તરીકે જાણીતો થયેલ અહેવાલ જુલાઈ, 1918માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. ઑગસ્ટ, 1917ના જાહેરનામાને ભારતમાં એકંદરે આવકાર

મળ્યો હતો, પરંતુ આ અહેવાલમાં રજૂ કરાયેલા સુધારાની યોજના કેટલાક મવાળ નેતાઓ સિવાય સમસ્ત હિન્દીઓની અપેક્ષાને સંતોષવામાં તદ્દન નિષ્ફળ ગઈ. એની બેસન્ટે હિન્દીઓને ક્રમશઃ રીતે સત્તા સોંપવાની સુધારાની આ યોજનાને બ્રિટને આપવી શોભે નહિ તથા હિન્દીઓએ સ્વીકારવી શોભે નહિ જેવા શબ્દોમાં વખોડી કાઢી.

આ અહેવાલ પર વિચારણા કરવા માટે મુંબઈમાં ઑગસ્ટ, 1918માં કૉંગ્રેસનું ખાસ અધિવેશન બોલાવવામાં આવ્યું. તેમાં આ યોજનાને અપૂર્ણ, અસંતોષકારક તથા નિરાશાજનક તરીકે વખોડી કાઢતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

બીજી બાજુ અમુક મવાળ નેતાઓને આ સુધારા પ્રચલિત પરિસ્થિતિ કરતાં પ્રગતિશીલ હોવાની પ્રતીતિ થઈ અને આ સુધારામાં રહેલી નિષ્ઠાની તો પ્રશંસા જ કરવી જોઈએ એવું તેમણે વિધાન કર્યું. સૂચિત સુધારા માટે હિન્દીઓનો સાથ મેળવવા આતુર મોન્ટેગ્યુએ પોતાની નોંધપોથીમાં લખ્યું :

"સુધારાની આપણી દરખાસ્તના પ્રચાર અર્થે સરકારની સહાયથી હિન્દીઓનું એક નવું મંડળ સ્થાપવું જોઈએ અને તેનું એક પ્રતિનિધિમંડળ આપણને મદદરૂપ થવા ઇંગ્લૅન્ડ મોકલવું જોઈએ."

નવેમ્બર, 1918માં મુંબઈમાં યોજાએલ કૉંગ્રેસ અધિવેશનમાં મવાળ નેતાઓએ હાજરી આપી નહિ. આ જ સમયે તેઓએ તે જ શહેરમાં એક અલગ અખિલ હિન્દ પરિષદનું આયોજન કર્યું અને તેના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં સુરેન્દ્રનાથ બેનરજીએ પોતાના પક્ષને સુધારાના મિત્ર તરીકે અને ક્રાન્તિના દુશ્મન તરીકે ઓળખાવ્યા. સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ આનો પુરાવો આપવા માટે મે, 1919માં સુરેન્દ્રનાથ બેનરજીના નેતૃત્વ તળે મવાળોનું એક પ્રતિનિધિ-મંડળ ઇંગ્લૅન્ડ ગયું. મોન્ટ-ફર્ડ અહેવાલના આધારે હિન્દ સરકારને લગતો ધારો ઘડવામાં આવ્યો અને તે બ્રિટિશ સંસદમાં રજૂ કરવામાં આવ્યો. ડિસેમ્બર, 1919માં તે પસાર થયો. ધારાનું આમુખ ઑગસ્ટ, 1917ના જાહેરનામા પર આધારિત હતું.

### 17.5.2 કેન્દ્ર સરકારમાં ફેરફારો (Changes in the Central Government)

મોન્ટ-ફર્ડ સુધારા અનુસાર મુખ્ય વહીવટી સત્તા ગવર્નર જનરલ હસ્તક રહી. તે હિન્દની ધારાસભાને નહિ, પરંતુ હિન્દી વજીર મારફત બ્રિટિશ સંસદને જવાબદાર હતો. ગવર્નર જનરલની કારોબારી સમિતિમાં નાનકડો ફેરફાર કરવામાં આવ્યો, પરંતુ મધ્યસ્થ ધારાસભાના માળખામાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા. સાથોસાથ એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે આમાં સરકારનો ઇરાદો ધારાસભાના અધિકાર ક્ષેત્રનો વિકાસ કરવાનો ન હતો, પરંતુ તેને વધારે પ્રતિનિધિત્વવાળી તથા સરકાર પર વધારે અસર પાડનારી બનાવવાનો હતો.

વહીવટની દરેક શાખામાં હિન્દીઓનું જોડાણ વધારવાની નીતિના ભાગ રૂપે ગવર્નર જનરલની કારોબારી સમિતિના છ સભ્યોમાંથી ત્રણ હિન્દીઓ નીમવાનું ઠરાવવામાં આવ્યું. આમ છતાં એ નોંધવું ઘટે કે આ હિન્દી સભ્યોને કાયદો શિક્ષણ, મજૂર, આરોગ્ય કે ઉદ્યોગ જેવાં ઓછી અગત્ય ધરાવતાં ખાતાંઓ જ સોંપવામાં આવ્યાં હતાં. આ સભ્યો ધારાસભાને નહિ, પરંતુ ગવર્નર જનરલ તેમ જ તેની મારફત હિન્દી વજીરને જવાબદાર હતા.

મોન્ટ-ફર્ડ સુધારાથી કેન્દ્રમાં દ્વિગૃહી ધારાસભા અમલમાં આવી-રાજ્યસભા અને ધારાસભા. રાજ્યસભા 60 સભ્યોની બનેલી હતી, જેમાંના 33 ચૂંટાયેલ હતા. 20 કરતાં વધારે નહિ તેટલા અધિકારી સભ્યો હતા. ધારાસભા (નીચલું ગૃહ) 145 સભ્યોની બનેલી હતી, જેમાંના 104 ચૂંટાયેલ સભ્યો હતા. 104માંથી 52 સામાન્ય વિભાગોમાંથી, 30 મુસ્લિમ મતદાર મંડળમાંથી, 2 શીખો, 7 જમીનદારો, 9 યુરોપિયનો અને 4 વ્યાપારી મંડળોમાંથી ચૂંટાયેલ હતા. શીખોને પણ કોમી મતદાર મંડળો આપવામાં આવ્યાં. એ નોંધવું ઘટે કે આવી બેઠકોની ફાળવણી પ્રાંતોમાં દરેક કોમની વસ્તીના ધોરણે ઠેરવવાને બદલે તેમની કહેવાતી અગત્યને ધોરણે કરવામાં આવી હતી. ધારાસભાની મુદત ત્રણ વર્ષની રાખવામાં આવી હતી, પરંતુ ગવર્નર જનરલને તે મુદત વધારવાની સત્તા હતી.

ધારાસભાનાં કાર્યો અને અધિકારો લગભગ પહેલાંના જેવાં જ રહ્યાં. એક માત્ર નોંધનીય ફેરફાર એ કરવામાં આવ્યો કે પ્રાંતીય યાદીમાં દર્શાવાયેલી કોઈ પણ બાબત પર કેન્દ્રીય ધારાસભામાં ઠરાવ રજૂ કરતા પહેલાં તે માટે ગવર્નર જનરલની સંમતિ લેવાનું આવશ્યક બનાવાયું – આમ ગવર્નર જનરલની સત્તામાં વધારો કરવામાં આવ્યો. તેને 'વીટો' અધિકાર (ધારાસભાએ મંજૂર કરેલ ઠરાવને પણ નામંજૂર કરવાની સત્તા) તથા ઠરાવોને પ્રમાણિત કરવાનો અધિકાર (ધારાસભાએ નામંજૂર કરેલ ઠરાવને મંજૂર કરવાની સત્તા) આપવામાં આવ્યો. બ્રિટિશ હિન્દ

કે તેના કોઈ પણ પ્રદેશની શાંતિ તથા સલામતી માટે ધારાસભાએ નામંજૂર કરેલા ઠરાવને મંજૂર કરવાની જરૂર હોવાનું ગણાવીને ગવર્નર જનરલ તેને સંમતિ આપે તેવી સત્તા સોંપાઈ. સભ્યોને પૂરક પ્રશ્નનો પૂછવાનો અધિકાર આપીને પ્રશ્નોત્તરીનો વ્યાપ વધારવામાં આવ્યો.

મોન્ટ-ફર્ડ સુધારાના અન્વયે પ્રાંતોમાં અંશતઃ જવાબદાર સરકારનો પ્રયોગ કરવામાં આવ્યો, આ કારણે કેન્દ્ર સરકાર તથા પ્રાંતીય સરકારોના અધિકાર ક્ષેત્રની મર્યાદા નક્કી કરવામાં આવી, તેમ જ બે પ્રકારની યાદી તૈયાર કરવામાં આવી. જે બાબતો કેન્દ્ર સરકાર તથા એક કરતાં વધારે પ્રાંતને લાગુ પડતી હોય તેવી બાબતો કેન્દ્રીય યાદીમાં મૂકવામાં આવી, જ્યારે માત્ર પ્રાંતોને લાગુ પડતી બાબતો પ્રાંતીય યાદીમાં સામેલ કરવામાં આવી. કેન્દ્રને લગતા વિષયોમાં વિદેશો તથા રાજકીય સંબંધો, જાહેર દેવું, આયાત, જકાત, ખાસ ઈજારા, ચલણ, વાહનવ્યવહાર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો. જ્યારે પ્રાંતીય યાદીના વિષયોમાં સ્થાનિક સ્વરાજ્ય, આરોગ્ય અને જાહેર તંદુરસ્તી, શિક્ષણ, જાહેર કાર્યો, ખેતી, જંગલો, કાયદો અને વ્યવસ્થા વગેરેને સામેલ કરવામાં આવ્યાં. બાકીના વિષયોને લગતી સત્તા ગવર્નર જનરલની કારોબારીને સુપરત કરવામાં આવી.

પોતાના વિકાસ માટે પ્રાંતોને કેન્દ્રીય સાધનો પર આધાર રાખવાનો ન હોય તો હિન્દીઓને અપાયેલ અંશતઃ સત્તા પણ અર્થપૂર્ણ બને. આ માટે મોન્ટ-ફર્ડ સુધારાએ કેન્દ્રની તેમ જ પ્રાંતોની આવકના સાધનોને તદ્દન અગલ કરી નાખ્યાં.

### 17.5.3 પ્રાંતીય સરકારમાં ફેરફારો (Changes in the Provincial Government)

1919ના હિન્દ સરકારના ધારા અનુસાર પ્રાંતોમાં અમુક ખાતાંઓ હિન્દીઓ હસ્તક મૂકવામાં આવ્યાં, જ્યારે અન્ય ખાતાંઓ બ્રિટિશ અંકુશ હેઠળ રાખવામાં આવ્યાં. આ વિભાગીકરણ પ્રમાણે ખાતાંઓના "સોંપાયેલ" તથા "અનામત" એવા બે વિભાગ કરવામાં આવ્યા. એ રીતે પ્રાંતીય સરકારના પણ બે ભાગ પાડ્યા. ગવર્નર અને તેની કારોબારી સમિતિએ અનામત ખાતાંઓનો વહીવટ કરવાનો હતો, જ્યારે ગવર્નર તથા પ્રધાનમંડળે સોંપાયેલ ખાતાંઓનો વહીવટ સંભાળવાનો હતો. પ્રાંતોમાં વહીવટી સત્તાની આ નવા પ્રકારની વહેંચણી "દ્વિમુખી શાસન પદ્ધતિ" તરીકે જાણીતી બની. સરકારની બન્ને પાંખો તેઓની રચના તેમ જ ગવર્નર અને ધારાસભા સાથેના બંધારણીય સંબંધોમાં એકબીજાથી તદ્દન જુદી પડતી હતી.

સ્થાનિક સ્વરાજ્ય, આરોગ્ય, શિક્ષણ અને ખેતીવાડીને લગતાં સિંચાઈ સિવાયનાં ખાતાંઓ સોંપાયેલ વિભાગને હસ્તક મૂકવામાં આવ્યાં. જ્યારે બાકીનાં બધાં ખાતાંઓ અનામત વિભાગ હસ્તક રાખવામાં આવ્યાં. આમાં જમીન મહેસૂલ, કારખાનાં, પોલીસ, ન્યાયતંત્ર, મુદ્રણાલય પરનો અંકુશ, સિંચાઈ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો.

ગવર્નર તથા તેની કારીબારીના સભ્યોને બ્રિટિશ સરકાર નિયુક્ત કરતી અને તેઓ સંયુક્ત રીતે ગવર્નર જનરલ તથા હિન્દી વજીરને જવાબદાર હતા. ગવર્નરની કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા ચારથી વધારે ન હોવી જોઈએ. સોંપાયેલ ખાતાંના પ્રધાનો ગવર્નર મારફત નિયુક્ત થતા. ગવર્નર સામાન્ય રીતે ધારાસભામાં ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રધાનોની પસંદગી કરતો. વ્યવહારમાં દરેક પ્રાંતમાં બેથી ત્રણ પ્રધાનો નિયુક્ત થતા. કાયદાની કલમ પ્રમાણે પ્રધાનો ગવર્નરની ખુશી હોય ત્યાં સુધી હોદ્દો ભોગવી શકતા, પરંતુ વ્યવહારમાં તેઓ જ્યાં સુધી ધારાસભામાં બહુમતીનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી તેમને હોદ્દા પર ચાલુ રાખવામાં આવતા. ગવર્નરને અપાયેલ સૂચનાપત્રમાં ગવર્નરો તથા પ્રધાનો વચ્ચેના સંબંધોની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે :

> "પ્રધાનની સલાહ અને તેના અભિપ્રાયથી વિરુદ્ધ જતાં પહેલાં આ માટેનાં પુરતાં કારણો તથા ધારાસભાના સભ્યો સાથેના તેના સંબંધો તેમ જ પ્રતિનિધિઓ મારફત વ્યક્ત થતી લોકોની ઇચ્છાઓને તમારે (ગવર્નરે) ખાસ લક્ષમાં લેવાની છે."

પ્રધાનોના નિર્ણયોને રદ બાતલ કરતી અને ગવર્નરને વ્યાપક સત્તાઓ આપતી તેની ખાસ જવાબદારીઓની સૂચનાપત્રમાં વિગતો આપવામાં આવી છે. પોતાનાં કાર્યો માટે પ્રધાનો સંયુક્ત રીતે જવાબદાર ગણાય તેવો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો, પરંતુ પછીથી આ સિદ્ધાંતનો અમલ બંધનકર્તા રહ્યો નહિ. પ્રથમ હિન્દ ધારો આઠ પ્રાંતો મદ્રાસ, મુંબઈ, બંગાળ, ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર અને ઓરિસા, મધ્ય પ્રાંત, અને આસામને લાગુ કરવામાં આવ્યો. 1923માં બ્રહ્મદેશમાં અને પછીથી સરહદ પ્રાંતમાં પણ તેનો અમલ કરવામાં આવ્યો.

દરેક પ્રાંતમાં ધારાસમિતિ તરીકે ઓળખાતી એકગૃહી ધારાસભા રચવામાં આવી. તે ગવર્નરની કારોબારીના સભ્યો, ચૂંટાયેલા સભ્યો તથા નિયુક્ત સભ્યોની બનેલી હતી. એવી પણ જોગવાઈ કરવામાં આવી કે ધારાસમિતિના 70 ટકા સભ્યો ચૂંટાયેલ તથા 20 ટકાથી વધારે નહિ તેટલા સભ્યો અધિકારી સભ્યો હોવા જોઈએ. ધારાસમિતિઓની સભ્ય સંખ્યા ઠીક ઠીક વધારવામાં આવી. પ્રાંતના કદ પ્રમાણે તેની સંખ્યા જુદી જુદી હતી. બંગાળમાં તેની વધારેમાં વધારે સંખ્યા 140ની હતી, જ્યારે આસામમાં તેની ઓછામાં ઓછી સંખ્યા 53ની હતી.

ચૂંટાતા સભ્યોને મતદારો મારફત પ્રત્યક્ષ ચૂંટણી પદ્ધતિથી ચૂંટવાના હતા. મતદાનનો હક મુખ્યત્વે મિલકત ધરાવવાની લાયકાતના ધોરણે નક્કી કરવામાં આવ્યો હતો. 1920માં 241.7 મિલિયનની કુલ વસ્તીમાંથી ફક્ત 5.3 મિલિયન લોકોને મતદાનનો હક મળ્યો હતો, જેની ટકાવારી 5 ટકા કરતાં પણ ઓછી હતી. સ્ત્રીઓને મતદાનનો તેમ જ ઉમેદવારી કરવાનો હક આપવામાં આવ્યો ન હતો. બ્રિટનમાં છેક 1918માં સ્ત્રીઓને મત આપવાનો હક મળ્યો હતો.

અલગ મતદારમંડળોના પ્રશ્નનો અભ્યાસ કરતાં મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાના ઘડવૈયાને આવાં મતદાર- મંડળો સ્વશાસનના સિદ્ધાંતના વિકાસમાં મોટા વિઘ્નરૂપ બને તેમ જણાયું. તેઓએ આવા મતદાર- મંડળોને ઇતિહાસના બોધપાઠની વિરુદ્ધના જણાવ્યાં અને મતદારમંડળો વર્ગભેદોને કાયમી બનાવશે તથા પ્રચલિત સંબંધોને રૂઢિચુસ્ત કરશે તેવો ભય દર્શાવ્યો. આમ છતાં અલગ મતદાર મંડળો રદ કરવાની ઘડવૈયાઓએ ભલામણ કરી નહિ. ઊલટી રીતે તેઓએ પંજાબમાં શીખોને પણ અલગ મતદાર મંડળો આપ્યાં પછીથી બિન-બ્રાહ્મણોને અનામત બેઠકો આપવાની 'જસ્ટિશ પક્ષ'ની માગણીનો પણ તેઓએ સ્વીકાર કર્યો. હિન્દી ખ્રિસ્તીઓ, એંગ્લો ઇન્ડિયનો, તથા યુરોપિયનોને પણ અલગ મતદાર મંડળો આપવામાં આવ્યાં.

### 17.5.4 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની સમીક્ષા (Observations of the Montagu-Chelmsford Reforms)

દ્વિમુખી શાસન પદ્ધતિનો સમગ્ર ખ્યાલ જ ખામીયુક્ત સિદ્ધાંત પર રચાયેલો હતો. રાજ્યનાં કાર્યોને એક બીજાથી તદ્દન અલગ એવાં ખાતાઓમાં વિભાજિત કરવાનું મુશ્કેલ છે. આવા અયોગ્ય વિભાજનથી પ્રશ્ન વધારે ગૂંચવાયો હતો. ખેતીવાડી સોંપાયેલ વિષય હતો, પરંતુ જમીન મહેસૂલ અને સિંચાઈ અનામત ખાતા હસ્તક હતાં. આ બાબતમાં ઉત્તર પ્રદેશના એક પ્રધાન સી.વાં.ચિન્તામણિએ એક રસપ્રદ કિસ્સો ટાંક્યો હતો. ખેતીલાયક જમીનના થતા ટુકડાના પ્રશ્ને ખેતીવાડી ખાતાએ 1921માં તપાસ શરૂ કરી, જ્યારે 1922માં આને લગતો અહેવાલ સુપરત કરવામાં આવ્યો ત્યારે જણાયું કે આ બાબત મહેસૂલી ખાતાને લગતી હતી, માટે ગવર્નરે આ ખાતા (અનામત)ને આ પરત્વે ઘટતું કરવા આદેશ આપ્યો. 1924માં વળી એવું શોધી કઢાયું કે આમાંનું અમુક કાર્ય સહકારી ખાતાએ કરવું જોઈતું હતું ! તે જ રીતે યુરોપિયનોનું તેમ જ એંગ્લો ઇન્ડિયનોનું શિક્ષણ શિક્ષણ-મંત્રીના અધિકારક્ષેત્રથી પર હતું.

પ્રાંતીય સરકારના બન્ને વિભાગો વચ્ચે મૂળભૂત વિશ્વાસ હોય તો જ આવી પદ્ધતિ કાર્ય કરી શકે. જ્યારે પ્રધાનોએ પોતાના દેશબાંધવોના હિતમાં કાર્ય કરવાનું હતું, ત્યારે ગવર્નરની કાર્યવાહક સમિતિના સભ્યો અને સનદી સેવાના ઉચ્ચ અમલદારો (અંગ્રેજો)એ બ્રિટનના સામ્રાજ્યવાદી હિતોનું રક્ષણ કરવાનું હતું. સોંપાયેલ ખાતાંઓમાં પણ સનદી સેવાના અમલદારો પર પ્રધાનોનો કોઈ અંકુશ ન હતો. ખાતાંઓનાં મુખ્ય સચિવો ગવર્નરને સીધા મળી શકતા, તેથી પ્રધાનોની સ્થિતિ ઘણી વખત કફોડી બનતી. વિશેષમાં પ્રધાનને બે માલિકોને સંતુષ્ટ રાખવાના હતા. તે ગવર્નર દ્વારા નિયુક્ત થતો અને ગવર્નર તેને રુખસદ આપી શકતો. વળી તે ધારાસભાને પણ જવાબદાર હતો. તે વિશેષમાં રાષ્ટ્રનું નિર્માણ કરનાર કહેવાતાં ખાતાંઓ પ્રધાનો હસ્તક હતાં, જે જોઈતી રકમ મળે તો જ પરિણામ દર્શાવી શકે તેમ હતાં. પ્રધાનોની એ ફરિયાદ હતી કે સોંપાયેલ ખાતાંઓની રકમ માટેની માગણી વિચારાય તે પહેલાં અનામત ખાતાંઓને જોઈતાં નાણાં મળી જતાં હતાં.

વિશેષમાં તે સમયની ભારતની પરિસ્થિતિ સુધારાની યોજનાને આવકારવા માટે અનુકૂળ ન હતી. 1918-19ના વર્ષમાં ચોમાસું નિષ્ફળ ગયું અને વેપારમાં મંદી આવી, પરિણામે લોકોમાં અસંતોષ વધ્યો. લોકોએ સર્વાનુમતે સખત વિરોધ કર્યો છતાંય માર્ચ, 1919માં રોલેટ પ્રસ્તાવને કાયદાનું સ્વરૂપ અપાયું. એપ્રિલ 6, 1919ના રોજ હડતાલ પાડવાના ગાંધીજીના આદેશનું વ્યાપક પ્રમાણમાં પાલન થયું. 13મી એપ્રિલ, 1919ના રોજ જલિયાંવાલા બાગનો હત્યાકાંડ થયો જેણે

અન્ય બનાવોની સાથે સરકાર તથા લોકો વચ્ચેના સંબંધોને ભારે તંગદિલીભર્યા બનાવ્યા. ક્રમશઃ સુધારાની યોજના પ્રત્યેનો વિરોધ તેના અસ્વીકારમાં પરિણમ્યો. તુર્કસ્તાનના શાસક ખલીફા પ્રત્યેના લૉર્ડ બ્રિટનના દુશ્મનાવટભર્યા વલણથી હિન્દના મુસ્લિમો નારાજ થયા. તેઓએ મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ખિલાફત ચળવળ શરૂ કરી. કૉંગ્રેસે 1લી ઑગસ્ટ, 1920ના રોજ કરેલ ઠરાવ અનુસાર અસહકાર આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો. આના પરિણામે નવેમ્બર, 1920માં યોજાનારી ચૂંટણીઓમાં કૉંગ્રેસે બહિષ્કાર કર્યો. કૉંગ્રેસે પણ નવા બંધારણનો બહિષ્કાર કર્યો અને આમ તેનો અમલ અર્થહીન બની ગયો.

1919માં અમલમાં મુકાયેલ બંધારણીય ફેરફારોની યોજના એટલી બધી અપ્રિય થઈ કે તેને હાસ્યાસ્પદ ગણવાનું લોકોમાં સામાન્ય બન્યું. આમ છતાં ભારતમાં સંસદીય લોકશાહીના વિકાસમાં તેનું મહત્ત્વ છે. તે નોંધવું ઘટે કે 1916માં સૂચવાયેલી યોજના કરતાં 1919માં અમલમાં મુકાયેલા સુધારા થોડા પ્રગતિશીલ હતા. વિશેષમાં સરકારે આ સુધારા આપતી વખતે ભારતમાં પોતાનું અંતિમ ધ્યેય (જવાબદાર રાજ્યતંત્ર અને ગૃહ સ્વરાજ્ય આપવાનું) જાહેર કર્યું હતું. આથી આ વચનમાંથી તેણે પીછેહઠ કરવી અવિવેકી કહેવાય. બીજી રીતે કહીએ તો આ જાહેરાતથી વિશેષ સુધારા, આપવાનું સરકાર માટે અનિવાર્ય બન્યું હતું. આ સુધારાથી કેન્દ્રમાં તેમ જ પ્રાંતોમાં ચૂંટાયેલી ધારાસભાઓ અસ્તિત્વમાં આવી. આ ધારાગૃહોમાં હિન્દીઓ પોતાનો અભિપ્રાય સતત અને સ્પષ્ટ રીતે રજૂ કરતા હતા. ધારાસભાઓમાંની ચર્ચાઓએ ભારતમાં બ્રિટિશ રાજના સંરક્ષણની વિચારસરણીને નિર્બળ બનાવી તથા સામ્રાજ્યવાદ-વિરોધી લાગણીઓને વ્યાપક અને ગતિશીલ બનાવી. સાથોસાથ ચૂંટણીની પ્રક્રિયા તથા ચર્ચાઓથી હિન્દીઓ સંસદીય ભાષા તથા સંસ્થાઓથી વાકેફ થયા, જેને લીધે પછીથી તેઓએ ભારતમાં સંસદીય લોકશાહીનું સફળ સંચાલન કર્યું.

1919નાં પછીનાં વર્ષોમાં રાષ્ટ્રીય લડતનો વ્યાપ વધતો ગયો અને તેમાં ખેડૂતો, મજૂરો, વેપારીઓ વગેરે મોટા પ્રમાણમાં સામેલ થયા. પ્રથમ વિશ્વયુદ્ધ પછીનાં આર્થિક દબાણો તથા વિશ્વના ઘણાખરા દેશોમાં થયેલાં સામૂહિક આંદોલનો પણ આ માટે અંશતઃ જવાબદાર હતાં. વિકસિત દેશોમાં આ આંદોલનોનું સ્વરૂપ મૂડીવાદ વિરોધી હતું. જ્યારે સંસ્થાનોમાં તે સામ્રાજ્યવાદ વિરોધી હતું. આ આંદોલનોએ ફરિયાદો તથા અપેક્ષાઓમાં વધારો કર્યો, જેમનો યોગ્ય રીતે નિકાલ થાય તો તેઓ રાષ્ટ્રીય લડતને નવુ જોમ આપીને વિકાસની પ્રક્રિયાને વેગીલી બનાવી શકે. પંજાબના બનાવો તથા ખિલાફતની ચળવળથી ઉપસ્થિત થયેલ ક્રોધ અને લાગણીનાં તત્ત્વોએ વિકાસની આ પ્રક્રિયાને ઝડપી અને ઉગ્ર બનાવી. અમુક ઇતિહાસકારોએ 1919ના સુધારાને નાણાકીય અવમૂલ્યન તથા, હિન્દીઓનો સહકાર એવી બન્ને સામ્રાજ્યવાદી જરૂરિયાત સંતોષનાર સુધારાઓ તરીકે વર્ણવ્યા છે. અમુક ઇતિહાસકારોએ પછીની રાષ્ટ્રીય લડતોને આ સુધારાના સીધા પરિણામરૂપ ગણાવી છે. જોકે આ વિધાન વિવાદસ્પદ મનાય છે. 1919ના સુધારાએ મતદાર મંડળો વિસ્તૃત બનાવ્યાં તેથી એવી દલીલ કરવામાં આવી કે આનાથી રાજકારણીઓને લોકશાહી પદ્ધતિ અપનાવવાની ફરજ પડી. સૂચિત સરકાર આ મન્તવ્ય સાથે સંમત થતી નથી. તેના મત મુજબ આનાથી અમુક પ્રકારના રાજકારણ તથા રાજકારણીઓ વિશેનો ખુલાસો મળી શકે, પરંતુ વિશ્વયુદ્ધ બાદ 1919-22માં સામ્રાજ્યવાદ વિરોધી વ્યાપક લોકજાગૃતિ અને પ્રબળ આંદોલન તેમ જ ચૂંટણીના બહિષ્કારની મૂળભૂત હકીકતનો ખુલાસો મળી શકે નહિ.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. 1917નું ઑગસ્ટ જાહેરનામું સરકારને શા માટે પ્રસિદ્ધ કરવું પડ્યું ? પાંચ લીટીમાં જવાબ આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાનાં મુખ્ય લક્ષણો કયાં કયાં હતાં. ? દસ લીટીમાં જવાબ લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. દ્વિમુખી શાસનં પદ્ધતિની શી મુશ્કેલીઓ હતી ? પાંચ લીટીમાં જવાબ આપો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 17.6 સારાંશ

આ એકમમાં આપણે બ્રિટિશ સરકારે ભારતમાં 1892થી 1920ની વચ્ચે અમલમાં મૂકેલા બંધારણીય સુધારાની ચર્ચા કરેલી છે. બ્રિટિશ સરકારને ખાતરી થઈ હતી કે તેનું શાસન ભારતમાં ચાલુ રાખવા માટે જે હિન્દીઓ પોતાની માગણીઓ બંધારણીય માળખા પૂરતી મર્યાદિત રાખવા માગતા હતા, તેમની ઇચ્છાઓને સંતોષવાનું જરૂરી હતું. આ બાબતને લક્ષ્યમાં રાખીને 1892નો હિન્દ સમિતિ ધારો પસાર કરવામાં આવ્યો, જેમાં ધારાસમિતિને વિસ્તૃત કરવામાં આવી (પરંતુ તે સાથે અધિકારી બહુમતી પણ જાળવી રાખવામાં આવી). ચૂંટણીનો સિદ્ધાંત અમલમાં મુકાયો (જોકે પરોક્ષ) અને ધારાસમિતિઓને અંદાજપત્રની ચર્ચા કરવાનો હક આપવામાં આવ્યો. 1885થી 1906 દરમિયાન વિવિધ પરિબળોએ બ્રિટિશ સરકાર સામેના અસંતોષમાં વધારો કર્યો. આ સંદર્ભમાં મોર્લે-મિન્ટો સુધારા અમલમાં મુકાયા. તેનાથી પરોક્ષ રીતે ચૂંટાયેલા ધારાસભ્યોની સંખ્યામાં વધારો થયો તથા હિન્દુ અને મુસ્લિમોના અલગ મતદાર મંડળો રચવામાં આવ્યાં, આને પરિણામે અલગતાની વૃત્તિને ઉત્તેજન મળ્યું. પ્રથમ વિશ્વયુદ્ધથી ઊભી થયેલી પરિસ્થિતિને કારણે મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા તરીકે જાણીતો થયેલો 1919નો ધારો હિન્દ સરકારે પસાર કર્યો. પ્રાંતોમાં દાખલ કરેલી દ્વિમુખી શાસન પદ્ધતિ એ આ સુધારાનો સૌથી નોંધપાત્ર ફેરફાર હતો. તે અનુસાર પ્રાંતિક સરકારોને વધારે સત્તા આપવામાં આવી, પરંતુ નાણાતંત્ર પરનો ગવર્નરનો અંકુશ સંપૂર્ણપણે ચાલુ રાખવામાં આવ્યો અને જાહેર આરોગ્ય, શિક્ષણ વગેરે ખાતાંના પ્રધાનો ધારાસભાને જવાબદાર હતા. કેન્દ્ર સરકારનો પ્રાંતીય સરકારો પર સંપૂર્ણ અંકુશ હતો તથા મતદાનનો હક તદ્દન મર્યાદિત કરવામાં આવ્યો હતો. સુધારાની આ યોજનાઓનો મૂળ ઉદ્દેશ્ય તો ભારતનું કાયમી લક્ષણ બનેલી સામ્રાજ્ય વિરોધી ચળવળને શાંત કરવાનો તેમ જ દબાવી દેવાનો હતો.

## 17.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **કાર્યવાહક સમિતિ** : નિર્ણયો કે આદેશોનું પાલન કરનાર સરકારનું અમલકારક અંગ.
- **ધારાસભા** : ધારા ઘડનાર અને ધારા પસાર કરનાર સરકારનું અંગ.

- **સંસદીય લોકશાહી** : એ પદ્ધતિ જેમાં ચૂંટાએલ પ્રતિનિધિઓ સંસદમાં ઉપસ્થિત રહીને કાયદા ઘડનાર સૌથી ઉચ્ચ સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રતિનિધિઓને પુખ્તવય મતાધિકારથી ચૂંટવામાં આવે છે.
- **અલગ મતદાર મંડળો** : જેમાં મતનો હક ધરાવનાર નગારિકોને પ્રતિનિધિત્વ માટે કોમ કે ધર્મને આધારે વિભાજિત કરવામાં આવે છે તેવી પદ્ધતિ.

## 17.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (i) ×
   (ii) √
   (iii) ×
2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. રાષ્ટ્રવાદીઓમાં વહિવટી (બંધારણીય) સુધારા માટેની વધતી જતી માગણી બંધારણીય સુધારા મારફત રાષ્ટ્રવાદીઓને સંતોષવાની સરકારની નીતિ (પેટા વિભાગ 17.3.1 જુઓ)
3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. ધારાસમિતિઓનું કદ વધારવામાં આવ્યું. ચૂંટણીનો સિદ્ધાંત અમલમાં મુકાયો. ધારાસમિતિઓને અંદાજપત્ર પર ચર્ચા કરવાનો હક આપવામાં આવ્યો.(પેટા વિભાગ 17.3.2 જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (i) મવાળોનો સામ્રાજ્યમાં સાથ લઈને બ્રિટિશ શાસનને મજબૂત બનાવવું.
   (ii) હિન્દુ અને મુસ્લિમોને વિભાજિત કરવા.
2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. અંગ્રેજો સામ્રાજ્ય માટે મવાળોનો સાથ મેળવવા માગતા હતા. આથી તેઓ મવાળોની બંધારણીય સુધારાની માગણી સ્વીકારવા ઇચ્છતા હતા. 1909ના સુધારામાં અલગ મતદાર મંડળો દાખલ કરીને બ્રિટિશ સરકાર મુસ્લિમોને પોતાના પક્ષે કરવા માગતી હતી. (પેટા વિભાગ 17.4.1 જુઓ)
3. તમારા જવાબમાં મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. ધારાસમિતિઓમાં પરોક્ષ રીતે ચૂંટાએલી સભ્યોની સંખ્યા વધારવામાં આવી તથા મુસ્લિમોનાં અલગ મતદાર મંડળો રચવામાં આવ્યાં. (પેટા વિભાગ 17.4.2 અને 17.4.3 જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. બંગાળના ભાગલા રદ કરીને બ્રિટિશ સરકારે મુસ્લિમોને નારાજ કર્યા હતા. લખનૌ કરાર પછી હિન્દુ અને મુસ્લિમોનું પુનર્જોડાણ થયું. આ પરિબળોથી બ્રિટિશ સરકાર બેચેન બની. બ્રિટિશ સરકારને યુદ્ધ પ્રયાસોમાં હિન્દીઓનો ટેકો જોઈતો હતો. (પેટા વિભાગ 17.5.1 જુઓ)
2. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. દ્વિમુખી શાસન પદ્ધતિનો અમલ, તેમાં પ્રાંતિક સરકારોને વિશેષ સત્તા અપાઈ, પરંતુ તે અવ્યવહારુ સાબિત થઈ, કેન્દ્ર સરકારનો પ્રાંતિક સરકારો પર સંપૂર્ણ અંકુશ હતો. (પેટા વિભાગ 17.5.2 તથા 17.5.3 જુઓ)
3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ દ્વિમુખી શાસન પદ્ધતિ હેઠળ રાજ્યના કાર્યોનું એક બીજાથી તદ્દન અલગ એવું વિભાજન બિનઅસરકારક સાબિત થયું, કારણ કે પ્રધાનો અને કાર્યવાહક સમિતિના સભ્યોને પરસ્પર વિશ્વાસ ન હતો તથા તેમનાં હિતો પરસ્પર વિરોધી હતાં. (પેટા વિભાગ 17.5.4 જુઓ)

# એકમ 18 અસહકાર અને ખિલાફતનાં આંદોલનો : 1919-1922 (Non-Co-operation and Khilafat Movements : 1919-1922)

**રૂપરેખા**


18.0 ઉદ્દેશો

18.1 પ્રસ્તાવના

18.2 પૂર્વભૂમિકા

18.3 ખિલાફતનો પ્રશ્ન

18.4 અસહકાર- કલકત્તાથી નાગપુર

18.5 અસહકારના આંદોલનના મુખ્ય તબક્કાઓ

18.6 લડત અંગે લોકોનો પ્રતિભાવ

18.7 લડતનો ફેલાવો, સ્થાનિક ભિન્નતા

18.8 અંતિમ તબક્કો

18.9 આંદોલન પાછું ખેંચવાનાં કારણો

18.10 અસર

18.11 સારાંશ

18.12 ચાવીરૂપ શબ્દો

18.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 18.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે –

- અસહકાર તથા ખિલાફત આંદોલનોનાં પ્રારંભનાં કારણો ચર્ચી શકશો.
- આ આંદોલનોમાં અમલમાં મુકાયેલ કાર્યક્રમથી પરિચિત થઈ શકશો.
- આ આંદોલનોમાં લોકોએ આપેલ સહકાર અંગે માહિતગાર થઈ શકશો.
- આ આંદોલનોની અસરો જાણી શકશો.

## 18.1 પ્રસ્તાવના

1920-21ના વર્ષ દરમિયાન હિન્દની રાષ્ટ્રીય લડત સામૂહિક રાજકારણ તથા લડતમાં સામૂહિક લોક-જોડાણના નવા તબક્કામાં પ્રવેશી અસહકાર તથા ખિલાફત આંદોલનોએ બ્રિટિશ શાસનનો વિરોધ કર્યો. જોકે બન્ને લડતો અલગ અલગ સંજોગોમાંથી ઉદ્‌ભવી હતી, તોપણ બન્નેએ એક જ પ્રકારનો કાર્યક્રમ અપનાવ્યો. બન્નેએ રાષ્ટ્રીય સ્તરે અહિંસક લડતની પદ્ધતિ અપનાવી. આ એકમમાં આપણે આંદોલનોના ઉદ્‌ભવના કારણો, તેમના કાર્યક્રમ તથા તેમાં નેતાઓ અને લોકોનો હિસ્સો વગેરેની ચર્ચા કરીશું. આ એકમમાં આ લડતોમાં પ્રાદેશિક સ્તરે ભિન્નતા તથા તેમની અસરોનું પણ પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

## 18.2 પૂર્વભૂમિકા (Background)

આ લડતોની ભૂમિકા બાંધનાર મુખ્ય ઘટનાઓ હતી પ્રથમ વિશ્વયુદ્ધ, રોલેટ કાયદા, જલિયાંવાલા બાગની કતલ તથા મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની અસરો :

(i) પ્રથમ વિશ્વયુદ્ધ પછીના સમયમાં રોજબરોજની વપરાશની ચીજ-વસ્તુઓના ભાવમાં ઘણો વધારો થયો. આથી સામાન્ય લોકોને ઘણું સહન કરવું પડ્યું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન આયાતની ચીજોમાં ઘટાડો થયો હતો, તેમાં યુદ્ધને અંતે ફરી વધારો થયો. પરિણામે ભારતીય

ઉદ્યોગોને નુકસાન થયું, ઉત્પાદન ઘટ્યું, ઘણાં કારખાનાં બંધ પડ્યાં, પરિણામે ઘણા મજૂરો બેકાર બન્યા. ખેડૂતો પણ ભાડાં અને કરોના ભારે બોજા હેઠળ આવી ગયા હતા. આથી વિશ્વયુદ્ધ પછીના સમયમાં ભારતની આર્થિક સ્થિતિ ચિંતાજનક બની. પ્રથમ વિશ્વ-યુદ્ધ પૂરું થયા બાદ પણ ભારતને લોકશાહી તથા સ્વશાસનને માર્ગે આગળ લઈ જવાનું પોતાનું વચન બ્રિટિશ સરકારે પાળ્યું નહિ. આથી બ્રિટિશ સરકારમાંથી રાષ્ટ્રીય નેતાઓની શ્રદ્ધા ઊઠી ગઈ. આને લીધે લોકોમાં પણ બ્રિટિશ સરકાર વિરુદ્ધની લાગણી તીવ્ર બની.

(ii) આ સમયનું બીજું અગત્યનું સીમાચિન્હ માર્ચ, 1919માં રોલેટ કાયદાનો અમલ હતું. આ કાયદાએ અદાલતમાં દાવો ચલાવ્યા વગર કોઈ પણ વ્યક્તિને જેલવાસ આપવાની સરકારને સત્તા આપી. તેનો મુખ્ય હેતુ રાષ્ટ્રવાદીઓને બચાવની તક આપ્યા વગર જેલમાં પૂરવાનો હતો. ગાંધીજીએ સત્યાગ્રહ મારફત આ કાયદાનો વિરોધ કરવાનું નક્કી કર્યું. માર્ચ-એપ્રિલ, 1919માં ભારતમાં નોંધપાત્ર રાજકીય જાગૃતિ આવી. રોલેટ કાયદા સામે હડતાલો અને દેખાવો યોજાયા.

(iii) આ જ અરસામાં બ્રિટિશ સામ્રાજ્યવાદીઓએ અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં કતલ કરીને નરી જંગલિયત દાખવી. પોતાના પ્રિય નેતાઓ ડૉ. સૈફુદ્દીન કીચલુ તથા ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા માટે 13મી એપ્રિલ, 1919ના રોજ જલિયાંવાલા બાગમાં નિ:શસ્ત્ર લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. અમૃતસરના લશ્કરી અધિકારી જનરલ ડાયરે કોઈ પણ ચેતવણી આપ્યા વગર નિ:શસ્ત્ર લોકો પર ગોળીબાર કરવા પોતાની ટુકડીઓને આદેશ આપ્યો. માત્ર આ એક જ જગ્યાએથી લોકો બહાર નીકળી શકે તેમ હતા. તે એકમાત્ર માર્ગ પણ લશ્કરી ટુકડીઓએ બંધ કરી દીધો હતો. આથી હજારો લોકો મરાયા અને ઘવાયા. આ ઘટનાથી સંપૂર્ણ વિશ્વે પણ મોટો આંચકો અનુભવ્યો. વિશ્વ વિખ્યાત કવિ રવીન્દ્રનાથ ટાગોરે કતલના વિરોધમાં પોતાના નાઈટહુડના ઇલકાબનો ત્યાગ કર્યો.

(iv) 1919ના હિન્દ સરકારના ધારા તરીકે જાણીતા થયેલ અન્ય બંધારણીય સુધારાના અમલથી રાષ્ટ્રાવાદીઓ નારાજ થયા. સુધારાની આ દરખાસ્તો (જેની આપણે એકમ 17માં ચર્ચા કરેલી જ છે.) રાષ્ટ્રવાદીઓની સ્વશાસન માટેની માગણીને સંતોષવામાં નિષ્ફળ ગઈ. મોટા ભાગના નેતાઓએ સુધારાની આ દરખાસ્તોને અસંતોષકારક અને નિરાશાજનક ગણાવી.

આ બધા બનાવોએ બ્રિટિશ સરકાર સામેની લોકલડતની ભૂમિકા તૈયાર કરી. ખિલાફતના પ્રશ્ને લડતને મુસ્લિમોનો સાથ મળ્યો, જેને આખરી સ્વરૂપ ગાંધીજીની નેતાગીરીએ આપ્યું. લડતને તાત્કાલિક ભૂમિકા પૂરી પાડનાર ખિલાફતના પ્રશ્નની હવે આપણે ચર્ચા કરીશું.





ચિત્ર નંબર-૧. અસહકાર તથા ખિલાફતની શરૂઆત દર્શાવતું હાસ્યજનક ચિત્ર

## 18.3 ખિલાફતનો પ્રશ્ન (The Issue of Khilafat)

પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કસ્તાન બ્રિટન વિરુદ્ધ જર્મની અને ઑસ્ટ્રિયાને પક્ષે જોડાયું હતું. ભારતના મુસ્લિમો તુર્કસ્તાનના સુલતાનને પોતાના ધાર્મિક નેતા ખલીફા માનતા હતા, એટલે સ્વાભાવિક રીતે તેમની સહાનુભૂતિ તુર્કસ્તાન પ્રત્યે હતી. યુદ્ધની સમાપ્તિ બાદ બ્રિટને ખલીફાને સત્તાસ્થાનેથી પદભ્રષ્ટ કર્યો. આથી ખલીફાને ફરી તેના સ્થાન પર સ્થાપિત કરવા માટે હિન્દના મુસ્લિમોએ ખિલાફત ચળવળ શરૂ કરી. તેમની મુખ્ય માગણીઓ નીચે મુજબ હતી :

- મુસ્લિમોનાં પવિત્ર સ્થળો પર ખલીફાનો અંકુશ ચાલુ રાખવો.
- યુદ્ધની સમાપ્તિ બાદ પ્રાદેશિક સીમાઓ નક્કી કરતા ખલિફા પાસે ખૂટતા પ્રદેશો રહેવા દેવા.



ચિત્ર-૨ ખિલાફત સ્વયંસેવકો



ચિત્ર-૩ ખિલાફત બેન્ડ

1919ની શરૂઆતમાં મુંબઈમાં ખિલાફત સમિતિની રચના કરવામાં આવી. મુસ્લિમ વેપારીઓએ પ્રારંભિક કામગીરી શરૂ કરી, જેમાં ખલીફાની તરફેણમાં સરકારને અરજીઓ કરવાનો, પ્રતિનિધિમંડળ મોકલવાનો અને સભાઓ યોજવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો; પરંતુ ટૂંક

સમયમાં જ ખિલાફત ચળવળમાં ઉદ્દામ તત્ત્વો સક્રિય બન્યાં, આ વલણ ધરાવતા નેતાઓ સરકાર પ્રત્યે નરમ રજૂઆત કરવાના મતના ન હતા. આને બદલે તેઓ દેશવ્યાપી લડત ચલાવવાના આગ્રહી હતા. દિલ્હીમાં 22-23મી નવેમ્બર, 1919ના રોજ યોજાયેલ અખિલ હિન્દ ખિલાફત પરિષદમાં ઉદ્દામ નેતાઓએ બ્રિટિશ સરકાર સામે ભારતમાં અસહકારની ચળવળ શરૂ કરવાની હિમાયત કરી. આ પરિષદમાં હસરત મોહાનીએ બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાની હાકલ કરી. ખિલાફતના આ નેતાઓએ જાહેર કર્યું કે યુદ્ધ બાદ મુસ્લિમોને (તુર્કીને) અયોગ્ય શરતો સ્વીકારવાની ફરજ પડાશે તો તેઓ બ્રિટિશ સરકારને સહકાર આપવાનું બંધ કરશે. એપ્રિલ, 1920માં શૌકતઅલીએ બ્રિટિશ સરકારને ચેતવણી આપી કે જો સરકાર હિન્દના મુસ્લિમોને સંતોષવામાં નિષ્ફળ જશે તો તેઓ હિન્દુઓ સાથે મળીને સરકાર વિરુદ્ધ અસહકારની લડત શરૂ કરશે. શૌકતઅલીએ એમ પણ જણાવ્યું કે હિન્દુ તેમ જ મુસ્લિમ બન્નેના સન્માનીય નેતા મહાત્મા ગાંધીના નેતૃત્વ તળે અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવશે.



ચિત્ર-૪ ખિલાફત નેતાઓ મહમ્મદ અલી અને એમ. એ. અનસારી

ખિલાફતનો પ્રશ્ન પ્રત્યક્ષ રીતે ભારતના રાજકારણ સાથે સંકળાયેલો ન હતો, પરંતુ ખિલાફતના નેતાઓ ભારતનો સાથ મેળવવા આતુર હતા. આ ચળવળમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ હિન્દુ-મુસ્લિમ એકતા સાધવાની તક ગાંધીજીને દેખાઈ. ખિલાફત પ્રશ્નને પોતાનો ટેકો આપ્યા છતાંયે અને પોતે અખિલ હિન્દ ખિલાફત સમિતિના પ્રમુખ હોવા છતાંયે આ બાબતમાં મે, 1920 સુધી ગાંધીજીએ મધ્યમમાર્ગી વલણ અપનાવ્યું. પરંતુ તુર્કસ્તાન પ્રત્યેની મિત્રરાષ્ટ્રોની ઘણી જ કડક શરતો જાહેર થતાં, તથા મે, 1920માં પંજાબનાં તોફાનો વિશે હન્ટર સમિતિનો એક પક્ષીય હેવાલ પ્રસિદ્ધ થતાં હિન્દીઓમાં ભારે રોષ આવ્યો. પરિણામે ગાંધીજીએ ખિલાફત ચળવળ ને પોતાનો ખુલ્લો ટેકો જાહેર કર્યો.

1લી જૂનથી 3જી જૂન (1920) સુધી અલ્હાબાદ મુકામે કેન્દ્રીય ખિલાફત સમિતિની બેઠક મળી; જેમાં ખિલાફત તેમ જ કૉંગ્રેસના ઘણા નેતાઓએ હાજરી આપી. આ બેઠકમાં સરકાર સામે નીચે પ્રમાણેનો અસહકારનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો :

- સરકારે આપેલા ખિતાબોનો બહિષ્કાર
- સરકારની દીવાની, પોલીસ અને લશ્કરી સેવાઓનો બહિષ્કાર
- સરકારને કરવેરા આપવાનો ઇન્કાર.

લડત શરૂ કરવા માટે 1લી ઑગસ્ટ, 1920 નક્કી કરવામાં આવી. ગાંધીજીએ આગ્રહ રાખ્યો કે પંજાબ અને ખિલાફતના અન્યાયો નાબૂદ ન થાય ત્યાં સુધી સરકાર સાથે અસહકાર ચાલુ રાખવો. આમ છતાં ખિલાફતની ચળવળની સફળતા માટે કૉંગ્રેસનો ટેકો અનિવાર્ય હતો. આથી ગાંધીજીએ કૉંગ્રેસ અસહકારનો કાર્યક્રમ અપનાવે તેવા પ્રયાસો કર્યા.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નીચેનાં વિધાનોમાંથી કયાં સાચાં (√) અને કયાં ખોટા (×) છે ?
   (i) પ્રથમ વિશ્વયુદ્ધની ભારતના અર્થકારણ પર કોઈ વિપરીત અસર થઈ ન હતી.
   (ii) રોલેટ કાયદો મુખ્યત્વે ભારતીય રાષ્ટ્રવાદીઓનું દમન કરવા માટે પસાર કરાયો હતો.
   (iii) જલિયાંવાલા બાગના હત્યાકાંડે બ્રિટિશ સામ્રાજ્યવાદનું વાસ્તવિક સ્વરૂપ ખુલ્લું કર્યું.
   (iv) મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાએ હિન્દના રાષ્ટ્રવાદી નેતાઓની અપેક્ષાઓને સંતોષી.
   (v) ગાંધીજી અખિલ ભારત ખિલાફત સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત થયા.
2. ખિલાફતમાં કયો મુખ્ય મુદ્દો હતો ? આશરે પાંચ લીટીઓમાં તે લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 18.4 અસહકાર - કલકત્તાથી નાગપુર (Towards Non-Cooperation : Calcutta to Nagpur)

પોતાના રાજકીય કાર્યક્રમ માટે સમસ્ત કૉંગ્રેસની સંમતિ લેવાનું કાર્ય ગાંધીજી માટે સહેલું ન હતું. પ્રાધ્યાપક ડૉ. રવીન્દ્રકુમારના કથન મુજબ ગાંધીજીએ સત્યાગ્રહની શુદ્ધતા તથા ખિલાફતના પ્રશ્ને મુસ્લિમો સાથેના જોડાણની જરૂરિયાત વિશે લોકમાન્ય ટિળકને ખાતરી કરાવવાનો ભારે પ્રયાસ કર્યો. આમ છતાં રાજકારણમાં સત્યાગ્રહના સાધન તરીકે ઉપયોગ વિશે તિળક સાશંક હતા. વળી તે ધાર્મિક બાબત પરત્વે મુસ્લિમો સાથેના જોડાણની તરફેણ કરતા ન હતા. લોકમાન્ય તિળકની દલીલ એ હતી કે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચેના સહકારની ભૂમિકા લખનૌ સમજૂતી (1916) જેવી બિન-સાંપ્રદાયિક હોવી ઘટે. કૉંગ્રેસનું અમુક વિરોધી કે તટસ્થ જૂથ તિલકના વિચારોનું સમર્થન કરતું હતું, પરંતુ કમનસીબે 1લી ઑગસ્ટ, 1920ના રોજ તિલકનું અવસાન થયું. લાલા લજપતરાય અને ચિતરંજન દાસે ધારાસભાની ચૂંટણીના બહિષ્કારના ગાંધીજીના વિચારનો પ્રબળ વિરોધ કર્યો. જવાહરલાલ નેહરુએ પોતાની આત્મકથામાં લખ્યું છે કે કૉંગ્રેસના પ્રૌઢ-નેતાગણે ગાંધીજીના અસહકારના ઠરાવનો વિરોધ કર્યો હતો.

આ પછી અસહકાર અને બહિષ્કારના કાર્યક્રમને અભિપ્રાય માટે પ્રાંતીય કૉંગ્રેસ સમિતિઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ઉત્તર પ્રદેશની પ્રાંતીય સમિતિએ લંબાણપૂર્વક તે અંગે ચર્ચા-વિચારણા કર્યા પછી અસહકારના સિદ્ધાંત, સરકારી શાળાઓ, કૉલેજો, સરકારી કચેરીઓ તથા બ્રિટિશ માલના ક્રમશઃ બહિષ્કારની તરફેણ જાહેર કરી, પરંતુ તેણે ધારાસમિતિઓના બહિષ્કાર વિશે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો નહિ.

મુંબઈ પ્રાંતીય સમિતિએ લડતની કાયદેસરની પદ્ધતિ તરીકે અસહકારને સંમતિ આપી, પરંતુ તેણે ધારાસમિતિના બહિષ્કારનો વિરોધ કર્યો અને પ્રથમ પગલા તરીકે માત્ર બ્રિટિશ માલના બહિષ્કારની તરફેણ કરી. બંગાળ પ્રાંતીય સમિતિએ અસહકારનો સિદ્ધાંત સ્વીકાર્યો, પરંતુ

ધારાસમિતિના બહિષ્કાર પ્રત્યે પોતાની અસંમતિ વ્યક્ત કરી મદ્રાસ પ્રાંતીય સમિતિએ અસહકારની નીતિ મંજૂર કરી, પરંતુ ગાંધીજીના કાર્યક્રમનો વિરોધ કર્યો.

આમ એક બાજુ ગાંધીજીના કાર્યક્રમ પ્રત્યે ભારતીય રાજકારણના પ્રણાલિકાગત પ્રદેશોનું આ વલણ હતું, તો બીજી બાજુ ગુજરાત અને બિહાર જેવા બિન-પ્રણાલિકાગત પ્રદેશોએ ગાંધીજીના કાર્યક્રમને સંપૂર્ણ ટેકો આપ્યો. આંધ્ર અને પંજાબની પ્રદેશ સમિતિઓએ અસહકારના કાર્યક્રમને સંમતિ આપી, પરંતુ કૉંગ્રેસનું ખાસ અધિવેશન ન યોજાય ત્યાં સુધી તેનો અમલ કરવાનું મોકૂફ રાખ્યું. પ્રાંતીય સમિતિઓના અમુક નેતાઓ ગાંધીજીના કાર્યક્રમને ટેકો આપવામાં મૂંઝવણ અનુભવતા હતા કારણ કે તેમની દૃષ્ટિએ ગાંધીજીની લડતનું સ્વરૂપ નિશ્ચિત ન હતું તથા તેઓ ધારાસમિતિઓની ચૂંટણીનો બહિષ્કાર કરવા માગતા ન હતા.

આ સંજોગોમાં સપ્ટેમ્બર, 1920માં કલકત્તામાં અખિલ ભારતીય કૉંગ્રેસ મહાસમિતિનું ખાસ અધિવેશન મળ્યું. લાલા લજપતરાય તેના પ્રમુખસ્થાને હતા. આ અધિવેશનમાં ગાંધીજીના કાર્યક્રમનો પ્રબળ વિરોધ થશે તેવી ધારણા હતી. પરંતુ કૉંગ્રેસમાં સ્થિર થઈ ગયેલા (પ્રૌઢ) નેતાઓના ઇરાદા વિરુદ્ધ ગાંધીજી આ ખુલ્લા અધિવેશનમાં પોતાની દરખાસ્ત 1000 મતની સરસાઈથી પસાર કરાવી શક્યા.

ગાંધીજીના ટેકેદારોમાં મોતીલાલ નેહરુ, સૈફુદ્દીન કીચલુ, જિતેન્દ્રલાલ બેનરજી, શૌકત અલી, યાકુબ હસન અને ડૉ. અન્સારી હતા, જ્યારે તેના વિરોધીઓમાં પંડિત મદન મોહન માલવિયા, એની બેસન્ટ વગેરે હતાં. ગાંધીજીની સફળતા મુખ્યત્વે વેપારી વર્ગ અને મુસ્લિમોના સાથને આભારી હતી.

કલકત્તા અધિવેશને નીચે પ્રમાણેનો કાર્યક્રમ સ્વીકાર્યો :

- ખિતાબો પાછા મોકલવા
- શાળાઓ, કચેરીઓ, ધારાસમિતિઓ, પરદેશી માલનો બહિષ્કાર
- રાષ્ટ્રીય શાળાઓને, લવાદી પ્રથા અને ખાદીને ઉત્તેજન.

કૉંગ્રેસે જ્યાં સુધી પંજાબ અને ખિલાફતના અન્યાયો નાબૂદ ન થાય તથા સ્વરાજ્યની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ગાંધીજીના અસહકારના કાર્યક્રમને ટેકો આપવાનું જાહેર કર્યું. છેવટનો નિર્ણય ડિસેમ્બર, 1920માં નાગપુરમાં યોજાનાર કૉંગ્રેસ અધિવેશનમાં લેવાનું નક્કી થયું. આમ છતાં ગાંધીજી કયા પ્રકારનું સ્વરાજ્ય ઇચ્છતા હતા. તેનો ખ્યાલ તેના સમકાલીન નેતાઓને સ્પષ્ટ થયો ન હતો. જોકે ગાંધીજીએ એવું કહ્યું કે ભારતના લોકોની ઇચ્છા પ્રમાણેનું તે સંસદીય સ્વરાજ્ય હશે. જવાહરલાલ નેહરુને કબૂલ કરવું પડ્યું કે સ્વરાજ્યનો આવો ખ્યાલ અસ્પષ્ટ હતો અને તેની પાછળ કોઈ નિશ્ચિત વિચારસરણી ન હતી.

સુધારેલાં મતદારમંડળોને અનુલક્ષીને નવેમ્બર, ૧૯૨૦માં ધારાસમિતિઓની ચૂંટણીઓ યોજવામાં આવી. બધા જ કૉંગ્રેસ ઉમેદવારોએ તેનો બહિષ્કાર કર્યો. ચૂંટણીનો બહિષ્કાર કરવાના ગાંધીજીએ આપેલ એલાનને વિવિધ પ્રાંતોમાંથી વ્યાપક ટેકો મળ્યો. બ્રિટિશ સરકારને માટે આ એક ચેતવણીરૂપ ઘટના હતી. શહેરી વિસ્તારોમાં હિન્દુ મતદારોમાંથી માત્ર 27.3 ટકાએ તથા મુસ્લિમ મતદારોમાંથી માત્ર 12.1 ટકાએ મતદાન કર્યું, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં 41.8 ટકા હિન્દુ મતદારોએ તથા 28.3 ટકા મુસ્લિમ મતદારોએ મત આપ્યો.

ગાંધીજીના કાર્યક્રમ વિશે ભારે વિરોધી ચર્ચાઓ વચ્ચે 26મી ડિસેમ્બર, 1920 થી નાગપુરમાં કૉંગ્રેસ અધિવેશન યોજાયું. ગાંધીજીના કાર્યક્રમના અગાઉના ટીકાકાર બંગાળના ચિતરંજન દાસ નાગપુર અધિવેશનમાં અસહકારનો ઠરાવ રજૂ કરીને ગાંધીજીના ટેકેદાર બન્યા. આ અધિવેશને અસહકારનો ઠરાવ મંજૂર કર્યો. તેમાં જણાવવામાં આવ્યું કે સરકાર સાથેના તમામ સંબંધો રદ કરવાથી માંડીને સરકારને કર-ભરવાના ઇન્કાર સુધીનો તમામ કાર્યક્રમ કૉંગ્રેસ નક્કી કરે ત્યારથી અમલમાં મૂકવો. કાર્યક્રમમાં ધારાસમિતિઓમાંથી રાજીનામાં, સરકારી વકીલાતનો ત્યાગ, શિક્ષણનું રાષ્ટ્રીયકરણ, આર્થિક બહિષ્કાર, રાષ્ટ્રીય સેવા માટે કાર્યકરોનું સંગઠન, રાષ્ટ્રીય ભંડોળની સ્થાપના, હિન્દુ-મુસ્લિમ એકતા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો. નાગપુર અધિવેશનથી કૉંગ્રેસ સંગઠનમાં પણ ક્રાન્તિકારી પરિવર્તન થયું. મુખ્ય ફેરફારો નીચે પ્રમાણે હતા :

- 15 સભ્યોની કારોબારી સમિતિની રચના
- 350 સભ્યોની અખિલ હિન્દ કૉંગ્રેસ મહાસમિતિની સ્થાપના
- શહેરી વિસ્તારથી ગ્રામ્ય વિસ્તાર સુધી કૉંગ્રેસ સમિતિઓની રચના

- ભાષાકીય ધોરણે કૉંગ્રેસ પ્રાંતીય સમિતિઓની પુનર્રચના
- વાર્ષિક ચાર આના ફાળો લઈને 21 વર્ષ કે તેથી ઉપરની વયનાં તમામ પુરુષો તથા સ્ત્રીઓ માટે કૉંગ્રેસનું સભ્યપદ ખુલ્લુ મૂકવું.

કૉંગ્રેસને ખરેખર આમજનતાની પ્રતિનિધિ સંસ્થા બનાવવા માટેનું આ એક અગત્યનું પગલું હતું. આ સમય દરમિયાન કૉંગ્રેસ પક્ષના સામાજિક માળખા તથા તેની કાર્યપદ્ધતિમાં પણ મૂળભૂત ફેરફાર થયા. ગાંધીજી સત્યાગ્રહના નવીન શસ્ત્ર સાથે કૉંગ્રેસના લોકનેતા તરીકે પ્રકાશમાં આવ્યા. ઉપરોક્ત ચર્ચા પરથી એ સિદ્ધ થાય છે કે અસહકારની લડતનાં મુખ્ય બે પાસાં હતાં : (1) રચનાત્મક અને (2) ખંડનાત્મક

પહેલા વિભાગમાં નીચેની બાબતોનો સમાવેશ થયો હતો :

- શિક્ષણનું રાષ્ટ્રીયકરણ
- સ્વદેશી વસ્તુઓને ઉત્તેજન,
- ચરખા અને ખાદીને લોકપ્રિય બનાવવાં
- સ્વયંસેવક દળની ભરતી

બીજા વિભાગમાં નીચેની બાબતોનો બહિષ્કાર કરવાનું જણાવવામાં આવ્યું હતું :

- સરકારી અદાલતો
- સરકારી શિક્ષણ સંસ્થાઓ
- ધારાસભાની ચૂંટણીઓ
- સરકારી સમારંભો
- બ્રિટિશ ચીજ વસ્તુઓ તથા બ્રિટિશ સરકાર તરફથી અપાયેલ ખિતાબો-માનચાંદો.

## 18.5 અસહકારના આંદોલનના મુખ્ય તબક્કાઓ (Main Phases of the Non-cooperation Movement)

1921ની શરૂઆતમાં ભારે ઉત્સાહ વચ્ચે અસહકાર અને બહિષ્કારની લડત શરૂ થઈ. આમ છતાં લડતમાં એક તબક્કામાંથી બીજા તબક્કામાં પ્રવેશ થવા સાથે થોડા ફેરફાર જણાઈ આવે છે. જાન્યુઆરીથી માર્ચ 1921 સુધીના તબક્કામાં શાળા, કૉલેજો, અદાલતો વગેરેના ત્યાગ તથા ચરખાના ઉપયોગ પર ભાર મુકાયો. વિદ્યાર્થીઓમાં પ્રબળ અસંતોષ ફેલાયો અને પ્રથમ પંક્તિના વકીલો ચિતરંજન દાસ તથા મોતીલાલ નેહરુએ પોતાની વકીલાત છોડી દીધી. આ પછી એપ્રિલ, 1921થી લડતનો બીજો તબક્કો શરૂ થયો. તેમાં તિળક સ્વરાજ્ય ભંડોળમાં ઑગસ્ટ 1921 સુધીમાં રૂપિયા એક કરોડ એકત્રિત કરવાનું, કૉંગ્રેસના એક કરોડ સામાન્ય સભ્ય બનાવવાનું તથા 30મી જૂન સુધીમાં 20 લાખ ચરખા ચાલુ કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું. જુલાઈ, 1921થી શરૂ થતા ત્રીજા તબક્કામાં વિદેશી કાપડ તથા નવેમ્બર 1921માં ઇંગ્લૅન્ડના પાટવી કુંવરની ભારતની મુલાકાતનો બહિષ્કાર કરવાનો અને ચરખા તેમ જ ખાદીને લોકપ્રિય બનાવવાનો તથા કૉંગ્રેસ સ્વયંસેવકો મારફત જેલ ભરો આંદોલનનો કાર્યક્રમ આપવાનો નિર્ણય લેવાયો.

નવેમ્બર, 1921ના છેલ્લા તબક્કામાં ઉદ્દામવાદ તરફનો ઝોક વધ્યો. કૉંગ્રેસ સ્વયંસેવકોએ લોકોને લડતમાં જોડ્યા અને દેશમાં બળવો થવાની શક્યતા વધી. ગાંધીજીએ બારડોલીમાં નાકર લડત શરૂ કરવાનો તથા વાણીસ્વાતંત્ર્ય, અખબારી સ્વાતંત્ર્ય અને સભા યોજવાના સ્વાતંત્ર્ય માટે સામૂહિક લડત ચલાવવાનો નિર્ણય કર્યો. પરંતુ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે જ્યારે ગુસ્સે ભરાયેલા લોકોએ 5મી ફેબ્રુઆરી, 1922ના રોજ પોલીસ સ્ટેશન પર હિંસક હુમલો કર્યો, ત્યાર પછી આખી પરિસ્થિતિ પલટાઈ ગઈ. ગાંધીજીને આ હિંસક બનાવથી આઘાત લાગ્યો અને તેમણે લડત પાછી ખેંચી લેવાનો નિર્ણય જાહેર કર્યો.

## 18.6 લડત અંગે લોકોનો પ્રતિભાવ (Peoples' Response to the Movement)

અસહકારની લડતના પ્રાથમિક તબક્કામાં નેતાગીરી મધ્યમ વર્ગ હસ્તક હતી, પરંતુ ગાંધીજીના કાર્યક્રમ વિશે મધ્યમ વર્ગમાં ઘણી દ્વિધા હતી. કલકત્તા, મુંબઈ, મદ્રાસ વગેરે જેવા બુદ્ધિજીવી

રાજકારણીઓનાં કેન્દ્રોમાં ગાંધીજીની લડતને મર્યાદિત સાથ મળ્યો હતો. સરકારી નોકરીમાંથી ત્યાગપત્ર, ખિતાબોનો ત્યાગ, વગેરેને લગતો આ કેન્દ્રોનો પ્રતિભાવ ઉત્સાહજનક ન હતો. આમ છતાં આર્થિક બહિષ્કારના મુદ્દાને ભારતના વેપારી વર્ગ તરફથી સારો સાથ મળ્યો. કારણ કે રાષ્ટ્રવાદીઓએ સ્વદેશી પર મુકેલા ભારથી ભારતના કાપડ ઉદ્યોગને સારો એવો લાભ થયેલો હતો; તોપણ મોટા ઉદ્યોગોનો એક વિભાગ અસહકારની લડતનો ટીકાકાર પણ રહ્યો, કારણકે અસહકારની લડતથી મિલો-કારખાનાઓમાં મજૂરોનું આંદોલન ફેલાશે તેવો તેમને ભય લાગ્યો. બુદ્ધિજીવી રાજકારણીઓ ઉપરાંત ભારતીય રાજકારણમાં પ્રવેશેલા નવા નેતાઓને ગાંધીજીની લડતમાં પોતાની અપેક્ષાઓની અભિવ્યક્તિ લાગી. બિહારમાં રાજેન્દ્રપ્રસાદે તથા ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલે ગાંધીજીની લડતને સંપૂર્ણ સાથ આપ્યો. વાસ્તવમાં આ નેતાઓને સાંસ્થાનિક સરકાર સામે લડવા માટે ગાંધીજીની લડત એ ત્રાસવાદનો વ્યવહારુ વિકલ્પ લાગ્યો. અસહકારના આંદોલનને વિદ્યાર્થીઓ તથા સ્ત્રીઓનો અસરકારક પ્રતિભાવ મળ્યો. હજારો વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ અને કૉલેજો છોડી દઈને રાષ્ટ્રીય શાળાઓ તથા કૉલેજોમાં જોડાયા. નવી સ્થપાયેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠો કાશી વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ તથા જામિયા મિલિયા ઇસ્લામિયાએ ઘણા વિદ્યાર્થીઓને સમાવી લીધા, તોપણ અન્ય કેટલાકને નિરાશ થવું પડ્યું. વિદ્યાર્થીઓ લડતનાં સક્રિય કાર્યકરો બન્યા. સ્ત્રીઓએ પણ લડતમાં આગળ પડતો ભાગ લીધો. તેઓએ પડદાનો ત્યાગ કર્યો અને પોતાના દાગીના પણ તિળક ભંડોળમાં આપ્યા. સ્ત્રીઓ મોટી સંખ્યામાં લડતમાં જોડાઈ અને તેઓએ પરદેશી કાપડ વેચતી દુકાનો તેમ જ દારૂનાં પીઠાં પરના પિકેટિંગમાં ખૂબ સક્રિય ભાગ લીધો.

ખેડૂતો તથા મજૂરોએ પણ આ લડતમાં મોટી સંખ્યામાં ભાગ લીધો, એ આ લડતનું સૌથી અગત્યનું સીમાચિહ્ન કહેવાય. સખત શ્રમ કરતા ખેડૂતો તથા મજૂરોને બ્રિટિશ સરકાર તેમ જ પોતાના ભારતીય માલિકો વિરુદ્ધ પોતાની લાંબા વખતની ફરિયાદો અને લાગણીઓ રજૂ કરવાની તક આ લડત મારફત મળી. જોકે કૉંગ્રેસની નેતાગીરી વર્ગવિગ્રહની વિરુદ્ધ હતી, તોપણ મજૂરો તથા ખેડૂતોએ આ મર્યાદાનો ભંગ કર્યો. ગ્રામ્ય વિસ્તારો અને અન્ય કેટલાંક સ્થળોએ ખેડૂતોએ જમીનદારો તથા વેપારીઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. આનાથી 1921-22ની લડતમાં એક નવું પરિમાણ ઉમેરાયું.

## 18.7 લડતનો ફેલાવો, સ્થાનિક ભિન્નતા (Spread of the Movement, Local Variations)

અસહકાર અને બહિષ્કારની લડતને હિન્દના જુદા જુદા પ્રદેશોમાંથી ઘણો સારો પ્રતિભાવ મળ્યો. 1921 અને 1922નાં વર્ષોમાં ભારતમાં બ્રિટિશ શાસન સામે લોકોએ આ લડત મારફત પ્રચંડ સામુદાયિક વિરોધ વ્યક્ત કર્યો. આમ છતાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે લડતનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હતું. આ લડત મારફત લોકોએ પોતાની સ્થાનિક મુશ્કેલીઓ પણ વ્યક્ત કરી હતી. આનાથી કૉંગ્રેસ નેતાગીરીમાં લડતને માટે આપેલી સૂચનાનું પાલન પણ થતું ન હતું. હિન્દના જુદા-જુદા પ્રદેશોમાં ચાલેલી લડતનું સ્વરૂપ જોતાં આ હકીકત સ્પષ્ટ થશે.



ચિત્ર-૫ રબીન્દ્રનાથ ટાગોર

**બંગાળ :** બંગાળમાં ગાંધીવાદી પદ્ધતિ મુજબની લડતમાં લોકોને ઝાઝો ઉત્સાહ ન હતો, લોકોમાં નવી જાગૃતિ લાવવા માટે રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીજીની પ્રશંસા કરી. પરંતુ તેમણે ગાંધીજીની અસ્પષ્ટ નીતિ તથા ચરખા-પ્રેમ પ્રત્યે નારાજી વ્યક્ત કરી. કલકત્તાના અન્ય કેટલાક બુદ્ધિજીવીઓ પણ ગાંધીજીની અમુક નીતિ રીતિઓના ટીકાકાર હતા. આમ છતાં અસહકારની લડતથી શહેરી તેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં અજોડ જાગૃતિ આવી તથા કોમી એકતા સ્થપાઈ. હડતાલો અને સામુદાયિક ધરપકડોએ બ્રિટિશ સરકારને હિન્દ પ્રત્યેનું પોતાનું વલણ બદલવાની ફરજ પાડી. સરકારી અહેવાલ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારોમાં પણ લડતનો વ્યાપક ફેલાવો થયો હતો. ગાંધીજીના નામે થતી લોકપ્રવૃત્તિથી સરકાર ધ્રૂજી ઊઠી હતી. મિદનાપુર જિલ્લાના ગ્રામ-લોકોએ નવા સ્થપાયેલ સરકારી મંડળોનો તથા તેમણે નાખેલ કરોનો સખત વિરોધ કર્યો. ઉત્તર બંગાળના અમુક વિસ્તારોમાં લોકોએ સરકાર તથા જમીનદારોને સામાન્ય કરવેરા તથા ખેતી પરના કર આપવાનો ઇન્કાર કર્યો.



ચિત્ર-૬ કલકત્તામાં અસહકાર સરઘસ

**બિહાર** : બિહારમાં સરકારી પડતર જમીન પર ઢોર ચરાવવાના હક તથા નીચલા વર્ગના લોકોને જનોઈ પહેરવાની અધિકારના પ્રશ્ન પરત્વે નીચલા તેમ જ ઉપલા વર્ગના લોકો વચ્ચેના સંઘર્ષના મુદ્દાને અસહકારના આંદોલનમાં જોડી દેવામાં આવ્યો, ગાયના રક્ષણ તેમ જ કિસાનોના હકના મુદ્દા પણ બિહારની લડતમાં મુખ્ય હતા. આ જોડાણને લીધે ઉત્તર બિહારના ચંપારણ, સરણ, મુઝફરપુર અને પૂર્ણિયા જિલ્લાઓ નવેમ્બર, 1921માં લડતનાં તોફાની કેન્દ્રો બન્યાં. ગામડાંની બજાર-હાટો લૂંટવાના તથા પોલીસ સાથે અથડામણના બનાવો પણ અવારનવાર બનવા પામ્યા.

**ઉત્તર પ્રદેશ** : ઉત્તર પ્રદેશ ગાંધીજીની અસહકારની લડતનું મજબૂત કેન્દ્ર હતું. શહેરી વિસ્તારોમાં અસહકારનું સંગઠિત આંદોલન કરવામાં આવ્યું, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં તેનું સ્વરૂપ જુદું હતું. આ વિસ્તારોમાં કિસાન ચળવળમાં અસહકારની લડત ગૂંચવાઈ ગઈ. કૉંગ્રેસ નેતાઓએ અહિંસાના પાલન માટે અવારનવાર અનુરોધ કર્યો, તોપણ કિસાનોએ તાલુકદારો તેમ જ વેપારીઓ સામે બળવો પોકાર્યો. જાન્યુઆરી 1919 થી માર્ચ 1921 સુધીમાં બાબા રામચંદ્રની નેતાગીરી નીચે રાયબરેલી, પ્રતાપગઢ, ફૈઝાબાદ અને સુલતાનપુર જિલ્લાઓના ખેડૂતોએ મોટા પ્રમાણમાં બળવો કર્યો. તેમની મુખ્ય માગણીઓ નીચે મુજબ હતી :

- નજરાણાં એટલે કે વધારાનો કર કે વધારાનું ભાડું નહિ.
- જમીનનો કબજો છોડવાની ફરજ પાડવી નહિ.
- વેઠ કરાવવી નહિ, તથા ચીજવસ્તુઓ ફરજિયાત પૂરી પાડવાનું દબાણ કરવું નહિ.

1921ના છેવટના મહિનાઓમાં એક ઉગ્રવાદી નેતા 'મદારી પાસી'ના નેતૃત્વ હેઠળ એક મજબૂત કિસાન વિગ્રહ ફાટ્યો. તેમની મુખ્ય માગણી એ હતી કે ઉત્પાદનની ચીજો દ્વારા ભાડું ભરવાને બદલે નાણાંમાં ચૂકતે કરવાની નીતિ અપનાવવી. બીજો એક મુખ્ય નોંધનીય બનાવ હતો – જુલાઈ, 1921માં કુમાયું જિલ્લાના હજારો એકરમાં ફેલાયેલાં જંગલોના વિનાશ માટે સરકાર અનામત વિભાગમાં જે પગલાં ભરતી હતી તેના વિરોધમાં આદિવાસીઓએ કરેલો વિરોધ.

ગૃહખાતાની કામગીરીનો અહેવાલ

ફેબ્રુઆરી, 1921

રાયબરેલી અને ફૈઝાબાદ જિલ્લામાં બંડો : 7 મી જાન્યુઆરી, 1921ના રોજ વહેલી સવારે મુન્શીગંજ પાસેના પુલ પર આશરે 650 માણસોનું ટોળું એકત્ર થયું હતું અને તે ટોળું કેદીઓને છોડવવા માટે જેલ તરફ આગળ વધી રહ્યું હતું. આ ટોળાને ઘેરી લઈને એકત્ર થયેલા લોકોને જેલમાં પુરવામાં આવ્યા અને થોડા વખત બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા. તે જ દિવસે રાયબરેલી અને મુન્શીગંજ' વચ્ચેના માર્ગ પર આશરે 3,000 લોકો એકત્ર થયા. તેમને નાયબ કમિશનરે સંબોધન કરીને વિખરાઈ જવા મહામુસીબતે સમજાવ્યા. પરંતુ તેઓ પુલને બીજે છેડે જતા રહ્યા જ્યાં કોમને વધારે લોકો મળ્યા અને આમ ટોળાની સંખ્યા 7,000થી

10,000ની થઈ તેમને વિખરાઈ જવા માટેની પોલીસની બધી દલીલ અને સમજાવટ નિષ્ફળ ગઈ અને ટોળાએ પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો. પરિણામે અમુક ઘોડાસવાર પોલીસને નાની ઈજાઓ થઈ અને બે પોલીસ ઘોડે વાર પડી ગયા. તથા લાઠીઓ પણ વીંઝી. આથી પોલીસને તેમના પર ગોળીબાર કરવાની ફરજ પડી. રાયબરેલીના નાયબ કમિશનરના જણાવ્યા પ્રમાણે પોલીસે જો ગોળીબારનો આશરો ન લીધો હોત તો રાયબરેલીની સ્થિતિ ઘણી ગંભીર બનત. આમતેમ ફરતા તોફાનીઓ મારફત અજ્ઞાન ખેડૂતોને એમ સમજાવવામાં આવ્યું કે થોડા જ સમયમાં માત્ર તાલુકદારોનું જ નહિ, પણ બ્રિટિશ સરકારનું શાસન પણ અસ્ત થવાનું છે. અને ગાંધીજીના નેતૃત્વ નીચે સમૃદ્ધિનો સુવર્ણ યુગ આવશે જેમાં તેમને કાપડ માત્ર ચાર આને વાર મળશે તથા અન્ય વસ્તુઓ પણ એટલી જ સસ્તી મળશે. આના પરિણામે વિદેશી કાપડ ધરાવતા વેપારીઓની દુકાનો લૂંટવામાં આવી. કમિશનરે જાતતપાસ બાદ જણાવ્યું કે જો પોલીસે સમયસર ગોળીબાર ન કર્યો હોત તો આખો રાયબરેલી જિલ્લો તોફાન અને અરાજકતામાં સપડાઈ ગયો હોત. જો મુન્શીગંજ પાસેના મોટા ટોળાને ૭મી ફેબ્રુઆરીએ વિખેરી નાખવામાં ન આવ્યું હોત તો તે શહેરમાં પ્રવેશીને આફતકારક પરિણામ લાવત.

ગામડામાં જે ચળવળો થઈ તે સંપૂર્ણ નહિ તોપણ મોટે ભાગે અસહકારીઓ દ્વારા પ્રેરિત હતી જોકે આ ચળવળો ગાંધીજી દ્વારા અંકુશિત કે પ્રેરિત હતી કે કેમ તેને વિશે કોઈ માહિતી નથી. ખેત મજૂર (ભાડવાત)ને લગતો કાયદો સુધારાવની ખાસ જરૂર છે કારણ કે તેમની ચળવળને સફળતાનું મુખ્ય કારણ ભાડુઆતને લગતા કાયદા સામેનો તેમનો તીવ્ર અસંતોષ છે. આવાં તોફાનો ઔધના અન્ય પ્રદેશોમાં પણ આ કારણસર ફાટી નીકળવાની શક્યતા છે, જોકે આપણે તેમને પહોંચી વળીશું. અગાઉ તાલુકાદારોના વિરોધને કારણે આ કાયદામાં સુધારો કરવાનું મુશ્કેલ બન્યું હતું, પરંતુ હવે તેમને પણ આ કાયદો સુધારવાની જરૂરિયાત સમજાઈ છે, એટલે ભાડુઆત ખેડૂતોની ફરિયાદો નાબૂદ કડવા ગવર્નરે હવે ધારાસભામાં આ કાયદો સુધારવાનો પ્રસ્તાવ લાવવો ઘટે. એમ માનવાને કોઈ કારણ નથી કે અસહકારની લડતની ભાડવાત ખેડૂતો પર કોઈ નોંધપાત્ર અરસ થઈ છે.

(ઉત્તર પ્રદેશમાં અસહકારની લડત સમયે ખેડૂત આંદોલન પર સરકારી અહેવાલ)

1921માં ઉદ્દામ નેતા મદારી પાસીના નેતૃત્વ તળે "એકા" નામે જાણીતું થયેલું વ્યાપક ખેડૂત આંદોલન થયું. ઉત્પાદનની ગણતરીને રોકડમાં બદલવાની તેની મુખ્ય માગણી હતી. કુમાઉ વિભાગમાં વસતી પહાડી જાતિઓમાં જંગલના કાયદા પ્રત્યે ભારે અણગમો હતો. આથી તેઓએ અનામત જંગલોની હજારો એકર જમીનનો કરેલો નાશ એ જુલાઈ, 1921માં બનેલ બીજો નોંધપાત્ર બનાવ હતો.

**પંજાબ** : પંજાબમાં શહેરી વિસ્તારોમાં લડતને પ્રતિભાવ ખાસ ઉત્સાહ પ્રેરક ન હતો. પરંતુ અત્રે ગુરુદ્વારાના અંકુશ તથા સુધારણા માટેની શક્તિશાળી અકાલી ચળવળ અસહકારના આંદોલન સાથે ઘનિષ્ટ રીતે જોડાઈ ગઈ. જોકે ગાંધીજીએ તેને અંશતઃ મંજૂરી આપી, તોપણ તેની અસહકારની પદ્ધતિનો અકાલીઓએ સતત ઉપયોગ કર્યો. આનાથી શીખો, હિન્દુઓ તથા મુસ્લિમો વચ્ચે નોંધપાત્ર કોમી એકતા સ્થપાઈ.

**મહારાષ્ટ્ર** : મહારાષ્ટ્રમાં અસહકારને પ્રમાણમાં ધીમો પ્રતિભાવ મળ્યો કારણ કે લોકમાન્ય તિલકના અનુયાયીઓને ગાંધીજીની લડતની પદ્ધતિ પ્રત્યે ઉત્સાહ ન હતો અને કૉંગ્રેસ ચિતપાવન બ્રાહ્મણો દ્વારા જ પ્રેરિત હોવાનું બિન-બ્રાહ્મણો માનતા હતા. બીજી બાજુ ગાંધીજીએ દલિત વર્ગના લોકોને આપેલ મહત્ત્વ તથા અસહકારની લડતમાં તેમના હિસ્સાથી મહારાષ્ટ્રના સવર્ણ લોકો નારાજ હતા. આમ છતાં ક્યાંક ક્યાંક છૂટાંછવાયાં આંદોલનો થયાં. નાસિક જિલ્લામાં માલેગાંવમાં અમુક સ્થાનિક નેતાઓની ધરપકડને પરિણામે થોડાક પોલીસોને જીવતા જલાવી દેવામાં આવ્યા. પુણે વિભાગમાં કેટલાક ખેડૂતોએ જમીનના પોતાના હકો સત્યાગ્રહ કરીને જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો.

**આસામ** : આસામના દૂરના પ્રાંતમાં અસહકારની લડતને ઘણો સારો પ્રતિભાવ સાંપડ્યો. આસામના ચાના બગીચાઓના મજૂરોએ વધારે મહેનતાણાં તથા કામ માટેની સારી શરતોની માગણી સાથે "ગાંધી મહારાજની જય" ના નારા સાથે બળવો પોકાર્યો. ખેડૂતોમાં ના-કરની લડત માટેની ભાવના જાગી.



ચિત્ર-૮ અલ્લુરી સીતારામ રાજુ

**રાજસ્થાન** : બિહાર અને ઉત્તર પ્રદેશના ખેડૂતોની લડતોની માફક રાજસ્થાનના રાજવી રાજ્યોમાં પણ ખેડૂતોની લડતોએ અસહકારના આંદોલનને અસરકારક બનાવ્યું. ખેડૂતોએ વેઠ અને કરવેરા સામે વિરોધ વ્યક્ત કર્યો. મેવાડની બિજોલિયા ચળવળ અને મોતીલાલ તેજાવતના નેતૃત્વ તળેની ભીલ ચળવળને અસહકારના આંદોલનમાંથી પ્રેરણા અને ગતિ મળી.

**આન્ધ્ર** : આન્ધ્રમાં જંગલના કાયદા વિરુદ્ધની પહાડી પ્રદેશના તથા અન્ય સ્થળોના કિસાનોની લડત અસહકારના આંદોલન સાથે જોડાઈ ગઈ. આમાંના મોટા ભાગના કિસાનો જંગલના કાયદા નાબૂદ કરવા તથા કરવેરામાં ઘટાડો કરવાની રજૂઆત કરવા સપ્ટેમ્બર, 1921માં કુડાપ્પા મુકામે ગાંધીજીને મળ્યા. જંગલના અધિકારીઓનો બહિષ્કાર કરવામાં આવ્યો. પોતાનો હક સિદ્ધ કરવા ખેડૂતોએ ચરાવ વેરો આપ્યા વગર જબરદસ્તીથી પોતાનાં ઢોર જંગલમાં ચરવા માટે મૂક્યાં. પાલન્દ વિસ્તારના જંગલના પ્રદેશમાં સ્વરાજ્યની ઘોષણા કરવામાં આવી અને પોલીસો પર હુમલા કરવામાં આવ્યા. આંદોલનકારી માનતા હતા કે ગાંધી-રાજ આવી રહ્યું હતું. ડિસેમ્બર, 1921 અને ફેબ્રુઆરી, 1922ની વચ્ચે આન્ધ્રમાં જમીન-મહેસૂલ નહિ આપવા માટેની વ્યાપક ચળવળ શરૂ થઈ. અસહકારની લડતને આન્ધ્રના ત્રિકોણકાર પ્રદેશમાં ગણનાપાત્ર સફળતા મળી. આ જ સમય દરમિયાન અલ્લુરી સીતારામ રાજુએ આન્ધ્રની પહાડી જાતિઓનું સંગઠન કર્યું. અને તેનું અસહકારના આંદોલન સાથે જોડાણ કર્યું.

**કર્ણાટક** : કર્ણાટક પ્રદેશમાં અસહકારની લડતની ખાસ અસર થઈ નહિ, મદ્રાસ પ્રાંતના અમુક પ્રદેશોના મધ્યમ, ઉપલા અને વેપારી વર્ગના લોકોનો લડત પ્રત્યેનો પ્રતિભાવ પણ મર્યાદિત હતો. 682 ખિતાબધારીઓમાંથી માત્ર 6 ખિતાબધારીઓએ પોતાના ખિતાબો પાછા મોકલ્યા અને 36 વકીલોએ પોતાની વકીલાત છોડી. સમસ્ત પ્રાંતમાં 5,000 વિદ્યાર્થીઓ સાથેની 92 રાષ્ટ્રીય શાળાઓ શરૂ થઈ. બકિંગરામ અને કર્ણાટક -કાપડ- મિલોમાં મજૂરોએ જુલાઈ 1921થી ઑક્ટોબર 1921 સુધી હડતાળ ચલાવી. તેમને અસહકારની લડતના સ્થાનિક નેતાઓએ નૈતિક ટેકો આપ્યો.

બીજા ઘણા પ્રદેશોમાં લડતને આ પ્રકારનો પ્રતિભાવ મળ્યો. દા.ત. ઓરિસામાં કનિક રાજના ભાડવાતોએ "અબવાબ" આપવાનો ઇન્કાર કર્યો, જ્યારે ગુજરાતમાં અસહકારની લડત ચુસ્તપણે ગાંધીજીની જ પદ્ધતિ પ્રમાણે લડાઈ.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. અસહકારના આંદોલનનો કાર્યક્રમ શો હતો ? આશરે 50 શબ્દોમાં લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. અસહકારની લડતને ખેડૂતો તરફથી મળેલ પ્રતિભાવની ટૂંકમાં ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં (√) છે અને કયાં ખોટાં (x) છે તે નિશાની કરી દર્શાવો.

   (i) કૉંગ્રેસની મહાસમિતિની નાગપુરની બેઠકે કૉંગ્રેસ સંગઠનમાં ક્રાન્તિકારી ફેરફારો કર્યા.

(ii) ગાંધીજીના કાર્યક્રમને ગ્રામ વિસ્તારોમાંથી સહકાર મળ્યો નહિ.

(iii) અસહકારનું આંદોલન ઘણાખરા સ્થળોએ સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે રૂપાન્તર પામ્યું હતું.

## 18.8 અંતિમ તબક્કો (The Last Phase)

સરકાર કાળજીપૂર્વક લડતના ફેલાવાનું નિરીક્ષણ કરતી હતી અને લડતની પ્રગતિ સંબંધમાં પ્રાંતોમાંથી ખાનગી અહેવાલો એકત્રિત કરતી હતી. જ્યારે લડત ખરેખર શરૂ થઈ ત્યારે સરકારે દમનનો માર્ગ અપનાવ્યો. કૉંગ્રેસ તથા ખિલાફતના સેવાદળનાં સંગઠનોને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યાં. જાહેર સભાઓ અને જાહેર સરઘસો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ઘણાં સ્થળોએ પોલીસે સત્યાગ્રહીઓ પર ગોળીબાર કર્યા. ધરપકડો અને લાઠીચાર્જ સામાન્ય બન્યાં. 1921ના અંતે ગાંધીજી સિવાયના મુખ્ય નેતાઓની ધરપકડ કરવામાં આવી. હિન્દુ-મુસ્લિમ એકતાથી ચિંતિત બનીને સરકારે કૉંગ્રેસ તેમ જ ખિલાફત નેતાઓ વચ્ચે ફાટફૂટ પડાવવાના પ્રયાસો કર્યા. આમ લડતને દાબી દેવા માટે સરકારી તંત્રને સાબદું કરવામાં આવ્યું.





ચિત્ર - ૯ અસહકારના આંદોલનની મોકૂફીનું હાસ્યજનક ચિત્ર

સરકારી દમને રાષ્ટ્રીય લડતને વધારે તાકાતથી આગળ ધપાવવાના હિન્દીઓના નિર્ણયને મક્કમ બનાવ્યો. દરમિયાનમાં વાઇસરૉયે મદનમોહન માલવિયા મારફત કૉંગ્રેસ નેતાઓ સાથે વાટાઘાટો કરવાના પ્રયાસો કર્યા અને રાષ્ટ્રીય સ્વયંસેવક દળને માન્યતા આપવાની તથા રાજકીય કેદીઓને છોડી મૂકવાની ઇચ્છા દર્શાવી. જાન્યુઆરી, 1922ના મધ્યમાં ગાંધીજીએ સર્વપક્ષીય પરિષદ સમક્ષ અસહકારના આંદોલનની પરિસ્થિતિ સમજાવી. તેમનાં તારણો પરત્વે સભ્યોમાં લગભગ સર્વસંમતિ હતી. ગાંધીજીએ 1લી ફેબ્રુઆરી, 1922ના રોજ વાઇસરૉયને આખરીનામુ મોકલ્યું કે જો રાજકીય કેદીઓને છોડવામાં નહિ આવે અને દમનકારી પગલાં પાછાં ખેંચી લેવામાં નહિ આવે તો તે સામૂહિક કાનૂનભંગની લડત શરૂ કરશે. આખો દેશ આવી લડત માટે સુસજ્જ ન હોવાને કારણે ગાંધીજીએ તેને ૫મી ફેબ્રુઆરીએ માત્ર બારડોલી તાલુકામાં શરૂ કરવાનો નિર્ણય લીધો. દરમિયાનમાં ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરી ચૌરા ગામે પોલીસે કૉંગ્રેસ સ્વયંસેવકો પર ગોળીબાર કર્યો. ગુસ્સે ભરાયેલ લોકોએ પ્રતિશોધ તરીકે 21 પોલીસોને મારી નાખ્યા. આ હિંસક બનાવથી ગાંધીજીને આઘાત લાગ્યો અને તેમણે અસહકારનું આંદોલન મોકૂફ

રાખ્યું. બારડોલીમાં શરૂ કરવામાં આવનારી કાનૂનીભંગની લડત તેમણે મોકૂફ રાખી. આ નિર્ણયથી ઘણા કૉંગ્રેસ નેતાઓને આઘાત લાગ્યો અને તેમણે ગાંધીજીના આવા નિર્ણય અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેઓએ તેનો સખત વિરોધ પણ કર્યો. સુભાષચંદ્ર બોઝના મતે આ નિર્ણય "રાષ્ટ્રીય આફત" જેવો હતો. જવાહરલાલ નેહરુએ ગાંધીજીના નિર્ણય પરત્વે આશ્ચર્ય અને આઘાત વ્યક્ત કર્યાં પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરતાં ગાંધીજીએ જવાહરલાલને ઉત્તર આપ્યો કે,

> "આંદોલન અજાણતાં જ સાચા માર્ગેથી અન્ય માર્ગે વળી ગયું હતું. આપણે આપણા અસલ માર્ગે પાછા વળ્યા છીએ અને હવે ફરીથી આપણે સીધા માર્ગે જઈ શકીશું."

12મી ફેબ્રુઆરી, 1922ના રોજ બારડોલીમાં મળેલી કૉંગ્રેસ કારોબારી સમિતિએ ચૌરીચૌરામાં ટોળાએ આચરેલી અમાનવીય વર્તણૂકને વખોડી કાઢી. તેણે અસહકારના આંદોલનની મોકૂફીને બહાલી આપી. તે જ દિવસે ગાંધીજીએ પશ્ચાત્તાપ રૂપે પાંચ દિવસના અપવાસ શરૂ કર્યા. આમ અસહકારની પ્રથમ લડતનો વાસ્તવિક અંત આવ્યો. ગાંધીજીની 10મી માર્ચ, 1922ના રોજ ધરપકડ કરવામાં આવી અને તેમને છ વર્ષની જેલની સજા કરવામાં આવી.



No. 373 of 1922

C.P.C. 28.

Warrant of Commitment on a sentence of imprisonment or fine if passed by a Magisterial or Sessions Court.

(Sections 245, 258, 306 and 309.)

To

The JAILOR of the Central Jail Sabarmati

Whereas on the 18th day of March 1922, Mohandas Karamchand Gandhi, the 1st prisoner in case No. 45 of the Calendar for 1922, was convicted before me of the offence of exciting disaffection under section (or sections) 124A of the Indian Penal Code (or of Act ), and was sentenced to two years simple imprisonment for each of the three counts i.e. in all six years simple imprisonment as the sentences are consecutive.

This is to authorise and require you, the said Jailor, to receive the said Mohandas Karamchand Gandhi into your custody in the said jail, together with this warrant, and there carry the aforesaid sentence into execution according to law.

Given under my hand and the seal of the Court, this 18th day of March 1922.

Magistrate.
Sessions Judge.

Certified that the prisoner abovenamed suffered rigorous imprisonment ... day of 191 to the day of 191 , and was released on the latter date.

Dated this day of 191 .

Jailor.

Age of Convict— 53
Caste— Bania
Place of residence— Ashram Sabarmati Ahmedabad
Plea— guilty

10. ગાંધીજીના જેલવાસને લગતો હુકમ 15-3-1922



ચિત્ર-૧૧ જેલ જતા ગાંધીજી

તુર્કસ્તાનમાં કમાલ પાશા સત્તા પર આવતાં ખિલાફતનો પ્રશ્ન નિરર્થક બન્યો. તુર્કસ્તાનના સુલતાન પાસેથી બધી રાજકીય સત્તાઓ લઈ લેવામાં આવી. કમાલ પાશા તુર્કસ્તાનને આધુનિક તથા બિન-સાંપ્રદાયિક રાજ્ય બનાવવા માગતા હતા. ખલીફાનું પદ નાબૂદ કરવામાં આવ્યું. આથી સ્વાભાવિક રીતે ખિલાફત ચળવળનો અંત આવ્યો.

## 18.9 આંદોલન પાછું ખેંચવાનાં કારણો (Causes of Withdrawal)

અસહકારના આંદોલનને પાછું ખેંચવાનાં કારણો સમજાવતાં ગાંધીજીએ કહ્યું કે ચૌરીચૌરાના બનાવે તેમને આંદોલન પાછું ખેંચવાની ફરજ પાડી હતી. આ બનાવે સિદ્ધ કર્યું કે દેશ હજી અહિંસાના પાઠને પચાવી શક્યો નથી. ગાંધીજીએ કહ્યું, "આંદોલનને હિંસક થતું અટકાવવા હું પ્રત્યેક માનભંગ, યાતના, સંપૂર્ણ સામાજિક બહિષ્કાર તથા મૃત્યુ પણ સહન કરીશ."
ખેડૂતોને લડત સાથે સંબંધ હતો તે પ્રમાણે અસહકારનું તેમનું આંદોલન જમીનદારોને ભાડું નહિ ચૂકવવાની લડતમાં પરિણમ્યું હતું. પરંતુ કૉંગ્રેસ નેતાઓને જમીનદારોના કાયદેસરના હકોને નુકસાન કરવામાં કોઈ રસ ન હતો. ગાંધીજીનો હેતુ વર્ગવિગ્રહનો ન હતો, પરંતુ હિન્દના જુદા જુદા વર્ગોને લડતમાં સામેલ કરીને અંકુશિત સામૂહિક લડત ચલાવવાનો હતો. તેથી જે લડત વર્ગવિગ્રહમાં પરિણમે તેમ હતી. તેને ચાલુ રાખવાના તે વિરોધી હતા. તેમણે એ તદ્દન સ્પષ્ટ કર્યું કે આ તબક્કે તેઓ હિંસક કે ઉદ્દામ લડતના વિરોધી હતા. વાસ્તવમાં તે સમયે ભારતમાં ક્રાન્તિકારી પરિસ્થિતિ પ્રવર્તતી હતી, તોપણ નેતાગીરી ક્રાન્તિકારી ન હતી. જો લડતને મુલતવી રખાઈ ન હોત તો ભારતમાં અરાજકતા ફેલાત કારણ કે તે સમયની નેતાગીરીનો સ્થાનિક ચળવળો પર અંકુશ ન હતો

## 18.10 અસર (Impact)

જોકે અસહકારનું આંદોલન તેનું ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયું તોપણ ભારતીય ઇતિહાસમાં તેની રાજકીય તેમ જ સામાજિક અસર ગણનાપાત્ર હતી. ગાંધીજીએ જ્ઞાતિ-ભેદભાવ, કોમવાદ, અસ્પૃશ્યતા વગેરે જેવાં અનિષ્ટો નાબૂદ કરવા પર ભાર મૂક્યો. સરઘસો, સભાઓ અને જેલમાં બધી જ જ્ઞાતિઓ અને કોમોના લોકો સાથે કાર્ય કરતા અને સાથે જમતા. આનાથી જ્ઞાતિ-બંધનો ઢીલાં પડ્યાં અને સામાજિક પરિવર્તન તથા સુધારાની ગતિ ઝડપી બની. નીચલા થરના લોકો ભય વગર ગૌરવથી જીવન જીવી શક્યા. આ લડતમાં હિન્દુ-મુસ્લિમો વચ્ચે અજોડ એકતા સ્થપાઈ. ઘણાં સ્થળોએ અસહકાર, ખિલાફત અને કિસાન સભાની બેઠકો વચ્ચે ભેદરેખા દોરવી મુશ્કેલ હતી.
બંગાળના ભાગલા પછીની સ્વદેશીની લડત (1905-08) કરતાં 1920-22ની અસહકારની લડતમાં આર્થિક બહિષ્કાર વધારે અસરકારક હતો. 1905-08માં 12,920 લાખ વાર જેટલું બ્રિટિશ કાપડ ભારતમાં આયાત થયું હતું, તેની તુલનામાં 1921-22 માં તે ફક્ત 955 મિલિયન વાર આયાત થયું હતું. આનાથી બ્રિટિશ મૂડીપતિઓમાં ગભરાટની લાગણી ફેલાઈ હતી. પરદેશી કાપડ અને માલના બહિષ્કારથી ભારતના કાપડ ઉદ્યોગને ઘણો મોટો ફાયદો થયો હતો. ભારતીય મિલમાલિકોનો પ્રભાવ નોંધપાત્ર રીતે વધ્યો. બીજી બાજુ 1921માં મિલમજૂરોની અવારનવાર પડેલી હડતાળોએ મિલમાલિકોમાં ગભરાટની લાગણી ફેલાવી. ચરખાની લોકપ્રિયતા અને પંચાયત તથા સ્વાશ્રય મારફત ગામડાંના પુનરુદ્ધારના કાર્યક્રમથી આર્થિક પુનરુત્થાન થયું અને હાથવણાટના ઉદ્યોગનું ઉત્પાદન વધ્યું.
રાજકીય દૃષ્ટિએ જોતાં અસહકાર તથા ખિલાફતની ચળવળમાં બધી જ જાતિઓ અને વર્ગોએ ભાગ લેતાં રાષ્ટ્રીય લડતમાં નવું પરિમાણ ઉમેરાયું. એક કરતાં વધારે રીતે રાષ્ટ્રીય લડત મજબૂત બની. નવી રાષ્ટ્રીય જાગૃતિ ઉદ્ભવી અને આથી રાષ્ટ્રીય લડત દેશના દૂર દૂરના પ્રદેશો સુધી ફેલાઈ. પ્રથમ વખત સામાન્ય લોકો રાષ્ટ્રીય લડતના મુખ્ય પ્રવાહના અંગરૂપ બન્યા. ભારતના લોકોમાં આત્મ-વિશ્વાસ અને આત્મ-સન્માનની ભાવનાનો સારી રીતે વિકાસ થયો. આને પરિણામે હતાશા અને અસહાયતાને સ્થાને સ્વાધીનતાની ભાવના વિકસી. આનાથી લોકોનું ચારિત્ર્યબળ અને રાષ્ટ્રીય ગૌરવ વધ્યું.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. ભારતીય ઇતિહાસમાં અસહકારના આંદોલનની અસરની ચર્ચા કરો. આશરે 100 શબ્દોમાં જવાબ આપો.

   ..........................................................................

   ..........................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. અસહકારનું આંદોલન શા માટે મોકૂફ રખાયું ? પાંચેક લીટીઓમાં જવાબ આપો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. નીચેનાં વિધાનો સામે ખરાં (√) કે ખોટાં (×)ની નિશાની કરો.
   (i) બ્રિટિશ સરકારે અસહકારની લડતને દાબી દેવા માટે કૉંગ્રેસ અને ખિલાફતના નેતાઓ વચ્ચે ભાગલા પડાવવા પ્રયત્ન કર્યો.
   (ii) ચૌરીચૌરાના બનાવની ગાંધીજી પર કોઈ અસર થઈ નહિ.
   (iii) કૉંગ્રેસની સૂચનાથી ખિલાફત ચળવળ પાછી ખેંચવામાં આવી.
   (iv) અસહકારની લડતે પ્રથમ વખત સામાન્ય લોકોને ભારતીય રાજકારણના મુખ્ય પ્રવાહમાં સામેલ કર્યા.

## 18.11 સારાંશ

અસહકારનું આંદોલન સ્વાતંત્ર્ય માટેની લડતના ઇતિહાસમાં એક ખરેખર સીમાચિહ્ન હતું. રોલેટ કાયદાના તથા મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાના અમલે, જલિયાંવાલા બાગની કતલે અને ખિલાફતના પ્રશ્ને અસહકારના આંદોલનની ભૂમિકા બાંધી.

ગાંધીજી ખિલાફતના પ્રશ્નનો ઉપયોગ કરીને બ્રિટિશ સરકાર સામે હિન્દુ-મુસ્લિમની સંયુક્ત લડત ચલાવવા માગતા હતા. રાષ્ટ્રીય લડતની સાથે ખિલાફતના પ્રશ્નને જોડવા સામે શરૂઆતમાં કેટલાક કૉંગ્રેસ નેતાઓએ વાંધો લીધો, પરંતુ ગાંધીજીએ તેમને સંયુક્ત રીતે બ્રિટિશ સરકાર સામે લડત ચલાંવવા માટે સમજાવી લીધા.

લડતના કાર્યક્રમમાં સરકારી શિક્ષણ સંસ્થાઓ, સરકારી અદાલતો, ધારાસભાઓ વગેરેના બહિષ્કારનો તથા ચરખા અને ખાદીના પ્રચાર માટેનો સમાવેશ થતો હતો. ભારતના વિવિધ ભાગોમાંથી લડતને વ્યાપક સહકાર મળ્યો. લડતનું સૌથી નોંધપાત્ર લક્ષણ એ હતું કે રાષ્ટ્રીય લડતમાં પ્રથમ વાર મોટી સંખ્યામાં સામાન્ય લોકોએ ભાગ લીધો.

આમ છતાં 1921ના અંતે વિશેષતઃ ગ્રામ્ય વિસ્તારોમાં લડત કૉંગ્રેસ નેતાગીરીની કાબૂ બહાર ગઈ. છેવટે ચૌરીચૌરાના બનાવથી ગાંધીજીને આઘાત લાગ્યો અને તેમણે લડત પાછી ખેંચી લીધી.

એ સાચું છે કે લડત પોતાના મુખ્ય બે ધ્યેયો-ખલીફાની પુનઃસ્થાપના અને સ્વરાજ્યની પ્રાપ્તિમાં નિષ્ફળ ગઈ; તોપણ ગાંધીજીએ જેને આધ્યાત્મિક તાકાત અને ભૌતિક તાકાત વચ્ચેના સંઘર્ષ તરીકે વર્ણવી તે લડાઈ આમજનતામાં પોતાના રાજકીય હકો માટે નવી જાગૃતિ લાવી. ગાંધીજીએ સાચું જ કહ્યું કે —પહેલાંની પદ્ધતિઓથી 30 વર્ષમાં જે સાધી શકાયું ન હતું તે આ લડતથી એક જ વર્ષમાં સાધી શકાયું. અસહકારના આંદોલનની અમુક મર્યાદાઓ હોવા છતાં એ સ્વીકારવું

પડે એમ છે કે આ બે વર્ષો (1921-22) ભારતીય રાષ્ટ્રવાદ માટે ઝંઝાવાતભર્યો સમય હતો, જ્યારે લગભગ સમસ્ત ભારતે બળવાન બ્રિટિશ શાસન સાથે પ્રથમ વખત અવાજ ઉઠાવ્યો હતો.



## 18.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**એ.આઈ.સી.સી.** : અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિ
**ચરખા** : રેંટિયો
**કર્ધા (હિન્દી)** : હાથ વણાટની સાળ
**ખાદી** : હાથે કાંતેલું દોરાથી બનેલું કાપડ
**ખલીફા** : મહંમદ પયગમ્બર સાહેબનો વારસદાર'
**અસહકાર** : સરકારી શાળાઓ, કૉલેજો, કચેરીઓ, ધારાસભાઓ વગેરેના બહિષ્કાર મારફત બ્રિટિશ સરકાર સાથે અસહકાર
**પંચાયત** : લવાદી માટેના પ્રણાલિકાગત ગ્રામ્ય-ન્યાય અદાલત
**પી.સી.સી.** : પ્રાંતીય કૉંગ્રેસ સમિતિ
**સત્યાગ્રહ** : સત્ય અને અહિંસા પર આધારિત લડત માટેની ગાંધીજીની પદ્ધતિ
**સ્વદેશી** : સ્થાનિક-દેશમાં બનેલ
**સ્વરાજ** : સ્વશાસન

## 18.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. (i) X (ii) √ (iii) √ (iv) X (v) √
2. તમારા જવાબમાં બ્રિટિશ સરકારે ખલીફાના કરેલા અપમાનનો સમાવેશ થવો જોઈએ. ખલીફાનો ફરી સ્વીકાર કરવો. ખલિફાના પ્રદેશોની જાળવણી કરવી વગેરે મુખ્ય માગણીઓ હતી.
   (વિભાગ - 18.3 જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. શાળાઓ, કૉલેજો, ધારાસભાઓ, વગેરેનો બહિષ્કાર તથા ચરખા અને ખાદીનો ઉપયોગ
   (વિભાગ - 18.4 જુઓ)
2. કિસાનોએ લડતમાં ભાગ લીધો તેનાં કારણો સહિત તેમના સ્વયંભૂ સહકાર વિશે તમારે લખવાનું છે તથા આ માટેના ઉત્તર-પ્રદેશ, બિહાર વગેરેના બે-ત્રણ સંદર્ભો આપવાના છે.
   (વિભાગ - 18.6 અને 18.7 જુઓ)
3. (i) √ (ii) × (iii) √

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. તમારા જવાબમાં આ લડતની સામાજિક, આર્થિક તથા રાજકીય અસરોનો સમાવેશ થવો જોઈએ.
   (વિભાગ - 18.11 જુઓ)
2. ગાંધીજી તથા અન્ય નેતાઓએ કરેલ સ્પષ્ટીકરણ બાબત તમારે લખવાનું છે.
   (વિભાગ 18.10 જુઓ)
3. (i) √ (ii) × (iii) × (iv) √

# એકમ 19 અકાલી ચળવળ (The Akali Movement)

## રૂપરેખા

19.0 ઉદ્દેશો
19.1 પ્રસ્તાવના
19.2 શીખ સમાજમાં સામાજિક અનિષ્ટો અને પ્રારંભિક સુધારા
19.2.1 નિરંકારી ચળવળ
19.2.2 નામધારી ચળવળ
19.2.3 સિંઘ સભા ચળવળ
19.3 અકાલી ચળવળ
19.3.1 ગુરુદ્વારાઓનાં ભંડોળનો ગેરઉપયોગ
19.3.2 સુવર્ણ મંદિર અને અકાલ તખ્ત પર અકાલી અંકુશ માટેની લડત
19.3.3 'નાનકાના'ની કરુણ ઘટના
19.3.4 તોશખાનાની ચાવી અંગેની ઘટના
19.3.5 'ગુરુ-કા-બાગ' મોરચો
19.3.6 નાભામાં અકાલી આંદોલન
19.4 ગુરુદ્વારા પસાર અને અકાલી ચળવળનો અંત
19.5 સારાંશ
19.6 ચાવીરૂપ શબ્દો
19.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 19.0 ઉદ્દેશો

આ એકમમાં શીખોમાં સામાજિક સુધારણાની ચળવળો-ખાસ કરીને અકાલી ચળવળની ચર્ચા કરવામાં આવી છે. આ ચળવળથી શીખ સમાજમાં સામાજિક અને બૌદ્ધિક વલણમાં મહત્ત્વનું પરિવર્તન થયું, અને તેનાથી શીખોમાં રાષ્ટ્રીય ભાવનાનો ઉદય થયો.
આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

- અકાલી ચળવળ પહેલાં શરૂ થયેલી સુધારાની ચળવળો વિશે જાણી શકશો.
- અકાલી ચળવળના ઉદ્ભવનાં કારણો સમજી શકશો.
- અકાલી ચળવળના મુખ્ય બનાવોનું વર્ણન કરી શકશો.
- અકાલી ચળવળમાં ગુરુદ્વારા સંબંધિત થયેલા ઠરાવનું મહત્ત્વ જાણી શકશો.

## 19.1 પ્રસ્તાવના

તમે એકમ 8માં શીખી ગયા છો કે ભારતમાં 18મી અને 19મી સદીઓ એ સામાજિક-ધાર્મિક જાગૃતિ અને સુધારણાની સદીઓ હતી. સામાજિક જીવનમાં આ સુધારાએ સમાજની પ્રણાલિકાગત જ્ઞાતિપ્રથા પર આધારિત ભાગલા તથા વહેમો સાથે જેહાદ જગાવી. આ આંદોલનોએ સામાજિક અનિષ્ટો જેવાં કે સતીપ્રથા, બાલિકાહત્યા અને બાળ-લગ્નને નાબૂદ કરવા માટે કામગીરી કરી. તેઓએ વિધવા-વિવાહ, સ્ત્રીઓને સમાન હકો અને આધુનિક શિક્ષણની હિમાયત કરી. આ સુધારક ચળવળોએ મુખ્યત્વે હિન્દુ સમાજમાં પ્રવર્તતાં અનિષ્ટો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ સમયે મુસ્લિમો અને શીખો જેવી જાતિઓમાં પણ સામાજિક ધાર્મિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ હતી.
શીખ ગુરુઓએ દર્શાવેલ માર્ગથી અમુક રીતે ચલિત થયેલી શીખ જાતિમાં પણ સામાજિક-ધાર્મિક સુધારણાની આવશ્યકતા હતી. 19મી સદીના સામાજિક ધાર્મિક સુધારણાની ચળવળોની ચર્ચા થઈ ગયેલી હોવાથી આ એકમમાં અકાલી આંદોલનના ખાસ સંદર્ભમાં શીખ-સમાજમાં થયેલી સામજિક-ધાર્મિક સુધારણાની ચળવળની ચર્ચા કરીશું. આ અકાલી આંદોલને શીખ-જાતિનું

દૃષ્ટિબિન્દુ બદલવામાં તથા તેને ભારતીય રાષ્ટ્રવાદના મુખ્ય પ્રવાહમાં લાવવામાં એક મહત્ત્વના પરિબળ તરીકે કાર્ય કર્યું. અકાલી આંદોલનની વિગતોમાં જતાં પહેલાં શીખ સમાજમાં થયેલ સામાજિક-ધાર્મિક સુધારણાની અન્ય ચળવળોનો ટૂંકમાં નિર્દેશ કરવાનું પ્રસ્તુત ગણાશે, કારણ કે આ ચળવળોએ શીખ સમાજમાં જાગૃતિ આણી, જેણે ગુરુદ્વારાની સુધારણા માટેના અકાલી આંદોલનની ભૂમિકા બાંધી.

## 19.2 શીખ સમાજમાં સામાજિક અનિષ્ટો અને પ્રારંભિક સુધારા (Social Evils in sikh Society and Early Reforms)

તમે જાણી ચૂક્યા છો કે શીખ ધર્મ જ્ઞાતિના ભેદભાવો, સાચા ધર્મને સ્થાને વ્યાપેલા ક્રિયાકાંડો અને ધર્મને નામે ધર્મગુરુઓના આધિપત્ય જેવાં અનિષ્ટો સામે વિરોધી-ચળવળ તરીકે શરૂ થયો. તેના સ્થાપક ગુરુનાનક દેવ ઈશ્વરની એકતા અને માનવમાત્રના ભ્રાતૃભાવમાં માનતા હતા. તેમને નિરર્થક વિધિનિષેધો અને ક્રિયાકાંડો પ્રત્યે સખત અણગમો હતો. તેઓએ એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. મધ્ય યુગના અન્ય સંતોની માફક ગુરુ નાનક દેવે પણ કલ્યાણીકારી કાર્યો અને પ્રામાણિક જીવન પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સત્ય ઉમદા છે, પરંતુ સત્યમય જીવન તેના કરતાં પણ વધારે ઉમદા છે. ગુરુનાનક દેવે પોતાના ઉપદેશોનો અમલ કરવા માટે બે સંસ્થાઓ-સંગત (સમૂહ મિલન) અને પંગત (એક જ હરોળમાં બેસીને મફત સમૂહ ભોજન)ની સ્થાપના કરી હતી. ગુરુ નાનક દેવે સ્ત્રીઓને પણ સમાન હકો આપવાનો અનુરોધ કર્યો. તેમણે કહ્યું કે જે સ્ત્રીઓ રાજાઓ અને મહાનપુરુષોને જન્મ આપે છે તેમનું સ્થાન નીચું શા માટે હોવું જોઈએ ? તેમણે સમાજમાં પ્રચલિત વિવિધ અનિષ્ટો નાબૂદ કરવા ઉપદેશ આપ્યો તથા ન્યાયી સામાજિક વ્યવસ્થા સ્થાપવા માટે અનુરોધ કર્યો. આમ છતાં ગુરુ નાનકજી અને તેમના પછીના શીખ ગુરુઓમાં આ સાદો અને વ્યવહારુ ઉપદેશ લોકોએ યોગ્ય રીતે અપનાવ્યો નહિ. ટૂંક સમયમાં શીખ ધર્મ દૃઢ રીતે સ્થાપિત થયો અને તેણે પોતાની સંસ્થાઓ અને વિધિઓ વિકસાવી. મહારાજા રણજિતસિંહે સ્થાપેલ શીખ રાજ્યના પરિણામ સ્વરૂપ ધાર્મિક સ્થાનોમાં વૈભવ અને દેખાવ વધ્યા. આનાથી શીખ ગુરુઓ અને અન્ય સામાજિક સુધારકોએ જે સામાજિક અનિષ્ટો સામે ઝુંબેશ ચલાવી હતી તે અનિષ્ટો ફરીથી પ્રચલિત બન્યાં.

આના પ્રતિભાવરૂપે શીખ સમાજમાં કેટલીક સામાજિક-ધાર્મિક સુધારણાની ચળવળો 18મી-19મી સદીમાં ઉદ્‌ભવી. તેમાંની કેટલીક અગત્યની ચળવળોનો આપણે અત્રે અભ્યાસ કરીશું.

### 19.2.1 નિરંકારી ચળવળ (The Nirankari Movement)

મહારાજા રણજિતસિંહના સમકાલીન સંત પુરુષ બાબા દયાળદાસે શીખ ધર્મમાં સુધારણાની શરૂઆત કરી. તેમણે શીખ સમાજમાં દાખલ થયેલાં સામાજિક-ધાર્મિક અનિષ્ટોને વખોડી કાઢ્યાં. બાબા દયાળે કબરોની પૂજા સામે વિરોધ વ્યક્ત કર્યો. તેમણે આનંદ કરજ (આનંદી કાર્ય) નામે સાદી લગ્નપ્રથા દાખલ કરી, જેને 1909ના આનંદ-લગ્ન-ધારાને અન્વયે કાયદેસરની સ્વીકૃતિ મળી. આ પ્રથામાં શીખોના પવિત્ર પુસ્તકમાંથી ધર્મગુરુ ચાર સંબંધિત સ્તોત્રો (પ્રાર્થના ગીતો) ગાઈને ગુરુ ગ્રંથ સાહેબની હાજરીમાં લગ્ન વિધિ થતી. બીજી કોઈ પ્રકારની વિધિ થતી નહિ. દહેજ, જાન, મદ્યપાન, અને નૃત્યનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

બાબા દયાળ 30મી જાન્યુઆરી, 1855ના રોજ અવસાન પામ્યા. અને તેમના પુત્ર બાબા દરબારસિંગ તેમના અનુગામી બન્યા. જેમણે પોતાના પિતાશ્રીના ઉપદેશનો પ્રચાર ચાલુ રાખ્યો. દરબારસિંગનો ઘણો વિરોધ થયો. સુવર્ણમંદિરના અધિપતિ ધર્મગુરુઓએ દરબારસિંગને આનંદ કરજ વિધિ પ્રમાણે લગ્ન કરાવવા માટે મંદિરમાં દાખલ થવા દીધા નહિ. બાબા દરબારસિંગના અવસાન બાદ તેના ભાઈ બાબા રત્તાજી તરીકે લોકપ્રિય થયેલ રતનચંદે સુધારણાની કામગીરી ચાલુ રાખી. એ નોંધવું રસપ્રદ છે કે શરૂઆતમાં શીખ ધર્મના સુધારકો ખરેખર શીખ ન હતા, પરંતુ જેમને શીખ ધર્મની સાદાઈ અને સુધારણામાં રસ હતો તેવા જ તે લોકો હતા. તેમની ચળવળ નિરંકારી (ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપમાં માનનાર) તરીકે જાણીતી બની. બાબા દયાળે ધર્મગુરુઓની મૂર્તિપૂજા વિરુદ્ધ પ્રચાર કર્યો અને તેમણે પોતાના અનુયાયીઓને નિર્ગુણ સ્વરૂપના એક જ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનો અનુરોધ કર્યો. તેમણે કહ્યું, "જપો પ્યારો ધન્ન નિરંકર અને દેહધારીના જપથી અલગ રહો."

## 19.2.2 નામધારી ચળવળ (The Namdhari Movement)

પરમાનંદની અવસ્થામાં મોટી બુમો (કુકાન) પાડતા અનુયાયીઓને કારણે નામધારી ચળવળ કુકા ચળવળ તરીકે લોકપ્રિય બની. આ ચળવળ ભગત જવાહરમલ અને બાબા બાલકસિંગે શરૂ કરેલી. બાબા રામસિંગની નેતાગીરી નીચે આ ચળવળ શીખોમાં સામાજિક-ધાર્મિક જાગૃતિ લાવનાર એક શક્તિશાળી લડત બની. રામસિંગે પ્રાર્થના તથા ધ્યાન મારફત એક જ ઈશ્વરને ભજવાનો પોતાના અનુયાયીઓને અનુરોધ કર્યો. તેમણે પોતાના અનુયાયીઓને ઈશ્વરની સતત પ્રાર્થના કરવાની સલાહ આપી. તેણે જ્ઞાતિપ્રથા, દૂધપીતી, બાળલગ્ન, લગ્નમાં કન્યાવિક્રય વગેરે જેવાં સામાજિક અનિષ્ટો સામે પણ ઝુંબેશ ચલાવી. તેમણે સાદી અને બિન-ખર્ચાળ આનંદ-લગ્ન પ્રથાનો પણ પ્રચાર કર્યો. બાબા રામસિંગના ઉપદેશોની શીખ સમાજ પર ઘેરી અસર થઈ. સમકાલીન અંગ્રેજ અધિકારીઓએ બાબા રામસિંગની ચળવળની વધતી જતી લોકપ્રિયતાની ચિંતા સાથે ગંભીર નોંધ લીધી, તે સરકારના સંસદીય દસ્તાવેજોના નીચેના અહેવાલથી સ્પષ્ટ થાય છે.

> "તે (રામસિંગ) શીખોમાં બધા પ્રકારના જ્ઞાતિભેદોને નાબૂદ કરે છે; તે આંતર-વર્ગીય લગ્નોની તરફેણ કરે છે; વિધવા-વિવાહને સમર્થન આપે છે, તથા જાતે વિધવાઓનાં લગ્ન કરાવે છે, તે કદી ભિક્ષા લેતો નથી તથા પોતાના શિષ્યોને ભિક્ષા લેવાની મનાઈ કરે છે. તે દારૂ, નશીલા પદાર્થોને ત્યાજ્ય ગણે છે. તે પોતાના અનુયાયીઓને પવિત્ર અને સ્વચ્છ રહેવાનો અનુરોધ કરે છે. તેનો દરેક અનુયાયી વાવટા સાથેની એક લાકડી રાખે છે. ગ્રંથ સાહેબ જ તેમના માટે પ્રેરણાદાયી ગ્રંથ છે. એક જ જાતની ગાંઠોવાળી પાઘડી તેમ જ સફેદ ઊનની મણકાવાળી માળા વડે તેમનું બંધુત્વ વ્યક્ત થાય છે."

જોકે બાબા રામસિંગ પવિત્ર જીવન, સહિષ્ણુતા અને દયાભાવના આગ્રહી હતા, તોપણ તેના કેટલાક અનુયાયીઓએ ધાર્મિક ઘેલછામાં નિરંકુશ બનીને અણછાજતું વર્તન કર્યું, જેને લીધે તેમને સરકાર સામે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ગાયોની હત્યા સંબંધે ઉશ્કેરાયેલા તેમના કેટલાક અનુયાયીઓએ અમૃતસર, રાજકોટ થતા માલેર કોટલામાં અમુક કસાઈઓની હત્યા કરી. શિક્ષા તરીકે તેમને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા. ચળવળનું સ્વરૂપ સામાજિક કે રાજકીય હોવા સંબંધે વિદ્વાનોમાં મતભેદ છે, પરંતુ તે સમયે તો સરકારે કુકાઓને આપેલ મૃત્યુદંડથી પંજાબના લોકોમાં બ્રિટિશ શાસન પ્રત્યે રોષની લાગણી ફેલાઈ. આનાથી 20મી સદીની અકાલી ચળ વળની ભૂમિકા બંધાઈ.

## 19.2.3 સિં સભા ચળવળ (The Singh Sabha Movement)

કુકાઓ અને કુકા ચળવળ પ્રત્યેની સરકારની દમનનીતિના પરિણામે 1873માં "સિંઘ સભા"નો ઉદય થયો. સિંઘ સભા ચળવળે શીખ સમાજ પર વ્યાપક અસર કરી. સિંઘ સભા ચળવળના પ્રયોજકો મોટે ભાગે શિક્ષિત મધ્યમ વર્ગના હતા અને તેઓ પંજાબમાં સામાજિક-ધાર્મિક સુધારણાની અન્ય ચળવળો સાથે પણ જોડાયેલા હતા. દેશના અન્ય ભાગોમાં ચાલતી સુધારાની ચળવળ થી પણ તેઓ પરિચિત હતા. તેઓ માનતા હતા કે શીખોમાં પ્રસરેલાં સામાજિક અનિષ્ટો તેમનામાં શિક્ષણના અભાવનું પરિણામ હતું. તેઓનું મન્તવ્ય હતું કે લોકો પોતાના પ્રાચીન વારસાથી માહિતગાર થાય તો જ તેમનામાં સામાજિક-ધાર્મિક સુધારણા લાવી શકાય.

સિંઘ સભા શિક્ષણના ફેલાવા મારફત સામાજિક-ધાર્મિક સુધારણા કરવાનું ધ્યેય રાખતી હતી. તે રાજકીય બાબતોની ચર્ચા તથા બ્રિટિશ સરકારની નારાજગીથી મુક્ત રહેલી હતી.

સિંઘ સભાના નેતાઓ મોટા જમીનદાર હોવાથી પોતાનાં હિતોની રક્ષા માટે અથવા તો શીખોનાં હિતના ખ્યાલથી બ્રિટિશ સરકારની નારાજગી વહોરવા માગતા ન હતા. આથી સિંઘ સભાના ઉપદેશકો પ્રચલિત સામાજિક તથા ધાર્મિક અનિષ્ટો માટે બ્રિટિશ સરકારને પ્રત્યક્ષ રીતે જવાબદાર માનતા હતા. આમ છતાં જે અનિષ્ટોનો સિંઘ સભાના પ્રચારકો નિર્દેશ કરતા હતા, તેમાંથી બ્રિટિશ સરકારને તદ્દન મુક્ત રાખવાનું મુશ્કેલ હતું. સિંઘ સભાના નેતાઓ રણજિતસિંહના શાસનના સમૃદ્ધ સમયનો ઉલ્લખ કરીને મુગલ સમયની શીખોની યાતના સાથે શીખોની હાલની (બ્રિટિશ યુગની) દુ:ખદ સ્થિતિની તુલના કરતા હતા. એવું સૂચવાયું કે કારણોમાં એકસરખાપણું હોવાને લીધે મુગલ તથા બ્રિટિશ સમયથી દુ:ખદ સ્થિતિ એક સરખી હતી.

સિંઘ સભાની નેતાગીરીનું મુખ્ય પ્રદાન તેણે સ્થાપેલ ખાલસા શાળાઓ, કૉલેજો તથા શિક્ષણના અન્ય કેન્દ્રોમાં રહેલું છે. સિંઘ સભાના નેતાઓ માનતા હતા કે શીખોમાં શિક્ષણનું પ્રસરણ

બ્રિટિશ સરકારના સહકાર પર આધારિત હતું. આથી તેઓએ વાઇસરૉય તથા અન્ય બ્રિટિશ અધિકારીઓનો આશ્રય લીધો. લાહોરમાં ખાલસા દીવાનની,સ્થાપના થયા બાદ તુરત શીખો માટેની મધ્યસ્થ કૉલેજ સ્થાપવાની ઝુંબેશ શરૂ થઈ. આ કૉલેજની આસપાસના વિસ્તારોમાં શાળાઓ શરૂ કરવાનું પણ આયોજન કરાયું હતું. સિંઘ સભાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને હિન્દ સરકાર, તેના બ્રિટિશ અધિકારીઓ તથા શીખ રાજવીઓનો સાથ અને આશ્રય મળ્યો. પરિણામે અમૃતસરમાં 1892માં ખાલસા કૉલેજની સ્થાપના થઈ.

જોકે ખાલસા કૉલેજના સ્થાપકો તથા તેમના બ્રિટિશ આશ્રયદાતાઓએ માત્ર શૈક્ષણિક પ્રગતિના ખ્યાલથી જ આ કૉલેજની સ્થાપના કરી હતી, તો પણ કૉલેજના અમુક વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો પ્રાંતમાં ફેલાતી જતી રાજકીય અશાંતિ તથા દેશની રાષ્ટ્રીય ચળવળથી મુક્ત રહી શક્યા નહિ. સી.આઈ.ડી.(ગુપ્તચર સંસ્થા)એ સરકારને અહેવાલ આપ્યો કે 1907થી ખાલસા કૉલેજ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના પ્રેરવાનું મહત્ત્વનું કેન્દ્ર બની હતી. રાજકીય રીતે જાગ્રત અધ્યાપકો, ગોપાલ કૃષ્ણ ગોખલે, મહાત્મા ગાંધી તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓના પ્રભાવ તળે કૉલેજના વિદ્યાર્થીઓને તેમનામાં વધતી જતી રાષ્ટ્રીય ભાવનાને દાબી દેવા માટે પગલાં સૂચવવા માટે આવેલ અંગ્રેજ અધિકારીઓ સામે બે વખત દેખાવો કર્યા હતા. શીખ શિક્ષણ પરિષદ મારફત સિંઘ સભાએ ઘણી શાળાઓ શરૂ કરી. તે સામાજિક જાગૃતિ તથા સામાજિક સુધારણાની કેન્દ્ર બની.

આમ શીખોની સામાજિક-ધાર્મિક સુધારણાની ચળવળોએ શીખોના સામાજિક તથા ધાર્મિક જીવનમાં પ્રવેશેલાં અનિષ્ટોને ખુલ્લાં પાડ્યાં તથા તેઓમાં સુધારાની ભાવના પ્રેરી. વીસમી સદીની શરૂઆતમાં પંજાબમાં ફેલાયેલ રાજકીય અસંતોષ સાથે રાષ્ટ્રીય મુદ્રણાલય તથા સમગ્ર દેશમાં વિકસતાં જતાં રાષ્ટ્રીય પરિબળોની અસરથી શીખોના અસંતોષમાં ઘણો વધારો થયો, જેણે અકાલી ચળવળની ભૂમિકા તૈયાર કરી, આ ચળવળે એક બાજુથી ગુરુદ્વારાના સ્વહિત ધરાવતા સંચાલકો તથા મહંતો સામે તો બીજી બાજુથી પંજાબમાં બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે જેહાદ જગાવી. આપણે આ વિશે આ પછીના વિભાગમાં અભ્યાસ કરીશું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. જે અનિષ્ટો સામે શીખ સમાજે સુધારકોએ જેહાદ જગાવી તેમની યાદી કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. 'આનંદ-કરાઈ લગ્ન' એટલે શું ? આ પ્રકારના લગ્નને કોણે ટેકો આપ્યો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. કુકા ચળવળનું શું મહત્ત્વ છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4. શૈક્ષણિક ક્ષેત્રે સિંધ સભા ચળવળનું કેવા પ્રકારનું પ્રદાન હતું ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 19.3 અકાલી ચળવળ (The Akali Movement)


પોતાનાં ધર્મસ્થાનોમાં પ્રવેશેલ અનિષ્ટ સામાજિક રીતિઓ નાબૂદ કરીને તેમને શુદ્ધ કરવાના આશયથી શીખ સુધારકોએ અકાલી ચળવળ શરૂ કરી હતી. ગુરુદ્વારા કે ધરમસાલ તરીકે લોકપ્રિય થયેલાં શીખ ધર્મસ્થાનો ધાર્મિક પ્રવૃત્તિ, સામાજિક તથા નૈતિક ઉપદેશ તથા ગરીબો અને જરૂરિયાતવાળાઓને ખોરાક તથા આશ્રય આપવાના આશયથી શીખ ગુરુઓએ સ્થાપ્યાં હતાં. માનવ માત્રની સમાનતાના આદર્શનો અત્રે વ્યવહારમાં અમલ કરાતો હતો. જ્ઞાતિ, વર્ણ તથા જાતિના ભેદભાવ વગર કોઈ પણ વ્યક્તિ ગુરુદ્વારામાં પ્રવેશી શકતી તથા તેની સામે જોડાયેલ 'લંગર' (બિરાદરી રસોડુ)માં મફત ભોજન લઈ શકતી. સમકાલીન લેખકો નોંધે છે કે સામાજિક તેમ જ ધાર્મિક બાબતોમાં બ્રાહ્મણોની ઇજારાશાહીને શીખો બિલકુલ મહત્ત્વ આપતા નહિ. ચાર વર્ણમાંના કોઈ પણ વર્ણના લોકો વિના સંકોચે ગુરુદ્વારામાં પ્રવેશી શકતા તથા લંગરમાં પીરસવામાં આવેલ ભોજન અને પ્રસાદનો લાભ લઈ શકતા.

પવિત્રતાની શીખ પ્રણાલિકા મુજબ ગુરુદ્વારાના અધિપતિઓ દાનમાં આવેલી રકમને પોતાની અંગત આવક માનતા નહિ, બલકે તેનો ઉપયોગ તેઓ મફત બિરાદરી-રસોડું ચલાવવામાં તથા લોકકલ્યાણનાં અન્ય કાર્યોમાં કરતા. દશમા શીખ ગુરુ ગોવિંદસિંહના અવસાન પછી શીખો પર વધેલા દમન દરમિયાન, ગુરુદ્વારાઓનું નિયમન 'ઉદાસી'ઓ (શીખ ધર્મ પાળનારા, પરંતુ તેની બાહ્ય વિધિઓને ચુસ્તપણે અનુસરનાર નહિ) હસ્તક આવ્યું. તેથી તેઓ દમનથી બચી શક્યા. આ સમયે વિવિધ ગુરુદ્વારાઓનું સંચાલન કરતા ઉદાસીઓએ ગુરુદ્વારાની પ્રવૃત્તિઓ ચાલુ રાખીને શીખ ધર્મની નોંધપાત્ર સેવા કરી. તેમને ઉચ્ચ નૈતિક ચારિત્ર્ય તથા સચ્ચાઈ ધરાવનાર વ્યક્તિઓ તરીકે લોકો માન આપતા. મોટા ભાગના ઉદાસીઓ કોઈ એક જ ગુરુદ્વારા તેમ જ તેની સંપત્તિ સાથે સંકળાયેલ ન હતા, પરંતુ એક ગુરુદ્વારાથી બીજા ગુરુદ્વારામાં ફરતા રહેતા હતા, પરંતુ અમુક ઉદાસીઓએ સ્વતંત્ર નિયમિત સંસ્થાઓ સ્થાપી અને તેમાં પોતાના અનુયાયીઓને પ્રવેશ આપ્યો. આવા ઉદાસીઓ 'મહંત' તરીકે ઓળખાયા. શરૂઆતમાં આ મહંતો પોતાના વિસ્તારના લોકોનો વિશ્વાસ અને માન ધરવાતા હતા તથા દાનને અંગત મિલકત નહિ ગણવાના ગુરુ નાનકજીના ઉપદેશનું પાલન કરતા હતા, પરંતુ મહારાજા રણજિતસિંહ તથા અન્ય શીખ રાજવીઓએ ગુરુદ્વારાઓને આપેલી મહેસૂલ મુક્ત જાગીરોની આવક વધવાને કારણે મહંતોએ પોતાની પવિત્રતા અને સાદાઈની પ્રણાલિકાનો ત્યાગ કર્યો.

### 19.3.1 ગુરુદ્વારાઓના ભંડોળનો ગેરઉપયોગ (Misuse of Shrine Funds)

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં શક્તિશાળી શીખ રાજાઓના ઉદય તથા 1799માં રણજિતસિંહે સ્થાપેલ રાજ્યથી શીખ ધર્મમાં મહત્ત્વનું પરિવર્તન આવ્યું. ધાર્મિક સ્થાનોના અધિકારો અને મિલકતને લીધે ગૂંચવણભર્યાં ક્રિયાકાંડો તથા ધનિક અને શક્તિશાળી મહંતો અસ્તિત્વમાં આવ્યા. લગભગ બધાંજ જાણીતાં ગુરદ્વારાઓને મહારાજા રણજિતસિંહ તથા અન્ય શીખ સામંતોએ મહેસૂલ-મુક્ત જાગીરો આપી. આમ, સંપત્તિ વધવાને પરિણામે ઉપરોક્ત મહત્ત્વનાં ગુરુદ્વારાઓના મહંતોની જીવન પદ્ધતિમાં મોટા ફેરફાર થયા. તેઓએ ગુરુદ્વારા ટ્રસ્ટની મિલકતને અંગત મિલકતમાં ફેરવી નાખી. શીખ ગુરુઓએ અને શીખ ધર્મગ્રંથોએ આપેલ ઉપદેશથી તદ્દન વિરુદ્ધનું આ આચરણ હતું. ધીમે ધીમે મહંતો અને તેમના અનુયાયીઓ વૈભવી જીવન જીવતા થયા. વિવિધ પ્રકારનાં સામાજિક અનિષ્ટો આચરતા થયા. શીખ ધર્મના અનુયાયીઓએ સામાજિક વિરોધ વ્યક્ત કરીને મહંતોની અનિષ્ટ જીવનપદ્ધતિને રોકવા પ્રયત્નો કર્યા અને તેઓએ વશંપરંપરાગત મહંતશાહીના અંકુશમાંથી ધર્મસ્થાનોને મુક્ત કરવા માટે વ્યવસ્થિત ચળવળ ઉપાડી. અકાલી જૂથો (અકાલી સ્વયંસેવકો)એ આ લડત શરૂ કરી હોવાથી તે અકાલી ચળવળ તરીકે લોકપ્રિય બની.

### 19.3.2 સુવર્ણ મંદિર તથા અકાલ તખ્ત પર અકાલી અંકુશ માટેની લડત (Struggle for the Akali Control over the Golden Temple and Akal Takht)



ચિત્ર-૧૨ સુવર્ણ મંદિર – અમૃતસર

પહેલાં રામદાસપુર અને ગુરુ-કા-ચોકા કહેવાતું અમૃતસર શહેર ચોથા ગુરુ રામદાસે સને 1577માં વસાવ્યું હતું. હાલમાં સુવર્ણ મંદિર તરીકે જાણીતું થયેલું મંદિર 1589માં પાંચમા ગુરુ અર્જુન દેવે બાંધ્યું હતું. છઠ્ઠા ગુરુ હર ગોવિંદે અકાલ તખ્ત બાંધ્યું અને તેને લૌકિક સત્તાની શીખ બેઠક તરીકે જાહેર કર્યું. શરૂઆતના તબક્કામાં સુવર્ણ મંદિર અને અકાલ તખ્તનો વહીવટ ભાઈ મણિસિંગ જેવા પવિત્ર અને કાર્યદક્ષ ધર્મગુરુ કરતા. પરંતુ પછીથી પંજાબના મુગલ સુબેદારો અને ત્યાર બાદ આક્રમણખોર અહમદ શાહ અબ્દાલી દ્વારા શીખોનું દમન થતાં, આ બન્ને મહત્ત્વનાં શીખ કેન્દ્રોનો અંકુશ ઉદાસી મહંતોને હસ્તક આવ્યો. મહારાજા રણજિતસિંહના શાસન દરમિયાન મંદિરને આરસ તથા સુવર્ણના પતરાથી સુશોભિત કરવામાં આવ્યું અને તે સુવર્ણ મંદિર તરીકે વિખ્યાત થયું. આ મંદિરને મહેસૂલ-મુક્ત ફળદ્રુપ જાગીર પણ ભેટ આપવામાં આવી. 1849માં પંજાબને બ્રિટિશ હિન્દ સાથે જોડી દેવામાં આવ્યું ત્યાર બાદ બ્રિટિશ સરકારે સુવર્ણમંદિર અને અકાલ તખ્તનો કબજો પોતાને હસ્તક લીધો અને તેના રોજબરોજના વહીવટ માટે એક 'સરબારાહ'ના નેતૃત્વ નીચે 11 સભ્યોની સમિતિ નિયુક્ત કરી. (જોહન મેહાર્ડ, પંજાબમાં શીખ સમસ્યા - કોન્ટેમ્પરરી રિવ્યુ - સપ્ટેમ્બર, 1923, પાનું - 295)

**ગેરવ્યવસ્થા અને લાંચરુશવત :** સરકારે નિયુક્ત કરેલ સરબારાહથી મંદિરની સમસ્યાઓ વધી. સરબારાહ પોતાને લોકોને જવાબદાર માનતો નહિ, પરંતુ પોતાની નિયુક્તિ કરનાર અમૃતસરના ઉપ-કમિશનરને ખુશ કરવામાં જ મગ્ન હતો. મંદિરના ધર્મગુરુઓ દાનમાં આવેલી કિંમતી વસ્તુઓના ગેર ઉપયોગ જેવા અનિષ્ટોમાં રાચતા હતા. સુવર્ણ મંદિર અને અકાલ તખ્તની પવિત્રતાનો લોપ થયો હતો. અત્રે વેશ્યાગૃહો ચાલતાં, અશ્લિલ સાહિત્ય પણ વેચાતું અને મંદિરમાં દર્શને આવતી નિર્દોષ સ્ત્રીઓ પર બળાત્કાર થતા. (જીવનભાઈ મોહનસિંગ વૈદ્ય - પા.121)

અમૃતસરમાં સુવર્ણમંદિર અને અકાલ તખ્તમાં ચાલતી લાંચરુશવત તથા ગેરરીતિઓ તેમ જ તેના વહીવટ પર સરકારી અંકુશ સામે સુધારાની ચળવળ શરૂ થયા પહેલાં પણ શીખ લોકોમાં ભારે અસંતોષ અને રોષ હતો. સુધારકો આ પવિત્ર સ્થાનોને વહેલી તકે સરકારી અંકુશ તથા અનિષ્ટ અસરોથી મુક્ત કરવા ઇચ્છતા હતા. પંજાબના બ્રિટિશ સત્તાધારીઓ પ્રચલિત વ્યવસ્થામાં કોઈ પણ ફેરફાર કરવાના સખત વિરોધી હતા. તેઓ માનતા હતા કે આમ કરવાથી પોતાની

સત્તા મજબૂત કરવા અને પોતાના રાજકીય વિરોધીઓને આ ધાર્મિક સ્થાનોના ઉપયોગ આવા સુધારાઓ માટે કરવામાં આવે તેવા હકો ઝૂંટવી લેવાને લીધે બ્રિટિશ સત્તાવાળાઓની ધારણા હતી કે તેઓ પોતાના રાજકીય વિરોધીઓને નબળા પાડીને પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી શકશે. તેઓ માનતા હતા કે આમ કરવાથી પોતાની સત્તા મજબૂત કરવા અને પોતાના રાજકીય વિરોધીઓને આ ધાર્મિક સ્થાનોનો ઉપયોગ કરવાનો હક નિર્બળ બનાવવા માટે સામાન્ય રીતે સુવર્ણ મંદિરમાં સરકાર નિયુક્ત સરબારાહનો ઉપયોગ બ્રિટિશ શાસન અને તેના અધિકારીઓની કીર્તિગાથા ગાવા માટે કરવામાં આવતો. વહીવટ પર શીખ અંકુશ નિર્બળ બનતાં અને સરકારી નિયંત્રણ વધતાં, વહીવટકર્તા અને ધર્મગુરુઓ ઉપ-કમિશનરની સલાહ પ્રમાણે વર્તતા અને શીખોના અભિપ્રાય અને લાગણીઓની અવગણના કરતા મંદિરની શીખ ધર્મસત્તા મંદિરની સંપત્તિનો ગેરવહીવટ કરતી હતી અને પોતાની ધાર્મિક ફરજોની ઉપેક્ષા કરતી હતી તેની ખાતરી કર્યા બાદ જ સરકારે મંદિરના વહીવટ માટે સરબારાહની નિયુક્તિ કરી હતી. મંદિરને મળેલી કિંમતી ભેટો હવે સરબારાહ તથા અન્ય ધર્મગુરુઓને ઘેર પહોંચી જતી. પંડિતો અને જ્યોતિષીઓ મંદિરોના વિસ્તારનો ઉપયોગ કરવા લાગ્યા અને ગુરુદ્વારા ક્ષેત્રમાં મૂર્તિપૂજા પણ છૂટથી થવા લાગી. સમકાલીન અહેવાલો પ્રમાણે 'વસંત' અને 'હોળી'ના ઉત્સવો દરમિયાન સમસ્ત વિસ્તાર ગુંડાઓ, ચોરો અને એવાં અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની જતો. અશ્લિલ સાહિત્ય છૂટથી વંચાતું અને બાજુનાં રહેઠાણોમાં વેશ્યાગૃહો પણ રખાતાં, જ્યાં પવિત્ર મંદિરોના દર્શને આવતી નિર્દોષ સ્ત્રીઓને સ્વચ્છંદી સાધુઓ, મહંતો અને તેમના સાથીદારોની વાસનાનો ભોગ બનાવવામાં આવતી.

**જ્ઞાતિના ધોરણે ભેદભાવ :** શીખ ધર્મ જ્ઞાતિના કોઈ પણ ભેદભાવને સ્વીકારતો નથી, તોપણ સુવર્ણ મંદિરના અધિપતિ ધર્મગુરુઓ મજહબી શીખો તરીકે ઓળખાતા અને કહેવાતા નીચલા થરના સભ્યોને મંદિરમાં પ્રત્યક્ષ પ્રાર્થના કરવાની છૂટ આપતા નહિ. તેઓએ મંદિરમાં પ્રસાદ ધરાવવા કહેવાતી ઉચ્ચ જાતિના શીખને પોતાની સાથે રાખવો પડતો. શીખ સમાજમાં જુદી જુદી સુધારક ચળવળોએ સામાજિક-ધાર્મિક જાગૃતિ લાવતા અમૃતસરની ખાલસા બિરાદરીએ કહેવાતા નીચલા થરના લોકો સાથે પણ આંતર-લગ્ન તેમ જ આંતર-ભોજનની હિમાયત કરી. સુવર્ણ મંદિરના ધર્મગુરુએ આ કહેવાતા નીચલા થરના સભ્યોને મંદિરમાં પ્રવેશ આપવાનો તથા પ્રસાદ ધરાવવાના હકનો ઇન્કાર કર્યો. તેથી ખાલસા બિરાદરીએ આ બાબત જાહેર અભિપ્રાય કેળવવાનો તથા મંદિરના ધર્મગુરુઓની સત્તાને પડકાર કરવાનો નિર્ણય લીધો. તેઓએ અમૃતસરના જલિયાંવાલા બાગમાં 12મી ઑક્ટોબર, 1920ના રોજ દીવાન (સભા)નું આયોજન કર્યું જેમાં સુધારક ચળવળના આગેવાન નેતાઓ-પ્રાધ્યાપક તેજાસિંગ, બાવા હરકિશન સિંગ અને જથેદાર કતાર સિંઘ જબ્બેર તથા અન્ય આગેવાનોએ ભાગ લીધો. 'દીવાન'માં કહેવાતા અસ્પૃશ્યતાને શીખ ધર્મમાં પ્રવેશ આપવામાં આવ્યો. ત્યાર પછી અગ્રગણ્ય શીખ નેતાઓએ તેમની સાથે ભોજન લીધું અને એક ધાર્મિક સ્વરૂપના સરઘસમાં તેઓ સુવર્ણ મંદિર તરફ કૂચ કરી ગયા. જ્યારે તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે ફરજ પરના ધર્મગુરુ ભાઈ ગુરુબચનસિંઘે આ કહેવાતા નીચલા થરના શિખોને મંદિરમાં પ્રાર્થના કરવા તેમ જ પ્રસાદ ધરાવવા માટે પ્રવેશવા દેવાનો ઇન્કાર કર્યો. બન્ને પક્ષે જલદ દલીલો થયા બાદ આ બાબતનો નિવેડો લાવવાનું કાર્ય પવિત્ર ગ્રંથને સુપ્રત કરવામાં આવ્યું. ગ્રંથ સાહેબનો નિર્ણય સુધારાકોની તરફેણમાં આવ્યો. આમ છતાં ધર્મગુરુઓએ આ નિર્ણયનો અસ્વીકાર કર્યો અને વિરોધમાં મંદિર છોડીને જતા રહ્યા. આ સમયે ગ્રંથ સાહેબ કોઈ જાતની સંભાળ વગરના રહ્યા તેથી સુધારકોએ જ પરિસ્થિતિ સંભાળી લીધી અને સુવર્ણ મંદિર તથા અકાલ તખ્તના વહીવટ માટે એક સમિતિની નિયુક્તિ કરી.

આમ જોઈ શકાય છે કે સુધારકો નીચેની બાબતો માટે ખૂબ મક્કમ હતા.

- મંદિરના વહીવટ મારફત થતા ભંડોળના ગેરઉપયોગ અંગે,
- અસામાજિક અને અનિષ્ટ તત્ત્વો દ્વારા મંદિરના વિસ્તારનો ગેરઉપયોગ અંગે તથા
- પવિત્ર ધર્મ-સ્થાનોમાં નીચલા થરના લોકોને કરાયેલ પ્રવેશબંધી અંગે.

આ સંજોગોમાં અકાલી સુધારકોને અગત્યનાં ધર્મસ્થાનો-સુવર્ણમંદિર તથા અકાલ તખ્તનો કબજો લેવાની ફરજ પડી.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. સરબારાહ હેઠળ શીખ ધર્મ સ્થાનોમાં પ્રવર્તેલ અનિષ્ટોની યાદી બનાવો.

   ..............................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

2. નીચલા થરના લોકો પ્રત્યે ધાર્મિક બાબતોમાં રખાતા ભેદભાવોનું વર્ણન કરો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

3. ધર્મસ્થાનોના વહીવટમાં શીખ સમાજના અભિપ્રાયની સરબારાહ શા માટે ઉપેક્ષા કરતા હતા ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

### 19.3.3 'નાનકાના'ની કરુણ ઘટના (Nankana Tragedy)

અમૃતસરમાં સુવર્ણ મંદિર તથા અકાલ તખ્તનો કબજો લીધા બાદ સુધારકોએ અન્ય શીખ ગુરુદ્વારા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ગુરુનાનક દેવની જન્મભૂમિ 'નાનકાના'માં ગુરુદ્વારા 'જન્મ આસ્થાન' અને અન્ય ધાર્મિક સ્થાનો વંશપરંપરાગત મહંતોના કબજામાં હતાં. નાનકના 'જન્મ સ્થાન ગુરુદ્વારાના મહંત નારાયણદાસ કેટલાંક સામાજિક અને ધાર્મિક અનિષ્ટો આચરતા હતા. તેણે એક રખાત પણ રાખી હતી. તે ગુરુદ્વારામાં નાચનારી છોકરીઓને આમંત્રણ આપતા તથા ધાર્મિક સ્થાનમાં અધાર્મિક સંગીતને છૂટ આપતા હતા. શીખોના વિરોધ છતાં મહંતે આવું અનિષ્ટ આચરણ ચાલુ રાખ્યું હતું. આથી અમુક સ્ત્રીઓ સહિત 130 સુધારકોના જૂથે ભાઈ લક્ષ્મણસિંઘના નેતૃત્વ નીચે જનમ આસ્થાન ગુરુદ્વારા તરફ કૂચ કરી. જ્યારે આ જૂથ 20મી ફેબ્રુઆરી, 1921ના રોજ વહેલી સવારે ગુરુદ્વારા પહોચ્યું, ત્યારે મહંત અને તેના ભાડૂતી માણસોએ આ શસ્ત્રહીન, શાંત સુધારકો પર હુમલો કર્યો. કેટલાક સુધારકો આ હુમલામાં અવસાન પામ્યા. અને કેટલાક ઘવાયેલાને ઝાડ સાથે બાંધીને બાળી મૂકવામાં આવ્યા. પુરાવાનો નાશ કરવા માટે મહંત તથા તેના સાગરીતોએ બધાં શબોને એકત્ર કરીને તેમને બાળી મૂક્યા.

મહંત દ્વારા જૂથના 130 સભ્યોની આવી ઘાતકી હત્યાથી આખા દેશમાં રોષ અને આઘાતનું મોજું ફરી વળ્યું. મહાત્મા ગાંધી અને અન્ય રાષ્ટ્રીય નેતાઓએ મહંત દ્વારા થયેલી આવી ઘાતકી હત્યાને સખત શબ્દોમાં વખોડી કાઢી. અકાલી સુધારકો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવા મહાત્મા ગાંધીએ 3જી માર્ચના રોજ નાનકનાની મુલાકાત લીધી. મહાત્મા ગાંધીએ પોતાના વ્યક્તિવ્યમાં મહંતના જંગલી અને અમાનુષી કાર્યને વખોડી કાઢ્યું અને અકાલી સુધારકોને સરકાર આ બાબતની તપાસ કરવા માટે કમિશન નિયુક્ત કરે તે માટે દબાણ લાવવા અસહકાર કરવાની સલાહ આપી. મહાત્મા ગાંધી અને અન્ય રાષ્ટ્રીય નેતાઓની સલાહથી અકાલી સુધારકોએ પોતાની લડતને વ્યાપકસ્વરૂપ આપવાનો નિર્ણય લીધો. તેઓએ દ્વિપાંખિયો હુમલો શરૂ કર્યો. એક બાજુ તે લાંચિયા મહંત વિરૂદ્ધ હતો, તો બીજી બાજુ તે પંજાબ સરકારની સામે હતો. અકાલીઓની આ પરિવર્તિત નીતિને પરિણામે પ્રથમ તોશખાના(તિજોરી)ની ચાવીઓ અને પછી ગુરુ-કા-બાગ પરત્વે અકાલી આંદોલન ખૂબ વિસ્તૃત બન્યું.

### 19.3.4 તોશખાનાની ચાવી અંગેની ઘટના (Toshakhana Key's Affair)

અગાઉ જણાવાયું છે તેમ અકાલી સુધારકોએ અમૃતસરના સુવર્ણ મંદિર તથા અકાલ તખ્તનો



કબજો લીધો હતો. તે સમયે ધર્મગુરુઓ ધર્મસ્થાનમાંથી નાસી ગયા, ત્યારે તેના વહીવટ માટે એક સમિતિની નિયુક્તિ કરવામાં આવી. સમિતિએ સરકાર નિયુક્ત વહીવટકર્તાને તોશખાનાની ચાવી આ સમિતિને સોંપી દેવા માટે જણાવ્યું, પરંતુ આ દરમિયાન બ્રિટિશ ઉપ-કમિશનર ચાવીઓ લઈ ગયો.

સરકારના આ ઉતાવળિયાં પગલાંથી શીખોમાં ભારે રોષ વ્યાપ્યો. ચાવીઓ પાછી મેળવવા અકાલી સુધારકોએ શક્તિશાળી આંદોલન શરૂ કર્યું જે ચાવીઓના બનાવ તરીકે જાણીતું બન્યું.
આ આંદોલનમાં શીખ સુધારકોને પંજાબના કૉંગ્રેસ કાર્યકરોએ પણ સાથ આપ્યો. આ સમયે મહાત્મા ગાંધી દ્વારા સરકાર સામે અસહકારની લડત ચાલતી હતી, આથી પંજાબ સરકારે કૉંગ્રેસની લડતથી અકાલીઓને અલગ કરવાના ઇરાદાથી આંદોલનમાં પકડાયેલા બધા શીખ આંદોલનકારોને છોડી મૂકયા તથા ગુરુદ્વારાના તોશખાનાની ચાવીઓ વહીવટી સમિતિના પ્રમુખને સુપરત કરી દીધી. અકાલી સુધારકોના આ રાષ્ટ્રીય વિજયને રાષ્ટ્રીય નેતાઓ દ્વારા રાષ્ટ્રીય પરિબળોના વિજય તરીકે બિરદાવવામાં આવ્યો. આ પ્રસંગે મહાત્મા ગાંધીએ ગુરુદ્વારા સમિતિના પ્રમુખ બાબા ખડગ સિંઘ પર નીચેનો તાર મોકલ્યો. "ભારતની સ્વાધીનતાની પ્રથમ લડત જિતાઈ છે. અભિનંદન"
ચૌરીચૌરાના હિંસાત્મક બનાવને પરિણામે ફેબ્રુઆરી, 1922માં અસહકારના આંદોલનની મોકૂફી બાદ તથા મહાત્મા ગાંધી અને અન્ય કૉંગ્રેસ નેતાઓની ધરપકડ પછી પંજાબ સરકારે અકાલી સુધારકોને બોધપાઠ આપવાનું વિચાર્યું, જેને લીધે ગુરુ-કા-બાગ મોરચા નામે જાણીતું થયેલું બીજું અકાલી આંદોલન થયું.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નાનકા ની કરુણ ઘટના શાથી થઈ ?

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

2. અકાલી ચળવળ રાષ્ટ્રીય લડતના સંપર્કમાં કઈ રીતે આવી ?

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

3. 'ચાવીનો બનાવ' શું હતો ? બ્રિટિશ સરકારે આ બાબતે કેમ નમતું આપ્યું ?

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

### 19.3.5 'ગુરુ-કા-બાગ' મોરચો (Guru-ka-Bagh Morcha)

ઉપર જણાવ્યા મુજબ 'ચાવી'ની બાબતમાં ધરપકડ કરાયેલા અકાલી કેદીઓની બિનશરતી મુક્તિ કરવાથી તથા સમિતિને ચાવીની ફરીથી સોંપણી કરવાથી પંજાબ સરકારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હતી. આથી ગુરુદ્વારાના [illegible] કે 'ગુરુ-કા-બાગ'ના સૂકા ગુંદરનાં વૃક્ષોમાંથી લાકડું કાપવા માટે અકાલી કાર્યકરોની ધરપકડ કરીને પંજાબ સરકારના અધિકારીઓને પોતાની ગુમાવેલી પ્રતિષ્ઠા પુનઃપ્રાપ્ત કરવાનું વિચાર્યું પોલીસની એવી દલીલ હતી કે સૂકું લાકડું એ ગુરુદ્વારાના મહંતની ખાનગી મિલકત હતી. અને અકાલી સુધારકો સામૂહિક રસોડાના ઉપયોગ માટે તે

કાપીને ચોરી કરતા હતા. સામૂહિક રસોડા માટે લાકડું કાપવાનો પોતાને હક હોવાનું જણાવીને અકાલીઓના 'જથા'ઓએ ગુરુ-કા-બાગ પર મોરચો લઈ જઈને સત્યાગ્રહ કર્યો અને સરકારે તેમની ધરપકડ કરી (25, ઑક્ટોબર 1922).



ચિત્ર-૧૩ ગુરુ-કા-બાગ તરફ કૂચ કરતા અકાલી સ્વયંસેવકોનું જૂથ

5,000 ઉપરાંત, સુધારકોની ધરપકડ કર્યા બાદ પંજાબ સરકાર પાસે વધારે આંદોલનકારોને સમાવવા માટે જેલોમાં જગા પણ રહી નહિ. આથી પોલીસ સત્યાગ્રહીઓને બેભાન થતાં સુધી બેસુમાર માર મારીને છોડી મૂકવા લાગી. ગુરુ-કા-બાગ સત્યાગ્રહમાં આવી યાતના સહન કરતા શાંત અકાલી સુધારકોને રાષ્ટ્રીય નેતાઓ તથા અખબારોનો મોટા પ્રમાણમાં ટેકો મળ્યો. હિન્દીઓની રાજકીય અભિલાષાઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર બ્રિટિશ પાદરી આદરણીય સી.એફ.એન્ડ્રૂજ ગુરુ-કા-બાગની જાત મુલાકાત લીધા બાદ નિર્દોષ અકાલી સ્વયંસેવકોની યાતનાઓ જોઈને દ્રવી ઊઠ્યા. તેમણે પોલીસના આ કાર્યને અમાનવીય, પાશવી, ઘૃણાજનક તથા ડરપોક તરીકે વર્ણવી. જે અંગ્રેજો માટે શરમજનક અને ઇંગ્લૅન્ડના એક નૈતિક પરાજય સમાન વર્ણવ્યું.



ચિત્ર-૧૪ ગુરુ - કા - બાગ પાસે થયેલ ધરપકડો

રાષ્ટ્રીય નેતાઓ દ્વારા આવા પાશવી કાર્યની સખત ટીકા થઈ તેથી અને વર્તમાનપત્રોમાં તેને મળેલી વ્યાપક પ્રસિદ્ધિથી પંજાબના ગવર્નર પોલિસને ગુરુ-કા-બાગના અકાલી સ્વયંસેવકોને નહિ મારવાનો આદેશ આપ્યો. ગુરુ-કા-બાગ આંદોલન સંબંધે ધરપકડ કરાયેલા બધા સત્યાગ્રહીઓને બિનશરતી મુક્તિ આપવામાં આવી અને ગુરુ-કા-બાગમાંથી સામૂહિક રસોડા માટે લાકડું લઈ જવાની સ્વયંસેવકોને છૂટ પણ આપવામાં આવી.

### 19.3.6 નાભામાં અકાલી આંદોલન (The Akali Agitation in Nabha)

'ચાવી' તથા 'ગુરુ-કા-બાગ' આંદોલનોના વિજયોથી અકાલી સુધારકો તથા તેમના નેતાઓની તાકાત, પ્રતિષ્ઠા તથા નૈતિકતામાં નોંધપાત્ર વધારો થયો. આથી તેઓએ એક વધુ આંદોલન શરૂ કર્યું. બ્રિટિશ સરકાર દ્વારા ફરજિયાતપણે ગાદી પરથી દૂર કરાયેલ નાભાના મહારાજા રીપુદમનસિંગને ફરી ગાદીએ બેસાડવા તેઓએ લડત શરૂ કરી. જોકે આ બાબત અકાલી ચળવળ સાથે પ્રત્યક્ષ સંબંધિત ન હતી, કારણ કે તેઓનું મુખ્ય અને મૂળ ધ્યેય સામાજિક-ધાર્મિક સુધારણાનું હતું, પરંતુ આ દરમિયાન અકાલી ચળવળ પંજાબ પ્રાંતમાં એક શક્તિશાળી રાષ્ટ્રીય પરિબળ તરીકે ઊપસી આવી હતી તેથી કૉંગ્રેસે અકાલીઓને નાભા સત્યાગ્રહમાં ટેકો આપ્યો. સપ્ટેમ્બર, 1923માં નવી દિલ્હીમાં યોજાયેલ કૉંગ્રેસ કારોબારીની ખાસ બેઠકે જવાહરલાલ નેહરુ, એ.ટી. ગીડવાની તથા કે. સંથનામને નાભામાં નિરીક્ષકો તરીકે મોકલવાનો તથા કૉંગ્રેસ કારોબારીને આ બાબતનો અહેવાલ આપવાનો નિર્ણય લીધો.

નેહરુ અને તેના સાથીદારો નાભાની સરહદમાં દાખલ થતાં જ સરકારે તેમની ધરપકડ કરી અને નજીવા આરોપો સર તેમને જેલમાં પૂર્યા. નાભા જેલમાં તેમના વસવાટ દરમ્યાન તથા ત્યાર પછીથી તેમના દાવાની સુનવણી બાદ કૉંગ્રેસ નિરીક્ષકને અકાલી લડતની સંપૂર્ણ માહિતી મળી એટલું જ નહિ, પરંતુ બ્રિટિશ વહીવટકર્તાના શાસન હેઠળ નાભાના શીખ રાજ્યમાં ન્યાયતંત્રના આપખુદ સ્વરૂપની પણ પ્રતીતિ થઈ.

23મી નવેમ્બર, 1923ના રોજ નાભા જેલમાં લખાયેલ પોતાના નિવેદનમાં જવાહરલાલ નેહરુએ નાભાના ન્યાયતંત્રને આપખુદ અને અન્યાયી ગણાવીને તેમની સખત ટીકા કરી તથા અકાલી શીખોની તેમની હિંમત અને બલિદાનની ભાવના માટે પ્રશંસા કરી. ( Selected Works of Jawaharlal Nehru, edited by Prof. S. Gopal, pp. 369-75, Vol.I ) આ હસ્તલિખિત મૂળ નિવેદનનો છેલ્લો ફકરો નીચે મુજબ છે.

> "શીખોએ અપનાવેલ વાજબી કારણને ટેકો આપવા બદલ મારા પર દાવો ચલાવવામાં આવે છે, તેનો મને તો આનંદ છે. જ્યારે શીખો મારફત ગુરુ-કા-બાગ સત્યાગ્રહ બહાદુરીપૂર્વક લડાયો હતો અને જીતાયો હતો, ત્યારે હું જેલમાં હતો. અકાલીઓની હિંમત અને ત્યાગભાવનાથી હું પ્રભાવિત થયો હતો. આથી હું ઇચ્છતો હતો કે મને તેમની આ બાબતમાં કોઈ પણ પ્રકારની સેવાની તક મળે અને આ જેલવાસથી મને આવી તક મળી છે. એથી હું હૃદયપૂર્વક આશા રાખું છું કે તેમની આ ઉચ્ચ પ્રણાલિકા અને ભારે હિંમતને યોગ્ય હું મારી જાતને સાબિત કરીશ."

સેન્ટ્રલ જેલ — જવાહરલાલ નેહરુ
નાભા — સપ્ટેમ્બર, 25, 1923

## 19.4 ગુરુદ્વારા ખરડો પસાર અને અકાલી ચળવળનો અંત (Passage of the Gurdwara Bill and End of The Akali Movement)

નાભાની ચળવળ દરમિયાન અકાલીઓને નાભાના બ્રિટિશ વહીવટકર્તા તથા પતિયાળાના શીખ રાજવી મહારાજા ભૂપેન્દર સિંગના સખત વિરોધનો સામનો કરવો પડ્યો. ફેબ્રુઆરી, 1924માં જૈતો પાસે શહીદી જથા પર થયેલા ગોળીબારને પરિણામે આ લડતે ગંભીર વળાંક લીધો. અકાલી ચળવળની બ્રિટિશ લશ્કરમાં જ શીખ સૈનિકો પર અસર થવાની શકયતા વધી. વિશેષમાં અકાલી ચળવળ મારફત પંજાબ શીખ ખેડૂતોમાં કૉંગ્રેસ કાર્યક્રમ અને વિચારસરણી પ્રસરતાં જતાં હતાં. આ પરિબળોને લીધે પંજાબ સરકારને જુલાઈ, 1925માં ખરડો પસાર કરીને અકાલી સમસ્યાનું નિવારણ કરવાની ફરજ પડી. આ ખરડાથી શીખોને તેમના ગુરુદ્વારાના વહીવટ માટે વહીવટકર્તાઓને ચૂંટવાનો કાયદેસરનો અધિકાર મળ્યો. આ ખરડાથી વંશપરંપરાગત મહંતોનો

ੴ ਸਤਿਗੁਰ ਪ੍ਰਸਾਦਿ॥

Press Communiqué No. 558.

Instead of redressing the legitimate grievance of the Sikh Community concerning the Nabha State affair, Government has embarked upon the cruel policy of gagging the mouths of the Sikhs. Since Monday, the 16th July, the delivery of the post of the "Akali-Te-Pardesi" has been stopped. For two days, 16th and 17th, the private letters of the persons connected with the paper were also stopped. Today, the 18th, the private letters were delivered, but the mail of the newspaper continues to be detained. On enquiry from the Post office, it was found that the above action had been taken according to an order of the Government of India, an official copy of which has not yet been supplied to the paper. Presumably this drastic measure has been taken against the paper because it raised the alarm in the matter of the virtual deposition of Maharaja Sahib of Nabha.

Last year the Government stopped the mail of the Shromani Committee, during the Guru-Ka-Bagh days with what success the public knows. It is hoped that the sympathy of the Sikhs will once more defeat the purpose of this repressive measure by all possible means and keep the "Akali-Te-Pardesi" in complete touch with the happenings in the Panth.

Amritsar,
18th July 1923.

Mansingh
for General Secretary
Shromani Gurdwara Committee

ગુરુદ્વારા પરનો અંકુશ નાબૂદ થયો તથા ગુરુદ્વારાના વહીવટમાં લોકશાહી અંકુશ દાખલ થયો. આ પગલાંને પરિણામે પંજાબમાં છેલ્લા પાંચ વર્ષથી ચાલતા અકાલી આંદોલનનો અંત આવ્યો. આ આંદોલન દરમિયાન 30,000 ઉપરાંત અકાલી સ્વયંસેવકોને જેલમાં પૂરવામાં આવ્યા હતા અને મોટી સંખ્યાના તેમના સહાનુભૂતિકારોએ પોતાના ધંધા કે પેન્શન ગુમાવ્યાં હતાં અને તેમને ભારે દંડ ભરવો પડ્યો હતો.

તેમની ચળવળને પરિણામે અકાલી સુધારકો ઐતિહાસિક શીખ ધર્મસ્થાનોને વંશપરંપરાગત મહંતોના અંકુશમાંથી મુક્ત કરાવવામાં સફળ થયા. આનાથી નીચેનાં સામાજિક અનિષ્ટો પણ નાબૂદ થયાં.

- કહેવાતા નીચલા થરના શીખોને સુર્વણમંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ.
- વ્યક્તિગત વૈભવ માટે ગુરુદ્વારાની મિલકતનો મહંતો દ્વારા ઉપયોગ. તથા
- ગુરુદ્વારામાં નાચનારીઓનો પ્રવેશ અને તેના જેવાં અન્ય અનિષ્ટો.

અકાલી ચળવળથી લોકોમાં મોટા પ્રમાણમાં ધાર્મિક તથા રાજકીય જાગૃતિ આવી. તેઓને ખાતરી થઈ કે શીખોની ધાર્મિક પ્રણાલિકામાં જ્ઞાતિપ્રથાને સ્થાન નથી. 'ગુરુદ્વારા કાયદા' મુજબ જ્ઞાતિના ભેદભાવ વગર કોઈ પણ શીખ વ્યક્તિ પવિત્ર ગુરુદ્વારા પ્રબંધક સમિતિના પ્રમુખ સહિત, કોઈ પણ સ્થાન પર ચૂંટાવા માટે યોગ્ય ગણાયો. પુરુષોની સાથે શીખ સ્ત્રીઓને પણ મતાધિકાર મળ્યો. સ્ત્રીઓ પણ શીખ ધર્મસ્થાનમાં કોઈ પણ ધાર્મિક કે સામાજિક ફરજ બજાવી શકતી. અકાલી ચળવળથી પતિયાળા, નાભા, જીંદ અને ફરીદકોટનાં શીખ રાજ્યોના નાગરિકોમાં પણ સામાજિક જાગૃતિ આવી. આ પહેલાં તેઓ સામાજિક અને ધાર્મિક જુલ્મ નીચે પીડાતા હતા. અગાઉના શીખ રાજ્યોનાં ગામડાંમાં અકાલી જથાઓની કૂચને પરિણામે લોકોને આ રાજ્યોમાંના ત્રાસ સામે લડવાને સંગઠિત થવાનું નૈતિક બળ મળ્યું. એ નોંધવું રસપ્રદ છે કે અકાલી ચળવળનો અંત આવી ગયા પછી પણ શીખ રાજ્યોમાં પોતાના નેતા સરદાર સેવા સિંગ ઠીકરીવાળાના નેતૃત્વ તળે લોકોએ લડત ચાલુ રાખી. ભારત સ્વતંત્ર થયું અને શીખ રાજ્યોને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યાં ત્યાં સુધી પ્રજા મંડળ અને લોકોની રાજ્ય પરિષદે પોતાની લડત ચાલુ જ રાખી.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. નાભામાં અકાલી ચળવળ પ્રત્યે કૉંગ્રેસની કેવી નીતિ હતી ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. 1925માં થયેલા 'ગુરુદ્વારા - કાયદા'ના અમલથી શીખોનાં ધર્મસ્થાનોમાં કઈ રીતે લોકશાહી તંત્ર આવ્યું ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

3. અકાલી ચળવળની મુખ્ય ત્રણ સિદ્ધિઓ દર્શાવો.

(i) ........................................................................................................

........................................................................................................

........................................................................................................

(ii) ........................................................................................................

........................................................................................................

........................................................................................................

(iii) ........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 19.5 સારાંશ

શીખ ધર્મ ક્રિયાકાંડો તથા જ્ઞાતિવાદ સામેના વિરોધી આંદોલન તરીકે કઈ રીતે શરૂ થયો અને પછી તુરત તે જ્ઞાતિવાદ, ધાર્મિક ક્રિયાકાંડો, દહેજ વગેરે જેવાં સામાજિક અનિષ્ટોનો કઈ રીતે ભોગ બન્યો તેનો આ એકમમાં તમે અભ્યાસ કર્યો. તેમનાં ધાર્મિક સ્થાનોનો વહીવટ ઘણો ખરાબ હતો અને તે ભ્રષ્ટ પણ હતો. આ અનિષ્ટો નાબૂદ કરવા કેટલીક સુધારક ચળવળો થઈ. આમાં અકાલી ચળવળ સૌથી શક્તિશાળી હતી અને તે ઘણા વિસ્તારોમાં પ્રસરી હતી. બ્રિટિશ સરકાર અકાલીઓની માગણીઓ પ્રત્યે નિષ્ઠુર હતી અને તેણે આ ચળવળને દાબી દેવા બધા પ્રયત્નો કર્યા. અકાલી આંદોલને રાષ્ટ્રીય ચળવળ સાથે જોડાણ કર્યું. એથી તેને રાષ્ટ્રીય નેતાઓનો સંપૂર્ણ સાથ મળ્યો. લાંબા સંઘર્ષ પછી અકાલી સુધારકો પોતાનાં ધર્મસ્થાનોને લાંચિયા અને ભ્રષ્ટ વહીવટમાંથી મુક્ત કરવામાં સફળ થયા. ગુરુદ્વારાઓને લાંચ રુશવતથી પર બનાવવામાં આવ્યા અને તેમાં કોઈ પણ પ્રકારના જ્ઞાતિના ભેદભાવ વગર સૌને પ્રવેશ મળ્યો. સરકારને 1925માં 'ગુરુદ્વારા-કાયદો' પસાર કરવાની ફરજ પડી જેનાથી શીખ ધર્મસ્થાનોનો વહીવટ લોકશાહી ઢબે શરૂ થયો.

## 19.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આનંદ લગ્ન** : દહેજ, વિધિઓ અને જાન વગર સાદી રીતે ઊજવાતાં લગ્ન

ગોડ્હેડ : ઈશ્વરનું દૈવી સ્વરૂપ

**મહંતો** : ગુરુદ્વારાના અધિપતિઓ જેમણે પોતાની સંસ્થાઓ સ્થાપી અને અનુયાયીઓ ઊભા કર્યા.

**મજહબી શીખો** : જેમને શીખ ધર્મસ્થાનોમાં પ્રવેશ અપાતો નહિ તેવા નીચલા થરના શીખો.

**પરિસર (વિસ્તાર)** : મોટા મકાન (અત્રે ગુરુદ્વારા)ની આસપાસનો દીવાલ સાથેનો બંધ વિસ્તાર

**ઐહિક (નાસ્તિક)** : ઈશ્વર કે ધાર્મિક સ્થાનને અવમાન્ય કરનાર

**મહેસૂલ મુક્ત જાગીર** : રાજ્ય દ્વારા વ્યક્તિ કે સંસ્થાઓને અપાતી મહેસૂલ મુક્ત જમીન

**સરબારાહ** : સરકાર- નિયુક્ત ગુરુદ્વારાના વહીવટકર્તાઓ

**શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)** : સુવર્ણ મંદિર તથા અકાલી તખ્તનો કબજો લીધા પછી અકાલીઓએ તેમને વહીવટ માટે નિયુક્ત કરેલી સમિતિ પછીથી પંજાબનાં બધાં ગુરુદ્વારાનો વહીવટ આ સમિતિ કરતી.

**દુન્યવી સત્તા** : ધાર્મિક બાબતો સિવાયની દુન્યવી બાબતો સાથે સંકળાયેલી સત્તા

**ઉદાસીઓ** : લાંબા વાળ, દાઢી, કડું અને કિરપાણ જેવાં શીખ ધર્મનાં બાહ્ય ચિહ્નો ધારણ નહિ કરનાર શીખ સંપ્રદાયના લોકો

## 19.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. સમાજનાં જે અનિષ્ટો સામે સુધારકોએ ચળવળ કરી તેમાં મુખ્યત્વે જ્ઞાતિબંધનો, કબરોની પૂજા, ઘણા દેવોની પૂજા, નિરક્ષરતા, દહેજ પ્રથા, કન્યાવિક્રય તથા દૂધપીતીનો સમાવેશ થતો હતો.
2. આનંદ કરાઈ એ લગ્નનું સાદું સ્વરૂપ હતું. (19.2.1 પેટા વિભાગ જુઓ) બાબા દયાળ દાસ, તેના પુત્ર દરબારસિંગ અને બાબા રામસિંગ.
3. કુકા ચળવળે સામાજિક અનિષ્ટો પ્રત્યે લોકોનું ધ્યાન દોર્યું. (19.2.2 પેટા વિભાગ જુઓ)
4. સિંઘ સભાએ નિરક્ષરતા સામે જેહાદ જગાવી અને લોકોમાં શિક્ષણ તથા રાષ્ટ્રીય ભાવના ફેલાવવા માટે ખાલસા કૉલેજો સ્થાપી. (વિગતો માટે 19.2.3 પેટા વિભાગ જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. શીખ ધર્મસ્થાનોમાં પ્રવર્તતાં મુખ્ય અનિષ્ટો - સરબારાહ દ્વારા ભંડોળનો ગેર ઉપયોગ, અસામાજિક તત્ત્વો મારફત ધર્મસ્થાનોનો દુરુપયોગ અને નીચલા થરના લોકોને ધર્મસ્થાનોમાં પ્રવેશવાની મનાઈ.
   (19.3.1 તથા 19.3.2 પેટા વિભાગ જુઓ)
2. નીચલા થરના લોકોને ધર્મસ્થાનોમાં પ્રાર્થના કરવા માટે પ્રવેશ આપવામાં આવતો નહિ. (19.3.2 પેટાવિભાગ જુઓ)
3. સરબારાહની નિયુક્તિ બ્રિટિશ સરકાર કરતી, તેથી તેઓ પોતાના માલિકોને ખુશ રાખવા પ્રયત્ન કરતા અને શીખ સમાજના મન્તવ્યની અવગણના કરતા.
   (19.3.2 પેટા વિભાગ જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. લાંચિયા મહંત પાસેથી નાનકનાના ગુરુદ્વારા જન્મ સ્થાનનો કબજો લેવા જતા અકાલી સુધારકોની શાંત કૂચ કરુણ ઘટનામાં પરિણમી. આ સુધારકો ગુરુદ્વારાનો કબજો શા માટે લેવા માગતા હતા ? (19.3.3 પેટા વિભાગ જુઓ)
2. નાનકાનાની કરુણ ઘટના પછી મહાત્મા ગાંધી અને અન્ય રાષ્ટ્રીય નેતાઓએ પંજાબની મુલાકાત લીધી અને અકાલીઓને સંપૂર્ણ ટેકો આપ્યો. અકાલીઓ પણ અસહકારની લડતમાં જોડાયા. (19.3.3 અને 19.3.4 પેટા વિભાગ જુઓ)
3. સુવર્ણ મંદિરનો કબજો લીધા બાદ અકાલીઓએ તિજોરીની ચાવીઓ પોતાને સોંપી દેવા માટે માગણી કરી. બ્રિટિશ સરકારે આ માગણી સ્વીકારી કારણ કે તેને આ સમયે ગાંધીજીની અસહકારની લડતનો સામનો કરવો પડતો હતો અને તે આ લડતથી અકાલીઓને અલગ પાડવા માગતી હતી. (19.3.4 પેટા વિભાગ જુઓ)

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ નાભામાં અકાલી માગણીને ટેકો આપ્યો અને ખાસ નિરીક્ષકો મોકલ્યા (19.3.6 પેટા વિભાગ જુઓ)
2. 1925માં 'ગુરુદ્વારા કાયદો' પસાર થયા પછી જ્ઞાતિ કે પંથના કોઈ પણ ભેદભાવ વગર પ્રત્યેક શીખ ધર્મસ્થાનોની વહીવટ કરતી શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિમાં ચૂંટાઈ શકતો. સ્ત્રીઓને પણ મતદાનનો હક મળ્યો. (19.4 પેટા વિભાગ જુઓ)
3. તમારા જવાબમાં સિદ્ધિઓ - જેવી કે જ્ઞાતિબંધનોની નાબૂદી, લોકોના પૈસાના ગેરઉપયોગનો અંત, અસામાજિક તત્ત્વોથી ગુરુદ્વારાની મુક્તિ અને વંશપરંપરાગત મહંત પ્રથાનો અસ્ત વગેરેનો સમાવેશ થવો જોઈએ. આનાથી લોકોમાં સામાજિક તથા રાજકીય જાગૃતિ આવી તેનો પણ તમારા જવાબમાં ઉલ્લેખ થવો જોઈએ.

# એકમ 20 પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં બિન-બ્રાહ્મણ આંદોલન (The Non-Brahmin Movement in Western and Southern India)

**રૂપરેખા**


20.0 ઉદ્દેશો
20.1 સામાજિક અને સાંસ્કૃતિક પૂર્વભૂમિકા
20.2 મહારાષ્ટ્રમાં સાંસ્કૃતિક લડત
    20.2.1 જોતિરાવ ગોવિંદરાવ ફૂલે (1827 - 1890)
    20.2.2 વીસમી સદીના પ્રારંભે બિન-બ્રાહ્મણ ચળવળ
    20.2.3 ચળવળનું સ્વરૂપ
20.3 દક્ષિણ ભારતમાં બિન-બ્રાહ્મણ ચળવળો
    20.3.1 તામિલનાડુમાં સ્વમાન માટેની લડત
    20.3.2 જસ્ટિસ પક્ષ અને બિન-બ્રાહ્મણ રાજકારણ
    20.3.3 ઈ.વી. રામસામી નાયકર (1879-1893) અને સ્વમાન માટેની લડત
    20.3.4 આંધ્રમાં સ્વમાન માટેની લડત
    20.3.5 કર્ણાટકમાં બિન-બ્રાહ્મણ ચળવળ
20.4 ચળવળોનું તુલનાત્મક પૃથક્કરણ
20.5 સારાંશ
20.6 ચાવીરૂપ શબ્દો
20.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 20.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેના મુદ્દાઓ વિશે જાણકારી મેળવી શકશો :

- પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારતમાં બ્રિટિશ (પાશ્ચાત્ય) વિચારસરણી તથા પ્રણાલિકાગત સામાજિક વ્યવસ્થા સામે સામાજિક અને સાંસ્કૃતિક સંઘર્ષ.
- બ્રિટિશ શાસન તથા પ્રણાલિકાગત સામાજિક વ્યવસ્થા સામેના પડકારનું સ્વરૂપ.
- પ્રદેશ પ્રમાણે આ ચળવળોનાં સ્વરૂપ તથા લક્ષણોમાં ભિન્નતા.
- આ ચળવળોની મૂળભૂત મર્યાદાઓ.

## 20.1 સામાજિક અને સાંસ્કૃતિક પૂર્વભૂમિકા (Social and Cultural Bakcground)

19મી સદીની સામાજિક અને સાંસ્કૃતિક લડત એ બ્રિટિશ સાંસ્થાનિક શાસન તથા પ્રણાલિકાગત સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાના વર્ચસ્વ સામેનો પડકાર હતો. પ્રાદેશિક તેમ જ રાષ્ટ્રીય કક્ષાએ બુદ્ધિજીવીઓના સંગઠન સ્થપાતાં પ્રણાલિકાતગત સામાજિક વ્યવસ્થાની ઊણપો વિશે સભાનતા આવી, જે ઊણપોનો સામનો, પાશ્ચાત્ય વિચારસરણીથી કરવાનો ખ્યાલ વિકાસ પામ્યો. આધુનિક વિચારસરણીનો ઉદય સાંસ્થાનિક સામ્રાજ્ય હેઠળ પ્રવર્તતી ભૌતિક, સામાજિક તથા રાજકીય સ્થિતિથી પ્રભાવિત થયેલો હતો. આ વિચારસરણી દેશના જુદા જુદા ભાગોમાં જુદી જુદી ચળવળોથી અમલી બની. 19મી સદીમાં કેટલીક સામાજિક-સાંસ્કૃતિક ચળવળો ઉદ્ભવી, જેણે ભારતીય સંસ્કૃતિ તથા પ્રણાલિકાગત સંસ્થાઓને સુધારવાનો અને તેમને નવું જોમ આપવાનો પ્રયત્ન કર્યો.

અસમાનતા અને સામાજિક વિભાજન લાવતી જ્ઞાતિપ્રથા, સતી જેવી અમાનવીય પ્રથા, બાલહત્યા, બહુદેવવાદ (Polytheism) વગેરે જેવાં અનિષ્ટોમાંથી મુક્તિ, તર્કશુદ્ધતા, સહિષ્ણુતા અને માનવ ગૌરવના આદર્શોની સહાયથી સખત ટીકા કરવામાં આવી. અંગ્રેજી ભણેલ મધ્યમ વર્ગે સંગઠિત થઈને અસમાનતા તથા ઊંચ-નીચના ભેદભાવ દાખવતી જ્ઞાતિપ્રથા સામે શ્રેણીબદ્ધ સામાજિક અને સાંસ્કૃતિક લડતો આપી. તેઓએ વિધવાવિવાહ, સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓને મિલકતમાં સમાન હક જેવા પ્રશ્નો લઈને સ્ત્રીઓની મુક્તિ માટે પણ પ્રયાસો કર્યા. 19મી સદીના સુધારકોએ બુદ્ધિવાદ અને સર્વસામાન્ય ધાર્મિકતા જેવા બે અગત્યના આદર્શોનો ઉપયોગ કર્યો, જેને પરિણામે મહારાષ્ટ્રમાં જોતીબા ફૂલે જેવા ઉદ્દામ સામાજિક સુધારકોનો ઉદય થયો. આ બુદ્ધિજીવી લડતો વિશ્વવ્યાપી પ્રચલિત ખ્યાલોથી પ્રભાવિત થયેલી હતી, જે સામંતશાહી સમાજવ્યવસ્થાને બદલે મધ્યમ વર્ગની સમાજ-વ્યવસ્થા લાવવા માગતી હતી. આ લડતો પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયેલ હોઈને તેમનું સાર્વાંગિક દર્શન અમુક બાબતોમાં પીછેહઠ કરનારું હતું, જે તાજેતરની કેટલીક ઉદ્દામ સામાજિક તથા સાંસ્કૃતિક લડતોથી સ્પષ્ટ થયું. આનો અભ્યાસ આપણે હવે પછીના વિભાગોમાં કરીશું.

## 20.2 મહારાષ્ટ્રમાં સાંસ્કૃતિક લડત (Cultural Struggle in Maharashtra)

મહારાષ્ટ્રમાં પ્રણાલિકાગત સમાજ-વ્યવસ્થા વર્ણાશ્રમ ધર્મ એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના અસમાન સામાજિક વિભાજન પર આધારિત હતી. સ્તરીય વ્યવસ્થા મુજબની જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેનો આંતરવ્યવહાર આભડછેટ તથા પવિત્રતાના ચુસ્ત ખ્યાલો મુજબ થતો. સર્વોચ્ચ સ્થાન બ્રાહ્મણ જ્ઞાતિનું હતું, જે ઘણા હકો અને વિશિષ્ટ અધિકારો ભોગવતી હતી. તેણે વિકસાવેલ ધાર્મિક ખ્યાલોથી તે સમાજ પર વર્ચસ્વ ધરાવતી હતી તથા તેને લીધે ઘણા વહેમો અને અમાનવીય ક્રિયાકાંડોને કાયદેસરની માન્યતા મળી હતી. સૌથી નીચું સ્થાન અતિ શૂદ્રો કે અસ્પૃશ્યોનું હતું, જેમને શિક્ષણ તથા અન્ય અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રમાં કુલ વસ્તીના 74.8 ટકા હિન્દુઓ હતા. 1881ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ લોક-સંખ્યાના 55.25 ટકા કુણબી અથવા મરાઠા હતા. ગ્રામ્ય સમાજમાં કુણબીઓ આર્થિક રીતે સક્ષમ હતા. તેઓ ધનિક ખેડૂતો હોવાને કારણે ખેતીના પાકોના ઉત્પાદન પર તેમનો અંકુશ હતો. આમ છતાં પ્રણાલિકાગત વિચારસરણી તથા જ્ઞાતિ-પ્રથાને લીધે તેઓ બ્રાહ્મણોને આધીન હતા. બીજી બાજુ બ્રાહ્મણો ક્રિયાકાંડો તેમ જ વિદ્યા-અભ્યાસની ઈજારાશાહીને લીધે અન્ય જ્ઞાતિઓ પર સારું એવું વર્ચસ્વ ભોગવતા હતા. બ્રિટિશ યુગ દરમિયાન બ્રાહ્મણોએ નવું અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. અને સાંસ્થાનિક વહીવટ પર પણ અંકુશ મેળવ્યો હતો. આથી નવો બુદ્ધિજીવી વર્ગ બહુધા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો, જેઓ અધિકારીઓ, અધ્યાપકો, નીચલી કક્ષાના અમલદારો, લેખકો, તંત્રીઓ કે વકીલો તરીકેના મહત્ત્વનાં સ્થાન ધરાવતા હતા. આ પરિસ્થિતિ બિન-બ્રાહ્મણ જ્ઞાતિઓને ભયજનક જણાતી હતી.

આ પ્રકારની (બ્રાહ્મણોના આધિપત્યવાળી) પ્રણાલિકાગત સમાજ વ્યવસ્થા સામે પાશ્ચાત્ય ઉદાર વિચારસરણી અપનાવેલ રાષ્ટ્રપ્રેમી બુદ્ધિજીવીઓ તથા ખ્રિસ્તી પાદરીઓએ ભારે જેહાદ જગાવી. સુધારાની ચળવળોને બે સ્પષ્ટ અને અલગ વિભાગમાં વહેંચી શકાય. જોતિરાવ ગોવિંદરાવ ફૂલે જેવા પ્રારંભિક ઉદ્દામ સુધારકોએ સમાનતા અને તર્કશુદ્ધતાના ધોરણે પ્રણાલિકાગત સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફારો કરવાના પ્રયત્નો કર્યા. જ્યારે પછીના મહદેવ ગોવિંદ રાનડે (1842-1901) જેવા મધ્યમ વર્ગી સુધારકોએ થોડા ફેરફારો સાથે પ્રાચીન પ્રણાલિકાઓ અને સંસ્કૃતિ તરફ વળવાનો અનુરોધ કર્યો. ફૂલેની ઉદ્દામ વિચારસરણીને પરિણામે મહારાષ્ટ્રમાં બિન-બ્રાહ્મણ ચળવળનો ઉદ્ભવ થયો.

### 20.2.1 જોતિરાવ ગોવિંદરાવ ફૂલે 1827-1890 (Jotirao Govindrao Phule 1827-1990)

**વ્યક્તિત્વ** : જોતિબા ફૂલે 1827માં પૂનામાં શૂદ્ર માલી કુટુંબમાં જન્મ્યા હતા. તેના પિતા માલિ કે ફૂલ વેચનાર હતા. પીડિત શૂદ્રોના વર્ગના જ હોવાને લીધે ફૂલે અતિ-શૂદ્ર એટલે કે મહર અને મંગ જેવા અસ્પૃશ્યોની સમસ્યાઓને સારી રીતે સમજી શક્યા અને તેમની સાથે જોડાઈ

ગયા. ફૂલેએ શરૂઆતનું શિક્ષણ પાદરીની શાળામાં લીધું, પણ 1833માં તેને તે છોડી દેવું પડ્યું.

1848માં થયેલા એક બનાવથી ફૂલે સામાજિક ક્રાન્તિકારી બની ગયા. જ્યારે તે એક બ્રાહ્મણ મિત્રના લગ્નમાં ગયા, ત્યારે કેટલાક રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ તેનું શૂદ્ર તરીકે અપમાન કર્યું. અને તેને સ્થાન છોડી જવા જણાવ્યું. આ અપમાને ફૂલેને જ્ઞાતિભેદ ભાવના તથા અમાનવીય અસ્પૃશ્યતાની પ્રથાનાં મૂળ શોધવા માટે પ્રેર્યા.

**સમાજ અને અર્થવ્યવસ્થા પરના વિચારો :** સત્યની શોધ માટે જોતિબા ફૂલેએ વેદો, મનુસ્મૃતિ, પુરાણો, બુદ્ધ, બસવેશ્વર, તીર્થંકરો, મધ્યયુગના ભક્તિ સંતો વગેરેના વિચારોનો ઊંડો અભ્યાસ કર્યો. તેમણે પાશ્ચાત્ય વિચારો તથા ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મનો પણ પરિચય મેળવ્યો. ફૂલેએ તર્કશુદ્ધતા તથા સમાનતાના ખ્યાલથી સમસ્ત સંસ્કૃતિ તથા પ્રણાલિકાના વિશે પોતાનો મત વ્યક્ત કર્યો. સમાનતાની દૃષ્ટિથી જ્ઞાતિપ્રથા, સત્તાધારી કૌટુમ્બિક રચના અને સ્ત્રીઓની પરાધીનતા તથા તર્કશુદ્ધતાની દૃષ્ટિથી વહેમો, ક્રિયાકાંડો અને પ્રણાલિકાગત સાંસ્કૃતિક વર્તન નાબૂદ કરવાનું ફૂલેને અનિવાર્ય લાગ્યું. આથી અસમાનતાની તરફેણ કરતા હિન્દુ ધર્મશાસ્ત્રોની પણ સંપૂર્ણ અવગણના કરવાનું ફૂલેએ યોગ્ય માન્યું. ડૉ. આંબેડકરની માફક ફૂલેએ પણ હિન્દુ ધર્મશાસ્ત્રો સામાન્ય પુસ્તકોની જેમ વાંચ્યા બન્નેનો હેતુ સત્ય શોધવાનો હતો. આને પરિણામે ફૂલેએ સામાજિક, ધાર્મિક, રાજકીય તથા આર્થિક બાબતો પરત્વે ઉદ્દામ વિચારો કેળવ્યા.

ચિત્ર-૧૬ જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલે

જોતિબા ફૂલેએ જ્ઞાતિપ્રથાને માનવ એકતા વિરુદ્ધની ગણાવી. પ્રચલિત જ્ઞાતિ પ્રથા શૂદ્રો-ખાસ કરીને અસ્પૃશ્યોને કાયમી પરાધીનતામાં રાખતી હતી. રખેને તેમના લાંબા પડછાયા બ્રાહ્મણોનાં ઘરોને અપવિત્ર કરે માટે સૂર્યોદય સમયે અસ્પૃશ્યોને શેરીઓમાં ચાલવાની મનાઈ હતી. બ્રાહ્મણોના અતિ-શૂદ્રો પ્રત્યેના આવા અમાનવીય વર્તને તથા તેમને સામાન્ય હકો આપવાના ઇન્કારે ફૂલેને જ્ઞાતિ પ્રથા સામે બળવો કરવા પ્રેર્યા.

ભૂતકાલીન ઇતિહાસનું પૃથક્કરણ કરીને ફૂલેએ અભિપ્રાય વ્યક્ત કર્યો કે વિદેશી આર્યોએ ભારતના મૂળ વતનીઓ - દ્રાવિડિયનોને જીતીને અસમાન જ્ઞાતિપ્રથા લાદી. આર્યોએ શૂદ્ર તરીકે નામ અપાયેલ દેશવાસીઓનું કાયમી શોષણ કરવા જ્ઞાતિપ્રથાનું (વર્ણ વ્યવસ્થાનું) કહેવાતું દૈવી મૂળ શોધી કાઢ્યું. શૂદ્રોનો સર્વસમતાવાદી ભૂતકાળ દર્શાવીને ફૂલેએ બ્રાહ્મણેતર જ્ઞાતિઓના લોકોમાં નૈતિક જુસ્સો પ્રેર્યો અને તેમની સૈકાઓ પુરાણી અસમાનતા અને અપમાનભરી સ્થિતિ સામે બળવો કરવા માટે તેમને સંગઠિત કર્યા.

હિન્દુ ધર્મ જ્ઞાતિપ્રથાને ન્યાયી ઠરાવતો હોવાથી ફૂલેએ તેનો સંપૂર્ણ ઇન્કાર કર્યો. તેના કટાક્ષમય લેખોથી વહેમો સામે જેહાદ ચલાવનારા તરીકે તેઓ જાણીતા થયા. ફૂલેએ હિન્દુ ધર્મમાં રહેલી વિસંવાદિતતાઓ ખુલ્લી પાડી. તેણે મૂર્તિપૂજા, ક્રિયાકાંડો, ધર્મગુરુનાં પદ, કર્મનો સિદ્ધાંત, પુનર્જન્મ, સ્વર્ગ વગેરેની સખત ટીકા કરી. ફૂલેના મત પ્રમાણે ઈશ્વર એક જ છે અને તે નિર્ગુણ છે. તેનો ધર્મ તેણે સત્યના રજૂ કરેલા ૩૩ સિદ્ધાંતો પર આધારિત છે, જેમાં પુરુષ અને સ્ત્રીની સમાનતા અને શ્રમના ગૌરવનો સમાવેશ થાય છે.

ફૂલેના જણાવ્યા પ્રમાણે બ્રાહ્મણોએ શૂદ્રોને વેદો વાંચવાની મનાઈ કરી કારણ કે તેમાં આર્યોએ શૂદ્રોને કઈ રીતે પીડ્યા અને પરાધીન બનાવ્યા તેને લગતી મૂળ હકીકત આપેલી છે. સ્વાભાવિક રીતે ફૂલે શિક્ષણને લોકોની મુક્તિ અને ક્રાન્તિનું એક મુખ્ય પરિબળ માનતા. ફૂલેનું સૂત્ર હતું, "જોમ વગર ધન નહિ, નૈતિકતા વગર જોમ નહિ, જ્ઞાન વગર નૈતિકતા નહિ, શિક્ષણ વગર જ્ઞાન નહિ." શિક્ષણ મારફત લોકોની અજ્ઞાનતા અને નિરક્ષરતા દૂર કર્યા વગર તેઓ પોતાની શારીરિક તથા માનસિક ગુલામી સામે બળવો કરી શકશે નહિ. ફૂલેએ બ્રિટિશ સરકારને સુધારક વર્ગના શિક્ષકો મારફત લોકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવા માટે અપીલ કરી. હિન્દુ સમાજમાં સ્ત્રીઓ અને અસ્પૃશ્યો એ સૌથી વધુ યાતના સહન કરનાર વર્ગો છે. ફૂલે માનતા હતા કે સ[illegible]માં અન્ય વર્ગોની મુક્તિ સ્ત્રીઓની મુક્તિ સાથે સંકળાયેલી છે. તેણે સ્ત્રીઓને અશિક્ષિત અને પુરુષોને પરાધીન રાખવા માટે બ્રાહ્મણોને જવાબદાર ઠેરવ્યા. તે સત્તાધારી કૌટુમ્બિક રચના તોડવા માટે આગ્રહી હતા. ફૂલેએ વર્ગો વર્ગો વચ્ચેની તેમ જ સ્ત્રી-પુરુષો વચ્ચેની સમાનતા માટે અનુરોધ કર્યો. લગ્નપ્રસંગોએ ફૂલેએ વરરાજાને પોતાની વધૂને શિક્ષણનો હક આપવાનું વચન આપવા જણાવ્યું હતું.

1885 માં પ્રસિદ્ધ થયેલ "ઇસારા" (ચેતવણી) નામની પત્રિકામાં ખેડૂત વર્ગના અર્થશાસ્ત્ર વિશે

ફૂલેના વિચારો દર્શાવવામાં આવ્યા છે. ખેતમજૂરો અને નાના ખેડૂતોના પ્રશ્નોથી પરિચિત ફૂલેએ તેમને તેમની લડતોમાં ટેકો આપ્યો. દા.ત. કોંકણમાં તેમણે ભાડવાત ખેડૂતોને સાથ આપ્યો, અને તેમનું શોષણ કરવા માટે ખોટા લોકોની ટીકા કરી. જોકે ફૂલેએ મોટે ભાગે સિંચાઈની સગવડતા, દેવું, ધીરધાર કરનારાને જમીનની સોંપણી, કરબોજ જેવા તાત્કાલિક અગત્યના પ્રશ્નો હાથ પર લીધા, તો પણ આ પરત્વે તે કોઈ સુસંગત આર્થિક વિચારસરણી રજૂ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા.

ફૂલેએ બ્રિટિશ શાસનને શૂદ્રોની ગુલામી નાબૂદ કરવાનું એક સાધન માન્યું, અને તેમના શાસન તળે સમાજના ક્રાન્તિકારી પરિવર્તનની આશા રાખી. રાજકીય ક્ષેત્રે એક વર્ગ તરીકે ખેડૂતોને પ્રવેશ આપનાર ફૂલે પ્રથમ હતા. તે રાષ્ટ્રીય મહાસભાના વિરોધી હતા, કારણ કે તેણે ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપ્યું નહિ. રાષ્ટ્રનો તેમનો ખ્યાલ મુક્તિ અને સમાનતા પર આધારિત હતો.

**પ્રવૃત્તિઓ** : ફૂલેએ પોતાના વિચારોનો પ્રચાર કરવા નીચેનાં સાધનોનો ઉપયોગ કર્યો.

સામયિકો અને મેગેઝિનો તથા પુસ્તકો અને પત્રિકાઓનું પ્રકાશન, મરાઠી ભાષામાં લખાણો અને વકતવ્યો.

ફૂલેએ પોતાના વિચારોનો ફેલાવો કરવા તથા આર્યોની વૈદિક પ્રણાલિકાનું ત્રાસવાદી સ્વરૂપ ખુલ્લું પાડવા મરાઠીમાં "દિન-બન્ધુ" નામનું સામયિક પોતાના તંત્રીપદે પ્રસિદ્ધ કર્યું.

1873માં પ્રકાશિત કરેલ "ગુલામગિન" (ગુલામી) નામના પોતાના પુસ્તકમાં ફૂલેએ બ્રાહ્મણ આધિપત્ય નીચેની શૂદ્રોની ગુલામીના ઐતિહાસિક મૂળાધારોની વિસ્તૃત ચર્ચા કરી અને તેની અમેરિકામાંની નીગ્રોની ગુલામી સાથે સરખામણી કરી.

'સેતકર્યાંચા અસુદા' (ખેડૂતોના ચાબુકની દોરી)માં ફૂલેએ ખેડૂતો પોતાની યાતના તથા શોષણના નિવારણ માટે શું કરી શકે તેની વિસ્તૃત છણાવટ કરી.

1870થી ઉદારમતવાદી મધ્યવર્ગી સુધારકો અને ફૂલેના ઉદ્દામવાદી સમર્થક સુધારકો એકબીજાથી વિરૂદ્ધ દિશામાં કાર્ય કરવા લાગ્યા. ફૂલેનું ધ્યેય તર્કશુદ્ધતા, સમાનતા તથા માનવતાવાદના સિદ્ધાંતો પર આધારિત સંપૂર્ણ રીતે પરિવર્તિત સામાજિક-સાંસ્કૃતિક માળખું રચવાનું હતું. તેનું પ્રાથમિક કાર્ય અસમાનતા વિશે લોકોમાં સભાનતા કેળવવાનું હતું. ફૂલેએ બ્રાહ્મણ સાહિત્યનું વિવેચનાત્મક ઢબે પૃથક્કરણ કરીને તથા તેને ખુલ્લું પાડીને આ કાર્ય સિદ્ધ કર્યું.

ફૂલેએ વાસ્તવિક આચરણમાં પણ પોતાના વિચારોનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો. તેણે 1851માં કન્યાઓ માટે એક તથા શૂદ્રો માટે એક એમ બે શાળાઓ શરૂ કરી. વિધવાઓને માટે આશ્રમ તથા રક્ષણ અપાયાં. શૂદ્રોને પીવાનું પાણી મળે તે માટે ફૂલેએ પોતાના રહેઠાણની પાસે પાણીની ટાંકીની વ્યવસ્થા કરી, બ્રાહ્મણવાદ અને તેની વિચારસરણીનો સામનો કરવા માટે ફૂલેએ 1875માં "સત્ય શોધક સમાજ"ની સ્થાપના કરી. ફૂલેએ શાહુકાર-જમીનદારો દ્વારા ભારે ભાડાની વસૂલાત સામે જુન્નારમાં ભાડવાત-ખેડૂતોનું સંગઠન રચ્યું. આને લીધે સરકારને ભાડાનું નિશ્ચિત ધોરણ ઠરાવવાની ફરજ પાડી.

આમ જીવનભર ફૂલેએ નીચલા થરના લોકોનો પક્ષ લીધો. તેમણે અસમાન જ્ઞાતિ પ્રથા નાબૂદ કરવા અને પ્રજાકીય ન્યાયની સ્થાપના કરવા માટે ભારે પ્રયાસો કર્યા. જોતિબા ફૂલે જ્ઞાતિપ્રથાની અસમાનતાઓ તથા શૂદ્રોના આર્થિક પછાતપણા અને સામાજિક પરાધીનતા વચ્ચેના સંબંધ પરત્વે પૂરેપૂરા જાણકાર હતા. આમ છતાં તે સાંસ્થાનિક શાસન (બ્રિટિશ શાસન)નું સાચું સ્વરૂપ પારખવામાં નિષ્ફળ ગયા અને અન્ય ઉદારમતવાદીઓની માફક, આ શાસનની વિકાસશીલ ભૂમિકામાં માનતા હતા. ફૂલેએ કલ્પેલ આ સામાજિક ક્રાન્તિ ખેડૂતોની સમસ્યાઓના નિકાલ વગર તથા સંસ્થાનવાદને નાબૂદ કર્યા સિવાય શક્ય ન હતી.

### 20.2.2 વીસમી સદીના પ્રારંભે બિન-બ્રાહ્મણ ચળવળ (Non-Brahmin Movement in the Early Twentieth Century)

1890માં જોતિબા ફૂલેના અવસાન પછી તેમના સત્ય શોધક સમાજની પ્રવૃત્તિઓ મંદ પડી ગઈ, જો કે કોલ્હાપુરમાં જુલાઈ 1913માં છત્રપતિ શાહુ મહારાજે (1874-1922) સત્ય શોધક સમાજની પુનઃસ્થાપના કરી. તો પણ તેની પ્રવૃત્તિનું ક્ષેત્ર મર્યાદિત રહ્યું. નીચલા થરના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, શિષ્યવૃત્તિઓ વગેરેની જોગવાઈ કરીને છત્રપતિ શાહુ મહારાજાએ બિન-બ્રાહ્મણ ચળવળને આગળ ધપાવી. 1913 થી 1922ની વચ્ચે યોજાયેલી કેટલીક બિન-બ્રાહ્મણ તથા ક્ષત્રિય જ્ઞાતિની પરિષદો સાથે પણ શાહુ મહારાજ સંકળાયેલ હતા. શાહુ મહારાજના નેતૃત્વ

તળે બિન-બ્રાહ્મણ ચળવળ વેપારીઓ તથા બિન-બ્રાહ્મણ જ્ઞાતિના ઉપલા વર્ગના જમીનદારો હસ્તક આવી. જેનો ઉપયોગ તેઓએ રાજકીય લાભો મેળવવામાં કર્યો. શાહુ મહારાજે પોતાને તથા પોતાની જાતિ માટે વર્ણાશ્રમ ધર્મમાં ક્ષત્રિયનો દરજ્જો મેળવવા માટે મુખ્ય લડાઈ લડી. ફૂલેની વિચારસરણી પ્રત્યેની આ તો બેવફાઈ જ હતી, કારણ કે તેનાથી શૂદ્ર જ્ઞાતિઓ સામાજિક હલકાપણું તથા ગરિબાઈની સ્થિતિમાં જ સબડતી રહી.

1918 બાદ મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાના અમલ સમયે શાહુ મહારાજે મદ્રાસના જસ્ટિસ પક્ષ સાથે મળીને ધારાસમિતિઓમાં પછાત જાતિઓ માટે ખાસ રાજકીય પ્રતિનિધિત્વની માગણી કરવા માટે ચળવળનો ઉપયોગ કર્યો. આમ સત્ય શોધક ચળવળ તેના મુખ્ય ધ્યેયથી વિમુખ બની અને બિન-બ્રાહ્મણ ઉપલા વર્ગના જમીદારોના ફાયદા માટેની લડત બની.

### 20.2.3 ચળવળનું સ્વરૂપ (Character of the Movement)

અનિલ સીકા જેવા ઇતિહાસકારોના મન્તવ્ય પ્રમાણે બ્રાહ્મણો પ્રણાલિકાગત રીતે પંડિતો હોવાથી તેઓએ ઝડપથી સાંસ્થાનવાદી પદ્ધતિ ગ્રહણ કરી લીધી અને ધંધા તથા અમલદારશાહીની તકોનો ઇજારો લઈ લીધો. પરિણામે બ્રાહ્મણ ઇજારાશાહી સામે બિન-બ્રાહ્મણોએ અવાજ ઉઠાવ્યો. આમ છતાં જોતિબા ફૂલેના સામાજિક સુધારાનું ઊંડું પૃથક્કરણ કરતાં સ્પષ્ટ થાય છે કે તેનામાં સામાજિક અસમાનતા તથા શૂદ્રોની સામાજિક પરાધીનતા અને આર્થિક પછાતપણા વિશે પૂર્ણ સભાનતા હતાં. શૂદ્રો પોતાની સામાજિક-પરાધીનતા વિશે જાગ્રત બને તે માટે ફૂલે આગ્રહી હતા. ફૂલેએ પ્રચલિત સામાજિક અને ધાર્મિક મૂલ્યોમાં ક્રાન્તિ લાવવા માટે નક્કર વિચારસરણી રજૂ કરી. તો પણ અમુક વારસાગત નબળાઈઓને લીધે કોલ્હાપુરના શાહુ મહારાજે લડતને ઉદ્દામ માર્ગેથી અન્યત્ર વાળી દીધી. ફૂલેને લોકોની આર્થિક સ્થિતિ તથા તેમની સંસ્કૃતિ વચ્ચેના જોડાણની કોઈ કડી માલૂમ પડી ન હતી. ફૂલેએ બ્રિટિશ શાસનને ટેકો આપ્યો, એથી તો વળી અંગ્રેજોએ ખેડૂતોના કરેલ શોષણ તથા તેઓએ સામાજિક અસમાનતાઓને સંમતિ આપતી પુરાણી સામંતશાહી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું સ્વરૂપ પણ સ્પષ્ટ થઈ શક્યું નહિ.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વર્ણાશ્રમ ધર્મ એટલે શું ? તેમાં અતિ-શૂદ્રોનું સ્થાન કેવું હતું ?

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. જોતિબા ફૂલે સામાજિક ક્રાન્તિકારી કઈ રીતે બન્યા ?

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. જોતિબા ફૂલેના મુખ્ય વિચારો કયા કયા હતા ?

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

4. 'સત્ય શોધક સમાજ' એટલે શું ?

   ..........................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

5. જોતિબા ફૂલેના મૂળ આદર્શોથી શાહુ મહારાજ કઈ રીતે જુદા માર્ગે ગયા ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 20.3 દક્ષિણ ભારતમાં બિન-બ્રાહ્મણ ચળવળો (Non-Brahmin Movements in South India)

મદ્રાસ પ્રાંતમાં બ્રાહ્મણો હિન્દુ વસ્તીના 3.3 ટકા જ હતા. પરંતુ ક્રિયાકાંડોને લીધે ઊંચ-નીચવાળી આખી સામાજિક વ્યવસ્થા પર તેમનું પ્રભુત્વ હતું અને આથી તેઓ બીજી જ્ઞાતિઓ કરતાં ચઢિયાતું સ્થાન ધરાવતા હતા. પ્રણાલિકાગત પંડિત વર્ગ હોવાને લીધે બ્રાહ્મણોએ ઝડપથી અંગ્રેજી શિક્ષણ ગ્રહણ કરી લીધું અને સાંસ્થાનિક અમલદારશાહી તથા ધંધામાં પોતાની તકોનો ઇજારો કરી લીધો. આનાથી બિન-બ્રાહ્મણ જાતિઓમાં દુશ્મનાવટ અને ઈર્ષ્યાની લાગણી જન્મી. પરિણામે બિન-બ્રાહ્મણ ચળવળો શરૂ થઈ. આમ બ્રાહ્મણ અને બિન-બ્રાહ્મણ વચ્ચેનો સંઘર્ષ ધંધાની તકોની દૃષ્ટિએ વધારે ઉગ્ર બન્યો, તેમ છતાં તેનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક મૂળો ઘણાં ઊંડાં હતાં.

### 20.3.1 તામિલનાડુમાં સ્વમાન માટેની લડત (Self-Respect Movement in Tamil Nadu)

તાજેતરની ઐતિહાસિક કૃતિઓ દર્શાવે છે કે તામિલ પુનર્જાગૃતિથી દ્રવિડ સભાનતામાં વધારો થયો અને બિન-બ્રાહ્મણ ચળવળમાં તેનો રાજકીય આવિર્ભાવ થયો. 1887 થી 1904 વચ્ચે પ્રકાશિત થયેલા પટ્ટુપટ્ટુ, મણિમેકલાઈ, સિલાપ્પટીકારમ્, જેવાં પ્રમાણભૂત તામિલ પુસ્તકોને આધારે તામિલ વિદ્વાનોએ ભૂતકાલીન દ્રાવિડન સંસ્કૃતિનું ઉમદા ચિત્ર ઉપસાવ્યું હતું, જે આર્ય તથા સંસ્કૃત ભાષાયુક્ત સંસ્કૃતિથી ઘણું ભિન્ન હતું. તે જાણવું રસપ્રદ છે કે તામિલ સંસ્કૃતિના સ્વતંત્ર અસ્તિત્વનો પ્રથમ ખ્યાલ કાલ્ડવેલ નામે અંગ્રેજ વિદ્વાને આપ્યો, પછીથી તામિલ વિદ્વાનોએ આ ખ્યાલને વિકસાવ્યો. બિન-બ્રાહ્મણ તામિલ વિદ્વાનોએ વિધાન કર્યું કે શૈવ સિદ્ધાંત ફિલસૂફી જેવી ચઢિયાતી દ્રવિડ ધાર્મિક પદ્ધતિની આર્યોએ વિકૃત રીતે રજૂઆત કરી હતી અને તેઓએ દક્ષિણ હિન્દના લોકો પર જ્ઞાતિપ્રથા અને વેદનું શિક્ષણ લાદી લીધાં હતાં. આ પુનઃસંસ્થાપિત સાંસ્કૃતિક એકતા 1916 પછી બિન-બ્રાહ્મણ ચળવળમાં સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થઈ.

### 20.3.2 જસ્ટિસ પક્ષ અને બિન-બ્રાહ્મણ રાજકારણ (Justice Party and Non-Brahmin Politics)

જસ્ટિસ પક્ષ તરીકે જાણીતા થયેલ દક્ષિણ ભારત ઉદારમતવાદી સંગઠનની રચના સાથે મદ્રાસ શહેરમાં 1916માં બિન-બ્રાહ્મણ અસંતોષે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું. તેણે મદ્રાસ પ્રાંતના મુસ્લિમો, ખ્રિસ્તીઓ તથા અસ્પૃશ્યો સહિત તમામ બિન-બ્રાહ્મણ જાતિઓના પ્રતિનિધિ હોવાનો દાવો કર્યો. આ સંગઠનના સ્થાપકો ટી.એન.નાયર, પી.ત્યાગરાયા ચેટ્ટી અને સી.નટેસા મુદલિયાર હતા. પ્રાંતીય ધારાસભામાં અનામત બેઠકો રાખવા માટેની જસ્ટિસ પક્ષના નેતાઓની શરૂઆતની માગણીમાં પછીથી શિક્ષણ, જાહેર નિમણૂકો તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની નિયુક્તિમાં છૂટછાટ આપવા માટેની માગણીઓનો સમાવેશ કરવામાં આવ્યો.

બિન-બ્રાહ્મણ ધંધાદારી મધ્યમ વર્ગના ઉદય તથા પોતાના રાજકીય વિચારો વ્યક્ત કરવા માટે

થયેલ જસ્ટિસ પક્ષની ત્રીશીના સમય સુધી રાજકીય ક્ષેત્ર પર પ્રભુત્વ ભોગવ્યું. આમ છતાં જસ્ટિસ પક્ષનો સામાજિક આધાર બિન-બ્રાહ્મણ અગ્રેસર જમીનદારો તથા શહેરી વેપારી જૂથો હોવાને કારણે આ સામંતશાહી અને વેપારી વર્ગોના રાજકીય હિતો જ આ પક્ષે જાળવ્યાં. વીશીના ગાળામાં જસ્ટિસ પક્ષમાં આંતરિક સંઘર્ષ થયો. અમુક સભ્યોને લાગ્યું કે પક્ષે બિન-બ્રાહ્મણ સમાજ અને સંસ્કૃતિના પુનરુત્થાન અને સુધારા માટે કાર્ય કરવું જોઈએ અને ધંધા તેમ જ નોકરીઓની શોધમાં પોતાની જાતને મર્યાદિત રાખવી જોઈએ નહિ. સાંસ્કૃતિક સુધારણા મારફત સામાજિક ઉત્કર્ષ કરવાની આ માગણી પ્રત્યે પક્ષની સામંતશાહી અને વ્યાપારી માનસ તેમ જ સંકુચિત સામાજિક અને રાજકીય દષ્ટિ ધરાવતી નેતાગીરીએ દુર્લક્ષ કર્યું. બીજી બાજુ 1920-22 ની આમજનતા લક્ષી રાષ્ટ્રીય લડત પછી બિન-બ્રાહ્મણ ખેડૂત વર્ગની રાજકીય જાગૃતિ વધી અને તેને રાષ્ટ્રીય લડતો પ્રત્યે આકર્ષણ થયું. ખાસ કરીને 1927-28 પછી સામૂહિક રાષ્ટ્રીય લડતે જસ્ટિસ પક્ષની પ્રતિષ્ઠા ઝાંખી પાડી દીધી. આ સમયે હિન્દી રાષ્ટ્રીય મહાસભાની નીતિથી નિરાશ થયેલ ઈ.વી.આર.નાયકર જેવા બિન-બ્રાહ્મણ બુદ્ધિજીવી નેતાએ "સ્વમાન માટે લડત" તરીકે જાણીતી થયેલી એક અલગ લોક-લડત ઉપાડી, આનાથી મદ્રાસની બિન-બ્રાહ્મણ ચળવળે નવો વળાંક લીધો.

### 20.3.3 ઈ.વી.રામસામી નાયકર (1879-1973) અને સ્વમાન માટેની લડત (E. V. Ramasami Naicker (1879-1973) and the Self-Respect Movement)

પેરિયાર તરીકે લોકપ્રિય થયેલા ઈ.વી.રામસામી નાયકર એરોડમાં 1879 માં જન્મ્યા હતા. નાની વયે પણ તેમણે જ્ઞાતિબંધનોના નિયમો સામે બળવો કર્યો હતો અને આંતર-જ્ઞાતિય ભોજનમાં ભાગ લીધો હતો. ગાંધીજીના અનુયાયી તરીકે તેમણે કેરાલાનાં વૈકોમ મુકામેના સત્યાગ્રહમાં અગ્ર ભાગ લીધો અને હરિજનોને સંપૂર્ણ સાથ આપ્યો. 1922માં પોતે કૉંગ્રેસના સભ્ય હોવા છતાં પણ પરિયારે હિન્દુ પૌરાણિક શાસ્ત્રોને તિલાંજલિ આપી. કારણ કે તેમને ખાતરી થઈ ગઈ હતી કે આ શાસ્ત્રો વિકૃત અસર ઉપજાવતાં હતાં. રામાયણ અને મનુસ્મૃતિ જેવા ગ્રંથોને પણ બાળી નાખવાની હિમાયત કરવાની હદે તેઓ પહોંચ્યા. 1925માં રામસામી નાયકરે "કુડી અરસુ" (Kudi Arasu) નામે વર્તમાન પત્ર શરૂ કર્યું અને તે ઉદ્દામવાદી સામાજિક સુધારક તરીકે જાણીતા બન્યા. પેરિયારે મદ્રાસ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના મંત્રીપદેથી રાજીનામું આપ્યું, કારણ કે કૉંગ્રેસ સંચાલિત એક ગુરુકુળ શાખામાં બ્રાહ્મણો અને બિન-બ્રાહ્મણો માટે ભોજનની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે 1925માં કૉંગ્રેસનો ત્યાગ કર્યો, ત્યારે તેમણે જાહેર કર્યું કે હવે પછીનું તેઓનું કાર્ય કૉંગ્રેસને વિખેરી નાખવાનું હશે. 1927માં વર્ણાશ્રમ ધર્મના પ્રશ્ને તેઓ ગાંધીજીથી પણ અલગ થઈ ગયા. સોવિયેટ સંઘની મુલાકાત લીધા પછી પેરિયારે દ્રવિડ વિચારસરણીમાં માર્ક્સવાદી વિચારસરણીનો ઉમેરો કર્યો. મે, 1933માં "કુડી અરસુ"માં પ્રસિદ્ધ થયેલ તેમના લેખમાં પેરિયારે લખ્યું કે "સ્વમાનની લડત"નો સાચો માર્ગ મૂડીવાદીઓ તથા ધર્મની ક્રૂરતાનો નાશ કરવાનો છે, આનાથી જ તેમના (બિન-બ્રાહ્મણ લોકોના) પ્રશ્નો હલ થઈ શકશે.



ચિત્ર-૧૭ ઈ.વી. રામસામી નાયકર

**સમાજ વિશેના વિચારો :** પેરિયારે બ્રાહ્મણોની સર્વોપરીતા તથા ધર્મ પર આકરા પ્રહારો કર્યા. મહારાષ્ટ્રના ફૂલેની માફક તેણે જ્ઞાતિપ્રથા પર પણ પ્રહારો કર્યા. સમાનતા તથા માનવમાત્રના આત્મગૌરવના ખ્યાલનો તેમણે પ્રચાર કર્યો. સામાજમાં સૌથી પીડિત વર્ગોમાંની એક સ્ત્રીવર્ગની સમાનતા તથા તેના આત્મગૌરવની ભાવનાનો પ્રચાર કરનાર એક માત્ર સુધારક પેરિયાર હતા. પેરિયારના નેતૃત્વ નીચેની "સ્વમાનની લડતે" કુટુંબ તથા સમાજમાં સ્ત્રીની પરાધીન સ્થિતિ બદલવા પ્રયત્નો કર્યા. તેણે પોતાના અખબાર "કુડી અરસુ" મારફત જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્ત્રીની સ્વાયત્તતા તથા મુક્તિનો સ્વીકાર થાય અને તેનું ગૌરવ વધે તેવી વિચારસરણીને લોકપ્રિય બનાવવા પ્રયત્નો કર્યા. હવે આપણે પેરિયરના ઉદ્દામ વિચારોનો ઊંડાણથી અભ્યાસ કરીએ. ધર્મ અને ધર્મશાસ્ત્રો તર્કશુદ્ધતાની વિરુદ્ધ હોવાની દલીલ પેરિયાર કરતા. બિન-બ્રાહ્મણો તથા સ્ત્રીના નીચા સામાજિક સ્થાન માટે ધર્મ જવાબદાર છે તેમ પેરિયાર માનતા. તેમણે જન્મ, મરણ કે લગ્ન પ્રસંગોની વિધિઓ વખતે ધર્મગુરુઓની સેવા નહિ લેવાનો બિન-બ્રાહ્મણોને આગ્રહ કર્યો. આનાથી બ્રાહ્મણ પંડિત વગરના "સ્વમાન-લગ્નો" લોકપ્રિય થયાં. આવાં લગ્નોમાં વરરાજા અને વરવધૂ જીવનમાં એક બીજાને સમાન ગણવાની પ્રતિજ્ઞા લેતાં, ફૂલોની માળાઓની

અદલાબદલી કરતાં અને હાજર રહેલા વડીલો નવદંપતીને આશીર્વાદ આપતા. એ નોંધવું રસપ્રદ છે કે આમાંના કેટલાંક લગ્નો આંતર-જ્ઞાતિય લગ્નો હતાં.

જોતિબા ફૂલેની માફક પેરિયારને પણ જ્ઞાતિપ્રથા અને ધર્મ વચ્ચે કોઈ તફાવત જણાતો નહિ. ધનને લીધે ઊભા થયેલા વર્ગીય ભાગલા કરતાં પણ જ્ઞાતિપ્રથાએ ઊભી કરેલી સામાજિક અસમાનતા, સમાનતાની આડે વધારે મોટા વિઘ્નરૂપ હતી.

**સક્રિય કાર્યકર :** "સ્વમાનની લડત"ને સ્ત્રીઓની પરાધીનતા પ્રચલિત જ્ઞાતિપ્રથાને આભારી ગણી. સામાજિક માળખાંના માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે ધર્મ અને ધર્મશાસ્ત્રોનો ઇન્કાર કરીને સમાનતા તથા ન્યાયના ધોરણે નવા સમાજનું નિર્માણ કરવા પેરિયારે અનુરોધ કર્યો. તેણે સ્ત્રીઓની આર્થિક સ્વાયત્તતા માટે તેમને ધંધાદારી તાલીમ અને શિક્ષણ આપવાની હિમાયત કરી.

પરિયારે સંતતિ-નિયમન તથા વિધવાવિવાહના પ્રશ્ને વ્યક્ત કરેલા વિચારોમાં તેનો સામાજિક ઉદ્દામવાદ સ્પષ્ટ થાય છે. વિધવાએ પુનર્લગ્ન કરવાં કે ન કરવાં તે સંબંધી શાસ્ત્રો તથા પુરુષોને પોતાના વિચારો દર્શાવવાના હકને પેરિયારે પડકાર ફેંક્યો. છૂટાછેડા સંબંધી તેમણે જણાવ્યું કે સ્ત્રીનો તે અબાધિત હક હતો. પેરિયારે જાહેર કર્યું કે આપણા લગ્નવિષયક કાયદાઓ સ્ત્રીને પરાધીન રાખવાના હેતુથી ઘડાયેલા છે. આ સત્ય હકીકતને ઢાંકી દેવા માટે ક્રિયાકાંડો યોજવામાં આવે છે. પેરિયારે સ્ત્રીના સુખ, ગૌરવ તથા સ્વાતંત્ર્ય માટે છૂટાછેડાના હકને મજબૂત ટેકો આપ્યો. પેરિયાર સંતતિ-નિયમનને સ્ત્રીના સ્વાતંત્ર્યના કેન્દ્ર સમાન માનતા. સરકાર તેની સંમતિ ન આપે તોપણ લોકોને તેણે સંતતિ નિયમનનાં યોગ્ય સાધનો અપનાવવા માટે અનુરોધ કર્યો. સંતતિ-નિયમનની તરફેણમાં લોકમત કેળવવા "સ્વમાનની લડત"નું આ વિશેનું સાહિત્ય પ્રસારિત કર્યું. પેરિયારે સ્ત્રીઓની પવિત્રતા અથવા 'કર્યું' વિશેના પિતૃપ્રધાન-ખ્યાલો પર પણ પ્રહારો કર્યા.

**લડતની મર્યાદાઓ :** જોકે પેરિયારની લડતનો ભૌગોલિક વિસ્તાર નાનાં શહેરો તથા ગ્રામ્ય પ્રદેશો સુધી થયો હતો, તોપણ તે આ લડત સામાજિક રીતે ઉપલી બિન-બ્રાહ્મણ જ્ઞાતિઓ પૂરતી મર્યાદિત રહી. પેરિયારના સામાજિક ઉદ્દામવાદ અને ધર્મ, તથા જ્ઞાતિપ્રથા સામેના તેમના સંઘર્ષ તેમ જ સ્ત્રીની પરાધીનતા વિશેની તેની સબળ રજૂઆતની આ મૂળભૂત મર્યાદા હતી. આ કારણે 'માનસિક ગુલામી'માંથી દ્રાવિડન મુક્તિનું સમર્થન કરતી તથા સંસ્કૃતિ અને સમાજનાં માળખામાં મૂળભૂત ફેરફાર કરવા માગતી આ "સ્વમાનની લડત"નો વ્યાપક પ્રભાવ પડ્યો નહિ. અયોગ્ય દષ્ટિકોણથી તેને જોવાને પરિણામે પેરિયારે પોતાની લડતને રાજકીય ક્ષેત્ર સુધી વિસ્તારીને 1944માં જસ્ટિસ પક્ષ સાથે "સ્વમાનની લડતની સંસ્થા"ને જોડી દઈને તેમાંથી "દ્રવિડ કઝગમ" નામે નવો પક્ષ રચીને તેમણે આ હેતુ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. આનાથી પેરિયારની પહેલાંની સામાજિક સુધાર માટેની લડતનું સ્વરૂપ બદલાઈ ગયું. આ પછી વિડ કે બિન-બ્રાહ્મણ લડત માત્ર ચૂંટણીના સંકુચિત રાજકારણમાં વધારે ને વધારે રોકાતી ગઈ. આનાથી પેરિયારે બ્રાહ્મણ સંસ્કૃતિ તથા જ્ઞાતિ-પ્રથા સામે અગઉ ચલાવેલ લડત નિર્બળ બની ગઈ.

### 20.3.4 આંધ્રમાં સ્વમાન માટેની લડત (Self-Respect Movement in Andhra)

આન્ધ્રમાં જેને 'બ્રાહ્મનેથરો***પમાસ્ત્રું***'કહેતા, અને જેનો શાબ્દિક અર્થ હતો બ્રાહ્મણ અથવા બ્રાહ્મણેતર જાતિઓ દ્વારા શરૂ થઈ હતી તેવી લડત. તે ખાસ કરીને કમ્મા, રેહિ, બાલિજા તથા વેલામા જેવા બિન-બ્રાહ્મણ લોકોના સામાજિક ઉત્કર્ષ અને સાંસ્કૃતિક સુધાર માટે કરવામાં આવી હતી. ખેડૂતોનાં આ જૂથો પાસે પૂરતી જમીન તેમ જ આર્થિક વર્ચસ્વ હોવા છતાંએ, તેઓમાં આધુનિક અંગ્રેજી શિક્ષણ કે પછી પ્રણાલિકાગત વિધિવત્ દરજ્જો પણ ન હોવાને કારણે સમાજમાં ઉચ્ચ સ્થાન માટે તેઓ દાવો કરી શકે તેમ ન હતા. આથી સ્વાભાવિક રીતે જ તેઓએ બ્રાહ્મણોની ક્રિયાકાંડ તેમ જ સરકારી નોકરીઓની ઇજારાશાહી પર પ્રહારો કર્યા. આ ચળવળનાં મૂળ પોતાનું સામાજિક તથા સાંસ્કૃતિક સ્થાન નીચું હતું એવી સભાનતામાં રહેલાં હતાં. જમીન ધરાવતા ઉપલા વર્ગના ધનિક બિન-બ્રાહ્મણ લોકોને બ્રાહ્મણોએ શૂદ્રોની કોટિમાં ગણ્યા હતા. તેનું તેમને ભારે દુઃખ હતું.

કેટલાક ખાસ બનાવોને લીધે આ લડતને ઉત્તેજન મળ્યું. એવો આક્ષેપ કરવામાં આવ્યો કે બ્રાહ્મણ શિક્ષકોએ કમ્મા વિદ્યાર્થીઓના વેદનો અભ્યાસ કરવાના હકનો ઇન્કાર કર્યો હતો. કૃષ્ણા જિલ્લામાં કોઠવરમ્ ગામે કમ્મા જાતિના લોકો પોતાના નામ પાછળ "દાસ" શબ્દને બદલે "ચૌધરી" 'શબ્દ મૂકતા હતા તે સામે બ્રાહ્મણોએ વિરોધ કર્યો. કૃષ્ણા જિલ્લામાં બ્રાહ્મણોએ રજિસ્ટર્ડ નોટિસ દાખલ કરી કે કમ્માને સંસ્કૃત ભણવાની પરવાનગી આપવી નહિ. અમૃતલુરમાં કમ્મા વિદ્યાર્થીઓને

બ્રાહ્મણોએ હાંકી કાઢયા કારણ કે તેઓ (બ્રાહ્મણો) માનતા હતા કે તેઓ (કમ્મા) શૂદ્ર જાતિના હોવાથી તેમને (કમ્માને) વેદ ભણવાનો હક ન હતો. ત્રિપુરનેની રામસ્વામી ચૌધરી (1887-1943) નામના જાણીતા બિન-બ્રાહ્મણ નેતાએ આવા કેટલાયે કિસ્સાઓ નોંધ્યા છે. એક બનાવમાં બ્રાહ્મણ શિક્ષકોએ ત્રિપુરનેની શૂદ્ર હોવાનું જણાવીને તેને ધાર્મિક સાહિત્યમાં રસ લેવા બદલ ઠપકો આપ્યો. બ્રાહ્મણોએ જણાવ્યું કે તે (ત્રિપુરનેની) શ્લોકો લખે તો તેને માટે તે પાપ ગણાશે. સંસ્કૃત દેવોની ભાષા હોવાને કારણે શૂદ્રોએ તેનો અભ્યાસ કરવો તે તેમને માટે મોટો અપરાધ ગણાય. આ જાતની સામાજિક તથા સાંસ્કૃતિક પરિસ્થિતિએ 'સ્વમાનની લડત'ને મજબૂત બનાવી અને ખાસ કરીને 1916માં કોલુરમાં બનેલ બનાવે તેને વિશેષ વેગ આપ્યો.

અંગ્રેજી ભણેલા ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણ હિન્દુઓએ "શૂદ્ર" શબ્દનો અર્થ નક્કી કરવા માટે ગુન્ટુર જિલ્લાના કોલ્લુર મુકામે 1916 માં એક પરિષદ બોલાવી. તેમાં તેઓએ રામ, કૃષ્ણ તથા મહાકાવ્યોની અન્ય વિભૂતિઓનાં પ્રતીકો વિશે પણ શંકા ઉઠાવી. તેઓએ બ્રાહ્મણોના દરજ્જા કરતાં પણ શૂદ્રોના દરજ્જાને સામાજિક રીતે ઉચ્ચ દર્શાવ્યો અને એ રીતે મહાકાવ્યોનું ફરી અર્થઘટન કર્યું જેમાં તેમણે દ્રવિડ લોકો પ્રત્યે આર્યોએ આચરેલ સામાજિક તથા વિધિવિષયક અન્યાય પર ખૂબ ભાર મૂક્યો.

ફૂલે અને પેરિયરે રજૂ કરેલા મૂળ વિચારો જેવા જ વિચારો ત્રિપુરનેની જેવા નેતાઓએ વ્યક્ત કર્યા. ત્રિપુરનેનીએ તો હિન્દુ ધર્મગ્રંથોની આધારભૂતતા વિશે પણ પડકાર ફેંક્યો. તેમણે દલીલ કરી કે પરદેશી આર્યોએ મૂળ વતની દ્રાવિડો પર પોતાની સામાજિક-સાંસ્કૃતિક તથા ધાર્મિક પદ્ધતિ લાદી દીધી હતી. ધર્મે ટકાવી રાખેલી જ્ઞાતિપ્રથા આર્યોની ઊભી કરી હતી. બિન-બ્રાહ્મણ નેતાઓએ એ સત્યને તદ્દન સ્પષ્ટ કર્યું કે બ્રાહ્મણોની લઘુમતી હોવા છતાંએ તેમણે પાશ્ચાત્ય શિક્ષણ, ધંધા-રોજગાર વગેરે પોતાને હસ્તગત કરી લીધા હતા. આથી આ નેતાઓએ નોકરીઓનું બિન-બ્રાહ્મણીકરણ કરવાની માગણી કરી.

પ્રખ્યાત વિદ્વાન ત્રિપુરનેનીએ આંધ્રના કાંઠાના પ્રદેશોમાં સ્વમાનની લડત ફેલાવવા પોતાનું સમસ્ત જીવન ગાળ્યું. તેણે બ્રાહ્મણવાદ પર ખૂબ પ્રહારો કર્યા, પરંતુ વ્યક્તિઓ તરીકે બ્રાહ્મણો પર કદીએ પ્રહારો કર્યા નથી. ત્રિપુરનેનીએ હિન્દુઓના કેટલાક ધાર્મિક ગ્રંથો અને મહાકાવ્યોનું પોતાની રીતે અર્થઘટન કર્યું. અને લોકપ્રિય થયેલ આવા ધાર્મિક ગ્રંથો મારફત બ્રાહ્મણવાદે શૂદ્રોને કઈ રીતે પરાધીન બનાવ્યા હતા તે દર્શાવ્યું. ત્રિપુરનેનીના જણાવ્યા પ્રમાણે પાંડવો કરતાં કૌરવો વધારે નીતિમાન હતા અને પાંડવોને રાજય માગવાનો કોઈ અધિકાર ન હતો. સામ્બુક વધનો બનાવ શૂદ્રો વિરોધી આર્યોનું સત્તા માટેનું રાજકારણ ખુલ્લું પાડે છે.વશિષ્ઠના ઉત્તેજનથી વર્ણાશ્રમ ધર્મ બચાવવાના બહાના તળે રામે શૂદ્ર મુનિ સામ્બુકનો વધ કર્યો, કારણ કે બ્રાહ્મણોએ શૂદ્રો માટે નિષિદ્ધ કરેલ આવા પવિત્ર ગ્રંથોનું જ્ઞાન તેઓ ફેલાવતા હતા.

ત્રિપુરનેનીએ પોતાના સાહિત્ય મારફત લોકોમાં જાગૃતિ ફેલાવવા પ્રયાસો કર્યા. શાસ્ત્રોની પરાધીનતામાંથી તે સ્ત્રીઓ તથા શૂદ્રોને મુકત કરવા માગતા હતા. ધર્મગુરુઓથી જકડાએલ હિન્દુ સમાજને તે ઉદાર માનસ ધરાવતા મુકત સમાજમાં ફેરવવા ઇચ્છતા હતા. તેણે પ્રણાલિકાગત લગ્નમાં કરેલ ફેરફાર તે તેનો સૌથી નોંધપાત્ર સુધારો હતો. કમ્મા લોકોએ પોતાના જ જાતિના ધર્મગુરુઓ મારફત લગ્ન કરાવવાનું આયોજન કર્યું. ત્રિપુરનેનીના પુસ્તક "વિવાહ વિધિ"માં તેલુગુ ભાષામાં લગ્ન પ્રથાની સમજણ આપવામાં આવી છે, કારણ કે શૂદ્રો સંસ્કૃત ભાષાના મંત્રો સમજી શકે તેમ ન હતા.

વીશી અને ત્રીશીના ગાળાની 'સ્વમાન માટેની લડતે' આંતર જ્ઞાતિય ભોજનો (બિન-બ્રાહ્મણ) આંતર-જ્ઞાતિય વિધવાવિવાહ તથા આધુનિક શિક્ષણના વિકાસમાં ગણનાપાત્ર ફાળો આપ્યો. આને પરિણામે બ્રાહ્મણોનું સામાજિક તથા ક્રિયાકાંડી આધિપત્ય ઓછું થયું અને જ્ઞાતિ-રાજકારણ તેમ જ બિન-બ્રાહ્મણ રાજકીય જાગૃતિનો આવિર્ભાવ થયો. સામાન્યતઃ બિન-બ્રાહ્મણ બુદ્ધિજીવીઓ તથા ખેડૂતોએ રાષ્ટ્રીય લડતને ટેકો આપ્યો. ત્રિપુરનેની પણ એક રાષ્ટ્રવાદી તરીકે જાણીતા હતા. આમ, આંધ્રમાંની સ્વમાન માટેની લડત બ્રાહ્મણોના સામાજિક તથા ધાર્મિક આધિપત્ય સામેના બિન-બ્રાહ્મણ બુદ્ધિજીવીઓના સાંસ્કૃતિક પડકાર સમાન હતી. આ બુદ્ધિજીવી આગેવાનોએ હિન્દુ શાસ્ત્રોનું પુનઃનવું અર્થઘટન કર્યું, પરંતુ આ ચળવળની મુખ્ય ખામી એ હતી કે તેણે માત્ર ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણ લોકોના પ્રશ્નો જ હાથ ધર્યા, જ્યારે તેણે નીચલા થરના હરિજન જેવા લોકોના પ્રશ્નોની ઉપેક્ષા કરી. વળી, ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણોને ઉચ્ચ સ્થાન આપીને આ લડત જ્ઞાતિ-પ્રથા સુધારવા માગતી હતી. પરંતુ મહારાષ્ટ્રમાંથી તે જ્ઞાતિપ્રથા સંપૂર્ણ પણે નાબૂદ કરવા માગતી ન હતી.

### 20.3.5 કર્ણાટકમાં બિન-બ્રાહ્મણ ચળવળ (Non-Brahmin Movement in Karnataka)

કર્ણાટકની બે આગળ પડતી જ્ઞાતિઓ વોકકાલિગો 1901ની વસ્તી ગણતરી પ્રમાણે એક જ જ્ઞાતિમાં પરિવર્તિત થઈ તે પહેલાં તેના પેટા વિભાગ પડી ગયા હતા. એક ઇતિહાસકારના મન્તવ્ય પ્રમાણે જાતિના આ પ્રકારના એકીકરણે બિન-બ્રાહ્મણ લડતના નેતાઓને સામૂહિક જમાવટ માટેની મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. વિવિધ જ્ઞાતિ મંડળોએ પણ એક થવાના ગંભીર પ્રયાસો કર્યા. લિંગાયતોએ 1905માં મૈસૂર લિંગાયત શૈક્ષણિક ભંડોળ સમાજની સ્થાપના કરી, જ્યારે વોકકા લિગોએ 1906માં કોકકલિગર સંઘની સ્થાપના કરી. આમ છતાં બિન-બ્રાહ્મણ લડતે આ જ્ઞાતિમંડળોને એક સામાન્ય ભૂમિકા પૂરી પાડી અને આ સામાજિક જૂથોને એકત્રિત રાખ્યાં. કર્ણાટકમાં બિન-બ્રાહ્મણ ચળવળ 1918માં શરૂ થઈ અને તેને વોકકલિગો તથા લિંગાયતોએ વેગ આપ્યો. બિન-બ્રાહ્મણ નેતાઓના એક પ્રતિનિધિમંડળે 1918માં મૈસૂરના મહારાજાની મુલાકાત લીધી અને બિન-બ્રાહ્મણો પ્રત્યે દર્શાવાતા ભેદભાવ સામે વિરોધ વ્યક્ત કર્યો. આને પરિણામે આની તપાસ માટે સર લેસલી મીલરના પ્રમુખપદે એક સમિતિની નિયુક્તિ થઈ.જેણે 1919માં પોતાનો અહેવાલ રજૂ કર્યો. મીલર સમિતિની ભલામણ અનુસાર સરકારે જાહેર સેવાઓમાં પ્રત્યેક કોમને એકસમાન પ્રતિનિધિત્વ આપવા અંગેનો કાયદો પસાર કર્યો.

મૈસૂર રાજ્યમાં કૉંગ્રેસ ચળવળના ઉદય સાથે બિન-બ્રાહ્મણ લડત ક્રમશઃ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય લડતમાં ફેરવાતી ગઈ, અને છેવટે 1938માં તેનું કૉંગ્રેસમાં વિલિનીકરણ થયું. ગમે તેટલી યોગ્ય હોય તો પણ જ્યારે બિન-સાંપ્રદાયિક રાજકારણ જ્ઞાતિ આધારિત માગણીઓનો સ્વીકાર કરે, ત્યારે બિન-સાંપ્રદાયિક માગણીઓ પર પણ જ્ઞાતિ-મંડળનું પ્રભુત્વ સ્થપાય છે. કર્ણાટકની બિન-બ્રાહ્મણ લડત સંબંધમાં પણ આવું બન્યું. ત્રીશી અને ચાળીસીના ગાળામાં બિન-બ્રાહ્મણ જૂથો સંઘ-જોડાણ બાબતમાં ઢીલા પડ્યા અને જૂથમાંની પ્રત્યેક જ્ઞાતિએ પોતાને માટે ધારાસભા તથા સરકારી નોકરીમાં અલગ પ્રતિનિધિત્વ માટેની માગણી કરી. આ રીતે 1940થી બિન-બ્રાહ્મણ લડત એ પછાત વર્ગોની ચળવળ બની ગઈ. બે પ્રભાવશાળી જૂથો વોકકાલિગો અને લિંગાયતો ખાસ કરીને 1950 બાદ ઉદ્ભવેલ પ્રતિનિધિત્વના સિદ્ધાંતથી રચેલી રાજકીય પદ્ધતિમાં પોતાને માટે વધારે રાજકીય સત્તા મેળવવા માટે પરસ્પર લડવાં લાગ્યા.

## 20.4 ચળવળોનું તુલનાત્મક પૃથક્કરણ (Comparative Analysis of the Movements)

મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્ર અને કર્ણાટકની બિન-બ્રાહ્મણ લડતોનું તુલનાત્મક પૃથક્કરણ દર્શાવે છે કે જ્ઞાતિપ્રથાની અસમાનતાઓ શૂદ્રો એટલે કે નીચલા થરના લોકોનાં આર્થિક પછાતપણા તથા તેમની સામાજિક સાંસ્કૃતિક પરાધીનતાના સંબંધમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ તથા અલગ અલગ સ્તર ધરાવતી હતી. અલબત્ત, બિન-બ્રાહ્મણ જૂથોની યાતના પરત્વે તેઓ ચોક્કસ સામાજિક - ધાર્મિક તત્ત્વો અંગે આ બધા જ પ્રદેશોમાં એકસરખું વલણ ધરાવતી હતી. આ સમાનતાઓ અને અસમાનતાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. ઊંચી જ્ઞાતિના બ્રાહ્મણોના ધાર્મિક રૂઢિવાદને અને જ્ઞાતિનાં કડક બંધનોને બિન-બ્રાહ્મણ વર્ગનાં ખેડૂત જૂથોના સામાજિક-સાંસ્કૃતિક પછાતપણા માટે જવાબદાર ગણવામાં આવ્યાં હતાં તથા તેમને ઉદ્દામવાદી સામાજિક સુધારણા આડેનાં મુખ્ય વિઘ્નો તરીકે માનવામાં આવ્યાં હતાં.

મહારાષ્ટ્રમાં જોતિબા ફૂલેએ સામાજિક અસમાનતાઓનું ઊંડું પૃથક્કરણ કર્યું અને શૂદ્રો તરીકેના પોતાના નિમ્ન સ્થાન પરત્વે બિન-બ્રાહ્મણ જૂથોએ પોતાનાં વલણમાં મૂળભૂત ફેરફાર કરવો જોઈએ તેવું ભારપૂર્વક જણાવ્યું. તેણે પ્રચલિત ધાર્મિક માન્યતાઓ તથા જ્ઞાતિપ્રથાનો સદંતર ઇન્કાર કર્યો. 19મી સદીના સુધારકોથી ઘણો અલગ મત ધરાવનાર જોતિબા ફૂલેને જ્ઞાતિપ્રથામાં આંતરિક સુધારણાની કોઈ શક્યતા દેખાઈ નહિ. ફૂલેએ પ્રચલિત સામાજિક - ધાર્મિક સ્થિતિમાં આમૂલ ક્રાન્તિની કરેલી રજૂઆતમાં તેમની બુદ્ધિપ્રતિભા સ્પષ્ટ થાય છે. મહારાષ્ટ્રની નીચલા થરની બધી જ જ્ઞાતિઓનું એક સામૂહિક જૂથ રચવાની તેણે યોજના વિચારી. ફૂલેએ મહારાષ્ટ્રની સૈનિક તથા ખેતીવાડી પ્રણાલિકામાંથી પ્રચલિત પ્રતીકો લીધાં અને તેમનું નવું અને પ્રેરણાદાયી અર્થઘટન કર્યું. જોકે ફૂલેએ બ્રિટિશ શાસનને ટેકો આપ્યો તે તેમની ઊણપ હતી ખરી. તે સાંસ્થાનિક શાસનનું સાચું સ્વરૂપ સમજવામાં નિષ્ફળ ગયા. સામાજિક સુધારણાની તેમની ચળવળ પણ કોલ્હાપુરના મહારાજાની અસર હેઠળ બીજે માર્ગે વળી ગઈ, કારણ કે તેમાં તેની (મહારાજાની)

જ્ઞાતિ માટે ક્ષત્રિયના દરજ્જા અને રાજકારણમાં મતદાન માટેની માગણી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મદ્રાસના જસ્ટિસ પક્ષ તથા કર્ણાટકની બિન-બ્રાહ્મણ લડતમાં પણ અંગ્રેજી શિક્ષણ, પ્રાંતીય ધારાસભાઓ તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વધારે પ્રતિનિધિત્વ તથા સરકારી સેવાઓમાં અનામત જગાઓ માટેની માગણીઓમાં આ વલણ દેખાય છે. આમ છતાં તામિલનાડુ અને આંધ્રની સ્વમાન માટેની લડતોમાં શૈક્ષણિક વિકાસને ખાસ મહત્ત્વ આપવામાં આવેલું તે નોંધપાત્ર છે.

તામિલનાડુમાં પેરિયારે સ્ત્રીઓ તથા બિન-બ્રાહ્મણ જૂથોના ઉત્કર્ષ માટે ઉદ્દામવાદી વિચારોનો ફેલાવો કર્યો. બીજા પ્રદેશોથી અલગ જ ઢબે પેરિયારના નેતૃત્વ તળેની સ્વમાન માટેની લડતે જ્ઞાતિપ્રથાને નાબૂદ કરીને તથા લગ્ન પ્રથા સુધારીને સ્ત્રીઓ તથા શૂદ્રોની મુક્તિ માટેના પ્રયાસો કર્યા. મહારાષ્ટ્રની તુલનામાં પેરિયારની લડતનો સામાજિક આધાર ગામડાના જમીનદાર વર્ગ અને શહેરના વેપારી વર્ગ પૂરતો મર્યાદિત હતો અને તે અસ્પૃશ્યને પોતાની સાથે સામેલ કરવામાં નિષ્ફળ ગયા હતા.

આ જ રીતે આંધ્રના કાંઠાના વિસ્તારોમાં સ્વમાન માટેની લડત ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણ-કમ્મા, રેડ્ડી તથા વેલમ્માના વર્ચસ્વ હેઠળ હતી. આ લડત ખેતમજૂરોમાં સૌથી વધુ પીડિત એવા મલ અને મદિગ જેવા અસ્પૃશ્યોનો બિન-બ્રાહ્મણ જાતિઓમાં સમાવેશ કરી શકી નહિ. આ લડત તો માત્ર ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણ જમીન ધરાવનાર વર્ગનું સામાજિક સ્થાન ઊંચું લાવવા માટે લડાઈ જેવી હતી. તેણે જ્ઞાતિ પ્રથાની યથાર્થતા વિશે કદી શંકા ઉઠાવી ન હતી. આ લડત મારફત ઉપરોક્ત વર્ગોએ ઊંચ-નીચના ભેદભાવ પર રચાયેલી સમાજ વ્યવસ્થાનો ઇન્કાર કરવાને બદલે તેનો જ આધાર લઈને પોતાનો દરજ્જો વધારવાનો પ્રયાસ કર્યો. 19મી સદીમાં મહારાષ્ટ્રમાં ફૂલેએ વર્ણાશ્રમ ધર્મનો અસ્વીકાર કર્યો હતો. તેના કરતાં તદ્દન વિરોધી બાબત હતી. આને પરિણામે બિન-બ્રાહ્મણોમાં પણ ભાગલા પડી ગયા અને તેઓ જુદી જુદી જ્ઞાતિઓનાં જૂથોમાં વિભાજિત થઈ ગયા, તથા પ્રત્યેક જ્ઞાતિ, જૂથે સારું શિક્ષણ, સરકારી નોકરીઓ, રાજકારણમાં વધારે પ્રતિનિધિત્વ વગેરેની માગણીઓ કરી. ધર્મનિરપેક્ષ માગણીઓ રજૂ કરવામાં જ્ઞાતિપ્રથાના ઉપયોગનું નકારાત્મક વલણ કર્ણાટકે અપનાવ્યું. 1947માં ભારતને સ્વરાજ્ય મળ્યા પછી આવું નકારાત્મક વલણ વધારે ફેલાયું.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. પેરિયારના વિચારો શા માટે ઉદ્દામ કહેવાય ?

2. આંધ્રમાં સ્વમાન માટેની લડતના મુખ્ય લક્ષણો કયાં હતાં ?

3. કર્ણાટકની બિન-બ્રાહ્મણ ચળવળ વિશે ટૂંક નોંધ લખો.

4. નીચેનાનું તુલનાત્મક પૃથક્કરણ કરો.
   (અ) મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં બિન-બ્રાહ્મણ ચળવળો
   (બ) તામિલનાડુ અને આંધ્રમાં બિન-બ્રાહ્મણ ચળવળો
   (ક) તામિલનાડુમાં જસ્ટિસ પક્ષ અને કર્ણાટકમાં બિન-બ્રાહ્મણ ચળવળ

## 20.5 સારાંશ

આ એકમમાં તમે અભ્યાસ કર્યો :

- જ્ઞાતિ પ્રથા જેવી પ્રણાલિકાગત સામજિક વ્યવસ્થામાં સ્ત્રી વગેરેનું પછાતપણું તથા તેમના પ્રત્યેના જુલ્મની પૂર્વભૂમિકા અને તેમાંથી બિન-બ્રાહ્મણ ચળવળોનો ઉદ્ભવ.
- મહારાષ્ટ્રમાં મહારાજ શાહુના રાજકારણથી, અથવા દક્ષિણમાં દ્રાવિડ કઝગમ (જેમાં જસ્ટિસ પક્ષ અને સ્વમાનની લડતનું વિલીનીકરણ કરવામાં આવ્યું) ના રાજકારણથી, બિન-બ્રાહ્મણ લડતમાં પ્રવેશેલ વિવિધ ઉદ્દામ વિચારો
- જમીનદાર બિન-બ્રાહ્મણ જ્ઞાતિઓની લડત પર વધેલી અસરથી તથા તેઓએ સામાજિક તથા આર્થિક દરજ્જો મેળવવા આ લડતના કરેલા ઉપયોગથી લડતના મૂળ ધ્યેયમાં આવેલ પરિવર્તન.
- પ્રણાલિકાગત સામાજિક વ્યવસ્થા મારફત થતા જુલ્મને ટેકો આપનાર હલકી કોટિના બ્રિટિશ શાસનનું સ્વરૂપ સમજવામાં બિન-બ્રાહ્મણ લડતની નિષ્ફળતા. આથી આ લડત સ્વતંત્ર રાષ્ટ્રીય માનસ વિકસાવી શકી નહિ.
- આ લડતની તાકાત પ્રદેશ પ્રમાણે અલગ અલગ હતી. મદ્રાસમાં આ લડતે અસ્પૃશ્યોનો સમાવેશ કર્યો ન હતો, જ્યારે મહારાષ્ટ્રમાં ફૂલેએ આ લડત મારફત નીચલા થરના લોકોમાં સામૂહિક એકતા વિકસાવી હતી.

## 20.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **આદર્શવાદી વિચારસરણીનું આધિપત્યઃ** વિશ્વ વિશેનું નિશ્ચિત દષ્ટિબિન્દુ અને તેને લગતા વિચારોનું વર્ચસ્વ.
- **બુદ્ધિવાદ** : જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિચારશક્તિનો ઉપયોગ, આ ખ્યાલ પુનર્જાગૃતિના આંદોલન પછી પ્રચલિત બન્યો.
- **સ્ત્રીઓની પરાધીનતા** : પોતાની જાતિને લીધે સામાજિક, આર્થિક તથા રાજકીય જીવનમાં પુરુષને પરાધીન, રોજબરોજના જીવનમાં સ્ત્રીને માત્ર વસ્તુ-પદાર્થ ગણવાની વૃત્તિ.
- **મૂર્તિભંજક** : ધર્મમાં મૂર્તિ પૂજાની વિરુદ્ધ વ્યક્તિ.
- **સત્તાધારી કૌટુમ્બિક માળખું** : સ્ત્રીઓને પરાધીન રાખનાર પુરુષ પ્રધાન કૌટુમ્બિક માળખું આર્થિક અને સામાજિક હિતોની સમાનતાને કારણે બહુજનીય કુટુંબ. જ્યારે આ કુટુંબમાં પુરુષનું એકાધિપત્ય વધે છે ત્યારે તે સત્તાધારી અને સરમુખત્યાર બને છે. સ્ત્રીઓને મિલકતમાં હક આપવાના ઇન્કારથી અથવા છૂટાછેડાને લગતા જડ નિયમોથી આમાં બને છે. વિશેષમાં માન્યતાઓ તથા વલણો એવી રીતે ઘડાય છે કે જેથી પુરુષનું વર્ચસ્વ સરળ બને. સ્ત્રીને પદાર્થની કક્ષામાં નીચે મૂકી શકાય.

## 20.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વિભાગ 20.2 પ્રથમ ફકરો જુઓ. તમારો જવાબ સમાજના ચાર વર્ણો-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો પર કેન્દ્રિત થવો જોઈએ. આ પદ્ધતિને લીધે શુદ્ધતા, આભડછેટ વગેરેના ખ્યાલો અસ્તિત્વમાં આવ્યા તેનો પણ તમારા જવાબમાં સમાવેશ થવો જોઈએ.
2. પેટા વિભાગ 20.2.1 પ્રથમ ફકરો જુઓ. તમારે જવાબમાં ફૂલેના વ્યક્તિગત અનુભવોનો પણ સમાવેશ થવો જોઈએ.

3. પેટા વિભાગ 20.2.1 જુઓ. તેમાં સમાજ અને અર્થશાસ્ત્ર વિશેની વિગત જુઓ. તમારા જવાબમાં ફૂલેના (i) જ્ઞાતિ, (ii) સ્ત્રીઓ, (iii) ધર્મ, (iv) વિચારપદ્ધતિ, (v) અર્થશાસ્ત્ર અને ખેડૂતોની સમસ્યાઓ તથા (vi) બ્રિટિશ શાસન પરત્વેના વિચારોનો સમાવેશ થવો જોઈએ.
4. પેટા વિભાગ 20.2.1 જુઓ. તમારા જવાબમાં શબ્દના અર્થનું સ્પષ્ટીકરણ થવું જોઈએ.
5. પેટા વિભાગ 20.2.2 જુઓ. તમારા જવાબમાં (i) શાહુ મહારાજના હિસ્સાનો તથા (ii) વેપારી અને જમીનદાર વર્ગના ફાળાનો સમાવેશ થવો જોઈએ.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. પેટા વિભાગ 20.3.3 જુઓ. તમારા જવાબમાં (i) પેરિયાર પર માર્ક્સવાદની અસર, (ii) સ્ત્રીઓના સ્થાન વિશે તેમનું મન્તવ્ય, (iii) ધર્મ વિરુદ્ધ બુદ્ધિવાદ પર ભાર તથા (iv) જ્ઞાતિ અને ધર્મ વચ્ચેના સંબંધ પર ભાર.
2. પેટાવિભાગ 20.3.4 જુઓ. ખાસ કરીને ફકરા 4 થી 7, સ્ત્રીઓની પરાધીનતાના કારણરૂપ હિન્દુ ધર્મશાસ્ત્રનો પડકાર તથા ક્રિયાકાંડોનું આધિપત્ય તોડવાના પ્રયાસો.
3. પેટા વિભાગ 20.3.5 જુઓ. તમારા જવાબમાં જ્ઞાતિમંડળો વચ્ચેના સંબંધો તથા તેમના કૉંગ્રેસ સાથેના સંબંધોનો સમાવેશ થવો જોઈએ.
4. ઉપરોક્ત ત્રણે પેટા વિભાગો માટે ખાસ કરીને પેટા વિભાગ 20.4 જુઓ, જેમાં નીચેના પર ખાસ ભાર મૂકવામાં આવેલ છે.
   (ક) પ્રચલિત સામાજિક અને ધાર્મિક માન્યતાઓ બદલવા માટે ક્રાન્તિની વિચારસરણી પ્રસરાવવાની જરૂરિયાત પર ફૂલેએ મૂકેલ ભાર. સ્ત્રીઓ અને શૂદ્રોની મુકિત માટે પેરિયારે મુકેલ ભાર; પેરિયારની સામાજિક ભૂમિકા જમીનદાર વર્ગ પૂરતી મર્યાદિત; ફૂલેની અસર નીચલા થરના લોકો પર વિશેષ.
   (ખ) તામિલનાડુમાં પેરિયારની ચળવળની તુલનામાં આંધ્રમાં ઉદ્દામવાદી ચળવળનો અભાવ.
   (ગ) કર્ણાટકમાં ધર્મ નિરપેક્ષ માગણીઓ રજૂ કરવા માટે જ્ઞાતિપ્રથાનો ઉપયોગ. જસ્ટિસ પક્ષનું ધ્યાન માત્ર ઉપલા વર્ગના બિન-બ્રાહ્મણ વર્ગો પર કેન્દ્રિત, તોપણ તેણે જ્ઞાતિપ્રથા સામે જેહાદ જગાવીને તેનું પુનર્ગઠન માટે કરેલા પ્રયત્નો.

# એકમ 21 સ્વરાજ્ય પક્ષ અને રચનાત્મક કાર્ય 1922-1929 (Swarajists and Constructive Work 1922-1929)

**રૂપરેખા**


21.0 ઉદ્દેશો
21.1 પ્રસ્તાવના
21.2 પૂર્વભૂમિકા
21.3 સ્વરાજ્ય પક્ષ : સ્થાપના
21.3.1 ગાંધી અને સ્વરાજ્ય પક્ષ
21.3.2 હેતુઓ-લક્ષ્યાંકો
21.3.3 કાર્યક્રમ
21.3.4 કાર્યપદ્ધતિ
21.4 સ્વરાજ્ય પક્ષ અને ચૂંટણીઓ
21.5 ધારાસભાઓમાં કામગીરી
21.6 રચનાત્મક કાર્ય
21.6.1 ખાદી
21.6.2 અસ્પૃશ્યતા
21.6.3 અન્ય સામાજિક સમસ્યાઓ
21.7 શિથિલતા અને પડતી
21.7.1 નિષ્ક્રિયતા
21.7.2 જોડાણ
21.7.3 વિઘટન
21.8 પડતીનાં કારણો
21.8.1 કોમવાદી લાગણીમાં વધારો
21.8.2 સત્તાની ઝંખના
21.8.3 વર્ગીય લક્ષણ
21.9 સારાંશ
21.10 ચાવીરૂપ શબ્દો
21.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 21.0 ઉદ્દેશો

આ એકમમાં રાષ્ટ્રીય રાજકારણમાં એક નવા પ્રવાહ તરીકે સ્વરાજ્ય પક્ષના ઉદયનો અહેવાલ આપવામાં આવ્યો છે. મોતીલાલ નેહરુ અને ચિતરંજન દાસની નેતાગીરી નીચે સ્વરાજ્ય પક્ષની સ્થાપના થઈ. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચે મુજબની વિગતની જાણકારી મેળવશો.

- સ્વરાજ્ય પક્ષ કઈ રીતે રચવામાં આવ્યો અને તેની શી વિચારસરણી હતી.
- તેનો કાર્યક્રમ તેમ જ તેના વિઘટનનાં કારણો
- ભારતીય રાજકારણમાં તેના પ્રદાનનું મૂલ્યાંકન
- અસહકારના આંદોલનની મોકૂફી બાદના બનાવોની ક્રમબદ્ધ રૂપરેખા

## 21.1 પ્રસ્તાવના

ભારતમાં 1922થી 1929 વચ્ચેનો સમય ઘણા કારણોસર અગત્યનો છે. અસહકારના આંદોલનની સમાપ્તિથી શરૂ થયો અને બીજા આંદોલનની શરૂઆત સાથે પૂરો થયો. આ સમયે ભારતીય રાજકારણમાં નવાં પરિમાણો અને વલણો અમલમાં મૂકીને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને વધારે

સંગીન બનાવ્યો. આ સમયમાં ધારાસભા પ્રવેશ અને રચનાત્મક કાર્યનો બેવડો કાર્યક્રમ પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. જુદી જાતનું વલણ ધરાવતા નવા નેતાઓ પણ આ સમયમાં અગ્રેસરો તરીકે આગળ આવ્યા. વિશેષમાં આ સમયગાળામાં ભારતના સ્વાતંત્ર્ય માટેની લડતને નવી સમસ્યાઓ, નવા તણાવો, નવી દ્વિધાઓ તથા નવાં બંધનોનો સામનો કરવો પડ્યો. આ એકમમાં આ સમયગાળા(1922-29)નાં ઉપરોક્ત બધાં પાસાંનો તમારે અભ્યાસ કરવાનો છે.

## 21.2 પૂર્વભૂમિકા (Background)

મહાત્મા ગાંધીની નેતાગીરી નીચે કૉંગ્રેસ સામ્રાજ્યવાદ વિરોધી બધાં જ તત્ત્વોના અભિપ્રાયો તથા લાગણીઓનો પડઘો પાડતી મહાન રાષ્ટ્રીય સંસ્થા તરીકે ઉદય પામી. ગાંધીજીના નેતૃત્વ નીચેની પ્રથમ સવિનય કાનૂન ભંગની લડત (1920-22) દરમિયાન કૉંગ્રેસનાં મૂળ બધા વર્ગના લોકો સુધી ફેલાયાં. કૉંગ્રેસના ધ્યેય તરીકે સ્વરાજ્યના સ્વીકાર પછી અસહકારની લડત એ વાસ્તવિક રીતે લોક-લડત બની. "એક જ વર્ષમાં સ્વરાજ્ય પ્રાપ્તિ"ના ગાંધીજીના આકર્ષક સૂત્રથી બહુ મોટી સંખ્યામાં લોકો લડતમાં જોડાયા. ફેબ્રુઆરી, 1922માં અસહકારના આંદોલનની મોકૂફીથી મોટા પ્રમાણમાં નિરાશા વ્યાપી અને કૉંગ્રેસની નેતાગીરીમાં ભાગલા પાડવાની શક્યતા વધી. સરકારે આ તકનો લાભ લઈને દમનનીતિ આચરી. તેણે 1816ના બંગાલ ધારા નં.3 ને પુનર્જીવિત કર્યો. તેને આધારે એક નવો વટહુકમ પણ પ્રસિદ્ધ કર્યો. જે અનુસાર કોઈ પણ વ્યક્તિની ધરપકડ થઈ શકતી અને ખાસ કમિશનરો સમક્ષ તેનો દાવો તાત્કાલિક ચલાવી શકાતો. બ્રિટિશ વડા પ્રધાન લૉઈડ જ્યોર્જે તેના કડક વ્યાખ્યાનમાં આઈ.સી.એસ. કક્ષાની કાબેલિયત તથા કામગીરીના ભારે વખાણ કર્યાં. આવી નીતિ સ્વશાસનના સિદ્ધાંતનો ભંગ કરનારી અને આપખુદ બ્રિટિશ શાસનને મજબૂત કરનારી હતી.

આ તબક્કે ઘણાને ગાંધીજીની પદ્ધતિથી સ્વરાજ્ય પ્રાપ્તિ માટેનો ભ્રમ ભાંગી જતાં, તેઓએ ગાંધીજીની રીતની યથાર્થતા વિશે શંકા વ્યક્ત કરી. શું અહિંસાની ફિલસૂફીની લાખો માણસોને તાલીમ આપવાનું શક્ય હતું ? એ શક્ય હોય તોપણ તેમાં કેટલો સમય લાગે ? ગાંધીજી કારાવાસમાં હતા અને દેશ પાસે હવે કોઈ નિશ્ચિત રાજકીય કાર્યક્રમ ન હતો. કૃત્રિમ રીતે સ્થપાયેલી હિન્દુ-મુસ્લિમ એકતા પણ તૂટી હતી. હિન્દુ-મુસ્લિમ વચ્ચેના તીવ્ર તનાવો અને ફાટી નીકળેલાં કોમી રમખાણોએ રાષ્ટ્રની શક્તિને વેરવિખેર કરી હતી. આર્થિક-સામાજિક સુધારણા માટેનો કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ ઉપલા વર્ગના બુદ્ધિજીવીઓને આકર્ષી શક્યો ન હતો. તેઓ રાજકારણમાં ગાંધીજીના ભાવાત્મક તથા આધ્યાત્મિક વલણ સાથે કદી સંમત થયા ન હતા. તેઓ રાજકારણને પ્રવર્તતી વાસ્તવિક પરિસ્થિતિથી મૂલવતા હતા અને અસહકારની મોકૂફી પછી કૉંગ્રેસમાં આવેલી હતાશાની લાગણી દૂર કરીને તેને સહાય કરવા આતુર હતા.

## 21.3 સ્વરાજ્ય પક્ષ : સ્થાપના (Swaraj Party : Formation)

આ તબક્કે ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુએ નવી નેતાગીરી પૂરી પાડી. જ્યારે સવિનય કાનૂન ભંગની તપાસ સમિતિએ એવો અહેવાલ આપ્યો કે દેશ હાલના તબક્કે ફરી સામૂહિક સવિનય કાનૂનભંગની લડત માટે તૈયાર ન હતો તથા રચનાત્મક કાર્યક્રમને મર્યાદિત પ્રતિભાવ મળ્યો હતો, ત્યારે આ બન્ને નેતાઓએ ધારાસભાઓનો બહિષ્કાર કરવાને બદલે, ધારાસભાઓમાં પ્રવેશીને સરકાર સામે, અસહકારની લડત લડવાની દરખાસ્ત કરી. મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાનો અમલ અટકાવવા તેઓએ ધારાસભા-પ્રવેશનો ખ્યાલ રજૂ કર્યો. આ દરખાસ્ત કેટલાક કૉંગ્રેસ-સભ્યોને ગમી, પરંતુ ચુસ્ત ગાંધીવાદી નેતાઓ-રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ, વલ્લભભાઈ પટેલ વગેરેએ આ દરખાસ્તનો સખત વિરોધ કર્યો. આમ કૉંગ્રેસમાં ભાગલા પડ્યા. નાફેરવાદીઓ કે ચુસ્ત ગાંધીવાદી નેતાઓએ ધારાસભા પ્રવેશના કાર્યક્રમને વખોડી કાઢ્યો અને તેઓએ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવા આગ્રહ કર્યો. ફેરવાદીઓ કે સ્વરાજ્ય પક્ષના નેતાઓ રચનાત્મક કાર્યમને ધારાસભા પ્રવેશના કાર્યક્રમ સાથે જોડી દેવા માગતા હતા. ડિસેમ્બર, 1922માં ગયા ખાતે યોજાએલ કૉંગ્રેસના અધિવેશનમાં રાજગોપાલાચારીએ ધારાસભા-પ્રવેશ કાર્યક્રમનો વિરોધ કર્યો. અને ચિત્તરંજન દાસને કૉંગ્રેસ



ચિત્ર-૧૮ ચિત્તરંજન દાસ



ચિત્ર-૧૯ મોતીલાલ નેહરુ

પ્રમુખપદેથી ત્યાગપત્ર આપવાની ફરજ પાડી મતદાનમાં પરાજય થતાં, ચિત્તરંજન દાસે 31મી ડિસેમ્બર, 1922ના રોજ સ્વરાજ્ય પક્ષની રચનાની જાહેરાત કરી. ચિત્તરંજન દાસ તેના પ્રમુખપદે તથા મોતીલાલ નેહરુ તેના મંત્રીપદે નિયુક્ત થયા.

ગયા કૉંગ્રેસમાં નાફેરવાદીઓનો વિજય ક્ષણજીવી નીવડ્યો. 1923નાં હિન્દુ-મુસ્લિમ હુલ્લડોએ રાજકીય વાતાવરણને ડહોળી નાખ્યું. એ પણ સ્પષ્ટ થયું કે રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે સવિનય ભંગની લડતને તુરત ફરી શરૂ કરી શકાય તેમ ન હતી. આથી મૌલાના આઝાદના પ્રમુખપદે સપ્ટેમ્બર, 1923માં દિલ્હીમાં મળેલ કૉંગ્રેસના ખાસ અધિવેશને કૉંગ્રેસના સભ્યોને આગામી ચૂંટણી લડવાની છૂટ આપી. કોકાનાડાના કૉંગ્રેસ અધિવેશને ધારાસભાઓમાં પણ અસહકારનો અમલ કરી શકાય છે એવી વિચારણા સાથે ધારાસભા-પ્રવેશ કાર્યક્રમને આશીર્વાદ આપ્યા. સાથોસાથ કૉંગ્રેસે પોતાના તમામ સભ્યોને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો બમણી તાકાતથી અમલ કરવા અનુરોધ કર્યો. આમ કૉંગ્રેસમાં ભાગલા નિવારી શકાયા.

### 21.3.1 ગાંધીજી અને સ્વરાજ્ય પક્ષ (Gandhi and Swarajists)

યોજાયેલ ચૂંટણીઓમાં સ્વરાજ્ય પક્ષના સભ્યોએ ભાગ લીધો અને તેઓએ અમુક પ્રાંતોમાં સારી બહુમતી મેળવી. આથી કૉંગ્રેસમાં તેમની પ્રતિષ્ઠા અને તાકાત વધી. ગાંધીજીને તબિયતના કારણસર, ફેબ્રુઆરી, 1924માં જેલમુક્ત કરવામાં આવ્યા. તેમની મુક્તિથી પહેલાંનો સંઘર્ષ પુનઃ ચાલુ થયો અને કૉંગ્રેસમાં ભાગલા પડવાની શક્યતા ફરીથી વધી. જૂન, 1924માં ગાંધીજીએ પહેલાંના બહિષ્કારના કાર્યક્રમની તરફેણમાં જાહેર નિવેદન પ્રસિદ્ધ કર્યું. તેમણે એમ પણ જાહેર કર્યું કે તેમની નીતિમાં નહિ માનનારને અલગ સંસ્થા રચવાની છૂટ છે. જૂન 1924માં અમદાવાદ મુકામે મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીએ મૂકેલા ઠરાવો સ્વરાજ્ય પક્ષના સભ્યોને કૉંગ્રેસમાંથી રદ કરવા સમાન હતા. ગાંધીજીના એક ઠરાવમાં કૉંગ્રેસમાં હોદ્દો ધારણ કરનાર પ્રત્યેક સભ્યને દર મહિને 2,000 વાર સૂતર કાંતવાનો અનુરોધ કરવામાં આવ્યો, તથા આમ કરવામાં નિષ્ફળ જનાર સભ્ય સામે યોગ્ય પગલાં લેવાની પ્રાંતીય કૉંગ્રેસ સમિતિને સત્તા આપવામાં આવી. જેઓ ધારાસભાનો બહિષ્કાર કરવા માગતા ન હોય તેવા સભ્યોને અખિલ હિન્દ કૉંગ્રેસ સમિતિમાંથી ત્યાગપત્ર આપી દેવાનું કહેવામાં આવ્યું. કૉંગ્રેસની નીતિનો અનાદર કરીને ચૂંટણીમાં ભાગ લેનાર સભ્યોને ચેતવણી આપવામાં આવી. ચૂંટણીમાં સ્વરાજ્ય પક્ષનો વિજય બહુધા કૉંગ્રેસનાં સાધનો અને તેની પ્રતિષ્ઠાને આભારી હોઈને સ્વરાજ્ય પક્ષના સભ્યો આ ઠરાવોથી બેચેન બન્યા. આ ઠરાવોનો તેમણે સખત વિરોધ કર્યો. ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુના સંયુક્ત વિરોધને કારણે ગાંધીજીએ પોતાના મૂળ ઠરાવમાંથી સમાધાન કરવા માટે હોદ્દો ગુમાવવાની બાબત રદ કરી. આનાથી ગાંધીજીની સત્તા અને પ્રતિષ્ઠાને મોટો આઘાત લાગ્યો. તેમણે જાહેરમાં કબૂલ કર્યું કે તેનો પરાજય થયો હતો અને તેને નમવું પડ્યું હતું. આ પછી ગાંધીજીએ સ્વરાજ્ય પક્ષના નેતાઓને પોતાનો ટેકો આપ્યો અને સરકાર સમક્ષ કૉંગ્રેસના દાવા રજૂ કરવા માટેના અધિકૃત પ્રતિનિધિઓ તરીકે તેમનો સ્વીકાર કર્યો.

ગાંધીજીના પ્રમુખપદે બેલગામ મુકામે મળેલ કૉંગ્રેસ અધિવેશને નાફેરવાદીઓ તથા સ્વરાજ્ય પક્ષના નેતાઓ વચ્ચે પરસ્પર વિશ્વાસની લાગણી જન્માવી. ગાંધીજીએ અસહકારની ચળવળને પૂરી થયેલી જાહેર કરી અને સાથોસાથ કૉંગ્રેસના પ્રત્યેક સભ્યને ભારત બહાર બનેલ કાપડ નહિ વાપરવા તથા નહિ પહેરવા માટે અનુરોધ કર્યો. આ અધિવેશનમાં કૉંગ્રેસના જુદા જુદા વિભાગો મારફત જુદાં જુદાં સેવાકાર્યો કરવાનું પણ ઠરાવવામાં આવ્યું. રેંટિયો, હિન્દુ-મુસ્લિમ એકતા, દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ સાથેનો રચનાત્મક કાર્યક્રમ સ્વરાજ્ય પ્રાપ્તિનાં મુખ્ય સાધનો તરીકે અમલમાં મૂકવાનો પ્રત્યેક કૉંગ્રેસી સભ્યને અનુરોધ કરવામાં આવ્યો.

### 21.3.2 હેતુઓ અને લક્ષ્યાંકો (Objectives and Aims)

ફેબ્રુઆરી, 1923માં પ્રથમ પ્રસિદ્ધ કરાયેલા તેના કાર્યક્રમમાં સ્વરાજ્ય પક્ષે પોતાના હેતુઓ તથા લક્ષ્યાંકો સ્પષ્ટ કર્યાં હતાં. તેનું તાત્કાલિક ધ્યેય સંપૂર્ણ ગૃહસ્વરાજ્ય ઝડપથી પ્રાપ્ત કરવાનું હતું, જેમાં લોકોની ઇચ્છા તથા દેશની પરિસ્થિતિને અનુકૂળ હોય તેવી પદ્ધતિથી બંધારણ ઘડવાના હકનો સમાવેશ થતો હતો. તેના 14મી ઑક્ટોબર 1923ના રોજ પ્રસિદ્ધ કરેલ જાહેરનામા તથા તેણે ધારાસભ્યોમાં મૂકેલ માગણીઓથી સ્પષ્ટ થતું હતું કે સ્વરાજ્ય પક્ષ બંધારણ ઘડવાના હક સાથે અમલદારશાહી પરના અંકુશ સહિતની પૂર્ણ પ્રાંતીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ઇચ્છતો હતો.

લોકો તરફથી અમલદારશાહીને સત્તા મળે છે તેવા બીજા સિદ્ધાંતનો પણ સરકાર પાસે સ્વીકાર કરાવવાનો પક્ષનો હેતુ હતો. જાહેરનામામાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે જેવા પક્ષના સભ્યો ધારાસભાઓમાં દાખલ થશે કે તુરત જ તેઓ સરકારી વહીવટીતંત્ર પર લોકોના અંકુશનો હક સ્વીકારવા સરકાર પર ભારે દબાણ લાવશે અને સરકાર જો આ હકનો અસ્વીકાર કરશે તો તેઓ સરકારી કાર્યમાં રુકાવટ કરીને તેનો એકસરખો અને સતત વિરોધ કરવાનું ચાલુ રાખશે. 1923માં સ્વરાજ્ય પક્ષના ઘડાયેલ બંધારણમાં ડિસેમ્બર, 1924માં બેલગામ મુકામે યોજાએલ કોંગ્રેસ અધિવેશનમાં પક્ષ તથા કોંગ્રેસ વચ્ચેના આખરી સંબંધો નિશ્ચિત ન થયા ત્યાં સુધી તેમાં ફેરફાર થતા રહ્યા. 1924માં નિશ્ચિત થયેલ પક્ષના બંધારણ પ્રમાણે પક્ષનું ધ્યેય બધાં જ કાનૂની તથા શાંતિમય સાધનો દ્વારા ભારતના લોકો માટે સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનું હતું. જોકે સ્વરાજ્યના સ્વરૂપ વિશે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી ન હતી.

### 21.3.3 કાર્યક્રમ (Programme)

સ્વરાજ્ય પક્ષ એવા વિખ્યાત કોંગ્રેસ નેતાઓ મારફત સ્થપાયો હતો કે જેઓ ગાંધીજીના અસહકારના કાર્યક્રમ સાથે પૂરેપૂરા સંમત હતા નહિ. તેઓને ગાંધીજીના અસહકાર તેમ જ રચનાત્મક કાર્યક્રમ પ્રત્યે સહાનુભૂતિ ન હતી, પરંતુ તેઓ 1920નાં પરિબળોના દબાણને લીધે તેમાં સામેલ થયેલ હતા. સ્વરાજ્ય પક્ષ કોંગ્રેસનું જ એક અંગ હોવાને લીધે અને તેના એક વિભાગ તરીકે તે કાર્ય કરતો હોવાને કારણે તેનો કાર્યક્રમ કોંગ્રેસના કાર્યક્રમથી ખાસ જુદો ન હતો. કોંગ્રેસના આશીર્વાદ સાથે સ્વરાજ્ય પક્ષે 1919ના બંધારણને તોડી પાડવા માટે ધારાસભાઓમાં અહિંસક અસહકારની નીતિ અપનાવી. પક્ષે નીચે પ્રમાણેના કાર્યક્રમનો અમલ કરવા નિર્ણય કર્યો :

**(અ) ધારાસભાઓની અંદર : પક્ષે નક્કી કર્યું કે જ્યાં શક્ય હોય ત્યાં તે-**

- પોતાનો હક સાબિત કરવા અંદાજપત્ર તથા સરકારી માગણીઓને નામંજૂર કરશે.
- અમલદારશાહી મજબૂત બને તેવી દરખાસ્તો તથા ઠરાવોનો અસ્વીકાર કરશે.
- રાષ્ટ્રીય જીવનનો યોગ્ય વિકાસ થાય તેવાં પગલાંને ટેકો આપશે તેમ જ તેવા ઠરાવો રજૂ કરશે.
- કોંગ્રેસના રચનાત્મક કાર્યક્રમને સહાય કરશે.
- શોષણ કરનાર બધી પ્રવૃત્તિઓ તથા ભારત બહાર ઘસડાઈ જતી દેશની મિલકતની અટકાયત કરતી અને દેશનાં રાષ્ટ્રીય, આર્થિક, ઔદ્યોગિક તથા વ્યાપારી હિતોનું રક્ષણ કરતી આર્થિક નીતિનો અમલ કરશે.
- ખેતીવાડી તથા ઔદ્યોગિક ક્ષેત્રના મજૂરોના હકો પ્રત્યે લક્ષ્ય આપશે અને જમીન માલિકો તથા ભાડુઆતો અને મૂડીપતિઓ તથા મજૂરો વચ્ચેના સંબંધોને યોગ્ય સ્તર પર મૂકશે.

**(બ) ધારાસભાઓની બહાર : એવું નક્કી કરવામાં આવ્યું કે ધારાસભાઓ બહાર પક્ષ નીચેની કામગીરી કરશે :**

- હિન્દુ, મુસ્લિમ, શીખ, બ્રાહ્મણ તથા બિન-બ્રાહ્મણ વચ્ચે સંપૂર્ણ સમજૂતી લાવીને આંતર-જાતીય એકતા કેળવવી.
- નીચલા થરના લોકોનો દરજ્જો ઊંચો લાવવો તથા અસ્પૃશ્યતાની નાબૂદી કરવી.
- ગ્રામ લોકોનું સંગઠન સાધવું.
- આમજનતા તથા ખેડૂતો સહિત દેશના ઔદ્યોગિક તેમ જ ખેતીવાડી ક્ષેત્રના મજૂરોનાં હિતોનું રક્ષણ કરવા અને તેમને સ્વરાજ્યની લડતમાં સામેલ કરવા તેમનું સંગઠન રચવું.
- ઉદ્યોગ તેમ જ વેપાર-વણિજ્યના વિકાસ માટે દેશના અર્થતંત્ર પર અંકુશ મેળવવો.
- નગરપાલિકાઓ અને અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પર રાષ્ટ્રવાદીઓનો અંકુશ સ્થાપિત કરવો.
- સ્વદેશી, ખાદી, દારૂબંધી, રાષ્ટ્રીય શિક્ષણ તથા લવાદી પંચ સંબંધેના કોંગ્રેસના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવો.
- સ્વરાજ્યની પ્રાપ્તિના રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવા માટે સમિતિએ સલાહ આપ્યા પ્રમાણે ભારત બહાર ઉત્પન્ન થયેલ બ્રિટિશ માલનો બહિષ્કાર કરવો.
- એશિયાના દેશોની એકતા સાધવા તથા પરસ્પરના વેપાર-વાણિજ્યને ઉત્તેજન આપવા એશિયાઈ દેશોનું એક સંગઠન રચવું.

- સ્વરાજ્યની લડતમાં સાથ મેળવવા તેમ જ રાષ્ટ્રીય વિચારો ફેલાવવા વિદેશોમાં પોતાનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા સ્થાપવી.

સ્વરાજ્ય પક્ષના ઉપરોક્ત કાર્યક્રમને લક્ષ્યમાં લેતાં સ્પષ્ટ થાય છે કે તે રાષ્ટ્રીય જીવનની લગભગ બધી જ બાબતોને આવરી લેતો હતો. ચૂંટણીને નજર સમક્ષ રાખીને પક્ષ આ કાર્યક્રમ દ્વારા બધા જ વર્ગના લોકોને સંતોષ આપવા માગતો હતો. સ્વરાજ્ય પક્ષના નેતાઓ વર્ગોના ભંગાણમાં નહિ પરંતુ વર્ગોના સહકારમાં માનતા હતા. ભારતમાં સદીઓથી ચાલી આવતી સામાજિક રચનામાં તેઓ ખલેલ કરવા માગતા ન હતા. જમીન માલિકોને અન્યાય કર્યા વગર તેઓ ખેડૂતોને ન્યાય આપવા માગતા હતા. સ્વરાજ્ય પક્ષે દેશના ધનિક વર્ગ પર ચૂંટણી ફંડ તેમ જ ચૂંટણીમાં તેમના સહકાર પર આધાર રાખતો હોઈને તે તેને ખુશ રાખવા ઇચ્છતો હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યના અમલ માટે તેઓ સાધન તરીકે ધારાસભાઓના કાયદાઓની જરૂરિયાત સ્વીકારતા હતા. આમ છતાં એ સ્વીકારવું જોઈએ કે ધારાસભા બહારનો સ્વરાજ્ય પક્ષનો કાર્યક્રમ તેની શક્તિની મર્યાદાથી પર હતો. એશિયાઈ દેશોના સંગઠનની રચના અને રાષ્ટ્રવાદનો પરદેશોમાં પ્રચાર કરવા માટે પ્રતિનિધિ સંસ્થાઓની સ્થાપના એટલી બધી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ હતી કે જેનો અમલ કરવાનું ઘણું મુશ્કેલ હતું.

### 21.3.4 કાર્યપદ્ધતિ (Methods)

અંદરથી સુધારાને નાબૂદ કરાવવાનું સ્વરાજ્ય પક્ષનું ધ્યેય એ રાજકારણને તેનું ખાસ નોંધપાત્ર પ્રદાન કહી શકાય. પંજાબના ભૂતપૂર્વ ઉપ-ગવર્નર માયકલ ઓ'ડાયરે લખ્યું હતું કે ખુલ્લા બળવા કરતાં અંદરની ભાંગફોડને પહોંચી વળવાનું વધારે મુશ્કેલ હતું. સરકાર પ્રેરિત કાયદાઓમાં વિઘ્નો ઊભાં કરવાની સ્વરાજ્ય પક્ષના નેતાઓની નીતિનો આશય આત્મ-નિર્ણય તથા રાષ્ટ્રીય સ્વમાનને ગૂંગળાવી નાખતી ધારાસભાની પ્રતિષ્ઠાનો અંત લાવવાનો હતો. માર્ચ, 1926માં પોતાના પક્ષે ધારાસભાની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો ત્યારે મોતીલાલ નેહરુએ કહ્યું કે આવી માત્ર દેખાવની ધારાસભાનો અમારે હવે કોઈ ઉપયોગ નથી અને દેશનું સ્વમાન સાચવવા માટે તેનો ત્યાગ કરવો એ જ અમારે માટે એક માત્ર ઉપાય છે. અમે માત્ર એવા ઠરાવોને મંજૂરી આપીશું કે જે પ્રજાની માગણીઓ સ્વીકારવાની સરકારને ફરજ પાડે. સ્વરાજ્ય પક્ષે અમલદારશાહીનો બધી બાજુથી પૂરેપૂરો અસહકાર કર્યો. તેઓએ ધારાસભામાં કટોકટી ઊભી કરી અને પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિ સામે વિઘ્નો ઊભાં કરીને તેને પ્રબળ આઘાત આપ્યો. સ્વરાજ્ય પક્ષના સભ્યો વિદેશી સરકાર સ્વરાજ્ય સામે જે અટકાયતો ઊભી કરતી હતી તેમનો સામનો કરવા માટે ધારાસભાઓમાં વિઘ્નો ઊભાં કરતા હતા. બંગાળની ધારાસભામાં 1925માં પોતાના વ્યાખ્યાનમાં ચિત્તરંજન દાસે કહ્યું કે,

> "જે પદ્ધતિ (દ્વિમુખી પદ્ધતિ) સારું કરતી નથી અને સારું કરી શકે તેમ નથી તેનો અમે અંત લાવવા માગીએ છીએ. અમે તેને નાબૂદ કરવા ઇચ્છીએ છીએ કારણ કે તેને બદલે જે પદ્ધતિ સફળતાપૂર્વક લોકોનું ભલું કરી શકે તેને અમે લાવવા માગીએ છીએ."

અંદાજપત્રની મતયુક્ત બાબતોનો ઇન્કાર તથા અમલદારશાહી તરફથી આવતી દરખાસ્તોનો અસ્વીકાર એ સ્વરાજ્ય પક્ષની નકારાત્મક પદ્ધતિ હતી, જ્યારે તેની હકારાત્મક પદ્ધતિ મુજબ પક્ષ અમલદારશાહીને ખસેડવા તથા તંદુરસ્ત રાષ્ટ્રીય જીવન વિકસાવવા માટેના ઠરાવો રજૂ કરતો હતો.

સ્વરાજ્ય પક્ષની કારોબારી સમિતિએ પોતાના સભ્યોને ધારાસભાઓમાં પાળવા માટેના ચોક્કસ નિયમો નક્કી કર્યા હતા. સરકારી સમિતિઓમાં તેઓએ સભ્ય તરીકે જોડાવાનું ન હતું. ચિત્તરંજન ાસે સભ્યો માટેની ધારાસભાઓમાંની કાર્યપદ્ધતિ આ રીતે નિશ્ચિત કરી હતી.

> "તમે ધારાસભાઓમાં પ્રવેશ મેળવો, તેમાં બહુમતી પ્રાપ્ત કરો અને રાષ્ટ્રીય માગણીઓ રજૂ કરો તેમ હું ઇચ્છું છું. જો સરકાર આ માગણીઓ સ્વીકારે નહિ તો તમે સરકારનો સાચા કે અન્ય ગમે તે માર્ગોથી મક્કમ સામનો કરો અને ધારાસભાની કાર્યવાહીને અશક્ય બનાવી દો."

તેણે આગળ કહ્યું કે;

> "જો સરકાર બહુમતીએ નામંજૂર કરેલ ઠરાવને મંજૂર કરીને કાર્યવાહી ચલાવે તો તેને રાજકીય પ્રશ્ન બનાવીને સ્વરાજ્ય પક્ષના સભ્યોએ ત્યાગપત્ર આપી દેવા. ફરી ચૂંટણી થતાં પક્ષના સભ્યો સરકારી ઠરાવોનો વિરોધ કરવાનું ચાલુ રાખશે,

આમ છતાં સરકાર પક્ષની માગણી ન સ્વીકારે તો પક્ષે લોકોને સરકારને કરવેરા નહિ આપવા માટે તથા સવિનય કાનૂન ભંગની લડત કરવા માટે સમજાવવા."

આમ સવિનય કાનૂન ભંગ એ નિષ્ઠુર અમલદારશાહીનો સામનો કરવાનો આખરી ઉપાય હતો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

નીચેના પ્રશ્નોના કેટલાક જવાબોમાંથી સાચા જવાબ સામે (√) ખરાની નિશાની કરો.

1. સ્વરાજ્ય પક્ષની સ્થાપના કોણે કરી ?
   (અ) મહાત્મા ગાંધી
   (બ) વિઠ્ઠલભાઈ પટેલ
   (ક) એસ.બી.તાંબે
   (ડ) ચિત્તરંજન દાસ
2. સ્વરાજ્ય પક્ષનો મુખ્ય કાર્યક્રમ શું હતો ?
   (અ) ધારાસભા પ્રવેશ
   (બ) બંધારણીય વિરોધ
   (ક) રચનાત્મક કાર્યક્રમ
   (ડ) આમાંનો એક પણ નહિ
3. સ્વરાજ્ય પક્ષનો કાર્યક્રમ પ્રથમ ક્યારે જાહેર થયો ?
   (અ) ડિસેમ્બર, 1922
   (બ) ફેબ્રુઆરી, 1923
   (ક) ઑક્ટોબર, 1923
   (ડ) ફેબ્રુઆરી, 1922
4. સ્વરાજ્ય પક્ષે અપનાવેલ કાર્યક્રમની યાદી કરો.

   ધારાસભાઓની અંદર

   1.
   2.
   3.
   4.
   5.

   ધારાસભાઓની બહાર

   1.
   2.
   3.
   4.
   5.

## 21.4 સ્વરાજ્ય પક્ષ અને ચૂંટણીઓ (Swarajists at the polls)

1919ના કાયદાની જોગવાઈઓ અનુસાર 1920, 1923 તથા 1926 માં ચૂંટણીઓ યોજાઈ. અસહકારના આંદોલનને લીધે કૉંગ્રેસે 1920ની ચૂંટણીઓનો બહિષ્કાર કર્યો હતો, જેથી ઉદારમતવાદીઓ અને બીજાઓને ચૂંટણી જીતવા માટે મોકળું મેદાન મળી ગયું હતું. 1923માં બીજી ચૂંટણીઓ યોજાઈ જ્યારે અસહકારનું આંદોલન સમાપ્ત થઈ ગયું હતું અને ધારાસભામાં પ્રવેશ અંગે કૉંગ્રેસમાં ભાગલાનું વાતાવરણ સર્જાયું હતું. સ્વરાજ્ય પક્ષ તરફથી દાસ-નેહરુ જૂથે ધારાસભામાં પ્રવેશ માટે ચૂંટણીઓ લડી.

ચૂંટણીમાં સ્વરાજ્ય પક્ષના ઉમેદવારોના પ્રબળ વિરોધીઓ માત્ર ઉદારમતવાદીઓ હતા. સ્વતંત્ર ઉમેદવારો પણ ચૂંટણી મેદાનમાં હતા તથા સ્થાનિક મહત્ત્વ ધરાવતા હતા, પરંતુ તેમનો કોઈ

[illegible] 8/23

From,
M.L.Ajmera Jain,
Secy,All-India Jain Association,
(Rajputana Province)

Tripolia bazar.
Jaipur City.
7th June 1923.

My Dear Panditji,

I have full sympathy with the Swarajya Party and want to become its member ,but before joining the party I want to know what is the programme and policy of your party regarding the Native States.Please let me know this per return of post fully.

If you can,kindly send me a copy of the Rules,Regulations and other particulars etc.,of the party.

Thanking you in anticipation and soliciting the favour of an early reply.

Yours Sincerely,
M. L. Ajmera Jain

To
Pandit Motilal Nehru,
Anand Bhawan,
Allahabad.

ALLAHABAD
17 MAY 23
2.30 P.M.

TRICHUR

[illegible]
Kapal Bhara
[illegible]
10. 6. 23

Dear Sir,
I wish to be a member of Indian Swarajya Party. Please let me know the rules of the members & send me the form (if any) at your earliest convenience & oblige.

Yours faithfully,
Banka Bihari Das
H.M.B.

[illegible]
Trichur, [illegible] 1923.

Dear Sir, I am in receipt of your circular letter issued on 1st May. I shall send my reply thereto as soon as I find time. In the meantime may I request you to be good enough to send me a copy of the programme of the Swarajya party. I am glad to tell you and Sjt. [illegible] is expected here shortly.

Thanking you in anticipation,
Yours sincerely,
[illegible] Nilakantan Nambudiripad

Sjt. Pandit Moti Lal Ji Nehru,
General Secretary,
Swarajya Party,
Anand Bhawan
Allahabad

[illegible] સ્વરાજ પાર્ટી વિશે માહિતી માગતા મોતીલાલ નહેરુના પત્ર.

નિશ્ચિત રાજકીય દરજ્જો ન હતો. ઉદારમતવાદીઓ આગલી મુદતમાં ધારાસભાના સભ્યો હોવાને કારણે તેમને ગેરલાભ હતો કારણ કે નાની નાની બાબતોમાં પણ સરકારે તેમની અવગણના કરી હતી અને વિદેશી સરકાર સાથે જોડાયા હોવાનું તેમને કલંક લાગેલું હતું. બીજી બાજુ અસહકારના આંદોલન દરમિયાન સ્વરાજ્ય પક્ષના સભ્યોએ જેલવાસ ભોગવ્યો હોવાથી તેઓ બલિદાનની ભાવનાથી વિખ્યાત થયા હતા. ઉદારમતવાદીઓ પાસે મતદારો સમક્ષ રજૂ કરવા માટે કોઈ વાસ્તવિક સિદ્ધિઓ ન હતી. જ્યારે સ્વરાજ્ય પક્ષના સભ્યો સ્વરાજ્ય પ્રાપ્તિ માટે મથતા ગાંધીજીના અનુયાયીઓ તરીકે ખ્યાતિ પામ્યા હતા. સ્વરાજ્ય માટેની બહારની લડાઈ સફળતા વગર સમાપ્ત થઈ ગઈ હતી માટે તેઓ ધારાસભામાં પ્રવેશવા માગતા હતા. સરકારની પ્રચલિત અયોગ્ય નીતિ સામે તેઓએ અપનાવેલ ખુલ્લા વિરોધની નીતિએ મતદારોને આકર્ષ્યા. 1923ની ચૂંટણીઓમાં સ્વરાજ્ય પક્ષની સફળતા અસરકારક રહી, પરંતુ મધ્ય પ્રદેશ સિવાય તે અન્યત્ર ખાસ તેજસ્વી ન હતી. નીચેનો કોઠો નં.1 ધારાસભાઓમાંની તેમની સ્થિતિ સ્પષ્ટ કરે છે :

**કોઠો નં.1**

| | | કુલ બેઠકો | સ્વરાજ્ય પક્ષે મેળવેલ બેઠકો |
|---|---|---|---|
| 1. | ધારાસભા | 105 | 42 |
| 2. | ધારા સમિતિઓ | - | - |
| 3. | મદ્રાસ ધારાસમિતિ | 98 | - |
| 4. | મુંબઈ ધારાસમિતિ | 86 | 32 |
| 5. | બંગાળ ધારાસમિતિ | 111 | 36 |
| 6. | ઉત્તર પ્રદેશ ધારાસમિતિ | 101 | 31 |
| 7. | પંજાબ ધારાસમિતિ | 71 | 09 |
| 8. | બિહાર અને ઓરિસ્સા ધારાસમિતિ | 73 | 13 |
| 9. | મધ્ય પ્રદેશ ધારાસમિતિ | 54 | 40 |
| 10. | આસામ ધારાસમિતિ | 39 | 13 |
| | કુલ | 633 | 174 |

સ્વરાજ્ય પક્ષ મધ્ય પ્રદેશ, મુંબઈ તથા બંગાળની ધારાસમિતિઓમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉદય પામ્યો, જ્યારે ઉત્તર પ્રદેશની ધારાસમિતિમાં તેની સંખ્યા નગણ્ય ન હતી. સ્વરાજ્ય પક્ષના સભ્યોએ ઉદારમતવાદીઓ સામે સફળતા મેળવી, પરંતુ તેઓ સ્થાનિક અસર ધરાવતા સ્વતંત્ર સભ્યો સામે સફળતા મેળવી શક્યા નહિ. સ્વરાજ્ય પક્ષની ચૂંટણીઓમાં સફળતાએ નાફેરવાદીઓ સામે કૉંગ્રેસમાં તેની સ્થિતિ મજબૂત બનાવી. સ્વરાજ્ય પક્ષના સભ્યો કૉંગ્રેસની સંસદીય પાંખ તરીકે ઓળખાયા.

ચૂંટાયેલા સભ્યોમાંથી મોટા ભાગના વકીલો તથા વેપારીઓ હતા. કોઠો નં.2 મધ્યસ્થ ધારાસભામાં ચૂંટાયેલ સભ્યોનું તેઓના ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવે છે. આથી ચૂંટણીઓમાં કયા વર્ગના લોકો સફળ બન્યા તે સ્પષ્ટ થાય છે.

**કોઠો નં. 2**
**મધ્યસ્થ ધારાસભા**

| | ધંધાર્થી | 1924 | 1927 |
|---|---|---|---|
| • | વકીલો | 42 | 38 |
| • | જમીનદારો | 26 | 30 |
| • | વેપારીઓ | 17 | 16 |
| • | પત્રકારો | 08 | 09 |
| • | ડૉક્ટરો | 02 | 02 |
| • | અન્ય | 09 | 09 |
| • | કુલ | 104 | 104 |

1926ની ચૂંટણીઓનાં પરિણામો સ્વરાજ્ય પક્ષના સભ્યો માટે આઘાતજનક હતાં. મદ્રાસ સિવાયના પ્રાંતોની ધારાસમિતિઓમાં તેમની સંખ્યા ઘટી ગઈ. મદ્રાસમાં તેમની સફળતા નોંધપાત્ર હતી. તેમને લગભગ પ્રત્યેક સ્થાન પર ભારે ખોટ સહન કરવી પડી. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ તથા પંજાબમાં સ્વરાજ્ય પક્ષના સભ્યોને સખત પરાજય મળ્યો. મધ્ય પ્રદેશની ધારાસમિતિમાં તેમને

## CANDIDATES' PLEDGE

I being a member of the Indian National Congress do hereby offer myself as a candidate on behalf of the Congress for election to the Legislative Assembly (Provincial Legislative Council) for the constituency of Kistna (Rural) and declare that if my candidature is approved I shall fully conform to all the rules and directions regulating the conduct of election by members of the party which have been or may be issued by the All-India Congress Committee or its Working Committee or the executive of the Provincial Congress Committee in accordance with the instructions and resolutions of the All India Congress Committee or its Working Committee. If my candidature is not approved I undertake not to contest the elections. I further agree that in case I am elected I shall faithfully carry out the policy and programme of work laid down in the resolution of the Indian National Congress adopted at Cawnpore and the resolution of the All India Congress Committee (now adopted) and in the election manifesto issued by the Working Committee. I shall also faithfully observe all rules and carry out all instructions which may be issued from time to time by the All India Congress Committee and its Working Committee or by the Provincial Congress Committee and party in the Assembly (Council) that may not be inconsistent with the foresaid instructions for the guidance of the Legislative Assembly or Council. I pledge myself to vacate my seat in the Legislature in case I wilfully fail to carry out the policy and instructions of the Congress, of the All India Congress Committee or its Working Committee or of the Provincial Congress Committee and party in the Legislative Assembly or the Council.

(Sd) Kollipara Suryaprakasa? Chowdhri

# The Tamil Nadu Congress Committee

## Congress Party Candidate's Pledge

### LEGISLATIVE COUNCIL / ASSEMBLY

"I, being a member of the Indian National Congress do hereby offer myself as a candidate on behalf of the Congress for election to the Legislative Assembly / ~~Provincial Legislative Council~~ from the constituency of Tanjore and Trichinopoly and declare that if my candidature is approved I shall fully conform to all rules and directions regulating the conduct of elections by members of the Party which have been or may be issued by the A. I. C. C. or its Working Committee or the Executive of the Provincial Congress Committee in accordance with the instructions and resolutions of the A. I. C. C. or its Working Committee. If my candidature is not approved I undertake not to contest the election.

I further agree that in case I am elected I shall faithfully carry out the policy and programme of work laid down in the resolutions of the Indian National Congress adopted at Cawnpore and the resolutions of the A. I. C. C. dated 6th and 7th March 1926 and in any election manifesto to be issued by the Working Committee.

I shall also faithfully observe all rules and carry out all instructions which may be issued from time to time by the A. I. C. C. or its Working Committee or by the Party in the Assembly / Council for the guidance of the elected members of the Legislative Assembly / Provincial Legislative Council.

I pledge myself to vacate my seat in the legislature in case I wilfully fail to carry out the policy, and instructions of the Congress or the A. I. C. C. or its working Committee or the Party in the Legislative Assembly / Provincial Legislative Council."

*Address*
Editor, "Swadesamitran"
Mount Road,
Madras.

(Signature) (Sd) A. Rengaswamy Iyengar

Tamil Nadu Congress
R. L. III 300 29-2-26.

Hindi Prachar Press, Triplicane, Madras.

*(Application Form to be duly filled in and signed by the Congress Candidate who intends to stand for election to the several Legislatures in the coming Election.)*

To

The Hon. Secretary,

The Karnataka Provincial Congress Committee,

GADAG.

Sir,

I beg to offer myself as a Congress candidate for the... Bombay Legislative Council ~~Legislative Assembly~~ in the coming General Elections. I am a member of .... Belgaum Congress Committee and I do hereby declare that, if selected, I shall faithfully carry out the Congress Pledge ( printed on the back ) which was duly signed by me.

Place,

Date,

I have the honour to be
Sir,
Your most obedient servant.
Vaman Shanker Khaterpekar

1 Name in full ... Vaman Shanker Khaterpekar
2 Race & religion... Maratha Hindu
3 Name of the place and the district in which the candidate resides.... Belgaum
4 The constituency for which the candidate intends to stand .... Belgaum

21. Congress Candidates Pledges.

૨૧. કોંગ્રેસ ઉમેદવારોનું વચન.

ફક્ત એક જ બેઠક મળી. ઉત્તર પ્રદેશમાં તેમની સંખ્યા 31માંથી 19ની થઈ જ્યારે મધ્યસ્થ ધારાસભામાં તેમની સંખ્યા 52 માંથી 35ની થઈ.

વાસ્તવમાં 1926ની ચૂંટણીઓ સમયે સ્વરાજ્ય પક્ષના સભ્યોએ પોતાની ઘણીખરી પ્રતિષ્ઠા ગુમાવી હતી. 1925માં ચિત્તરંજન દાસના થયેલ અકાળ અવસાને પક્ષમાં શૂન્યની સ્થિતિ સર્જી. સ્વરાજ્ય પક્ષમાં આંતરિક કલહ વધ્યો. પરસ્પરના સંઘર્ષ અને અવિશ્વાસે પક્ષની પ્રતિષ્ઠાને મોટી હાનિ પહોંચાડી. સ્વરાજ્ય પક્ષના અમુક સભ્યોને પક્ષની ટિકિટો ન મળતાં, તેઓ સ્વતંત્ર સભ્યો તરીકે ચૂંટણીઓ લડ્યા. તેઓ તકવાદી અને સ્વાર્થી હોવાની છાપ પડી. સ્વરાજ્ય પક્ષના બધા સભ્યોએ ધારાસમિતિમાં સરકાર વિરોધી નીતિ ચાલુ રાખી નહિ, અમુકે તો કેટલીક બાબતોમાં સરકારને ટેકો પણ આપ્યો, આથી તે પક્ષની તાકાત અને પ્રતિષ્ઠાને વિશેષ હાનિ થઈ. હિન્દુ-મુસ્લિમ તણાવો, બિન-સાંપ્રદાયિકતાની વાતો કરતા બન્ને જાતિઓનાં અમુક પ્રત્યાઘાતી તત્ત્વોનો પક્ષમાં પ્રવેશ વગેરેથી પક્ષમાં ઘણી મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ. હિન્દુઓને એમ લાગ્યું કે કૉંગ્રેસમાં તેમના હિતો સલામત ન હતાં. વળી, હિન્દુ મહાસભાની પ્રવૃત્તિઓએ પણ સ્વરાજ્ય પક્ષને નિર્બળ બનાવ્યો. કૉંગ્રેસ પ્રત્યેની મુસ્લિમોની નારાજી એટલી બધી સ્પષ્ટ થઈ કે તેઓ સ્વરાજ્ય પક્ષના સભ્યો તરીકે નહિ, પરંતુ મુસ્લિમો તરીકે ચૂંટણીઓ લડ્યા.

## 21.5 ધારાસભાઓમાં કામગીરી (Work in the Legislatures)

મધ્યસ્થ ધારાસભામાં મોતીલાલ નેહરુએ સ્વરાજ્ય પક્ષના સભ્યોને સબળ નેતાગીરી પૂરી પાડી. મધ્યસ્થ ધારાસભામાં સ્વરાજ્ય પક્ષ બહુમતીમાં નહિ હોવાથી તેને સરકારની રાષ્ટ્ર વિરોધી નીતિમાં વિઘ્નો ઊભાં કરવા માટે બીજાં જૂથોના ટેકાની જરુર હતી. 1924ની ફેબ્રુઆરીમાં 70 સભ્યોનું એક સહકારી જૂથ રચવામાં આવ્યું. આ જૂથે સરકાર જો તુરત જ બંધારણીય પ્રગતિની માગણીના ઠરાવને મંજૂરી ન આપે તો તેની સામે વિઘ્નો ઊભાં કરવાની નીતિ અપનાવવાનું ઠરાવ્યું. જૂથને રાષ્ટ્રીય પક્ષનું નામ આપવામાં આવ્યું, પરંતુ તેના બધા જ સભ્યો સ્વરાજ્ય પક્ષના સભ્યો જેવું ઉદ્દામ વલણ ધરાવતા ન હતા. 1924ની મધ્યસ્થ ધારાસભાની કાર્યવાહી પર આ જૂથનું વર્ચસ્વ સ્થપાયું. તેણે અંદાજપત્રની પહેલી ચાર માગણીઓ નામંજૂર કરી અને ધારાસભામાં નાણાં બિલ રજૂ થવા દીધું નહિ. ભારતને ગૃહ સ્વરાજ્ય તથા પ્રાંતીય સ્વાયત્તતા આપવા માટે 1919ના સુધારામાં જરૂરી ફેરફારો કરવા માટે ગવર્નર જનરલની સમિતિને વિનંતી કરતો ઠરાવ રંગાચારિયરે રજૂ કર્યો. ભારતને પૂર્ણ જવાબદાર સરકાર આપવાની ભલામણ કરવા માટે ગોળમેજી પરિષદ યોજવાને લગતો સુધારો મોતીલાલ નેહરુએ રજૂ કર્યો. ધારાસભામાં સુધારા સાથેનો ઠરાવ બહુમતીથી પસાર થયો, તે નીચે મુજબ હતો:

> "ભારતમાં સંપૂર્ણ જવાબદાર સરકાર સ્થાપવા માટે 1919ના કાયદામાં જરૂરી સુધારા કરવાનાં પગલાં લેવા આ ધારાસભા ગવર્નર જનરલની સમિતિને ભલામણ કરે છે. આ હેતુ સિદ્ધ કરવા માટે.
>
> (ક) અગત્યની લઘુમતીઓનાં હકો તથા હિતોનાં રક્ષણનો ખ્યાલ રાખીને ભારતનું બંધારણ ઘડવા માટે ભારતીય પ્રતિનિધિઓની બનેલી ગોળમેજી પરિષદ યોજવાનું સૂચવે છે; અને
>
> (ખ) પછી ચાલુ મધ્યસ્થ ધારાસભા વિખેરી નાખ્યા બાદ નવી ચૂંટાયેલ મધ્યસ્થ ધારાસભા સમક્ષ બંધારણની આ યોજના મૂકવી તથા તે પછી તેને લગતો ધારો ઘડવા માટે તે બ્રિટિશ સંસદ સમક્ષ રજૂ કરવી."

ઉપરોક્ત ઠરાવને પરિણામે 1919ના કાયદાની ઊણપો દર્શાવવા તેમ જ તે દૂર કરવાના ઉપાયો સૂચવવા ગૃહમંત્રી સર એલેક્ઝાન્ડર મુડીમાનના પ્રમુખપદે હિન્દ સરકારને એક સમિતિ નિયુક્ત કરવાની ફરજ પડી. સમિતિમાં વિખ્યાત હિન્દીઓ ટી.બી.સપ્રુ, એમ.એ.જીન્હા, આર.પી.પરાંજપાયા તથા સર શિવસ્વામી અને મોતીલાલ નેહરુનો સમાવેશ કરવામાં આવ્યો. મોતીલાલ નેહરુએ સ્વરાજ્ય પક્ષના સિદ્ધાંત અનુસાર સમિતિના સભ્ય તરીકે જોડાવાની સરકારની વિનંતિનો અસ્વીકાર કર્યો. સરકાર ભારતીય પ્રશ્નનું નિવારણ નહિ કરતી હોઈને તેના વિરોધ તરીકે સરકારી મિજલસોમાં પણ જોડાવાનો સ્વરાજ્ય પક્ષના સભ્યોએ ઇન્કાર કર્યો. જાહેર સેવાઓના સંગઠન તેમ જ તેમની કામગીરીની તપાસ માટે વાઈકાઉન્ટ લીના પ્રમુખપદે નિમાયેલ 'લી કમિશન'ની ભલામણો જ્યારે ધારાસભામાં સંમતિ માટે રજૂ કરવામાં આવી, ત્યારે મોતીલાલ

નેહરુએ તેમાં સુધારો સૂચવ્યો, જે બહુમતીથી પસાર થયો. આ પ્રસંગે મોતીલાલ નેહરુએ જાહેર સેવાઓના પ્રચલિત બંધારણની ઝાટકણી કાઢી અને જાહેર કર્યું કે સરકાર વહીવટ સુધાર્યા વગર જાહેર સેવાના સંગઠનની સુધારણા કરવાનું અશક્ય કાર્ય કરી રહી છે.

1924-25 ના વર્ષમાં સ્વરાજ્ય પક્ષના સભ્યોને ધારાસભામાં નોંધપાત્ર સફળતાઓ પ્રાપ્ત થઈ. તેઓએ અંદાજપત્રને નામંજૂર કર્યું અને સરકારને તેને મંજૂર કરવા માટે પ્રમાણિત સત્તાનો ઉપયોગ કરવાની ફરજ પાડી. ધારાસભાના કાયદા વડે બંગાળના વટહુકમને નાબૂદ કરવા માટે સી.ડી.આયંગરે મૂકેલ પ્રસ્તાવ 58 વિરુદ્ધ 45 મતથી પસાર થયો. વિઠ્ઠલભાઈ પટેલે 1850ના કેદીઓને લગતા કાયદાને નાબૂદ કરવા પ્રસ્તાવ રજૂ કર્યો. તેમ જ તેણે સરહદ ભંગાણના વિશેના 1867ના જુલમી કાયદા અને 1921ના કહેવાતી રાજદ્રોહી સભાઓના અટકાયતને લગતા કાયદા રદ કરવા પણ ઠરાવો મૂક્યા. સરહદભંગાણને લગતા કાયદા સિવાયનો મોતીલાલ નેહરુનો આ ઠરાવ બહુમતીથી પસાર થયો. સરકારનો વિરોધ હોવા છતાં, રાજાએ ભારતમાં લશ્કરી કૉલેજ સ્થાપવા માટેનો રજૂ કરેલો પ્રસ્તાવ પણ પસાર થયો. સુધારા માટેની તપાસ-સમિતિની બહુમતીએ આપેલ અહેવાલ સંબંધેના સરકારી ઠરાવ પર મોતીલાલે સુધારો સૂચવ્યો, જે 72 વિરુદ્ધ 45 મતથી પસાર થયો. આ સુધારાએ ભારતના પ્રતિનિધિઓની બનેલી ગોળમેજી પરિષદ યોજવાની તથા તેમાં ભારતને જવાબદાર રાજ્યતંત્ર આપવાની થનારી રજૂઆતનો સ્વીકાર કરવાની માગણીનો પુનરુચ્ચાર કર્યો.

સ્વરાજ્ય પક્ષના સભ્યો 1919ના સુધારાને તોડી પાડવાના ઉત્સાહમાં સરકારના કેટલાક અન્ય ઠરાવોને રોકવામાં પણ સફળ થયા. તેઓએ સભા મોકૂફીની દરખાસ્તો રજૂ કરી અને વિદેશી સરકારનાં ગેર-કૃત્યો ખુલ્લાં કરવા મુશ્કેલ પ્રશ્નો પૂછ્યા. આમ છતાં સ્વરાજ્ય પક્ષની આવી વિઘ્ન નીતિની સરકાર પર કોઈ અસર થઈ નહિ. સ્વરાજ્ય પક્ષની અવારનવારની વિઘ્ન નીતિ સાથે સ્વતંત્ર સભ્યો સંમત થયા નહિ. રાષ્ટ્રીય પક્ષ પણ સહકારની ભાવનામાંથી પીછેહઠ કરવા લાગ્યો. અને સ્વતંત્ર સભ્યોએ બધી વખત સ્વરાજ્ય પક્ષના સભ્યોને ટેકો આપ્યો નહિ. પાછલી સંસદીય કારકિર્દીમાં સ્વરાજ્ય પક્ષના સભ્યોએ સરકારી બહિષ્કારની પદ્ધતિની નીતિનો છૂટથી ઉપયોગ કર્યો. સ્વરાજ્ય પક્ષના સભ્યોની આ પદ્ધતિથી તેમને 'ભ્રમણ કરનાર દેશભક્તો' તથા 'હલનચલન કરનાર રાષ્ટ્રવાદીઓ'નાં ઉપનામો આપવામાં આવ્યાં.

બંગાળ અને મધ્ય પ્રદેશમાં સ્વરાજ્ય પક્ષની સફળતા નોંધપાત્ર હતી. બંગાળમાં તે સૌથી મોટો પક્ષ હતો અને 19 સ્વતંત્ર સભ્યોના સહકારથી તે ધારાસમિતિમાં કટોકટી ઊભી કરી શક્યો. બંગાળના ગવર્નર લૉર્ડ લીટને ચિત્તરંજન દાસને સોંપાયેલ ખાતાની જવાબદારી સંભાળી લેવા નિમંત્રણ આપ્યું. તે નિમંત્રણનો તેમણે અસ્વીકાર કર્યો અને સરકારનો વિરોધ કરવા અસરકારક સંયુક્ત જૂથ ઊભું કર્યું. 1924 તથા 1925માં પ્રધાનો નાપગારના મંજૂર કરવામાં આવ્યા અને પ્રધાનોના પગાર મંજૂર કરાવવાના વારંવારના પ્રયાસો નિષ્ફળ ગયા. પરિણામે ગવર્નરને સોંપાયેલ ખાતાંઓ પોતાની કારોબારીના સભ્યો અને પોતાની વચ્ચે વહેંચી લેવાની ફરજ પડી. રાજકીય કેદીઓને મુક્ત કરવાનો જે.એમ.એન. ગુપ્તાનો ઠરાવ 72 વિરુદ્ધ 41 મતથી પસાર થયો. આ ઠરાવ બાદ વ્યોમેશ ચક્રવર્તીએ 1818નો બંગાળ ધારો (II T), ભારતીય ફોજદારી ધારો તથા કહેવાતી રાજ્યદ્રોહી સભાઓને લગતો ધારો નાબૂદ કરવા ઠરાવ રજૂ કર્યો. તે પણ 63 વિરુદ્ધ 43 મતથી મંજૂર થયો. 1925માં ચિત્તરંજન દાસના અવસાનથી સ્વરાજ્ય પક્ષને તેના સૌથી શક્તિશાળી નેતાની ખોટ પડી અને તે નિર્બળ બન્યો. આમ છતાં સરકાર પ્રધાનમંડળની રચના કરી શકી નહિ. દ્વિમુખી શાસન પદ્ધતિને મૃતપ્રાયઃ જાહેર કરીને 1926માં સ્વરાજ્ય પક્ષના સભ્યો ધારાસમિતિમાંથી ખસી ગયા.

મધ્ય પ્રદેશમાં સ્વરાજ્ય પક્ષે સંપૂર્ણ બહુમતી મેળવી અને તેણે સરકારને સ્થગિત કરી દીધી. તેઓએ પ્રધાનપદ સ્વીકારવાનો ઇન્કાર કર્યો. સરકારે સ્વરાજ્ય પક્ષ સિવાયના સભ્યોની પ્રધાનો તરીકે નિયુક્તિ કરી. સ્વરાજ્ય પક્ષે પ્રધાનોને રાજીનામું આપી દેવા માટે વિનંતી કરતો ઠરાવ રજૂ કર્યો, જે 44 વિરુદ્ધ 24 મતથી પસાર થયો. આથી મધ્ય પ્રદેશની સરકારને ગવર્નરની ખાસ સત્તાઓ અનુસાર વહીવટ ચલાવવાની ફરજ પડી. આથી કંઈક અણગમા સાથે ભારતીય કાયદા પંચને સ્વરાજ્ય પક્ષની સફળતા વિશે નીચે પ્રમાણે વિધાન કરવું પડ્યું :

> "ચોક્કસ કાર્યક્રમ ધરાવતો અને શિસ્તબદ્ધ અને સંગઠિત એક માત્ર સ્વરાજ્ય પક્ષ છે (જોકે તેનું વલણ નકારાત્મક છે). ફક્ત બંગાળ અને મધ્ય પ્રદેશમાં તેઓએ દ્વિમુખી શાસનને અશક્ય બનાવી દીધું, જ્યારે બીજા પ્રાંતોમાં તેઓએ વ્યવસ્થિત

વિરોધ પક્ષની કામગીરી બજાવી તથા તેઓ જાગ્રત અને ઉગ્ર ટીકાકારો તરીકે વર્ત્યા."

સ્વરાજ્ય પક્ષના સભ્યોની પ્રવૃત્તિઓએ દેશમાં જાગૃતિ પેદા કરી અને ચાલુ બંધારણના માળખામાં પણ તેઓની નીતિરીતિએ કેટલીક સિદ્ધિઓ મેળવી. બંગાળ અને મધ્ય પ્રદેશમાં દ્વિમુખી શાસનને ફગાવી દેવામાં આવ્યું ત્યારે લોકોનો ઉત્સાહ ઘણો વધી ગયો. આમ સ્વરાજ્ય પક્ષનાં કામગીરીએ નીરસ થઈ ગયેલ રાજકીય વાતાવરણને ચેતનવંતું બનાવ્યું. તેમની વિઘ્નો ઊભા કરવાની નીતિરીતિઓએ સરકારને અવારનવાર મૂંઝવણમાં મૂકી. આથી આ સમયના દ્વિપક્ષી સંસદીય સંઘર્ષો સંસદીય રાજકારણના ઇતિહાસમાં એક તેજસ્વી પ્રકરણ કહી શકાય.

## 21.6 રચનાત્મક કાર્ય (Constructive work)

1919ના સુધારાને અંદરથી તોડી પાડવા માટેનો ધારાસભા-પ્રવેશ એ સ્વરાજ્ય પક્ષનો એક માત્ર હેતુ ન હતો પરંતુ જેને ગાંધીજી રચનાત્મક કાર્યક્રમ કહેતા હતા તેવી સામાજિક-આર્થિક સુધારણાની પ્રવૃત્તિઓ પરત્વે પણ તેમના કેટલાક ચોક્કસ ખ્યાલો હતા. ગાંધીજીના મન્તવ્ય પ્રમાણે સ્વાતંત્ર્યસંગ્રામના રથનાં બે પૈડાં હતાં : (i) રચનાત્મક કાર્યક્રમ અને (ii) રાજકીય લડત. ગાંધીજીના ખ્યાલ મુજબ રચનાત્મક કાયક્રમમાં 18 મુદ્દાઓનો સમાવેશ થતો હતો, જેમાં હિન્દુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, સ્વદેશી તથા બહિષ્કાર ખાસ મહત્ત્વના મુદ્દાઓ હતા.

સ્વરાજ્ય પક્ષના સભ્યો આ કાર્યક્રમ પ્રત્યે બેકાળજી દર્શાવી શકે તેમ ન હતા, કારણ કે તેઓ જાણતા હતા કે એક સમયે તેઓને ધારાસમિતિઓ છોડીને નાફેરવાદીઓ સાથે સવિનય કાનૂનભંગમાં જોડાવું પડશે. ગાંધીજી તથા કૉંગ્રેસ સાથેના સતત જોડાણથી તેઓ પોતાની રાજકીય સત્તા ટકાવી શકે તેમ હતા. આમ, 'રચનાત્મક કાર્યક્રમ' નાફેરવાદીઓ તથા ફેરવાદીઓ (સ્વરાજ્ય પક્ષના સભ્યો)ને કામગીરીનો એક સામાન્ય મંચ પૂરો પાડતો હતો. આમ છતાં એ સત્ય સ્વીકારવું જોઈએ કે સ્વરાજ્ય પક્ષના સભ્યો મુખ્યત્વે ધારાસભા પ્રવેશ અને સંસદીય રાજકારણમાં રોકાયેલ હોઈને તેઓ નાફેરવાદીઓ જેટલા ઉત્સાહ અને નિયમિતતાથી રચનાત્મક કાર્યક્રમનો અમલ કરી શક્યા નહિ.

સ્વરાજ્ય પક્ષના અગ્રગણ્ય નેતાઓએ હિન્દુ-મુસ્લિમ એકતા તથા આમજનતાની રાજકીય તાલીમને સ્વરાજ્ય પ્રાપ્તિનું મુખ્ય સાધન માન્યું. કોમી એકતા અને તંદુરસ્ત રાષ્ટ્રીય જીવન સિદ્ધ કરવા આમજનતાને તાલીમ આપવા પ્રસિદ્ધિ માટે એક કાયમી કાર્યાલય સ્થાપવાનો કૉંગ્રેસે 1926માં ઠરાવ કર્યો હતો. મૌલાના અબુલ કલામ આઝાદ, મોતીલાલ નેહરુ તથા સરોજિની નાયડુને આ દિશામાં સક્રિય પગલાં ભરવાની સત્તા આપવામાં આવી હતી. કૉંગ્રેસના ગૌહતી મુકામે થયેલ અધિવેશનમાં મોતીલાલ નેહરુએ રચનાત્મક કાર્યક્રમ દ્વારા લોકોને રાજકીય તાલીમ આપવા તથા તેમના રાજકીય હકો માટે જાગ્રત કરવા નેતાઓને અનુરોધ કર્યો હતો. ભારતના રાજકારણમાં સ્વરાજ્ય પક્ષના ઉદય સમયે હિન્દુ-મુસ્લિમ તનાવો પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. કોમી રમખાણોએ સ્વાધીનતા, રાષ્ટ્રીય એકતા તથા બિન-સાંપ્રદાયિકતાના પુરસ્કર્તાઓ સામે મોટો પડકાર ફેંક્યો હતો; પરંતુ સ્વરાજ્ય પક્ષના નેતાઓ પણ અન્ય જૂથોની માફક હિન્દુ-મુસ્લિમ એકતાની જરૂરિયાત સંબંધેનાં ઉમદા વ્યાખ્યાનો સિવાય કંઈ વિશેષ કરી શક્યા ન હતા.

ગાંધીજીએ પ્રબોધેલ રચનાત્મક કાર્યક્રમમાં સ્વદેશીનો ખ્યાલ મુખ્ય હતો. ગાંધીજીની સ્વદેશી વિશેની વ્યાખ્યા સર્વગ્રાહી હતી, કારણ કે તેમાં ચરખા અને ખાદી ઉપરાંત અન્ય બધા દેશી ઉદ્યોગોનો પણ સમાવેશ થતો હતો. ગાંધીજીના મત પ્રમાણે ખાદીનો અર્થ સંપૂર્ણ સ્વદેશી વિચારસરણી, તથા ગામડાનાં લોકોની મહેનત અને બુદ્ધિથી ભારતના લોકોની જીવન જરૂરિયાતની ચીજો પ્રાપ્ત કરવાનો નિશ્ચય થતો હતો. સ્વરાજ્ય પક્ષના સભ્યોએ પણ સ્વદેશી, ચરખા અને ખાદીનો કાર્યક્રમ સ્વીકાર્યો, પરંતુ તે પરત્વેનો તેમનો અભિગમ ગાંધીજી તેમ જ તેના ચુસ્ત અનુયાયીયોના અભિગમ જેટલો ઊંડો અને દૃઢ ન હતો. ગાંધીજીને દુઃખ થયું કે સ્વરાજ્ય પક્ષના સભ્યોમાં ખાદીનો વપરાશ ઘટતો જતો હતો અને તે માત્ર શિષ્ટાચારી પોશાક તરીકે જ રહ્યો હતો. કારણ કે તેઓના કુટુંબના સભ્યો વિદેશી કાપડ વાપરતાં અચકાતા ન હતા.

### 21.6.1 ખાદી (Khadi)

સ્વરાજ્ય પક્ષના નેતાઓ ખાદી અને રેંટિયા સંબંધે ગાંધીજીના વિચારો સાથે સંમત થતા ન

હતા. ચિત્તરંજન દાસ ખાદી અને રેંટિયાને હિન્દના લોકોની આર્થિક સ્થિતિ સુધારવાનું એક સાધન માનતા હતા. તેઓ ખાદીની વ્યાપારિક ઉપયોગિતામાં માનતા નહિ તથા તેને વિશ્વ-બજારમાં મૂકવાની વસ્તુ પણ ગણતા નહિ, સ્વરાજ્ય પક્ષના સભ્યો કેવળ ખાદી, ચરખા તથા દેશી ઉદ્યોગોથી સ્વરાજ્ય મળશે તેવા ખ્યાલનો સ્વીકાર કરતા ન હતા.

ચિત્તરંજન દાસે કહ્યું કે દેશવાસીઓ એમ માનતા હોય કે માત્ર ખાદીથી સ્વરાજ્ય આવશે તો એ કઈ રીતે શક્ય બને ? આમ સ્વરાજ્ય પક્ષના સભ્યો ખાદીને ખાસ મહત્ત્વ આપતા ન હતા, છતાં પણ તેઓ લોકોને ખાદી પહેરવા માટે અનુરોધ કરતા જ હતા. સ્વરાજ્ય પક્ષે પોતાના સભ્યોને સૂચના આપી હતી કે તેઓએ મધ્યસ્થ ધારાસભા તથા પ્રાંતિક ધારાસમિતિઓમાં હાજરી આપતી વખતે શુદ્ધ ખાદીનો પોશાક પહેરવો.

સ્વરાજ્ય પક્ષના નેતાઓ ખાદી અને રેંટિયા સંબંધે ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓ તથા નાફેરવાદીઓનો વિરોધ કરતા નહિ; પરંતુ ખાદી અને ચરખાને કૉંગ્રેસના સભ્યપદ માટે અનિવાર્ય ગણવાની ગાંધીજીના અનુયાયીઓએ દરખાસ્ત કરી ત્યારે તેઓએ તેનો સખત વિરોધ કર્યો. કૉંગ્રેસ તરફથી જુદી જુદી સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યો માટે કાંતવાનું ફરજિયાત કરવાનો ગાંધીજીએ જ્યારે ઠરાવ મૂક્યો ત્યારે સ્વરાજ્ય પક્ષના નેતાઓએ તેને પ્રત્યે સખત નાપસંદગી દર્શાવી. સ્વરાજ્ય પક્ષના નેતાઓના ઠરાવ સામેના ભારે વિરોધથી ગાંધીજીએ કાંતણને લગતા ઠરાવમાંથી દંડને લગતી કલમ રદ કરી. કાંતણ સંબંધેના ઠરાવ વિશે સ્વરાજ્ય પક્ષનું વલણ સ્પષ્ટ કરવાનું કહેવામાં આવતાં ચિત્તરંજન દાસે જવાબ આપ્યો કે,

> "સ્વરાજ્ય પક્ષના સભ્યોને કાંતવા સામે કોઈ વિરોધ નથી અને તેઓએ રચનાત્મક કાર્યક્રમમાં અવારનવાર પોતાની શ્રદ્ધા વ્યક્ત કરેલી છે; પરંતુ આ બાબત ફરજિયાત કરવા સામે તેમનો વિરોધ છે. વળી, આને તેઓ કૉંગ્રેસ કારોબારીમાંથી ગેરબંધારણીય રીતે તેમને રદ કરવાના એક પ્રયાસ સમાન માને છે."

સમાપનમાં એક કહી શકાય કે સ્વરાજ્ય પક્ષના સભ્યો ખાદીના કાર્યક્રમમાં પૂરેપૂરો સાથ આપવા માગતા હતા, પરંતુ આ બાબતમાંના અતિરેકથી તેઓ મુક્ત રહેવા ઇચ્છતા હતા અને અંધશ્રદ્ધાળુ ભક્તો થવા માગતા ન હતા.

### 21.6.2 અસ્પૃશ્યતા (Untouchability)

અસ્પૃશ્યતા એ હિન્દુ સમાજ પરનું એક કલંક છે. અસહકારના ઠરાવે હિન્દના લોકોને મોટા પાયા પર હાથકાંતણ અને હાથ-વણાટ પુનર્જીવિત કરવાની સલાહ આપી કારણ કે તેનાથી ભારતીય સમાજના લાખો વણકરો (અસ્પૃશ્યો)ને ફાયદો થાય તેમ હતો. ગાંધીજીએ કહ્યું કે અસહકાર એ માત્ર અંગ્રેજો પ્રત્યેના વલણમાં જ નહિ, પરંતુ આપણા વલણમાં પણ હૃદયપરિવર્તન માટેની એક દલીલ છે. કૉંગ્રેસના નાગપુર અધિવેશનમાં તેણે લોકોને હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતાના કલંકને નાબૂદ કરવા વિશેષ પ્રયત્નો કરવા અપીલ કરી. દલિતોના ઉત્કર્ષની બાબત પર કૉંગ્રેસ નેતાઓએ ખાસ લક્ષ્ય કેન્દ્રીત કર્યું. ગાંધીજીના આ પરત્વેના વિચારો સાથે સ્વરાજ્ય પક્ષના નેતાઓ પૂરેપૂરા સંમત હતા. 1924માં બેલગામ મુકામેના કૉંગ્રેસ અધિવશેનમાં આ વિશે થયેલ ઠરાવનો તેમણે સંપૂર્ણ સ્વીકાર કર્યો હતો. તેઓ દૃઢપણે માનતા હતા કે હિન્દુ સમાજ પરનો અસ્પૃશ્યતાનો શાપ વહેલી તકે દૂર થવો જોઈએ.

હિન્દના અમુક પ્રદેશોમાં અસ્પૃશ્યતાનું સ્વરૂપ ઘણું ભયંકર હતું. હિન્દુ સમાજના આ કલંકને દૂર કરવા આ સમયગાળા દરમિયાન ઘણા પ્રાથમિક પ્રયાસો થયા. દા.ત. દક્ષિણ ભારતમાં વાયકોમમાં હિન્દુ મંદિર તરફ જતા જાહેર માર્ગનો ઉપયોગ કરવાનો હક અસ્પૃશ્યોને આપવા માટે સુધારકોએ સત્યાગ્રહનો આશરો લીધો. આ પ્રયત્નને ગાંધીજી તથા સ્વરાજ્ય પક્ષના નેતાઓનો પૂરો ટેકો મળ્યો. સ્વરાજ્ય પક્ષે વાયકોમમાં ચાલતા સત્યાગ્રહ પ્રત્યે પૂરી સહાનુભૂતિ દર્શાવતો ઠરાવ પસાર કર્યો. બેલગામ કૉંગ્રેસે સત્યાગ્રહીઓના ન્યાયી હકનો સ્વીકાર કરવા અને તે માટે ઝડપી પગલાં લેવા ત્રાવણકોરની સરકારને અનુરોધ કર્યો. સરકારને પણ લાગ્યું કે હિન્દુ રૂઢિવાદીઓને સાથ આપવાનું અયોગ્ય હતું. આથી તેણે સત્યાગ્રહીઓના દબાણને માન્ય રાખીને રસ્તા પરની અડચણો તથા સળિયાઓની કિલ્લેબંધી દૂર કરી. જોકે અસ્પૃશ્યોને હિન્દુ મંદિર તરફ આ જાહેર માર્ગે જવા દેવા કે કેમ તે બાબતે હજી પણ લોકોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તતો હતો.

તારકેશ્વરના બનાવમાં મહંતની આપખુદી સામે સ્વરાજ્ય પક્ષના નેતાઓએ ઊંડો રસ દર્શાવ્યો. બે ધાર્મિક સુધારકો-સ્વામી વિશ્વાનંદ અને સ્વામી સચ્ચિદાનંદે સ્વયંસેવકોનું સંગઠન રચ્યું. તેઓએ

મંદિરને જાહેર મિલકત તરીકે જાહેર કર્યું. અને મંદિરના મહંતની જોહુકમી સાથે સીધું પગલું ભર્યું. સ્વયંસેવકો અને મહંતના નોકરો વચ્ચે સંઘર્ષ થયો. ચિત્તરંજન દાસે સરકારને કડક પગલાં ભરીને મહંતની ધરપકડ કરવા અનુરોધ કર્યો. આથી ચિત્તરંજન દાસે નિયુક્ત કરેલી સમિતિને મંદિરનો વહીવટ સોંપી દેવા માટે મહંત પર દબાણ લાવવામાં આવ્યું. તારકેશ્વરના બનાવે ભારે ઉત્તેજનાનું વાતાવરણ ફેલાવ્યું. ઘણી ધરપકડો થઈ અને પોલીસને એક વખત ગોળીબારનો આશરો પણ લેવો પડ્યો. છેવટે તેમની શરતે સ્વરાજ્ય પક્ષના નેતાઓ સાથે મહંતને સમાધાન કરવાની ફરજ પડી. આ બનાવે મંદિરોમાં ધાર્મિક પૂજા સંબંધેના ભેદભાવ નાબૂદ કરવાના સ્વરાજ્ય પક્ષના સભ્યોના પ્રયત્નોની સચ્ચાઈ સાબિત કરી. તેઓ દલિતોને માટે પણ મંદિરોના દ્વારો ખુલ્લાં મુકાવવા માટે પ્રયત્નશીલ રહ્યા. સ્વરાજ્ય પક્ષના સભ્યોએ જ્ઞાતિભેદભાવ નાબૂદ કરવા આંતર-જ્ઞાતીય ભોજનો પણ યોજ્યાં. દલિતોના હકો માટે સ્વરાજ્ય પક્ષે કેન્દ્રીય ધારાસભા તથા પ્રાંતીય ધારાસમિતિઓમાં પણ બંધારણીય લડત ચલાવી. આમ સ્વરાજ્ય પક્ષે ચલાવેલ અસ્પૃશ્યતા વિરોધી ઝુંબેશથી સામાજિક જાગૃતિ આવી, પરંતુ સૈકાઓ જૂના આવા સામાજિક પૂર્વગ્રહો નાબૂદ કરવા માટે સતત અને અવિરત પ્રયત્નોની જરૂર રહે છે એમ કહી શકાય.

### 21.6.3 અન્ય સામાજિક સમસ્યાઓ (Other Social Problems)

કૉંગ્રેસ સુધારકોએ કેફી પદાર્થો તેમ જ કેફી પીણાના સેવનના અનિષ્ટને નિવારવા પ્રત્યે પણ ધ્યાન આપ્યું. કૉંગ્રેસે આ અનિષ્ટને નાબૂદ કરવા પર ભાર મૂક્યો તથા દારૂબંધીમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. બ્રિટિશ યુગ પહેલાંના ભારતમાં પણ કેફી પીણાં અને કેફી પદાર્થોનું સેવન થતું જ હતું. બ્રિટિશ સરકારે કેફી પદાર્થોને પોતાની આવકનું સાધન બનાવ્યું અને આમાંથી મળતી સારી એવી આવક બંધ ન થાય માટે દારૂબંધી કરવાનો ઇન્કાર કર્યો. રાષ્ટ્રવાદીઓ આ પરિસ્થિતિની ગંભીરતા સમજી શક્યા, કારણ કે આ વલણથી લોકોનાં કલ્યાણ કરતાં, વિદેશી સરકાર પોતાની કમાણીને વધારે મહત્ત્વ આપતી હતી. રાષ્ટ્રવાદીઓ તરીકે સમાજની કાયાપલટ કરવાની તેમની સામાજિક તથા નૈતિક જવાબદારી હતી. આથી સ્વરાજ્ય પક્ષે પોતાના કાર્યક્રમમાં દારૂબંધીનો પણ સમાવેશ કર્યો. રાષ્ટ્રીય નેતાઓને ખાતરી થઈ કે કેફી પીણાં અને કેફી પદાર્થો લેવાની લોકોની ટેવને ભારતની વિદેશી સરકાર આવકનું સાધન માનતી હતી તે રાષ્ટ્રીય આરોગ્ય અને લોકોના નૈતિક કલ્યાણ માટે વિઘાતક હતું. આથી તેઓએ તેની નાબૂદી માટે પ્રયત્નો કર્યા.

સ્વરાજ્ય પક્ષ સહિત કૉંગ્રેસે 1922 થી 1929 સુધી રચનાત્મક કાર્યક્રમ પર ખાસ ભાર મૂક્યો. મહાત્મા ગાંધીએ આને પોતાના જીવનનું મુખ્ય ધ્યેય બનાવ્યું. તેમને ખાતરી થઈ કે રચનાત્મક કાર્યક્રમ દ્વારા જ વાસ્તવિક સ્વરાજ્યની પ્રાપ્તિ થશે. સ્વરાજ્ય પક્ષના સભ્યોએ ગાંધીજીના આ કાર્યક્રમને ટેકો તો આપ્યો, પરંતુ તેઓ આ પરત્વેના ગાંધીજીના આદર્શવાદ સાથે સંમત થયા નહિ. આમ છતાં, એ કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનું અપેક્ષિત પરિણામ આવ્યું ન હોવા છતાં તેના દ્વારા રૂઢિવાદને આઘાત આપવામાં કૉંગ્રેસના કાર્યકરો કંઈક અંશે સફળ થયા ખરા.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. સ્વરાજ્ય પક્ષે ______ ની સાલની ચૂંટણીમાં ભાગ લીધો.
   (ક) 1923, 1926
   (ખ) 1919, 1923
   (ગ) 1920, 1926
   (ઘ) 1919, 1920
2. ______ ના કાયદા હેઠળ ચૂંટણીઓ યોજાઈ.
   (ક) 1920
   (ખ) 1923
   (ગ) 1926
   (ઘ) 1919
3. 1924ની ધારાસભામાં સૌથી વધારે બેઠકો મળી હતી.
   (ક) જમીનદારો
   (ખ) પત્રકારો

(ગ) વકીલો
(ઘ) વેપારીઓ

4. નીચેનામાંના એક સ્વરાજ્ય પક્ષના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.
(અ) મોતીલાલ નેહરુ
(બ) વિઠ્ઠલભાઈ પટેલ
(ક) ચિત્તરંજન દાસ
(ડ) જે.એમ.સેન ગુપ્તા

5. 1923માં સ્વરાજ્ય પક્ષને સંપૂર્ણ બહુમતી મળી.
(ક) કેન્દ્રીય ધારાસભા
(ખ) ઉત્તર પ્રદેશની ધારાસમિતિ
(ગ) બંગાળની ધારાસમિતિ
(ઘ) મધ્ય પ્રદેશની ધારાસમિતિ

6. ધારાસભાઓમાં સ્વરાજ્ય પક્ષના સભ્યોની કામગીરી વિશે દશ વાક્યો લખો.

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

## 21.7 શિથિલતા અને પડતી (Demoralisation and Decline)

1924નો ઉત્સાહ ઓસરી ગયો અને 1925-27નાં વર્ષો દરમિયાન સ્વરાજ્ય પક્ષમાં શિથિલતા અને ક્રમશઃ પડતી આવી. ધારાસભાઓમાં સ્વરાજ્ય પક્ષ વિઘ્નો નાખવાની સતત એકધારી નીતિ ચાલુ રાખવામાં નિષ્ફળ ગયો. સ્વરાજ્ય પક્ષની નીતિરીતિથી 1919ના સુધારાની પોકળતા ખુલ્લી પડી, પરંતુ તે સુધારામાં કોઈ પણ ફેરફાર કરાવવામાં આ નીતિ નિષ્ફળ ગઈ. સ્વરાજ્ય પક્ષના અમુક સભ્યોને લાગ્યું કે સરકાર પ્રત્યેની પક્ષની સતત નકારાત્મક નીતિથી તો સામાજિક રીતે ઉપયોગી એવા ચોક્કસ ઠરાવો ગૃહમાં પસાર ગઈ શક્યા ન હતા. આથી પક્ષમાં શક્ય હોય ત્યાં હકારાત્મક સહકારનું વલણ વધ્યું. ચિત્તરંજન દાસ પણ અમુક બાબતમાં સરકાર સાથે સહકાર સાધવાના મતના થયા. ફરીદપુરમાં 2જી મે, 1925ના રોજ યોજાયેલ બંગાળ પ્રાંતીય પરિષદના પ્રમુખસ્થાનેથી બોલતાં ચિત્તરંજન દાસે સરકારને યોગ્ય સમાધાન સાધવા અપીલ કરી. તેઓએ કહ્યું કે વાસ્તવમાં ચોક્કસ જવાબદારી લોકોને સોંપવામાં આવે તો સરકાર સાથે સમાધાન શક્ય છે. સરકારને બધા રાજકીય કેદીઓને છોડી મૂકીને તેમણે માનસ પરિવર્તન દાખવવા અનુરોધ કર્યો. તેણે સરકારને ખાતરી આપી કે સ્વરાજ્ય પક્ષ ક્રાન્તિકારી પ્રચારને નિરુત્સાહિત કરવા બધું કરી છૂટશે.

### 21.7.1 નિષ્ક્રિયતા (Drift)

ફરીદપુર જાહેરાતે સ્વરાજ્ય પક્ષની બંધારણીય વિરોધ પ્રત્યેની નિષ્ક્રિયતા તથા સરકાર પ્રતિ સહકારની ભાવનાની ગતિ વધારી. લૉર્ડ બર્કનરેડે 7મી જુલાઈ 1925ના રોજ આપેલ વ્યાખ્યાનમાં સ્વરાજ્ય પક્ષની ભારતના એક ખૂબ જ સંગઠિત રાજકીય પક્ષ તરીકે પ્રશંસા કરી અને જાહેર કર્યું કે બ્રિટિશ સરકાર ભવ્ય પૂર્વ (ભારત) ને કાયમ માટે આ સ્થિતિમાં રાખવા માગતી નથી. આની સ્વરાજ્ય પક્ષ પર સારી અસર પડી, અને તેના સભ્યોએ સતત વિઘ્ન નાખવાની નીતિનો

ત્યાગ કર્યો. વાસ્તવમાં સ્વરાજ્ય પક્ષના ઘણાખરા સભ્યોને અસહકારમાં શ્રદ્ધા ન હતી. ધારાસભામાં પ્રવેશ પછી તેને લગતા વિશિષ્ટ હકો પણ ભોગવવામાં તેઓ માનતા. સ્વરાજ્ય પક્ષના સભ્યોએ હોદ્દાનો તેમ જ જુદી જુદી સમિતિઓના સભ્યપદનો પણ સ્વીકાર કર્યો. અગાઉ મુડ્ડીમાન સમિતિના સભ્યપદનો ઇન્કાર કરનાર મોતીલાલ નેહરુએ જ સ્કીન સમિતિનું સભ્યપદ સ્વીકાર્યું. વિઠ્ઠલભાઈ પટેલે કેન્દ્રીય ધારાસભાના પ્રમુખપદનો સ્વીકાર કર્યો. એ. રામસ્વામી આયંગર જાહેર હિસાબ સમિતિના સભ્યપદે નિયુક્ત થયા. સર બેસીલ બ્લેકેટે ધારાસભાની કાર્યવાહીમાં સહકાર આપવા બદલ મોતીલાલ નેહરુની પ્રશંસા કરી. તેણે કહ્યું કે પંડિતજી (મોતીલાલ નેહરુ) પોલાદ ઉદ્યોગને રક્ષણ આપતા ઠરાવ, ગત વર્ષના અંદાજપત્રને લગતા ઠરાવ તથા રેલવે નાણાંમંત્રીને અલગ કરવાના ઠરાવને ટેકો આપીને હકારાત્મક નીતિ અપનાવી રહ્યા છે. તે જ રીતે પટેલ (વિઠ્ઠલભાઈ) ધારાસભાના પ્રમુખ બનીને તે જ નીતિને અનુસરી રહ્યા છે તે ખરેખર આવકારદાયક છે. જાહેર હિસાબ સમિતિના સભ્ય તરીકે નોંધપાત્ર સેવા બજાવવા બદલ સર બેસીલે આયંગરની પણ પ્રશંસા કરી. આ રીતે સરકાર સ્વરાજ્ય પક્ષના સભ્યોને સહકાર આપવા માટે મનાવી લેવામાં સફળ થઈ.

મધ્ય પ્રદેશમાં સ્વરાજ્ય પક્ષના બે મુખ્ય અગ્રણીઓ એસ.બી.તાંબે તથા રાઘવેન્દ્ર રાવને સરકારે પોતાના પક્ષે લઈ લીધા. આથી પક્ષ બે વિભાગો - ટેકો આપનારા અને અસહકાર કરનારામાં વિભાજિત થયો એટલું જ નહિ, પરંતુ આનાથી આખા પક્ષનું પણ વિભાજન થઈ ગયું. મુંબઈ પ્રાંતના સ્વરાજ્ય પક્ષના સભ્યોએ સરકાર સાથે સહકારનો માર્ગ અપનાવ્યો. પક્ષના અન્ય અગ્રણી એસ.બી.તાંબેએ ગવર્નરની કાર્યવાહક સમિતિનું સભ્યપદ સ્વીકાર્યું તેનો બચાવ કર્યો. તેમણે પ્રશ્ન કર્યો કે તાંબેનું વલણ વિઠ્ઠલભાઈ પટેલના વલણ કરતાં કઈ રીતે જુદું હતું ? સરકારને ટેકો આપનાર પક્ષના સભ્યોએ પક્ષના કાર્યક્રમની પુનર્વિચારણા કરવા માટે જાહેરમાં નિવેદનો કર્યાં. સ્વરાજ્ય પક્ષના વિકૃત થયેલા અંગને કાપી નાખવાની મોતીલાલ નેહરુની કડક શિસ્ત અને ધમકીએ સરકારને સહકાર આપનાર સભ્યોને મધ્યસ્થ નેતાગીરી સામે ખુલ્લો બળવો કરવાની હદ સુધી ઉશ્કેર્યા.

1926-27ના વર્ષ દરમિયાન ધારાસમિતિના પક્ષના સભ્યોમાં નિષ્ક્રિયતા અને ફાટફૂટ વધી. પક્ષના હિન્દુ-મુસ્લિમ સભ્યો વચ્ચે તિરાડ પડી તેથી પક્ષનું વિઘટન થયું. મદન મોહન માલવિયા અને લજપતરાયે કૉંગ્રેસના સ્વતંત્ર સભ્યોનો એક નવો પક્ષ રચ્યો અને હિન્દુઓની આ પક્ષમાં ભરતી કરી. તેઓનો મત હતો કે સરકાર સાથેનો અસહકાર હિન્દુઓનાં હિતોને નુકસાન કર્તા હતો. મુંબઈ પ્રાંતના સ્વરાજ્ય પક્ષના સભ્યોએ સરકારને ટેકો આપવાની ખુલ્લી જાહેરાત કરી. સ્વરાજ્ય પક્ષ હવે, આંતર કલહ અને આંતર-બંડથી તૂટી રહ્યો હતો. કલકત્તામાં 31મી ડિસેમ્બર, 1925ના રોજ યોજાયેલ ધારાસભ્યોના અગ્રણીઓની બેઠકમાં સ્વરાજ્ય પક્ષના ઘણા સભ્યો હાજર રહ્યા. એક સર્વ સામાન્ય બંધારણીય કાર્યવાહી નિશ્ચિત કરવાના પ્રશ્ને બેઠકમાં થયેલી ચર્ચા પરથી સ્પષ્ટ થયું કે ઉદારમતવાદીઓ, સ્વતંત્રો તથા સ્વરાજ્ય પક્ષના સરકારને ટેકો આપવામાં માનનાર સભ્યો વચ્ચે કોઈ મૂળભૂત મતભેદ ન હતો. એપ્રિલ, 1926માં મુંબઈમાં તેજબહાદુર સપ્રુના પ્રમુખપદે યોજાયેલ બેઠકમાં પણ સ્વરાજ્ય પક્ષના ઘણા સભ્યોએ હાજરી આપી. આમ સ્વરાજ્ય પક્ષમાં કટોકટી ગંભીર બનતી ગઈ અને મોતીલાલ નેહરુએ બન્ને વિભાગો વચ્ચે સમાધાન સાધવા પ્રયાસો કર્યા. સમાધાનની શક્યતા તપાસવા મોતીલાલ નેહરુએ સાબરમતી મુકામે પક્ષની બેઠક બોલાવી. બેઠકે મહદ્અંશે સહકારનો સિદ્ધાંત સ્વીકાર્યો અને હોદ્દાના સ્વીકાર માટેની ચોક્કસ શરતો નક્કી કરી. પરંતુ અસહકારવાદીઓએ આ સમાધાનકારી નિર્ણય સ્વીકાર્યો નહિ. આથી ધારાસમિતિઓમાં પણ અસહકારની નીતિ ચાલુ રહેવી જોઈએ એવા કૉંગ્રેસના આગ્રહથી સરકાર સાથે સહકારની નીતિમાં માનનાર સ્વરાજ્ય પક્ષના સભ્યોએ કૉંગ્રેસનો ત્યાગ કર્યો. આમ સાબરમતી બેઠકનું સમાધાન સ્વરાજ્ય પક્ષને એક રાખવામાં નિષ્ફળ ગયું. બંગાળ અને મધ્ય પ્રદેશમાં રદ થયેલ દ્વિમુખી શાસન 1927માં ફરી શરૂ થયું. બંગાળમાં પ્રધાનોના પગારની માગણી 94 વિરુદ્ધ 86 મતોથી પસાર થઈ અને મધ્ય પ્રદેશમાં તે 55 વિરુદ્ધ 16 મતથી મંજૂર થઈ. 1927માં એ સ્પષ્ટ થયું કે સ્વરાજ્ય પક્ષ સંસદીય રાજકારણને વળગી રહ્યો તેથી તો 1919ના સુધારામાં ભાંગફોડ કરવાને બદલે તે પોતાની જ ભાંગફોડ કરવામાં સફળ થયો.

### 21.7.2 જોડાણ (Merger)

1927ના અંતભાગમાં સાયમન કમિશનની જાહેરાતે તથા સમાજના બધા વિભાગોને માન્ય હોય

તેવું બંધારણ ઘડી આપવાનો લૉર્ડ બર્કનહેડે હિન્દીઓને ફેંકેલ પડકારે દેશમાં નવા જ રાજકારણની શરૂઆત કરી. સાયમન કમિશનનો સાર્વત્રિક બહિષ્કાર થયો, જ્યારે મોતીલાલ નેહરુએ બર્કનહેડનો પડકાર ઝીલી લઈને 'નેહરુ અહેવાલ' તરીકે જાણીતું થયેલ બંધારણ ઘડી આપ્યું. સ્વરાજ્ય પક્ષના સભ્યો અને નાફેરવાદીઓ એકબીજાની નજીક આવ્યા. 1928ના કલકત્તાના કૉંગ્રેસ અધિવેશને ઠરાવ કર્યો કે બ્રિટિશ સરકાર 31 ડિસેમ્બર, 1929 સુધીમાં નેહરુ એહવાલનો સ્વીકાર ન કરે તો કૉંગ્રેસ પૂર્ણ સ્વરાજ્યને પોતાના ધ્યેય તરીકે જાહરે કરશે. આમ બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં ધારાસભા પ્રવેશનો કાર્યક્રમમાં નિરર્થક બન્યો. સ્વરાજ્ય પક્ષ કૉંગ્રેસમાં વિલીન થઈ ગયો, કારણ કે કૉંગ્રેસ પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે હવે બીજી લોકલડતની તૈયારી કરતી હતી.

### 21.7.3 વિઘટન (Disintegration)

1924ની સફળતા બાદ સ્વરાજ્ય પક્ષની નિષ્ક્રિયતા અને પડતી તેનામાં વ્યાપક વિચારસરણીના અભાવને આભારી હતી. રાષ્ટ્રીય પક્ષની એકતા ક્ષણજીવી નીવડી. સહકારની પૂર્વ શરત તરીકે તત્કાળ બંધારણીય વિકાસની દરખાસ્ત જુદા જુદા અને સ્વતંત્ર વિચારો ધરાવનાર સભ્યોને સાથે રાખવા માટે ઘણી જ મર્યાદિત અસર કરનાર હતી. રાષ્ટ્રીય પક્ષના સ્વરાજ્ય પક્ષ સિવાયના સભ્યોને ખાતરી થઈ કે સ્વરાજ્ય પક્ષને તેમનાં હિતોને ભોગે પોતાનું હિત સાધવામાં રસ હતો. આને પરિણામે રાષ્ટ્રીય પક્ષમાં ભંગાણ પડ્યું અને તે અસ્ત પામ્યો. રાષ્ટ્રીય પક્ષમાંથી ઝીણા ખસી ગયા અને ઇન્ડીપેન્ડન્ટ પક્ષ નામે નવા પક્ષની સ્થાપના કરી. 1926ની ચૂંટણી પહેલાં રાષ્ટ્રીય પક્ષ સ્પષ્ટ રીતે ત્રણ અલગ અલગ જૂથોમાં વિભાજિત થઈ ગયો :

- સ્વરાજ્ય પક્ષ કે કૉંગ્રેસ પક્ષ
- હિન્દુ મહાસભા અને સ્વતંત્ર કૉંગ્રેસ સભ્યોનું બનેલ સહકાર આપવા ઇચ્છતું જૂથ. તેઓએ લજપતરાય અને મદન મોહન માલવિયાના નેતૃત્વ નીચે નવા રાષ્ટ્રીય પક્ષની સ્થાપના કરી.
- જિન્હાના નેતૃત્વ નીચેનો ઇન્ડીપેન્ડન્ટ પક્ષ.

આમ છતાં તેમના રાજકીય તેમ જ મતદાનનાં વલણમાં ખાસ ફેરફાર ન હતો.

## 21.8 પડતીનાં કારણો (Causes for Decline)

સ્વરાજ્ય પક્ષના સભ્યો 1923માં ધારાસભા પ્રવેશના તેમના કાર્યક્રમથી બહુ આશાસ્પદ તથા ભારતીય રાજકારણમાં મહત્ત્વનું પરિવર્તન કરનાર લાગ્યા, પરંતુ તેમનું ટૂંક સમયમાં વિઘટન થયું અને 1929માં પક્ષનું વિલીનીકરણ થયું. આ પતનનાં કારણો ક્યાં હતાં ? તે સમયની રાજકીય સ્થિતિમાં પતન સ્વાભાવિક હતું ? કે પછી તે તેમની ભૂલોને આભારી હતું ? અથવા તો તે માત્ર ધારાસભા પ્રવેશના તેના મર્યાદિત કાર્યક્રમને લીધે હતું ? આ એકમના છેલ્લા વિભાગમાં સ્વરાજ્ય પક્ષના વિઘટનની પ્રક્રિયાની માહિતી આપવામાં આવી છે. આનાં કારણોની ટૂંકમાં ચર્ચા કરીએ.

### 21.8.1 કોમવાદી લાગણીમાં વધારો (Rising Communal Tempo)

વધતી જતી કોમવાદી લાગણીએ બનાવોના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. રાજકારણમાંની કોમવાદી ભાવનાએ સ્વરાજ્ય પક્ષ અને હિન્દુ મહાસભા વચ્ચેની આદર્શવાદી તિરાડ ઘટાડી. જોકે સ્વરાજ્ય પક્ષના નેતાઓએ કૉંગ્રેસ કબજે કરી હતી. તોપણ ગાઢ કોમી વાતાવરણમાં કૉંગ્રેસની કોમી તથા ધાર્મિક પૂર્વગ્રહોથી મુક્ત એવી રાષ્ટ્રીય સંસ્થા તરીકેની પ્રતિષ્ઠા ઝાંખી પડી. કૉંગ્રેસથી મુસ્લિમો અલગ થયા તેથી તે નિર્બળ બની. પહેલાંના સ્વરાજ્ય પક્ષના મુસ્લિમો, પક્ષના સભ્યો તરીકે નહિ, પરંતુ મુસ્લિમો તરીકે ચૂંટણીઓ લડ્યા. ધર્મને નામે થયેલી લાગણીભરી અપીલો સબળ પુરવાર થઈ અને આથી બિન-સાંપ્રદાયિકતા ને નુકસાન થયું. વાસ્તવમાં સ્વરાજ્ય પક્ષના મોટા ભાગના સભ્યોને બિન-સાંપ્રદાયિક રાષ્ટ્રવાદ કરતાં પોતાને મળતા ટૂંકા ગાળાના લાભોમાં વધારે રસ હતો. પરિણામે તેઓએ જાહેર નોકરીઓ અને ધારાસભાઓમાં મુસ્લિમો સાથે બેઠકોની ફાળવણી બાબતમાં સમજૂતી કરી લીધી. સમાજવાદી ભૂમિકા સાથેની સામૂહિક લોક-લડતથી જ ભારતમાં બિન-સાંપ્રદાયિક રાષ્ટ્રવાદનો અમલ શક્ય બને તેમ હતું.

### 21.8.2 સત્તાની ઝંખના (Lure of Office)

દરજ્જાનો મોહ એ સ્વરાજ્ય પક્ષના પતનનું બીજું કારણ હતું. તેઓએ અમલદારશાહીનો સબળ વિરોધ કરવાના હેતુથી ધારાસભામાં પ્રવેશ કર્યો હતો તેવી જાહેરાત સાથે સ્વરાજ્ય પક્ષના સભ્યોએ પોતાની ધારાસભાઓની કારકિર્દી શરૂ કરી. ટૂંક સમયમાં જ વિરોધી જુસ્સાનું સ્થાન સહકારે લીધું. વિઠ્ઠલભાઈ પટેલ મધ્યસ્થ ધારાગૃહના પ્રમુખ તરીકે ચૂંટાયા અને મોતીલાલ નેહરુએ સ્કીન કમિશનનું સભ્યપદ સ્વીકાર્યું. સરકાર સામે જુસ્સાપૂર્વક વિઘ્નો નાખવાની નીતિ અદશ્ય થઈ અને પક્ષનું વિઘટન થયું. તેમના નેતાઓમાં આંતરિક વિખવાદ તથા ખુલ્લા બળવા વધ્યા અને અમુક સભ્યોએ કરેલા પક્ષ-ત્યાગથી પક્ષ વિલીનીકરણની સ્થિતિમાં મુકાયો.

### 21.8.3 વર્ગીય લક્ષણ (Class Character)

સ્વરાજ્ય પક્ષ કૉંગ્રેસના ઉપલા મધ્યમ વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ કરતો હતો, જેઓ પ્રત્યક્ષ લોક લડતનો હંમેશાં વિરોધ કરતા હતા. રાષ્ટ્રીય સંગ્રામ ક્રાન્તિકારી લોકલડત ન બને તે માટે તેઓ તેમાં જોડાયા હતા. સ્વરાજ્ય પક્ષના સભ્યોને અસહકારની લડતમાં પોતાની મરજી વિરુદ્ધ જોડાવું પડ્યું હતું. અસહકારના આંદોલનની નિષ્ફળતા પછી તેઓએ સંસદી રાજકારણ સ્વીકાર્યું અને ત્યાર બાદ બંધારણીય વિરોધ પક્ષ તરીકેની કામગીરીથી સંતોષ માન્યો. આમ છતાં સાંસ્થાનિક સરકારે દેશ પર લાદેલાં બંધનો સામે લડનાર દેશનાં બીજાં બધાં રાજકીય પક્ષો અને જૂથો કરતાં સ્વરાજ્ય પક્ષ સૌથી પ્રગતિશાળી અને ઉદ્દામ પક્ષ હતો. આમાં સામ્યવાદીઓ માત્ર અપવાદરૂપ હતા, તેઓ હજુ દેશમાં પોતાનું સ્થાન જમાવવા સંઘર્ષ ખેલી રહ્યા હતા.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. સ્વરાજ્ય પક્ષના પતનનાં કારણો વિશે દશ લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. યોગ્ય રીતે જોડકાં જોડો :

| | |
|---|---|
| 1. ચિત્તરંજન દાસ | (ક) બેલગામ કૉંગ્રેસના પ્રમુખ |
| 2. મોતીલાલ નેહરુ | (ખ) સ્વરાજ્ય પક્ષના સ્થાપક |
| 3. વિઠ્ઠલભાઈ પટેલ | (ગ) સ્વરાજ્ય પક્ષના પ્રથમ મંત્રી |
| 4. મહાત્મા ગાંધી | (ઘ) કેન્દ્રીય ધારાસભાના પ્રથમ હિન્દી પ્રમુખ |
| 5. મદન મોહન માલવિયા | (ચ) સ્વતંત્ર નેતા |
| 6. એમ.એ.જિન્હા | (છ) હિન્દુ મહાસભાના નેતા |
| 7. ટી.બી.સપ્રુ | (જ) ભારતીય ઉદારમતવાદી સંઘના નેતા |

## 21.9 સારાંશ

મહાત્મા ગાંધીની પ્રત્યક્ષ લોક લડતના કાર્યક્રમમાં જેમને શ્રદ્ધા ન હતી તેવા કૉંગ્રેસના ઉપલા મધ્યમ વર્ગના બુદ્ધિજીવીઓ મારફત 1923માં સ્વરાજ્ય પક્ષની સ્થાપના થઈ હતી. અસહકારના આંદોલનની નિષ્ફળતા બાદ બહિષ્કાર અને રચનાત્મક કાર્યક્રમમાં શ્રદ્ધા રાખનાર

નાફેરવાદીઓના વિરોધની અવગણના કરીને તેઓએ ધારાસભા-પ્રવેશનો કાર્યક્રમ અપનાવ્યો. સ્વરાજ્ય પક્ષનો 1923ની ચૂંટણીમાં વિજય થતાં તેમની સ્થિતિ મજબૂત બની તેથી ગાંધીજીને પોતાની ઇચ્છા વિરુદ્ધ કૉંગ્રેસની સંસદીય પાંખ તરીકે તેનો સ્વીકાર કરવો પડ્યો. બદલામાં સ્વરાજ્ય પક્ષના (ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી તથા હિન્દુ-મુસ્લિમ એકતા) નેતાઓએ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં શ્રદ્ધા વ્યક્ત કરી. પરંતુ આ બાબતનું તેમનું વલણ નાફેરવાદીઓના વલણ જેવું આદર્શવાદી અને સંપૂર્ણ શ્રદ્ધાયુક્ત ન હતું.

મધ્યસ્થ ધારાસભા અને બંગાળ તથા મધ્ય પ્રદેશની પ્રાંતીય ધારાસમિતિઓમાં સ્વરાજ્ય પક્ષના સભ્યો કટોકટી ઊભી કરવામાં કામચલાઉ રીતે સફળ જરૂર થયા અને તેઓએ સરકારને પોતાની વિશિષ્ટ સત્તાઓનો ઉપયોગ કરવાની ફરજ પણ પાડી. બંગાળ તથા મધ્ય પ્રદેશોમાં તેઓએ દ્વિમુખી શાસનનો અંત આણ્યો. તેઓ ધારાસમિતિઓમાં સ્વરાજ્ય પ્રાપ્તિ માટે તેમાં નક્કર સુધારા કરવાના અથવા તેમનો અંત લાવવાના આશયથી પ્રવેશ્યા હતા. પરંતુ અંતે આ બેમાંથી એક પણ તેઓ સાધી શક્યા નહિ, કારણ કે ભારતમાં સાંસ્થાનિક શાસન હેઠળ તે શક્ય ન હતું. તેઓ બ્રિટિશ સંસ્થાનવાદીઓને પોતાની સામ્રાજ્યવાદી નીતિઓના અમલ કરતા અટકાવી શક્યા નહિ. આમ છતાં તેમનાં વ્યાખ્યાનોએ અને નીતિરીતિઓએ બ્રિટિશ સરકારનો સામ્રાજ્યવાદ તથા તેના લોકશાહીના દંભી દાવાને મહદ્અંશે ખુલ્લા પાડ્યા.

સરકાર સાથે સમાધાન સાધવાની ઉદ્ભવેલી વૃત્તિથી સ્વરાજ્ય પક્ષમાં ટૂંક સમયમાં જ તિરાડ પડી. ચિત્તરંજન દાસના ફરીદપુર ખાતેના વ્યાખ્યાને આ વલણની શરૂઆત કરી. તેણે સરકાર સાથે સમાધાન અને બંધારણીય વિરોધની સૌ પ્રથમ રજૂઆત કરી. પરિણામે સહકાર આપતા સભ્યો અને અસહકાર ચાલુ રાખતા સભ્યો એમ બે વિભાગોમાં પક્ષ વિભાજિત થઈ ગયો. પ્રથમ વિભાગે તો સરકારી હોદ્દાઓ પણ સ્વીકાર્યા. આમ પક્ષમાં નિષ્ક્રિયતા અને પડતી શરૂ થઈ. 1926ની ધારા સમિતિઓની થયેલી ચૂંટણીઓમાં પક્ષે કેટલીક બેઠકો ગુમાવી. આથી તેની સ્થિતિ નિર્બળ બની.

તેના પતનમાં ઘણાં પરિબળોએ ભાગ ભજવ્યો. પક્ષના કાર્યક્રમમાં વિરોધાભાસી તત્ત્વો પ્રવેશ્યાં. તેની પોતાની પાસે આદર્શોની કોઈ નક્કર ભૂમિકા ન હતી. જેનાં હિતો પરસ્પર વિરોધી હતાં તેવા જમીનદારો તથા ખેડૂતો અને મૂડીપતિઓ તથા મજૂરો વચ્ચે પક્ષ એકતા સ્થાપવા પ્રયત્ન કરતો રહ્યો. હિન્દુ-મુસ્લિમ સમસ્યાએ બન્ને કોમોના સભ્યોને પક્ષ પ્રતિ નારાજ કર્યા. દરજ્જાની લાલચે પણ પક્ષના પતનમાં ભાગ ભજવ્યો. સ્વરાજ્ય પક્ષના સભ્યોનું પક્ષીય રાજકારણ, ધારાકીય કાર્ય તથા તેમનો રચનાત્મક કાર્યક્રમને નારાજી સાથે અપાયેલો ટેકો વગેરેએ લોકો અને તેમની વચ્ચેનું અંતર વધાર્યું.

સાયમન કમિશનની જાહેરાત તથા તે પછીની રાજકીય પરિસ્થિતિના પરિણામે પક્ષનું કૉંગ્રેસ સાથે જોડાણ થયું. કૉંગ્રેસે ફરી અસહકાર તથા સવિનય કાનૂન ભંગની નીતિ અમલમાં મૂકી અને સ્વરાજ્ય પક્ષની બંધારણીય પ્રવૃત્તિઓનો સદંતર અસ્વીકાર કરવામાં આવ્યો. આમ છતાં સ્વરાજ્ય પક્ષે 1922 થી 1929 સુધી નિષ્ક્રિય થઈ ગયેલ ભારતીય રાજકારણને જીવંત બનાવવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું.

## 21.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **સ્વતંત્ર સભ્યો** : કોઈ પણ પક્ષ સાથે નહિ જોડાયેલ સભ્યો
- **ધારાસભા** : મધ્યસ્થ ધારાગૃહ
- **ધારા સમિતિઓ** : પ્રાંતોમાંનાં ધારાગૃહો
- **ઉદારમતવાદીઓ** : સરકારની અમુક નીતિઓની ટીકા કરનાર પરંતુ ચળવળમાં નહિ માનનાર ભારતીય રાજકારણમાં પ્રવેશેલ નેતાઓ. તેઓ માત્ર બંધારણવાદીઓ હતા. તેમને કૉંગ્રેસના નેતાઓ તથા સરકાર તરફી તત્ત્વોની વચ્ચેના સ્થાને મૂકી શકાય.
- **પ્રતિયોગી સહકાર** : સરકાર સાથે સહકાર સાધવાની તરફેણ કરતા સ્વરાજ્ય પક્ષના સભ્યોનું વલણ.
- **સાયમન કમિશન** : ભારતની સ્વશાસનની લાયકાત તપાસવા બ્રિટિશ સરકારે 1927માં નિયુક્ત કરેલ પંચ. તેના પ્રમુખપદે જોહન સાયમન હતા અને તેમાં કેવળ બ્રિટિશ સંસદના

સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના બધા રાજકીય પક્ષોએ તેનો બહિષ્કાર કરેલ હોવાથી તેમાં ભારતીય મતનો કોઈ પડઘો પડ્યો ન હતો.

## 21.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. - ઘ
2. - ક
3. - ખ
4. - પેટાવિભાગ 21.3.3 જુઓ

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (ક)
2. (ઘ)
3. (ગ)
4. (ખ)
5. (ઘ)
6. વિભાગ 21.5 જુઓ

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. વિભાગ 21.7 જુઓ
2. 1-ખ, 2-ગ, 3-ઘ, 4-ક, 5-છ, 6-ચ, 7-જ

# એકમ 22 દ્વિતીય વિશ્વયુદ્ધ સુધીમાં કોમવાદનો ફેલાવો (Growth of Communalism to the second world war)

### રૂપરેખા

22.0 ઉદ્દેશો
22.1 પ્રસ્તાવના
22.2 કોમવાદ : અર્થ અને ઘટકો
22.2.1 કોમવાદનો અર્થ શું ?
22.2.2 ઘટકો
22.2.3 કોમવાદ વિશેના ખોટા ખ્યાલો
22.3 ઉદ્ભવ અને ફેલાવો
22.3.1 સામાજિક-આર્થિક પરિબળો
22.3.2 બ્રિટિશ નીતિની ભૂમિકા
22.3.3 19મી સદીમાં પુનરુત્થાન
22.3.4 19મી સદીના ઉત્તરાર્ધમાં રાજકીય વલણો
22.3.5 કોમવાદી સંસ્થાઓની ભૂમિકા
22.3.6 રાષ્ટ્રીય લડતમાં નિર્બળતા
22.4 વીસમી સદીમાં કોમવાદ
22.4.1 બંગાળના ભાગલા અને મુસ્લિમ લીગની સ્થાપના
22.4.2 અલગ મતદારમંડળો
22.4.3 લખનૌ સમજૂતી
22.4.4 ખિલાફત
22.4.5 પરસ્પર વિરોધી વલણો
22.4.6 લોકસંપર્ક
22.5 સારાંશ
22.6 ચાવીરૂપ શબ્દો
22.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 22.0 ઉદ્દેશો

"કોમવાદ" શબ્દથી તમે બધા પરિચિત છો. પરંતુ તમે શું કદી વિચાર કર્યો છે કે કોમવાદનો ખરો અર્થ શું થાય છે, અને આપણા સમાજમાં તે એક મજબૂત પરિબળ કઈ રીતે બન્યો ? ભારતમાંના કોમવાદ વિશેના કેટલાક પ્રશ્નોના જવાબ તમને આ એકમમાંથી મળશે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે:

- કોમવાદનો અર્થ તથા જુદા જુદા પ્રકારો વચ્ચેના તફાવત સમજાવી શકશો.
- ભારતીય સમાજ અને રાજકારણમાં કોમવાદ કઈ રીતે ઉદ્ભવ્યો તે જાણી શકશો.
- કોમવાદના ફેલાવા માટે જવાબદાર એવાં જુદાં જુદાં પરિબળોનું મૂલ્યાંકન કરી શકશો. અને
- 20 સદીની શરૂઆતમાં તેના ફેલાવાની રૂપરેખા આપી શકશો.

## 22.1 પ્રસ્તાવના

દેશના લોકોની એકતા જાળવવી એ કોઈ પણ વિકાસ પામતા દેશ માટે ખૂબ મહત્ત્વની બાબત છે. અર્વાચીન ભારતના ઇતિહાસમાં હિન્દના લોકો, સમાજ તથા રાજકારણમાં કોમવાદના વધતા

જતા ફેલાવાથી આ એકતા ભારે કસોટીમાં મૂકાઈ, જ્યારે હિન્દની રાષ્ટ્રીય લડત હિન્દના લોકોની એકતા સાધવા મથતી હતી, ત્યારે કોમવાદ જાતિઓ વચ્ચેના ધાર્મિક અંતરાયો, ધાર્મિક રાષ્ટ્રીયતા તથા ધાર્મિક હિતોના જૂઠા ખ્યાલો ફેલાવીને લોકોને વિભાજિત કરવા માગતો હતો. આ એકમમાંથી તમે ભારતમાં કોમવાદ કઈ રીતે ઉદ્ભવ્યો અને જુદાં જુદાં પરિબળોની સહાયથી તે કઈ રીતે ફેલાયો તેની માહિતી મેળવી શક . 19મી સદીમાં આર્થિક સામાજિક વિકાસની લાક્ષણિકતા, સાંસ્થાનિક શાસન તેમ જ તેની અમુક સાંસ્થાનિક નીતિઓની અસર, કોમવાદ વિરોધી રાષ્ટ્રીય પરિબળોની નિર્બળતા, તથા અખિલ હિન્દ મુસ્લિમ લીગ તથા અખિલ હિન્દ હિન્દુ મહાસભા જેવી કોમી સંસ્થાઓએ ભજવેલ ભાગ વગેરેની પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવશે.

## 22.2 કોમવાદઃ અર્થ અને ઘટકો (Communalism : Meaning and Components)

જુદાં જુદાં જૂથો અને લોકો તથા જુદી જુદી સંસ્થાઓ અને સંગઠનો કોમવાદનો ભિન્ન ભિન્ન અર્થ કરે છે. કોમવાદ એ એક પ્રકારની માન્યતા, વિચારસરણી, મુલવણી કે સાધન પણ કહી શકાય. તેનો અનેક રીતે ઉપયોગ થઈ શકે છે તથા વિવિધ દૃષ્ટિકોણથી તેનો અભ્યાસ કરી શકાય છે. આને લીધે કોમવાદ શું છે તે જાણવું ઘણું આવશ્યક છે.

### 22.2.1 કોમવાદનો અર્થ (What is Communalism)

સામાન્યતઃ એક જ ધર્મ પાળતા તથા તેને આધારે એક સરખા સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક તથા આર્થિક હિતો ધરાવતા લોકોની માન્યતાને કોમવાદ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો સમાજના વિભાજનનું મૂળભૂત એકમ કે તેનો પાયો ધર્મ છે એવી વિચારસરણીને કોમવાદ કહી શકાય, એટલે કે ધર્મ જ મનુષ્યનાં અન્ય હિતોનો નિર્ણય કરે છે. તેને વધારે સારી રીતે સમજવા તેનો બીજી રીતે વિચાર કરીએ. માણસ બહુમુખી સામાજિક પ્રાણી છે; તેને એક સાથે ઘણાં વ્યક્તિત્વ હોઈ શકે. તેનું વ્યક્તિત્વ તેના દેશ, પ્રદેશ, લિંગ, ધંધા, કુટુંબમાં તેનું સ્થાન, તેની જ્ઞાતિ કે ધર્મ પર આધારિત છે. કોમવાદી આ બધામાંથી પોતાના વ્યક્તિત્ત્વના ધાર્મિક પાસાંને પસંદ કરીને તેના પર અતિશય ભાર મૂકશે. પરિણામે તેના સામાજિક સંબંધો, રાજકીય વર્તણૂક અને આર્થિક બાબતો પણ તેના વ્યક્તિત્વનાં માત્ર ધાર્મિક પાસાં પર આધારિત રહેશે. ટૂંકમાં, જીવનનાં અમ્ય પાસાં કરતાં ધાર્મિક પાસાંને અપાયેલ ખૂબ જ વધારે પડતું મહત્ત્વ, એ કોમવાદનો પ્રારંભ કરનાર તત્ત્વ છે. આમાં પણ બે વિશેષ બાબતોનું સ્પષ્ટીકરણ જરૂરી છે.

1. સ્વાતંત્ર્ય પહેલાંના ભારતમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચેના સંઘર્ષમાં કોમવાદ વ્યક્ત થયો હતો. આથી કોમવાદને સમકાલીન ચર્ચાઓ તથા સાહિત્યમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચેની સમસ્યા તરીકે વર્ણવવામાં આવેલ. આથી એમ નહિ માનવું જોઈએ કે આ પ્રશ્ન માત્ર હિન્દુ તથા મુસ્લિમ પૂરતો જ મર્યાદિત હતો અથવા તે કોઈ ધાર્મિક પ્રશ્ન જ હતો.

2. કોમવાદી માન્યતાઓ અને તેનો પ્રચાર એક જ સ્તર કે એક જ પ્રકારના હોતા નથી. વાસ્તવમાં સમાજમાં જેમ જેમ રાજકારણ વધતું ગયું અને સ્વાતંત્ર્ય માટેની લડત ઘનિષ્ઠ બનતી ગઈ તેમ તેમ કોમવાદનો પ્રચાર પણ સાથોસાથ વધતો ગયો. આવા કોમવાદી પ્રચારના મુખ્ય ત્રણ સ્તર હતા.

(i) એક જ ધાર્મિક જાતિના બધા લોકોનાં હિત સમાન હતાં. દા.ત. મુસ્લિમ જમીનદાર અને મુસ્લિમ ખેડૂતનાં હિત સમાન હતાં, કારણ કે બન્ને મુસ્લિમ હતા. (હિન્દુ અથવા શીખ જાતિને પણ આ વિધાન લાગુ પાડી શકાય.)

(ii) એક ધાર્મિક જાતિના લોકોનાં હિતો બીજી ધાર્મિક જાતિના લોકોનાં હિતો કરતાં ભિન્ન હતાં, એટલે કે બધા હિન્દુઓનાં હિતો બધા મુસ્લિમોનાં હિતો કરતાં જુદાં હતાં અને તેનાથી ઊલટું વિધાન પણ સાચું હતું.

(iii) આ હિતો માત્ર એક બીજાથી જુદાં જ નહિ, પરંતુ એક બીજાના વિરોધી અને દુશ્મનાવટભર્યાં હતાં. મતલબ કે હિન્દુ તથા મુસ્લિમોનાં હિતો એક બીજાના વિરોધી હોવાથી તેઓ શાંતિપૂર્વક સાથે જીવી શકે નહિ.

ભાગ્યે જ કહેવાની જરૂર છે કે આ પ્રકારની દલીલો તદ્દન ખોટી હતી. તેઓ લોકોનાં હિતોની ગેરસમજૂતી પર રચાયેલી હતી અને વાસ્તવમાં તેનું કોઈ મૂળ ન હતું. ભારતમાં મધ્ય યુગ દરમિયાન હિન્દુઓ અને મુસ્લિમો સહિષ્ણુતા અને સંપની ભાવનાથી સાથે જીવન વિતાવતા હતા. અલબત્ત તેઓની ધાર્મિક માન્યતાઓમાં તફાવત હતો જ. તોપણ હિન્દુઓ અને મુસ્લિમો શાંતિથી જીવન જીવતા હતા અને એકબીજાને ત્યાં પ્રસંગોમાં ભાગ લેતા હતા.

### 22.2.2 ઘટકો (Components)

કોમવાદી વિચારસરણી, કોમવાદી તનાવો, કોમવાદી હિંસા, કોમવાદી રાજકારણ, કોમવાદી લાગણીઓ વગેરે શબ્દો ઘણી વખત એક બીજાના પર્યાય તરીકે વપરાય છે. અને એકબીજાથી અલગ સમજવાનું તથા કોમવાદનાં જુદાં જુદાં ઘટકોને જાણવાનું જરૂરી છે. કે.બી.કૃષ્ણે (લઘુમતીઓની સમસ્યા) 1939માં કોમી તનાવો એને કોમી રાજકારણ વચ્ચેનો તફાવત પ્રથમ વખત સ્પષ્ટ કર્યો. કોમી તનાવ એ એકાએક ફાટી નીકળતો કામચલાઉ બનાવ હતો અને તે વિશેષતઃ નીચલા થરના લોકો દ્વારા થતી હિંસામાં વ્યક્ત થતો હતો, જ્યારે કોમી રાજકારણ એ સતત અને ચાલુ બનાવ હતો ને તેમાં મુખ્યત્વે મધ્યમ વર્ગ, જમીનદાર વર્ગ તથા અમલદારશાહી તત્ત્વોનો સમાવેશ થતો હતો. બંને (કોમી તનાવ અને કોમી રાજકારણ) કોમવાદી વિચારસરણીમાંથી પોષણ મેળવતા હતા એટલું જ. એકમાત્ર સમાન તત્ત્વ બન્ને વચ્ચે હતું. કોમવાદનું એક શસ્ત્ર તરીકે પણ મહત્ત્વ આંકી શકાય. જેઓ તેમાંથી કંઈક લાભ મેળવવા માગતા હતા, જેઓ તે ચાલુ રહે તેમાં પોતાનું હિત જોતા હતા તથા જેઓ પોતાના રાજકીય હેતુઓ સિદ્ધ કરવા ઇચ્છતા હતા, તેઓને માટે કોમવાદ એક શસ્ત્ર જ હતું.

જેઓએ કોમવાદને અપનાવ્યો હતો, કોમી વિચારોને અંતર્ગત કર્યા હતા અને જીવનપદ્ધતિ તરીકે તેનો સ્વીકાર કર્યો હતો તેઓ માટે કોમવાદ ઉપયોગી શસ્ત્ર કે સાધન પણ હતું. આવા લોકો ધાર્મિક રીતે ચુસ્ત હતા. તેઓ કોમી વિચારસરણી તથા પ્રચારના ભોગ બન્યા હતા. તેમને કોમવાદથી કાંઈ લાભ ન હતો. તેઓ માત્ર તેના ભોગ બન્યા હતા. જેમને કોમવાદમાં પોતાનાં હિત હતાં તેવા એજન્ટો તેમનું શોષણ કરતા હતા.

આથી સ્પષ્ટ થાય છે કે કોમવાદનાં ઘણાં પાસાંઓ કે ઘટકો છે. કોમવાદને તેનાં જુદાં જુદાં પાસાં (કોમવાદી તનાવો, કોમવાદી રાજકારણ, કોમવાદી સાધન, કોમવાદી ઉપયોગ) થી બરોબર જાણી શકાય. કોમવાદી રચનામાં આ બધાં પાસાંઓનો સમાવેશ થાય છે અને કોમવાદી વિચારસરણી આ બધાં ઘટકો કે પાસાંને એકત્રિત રાખે છે.

### 22.2.3 કોમવાદ વિશેના ખોટા ખ્યાલો (Myths Regarding Communalism)

કોમવાદ વિશે ઘણી ગેરસમજૂતી પ્રવર્તે છે અને તેને વિશે ઘણા ખોટા ખ્યાલો પણ પ્રચલિત થાય છે. આથી કોમવાદ શું નથી તે જાણવું પણ ઘણું જરૂરી છે. આમ કોમવાદને સમજવા માટે તેને વિશેના પ્રચલિત ખોટા ખ્યાલોની જાણકારી મેળવવી આવશ્યક છે.

1. રાજકારણમાં ધર્મનો પ્રવેશ અથવા ધર્મની ભાષામાં રાજકારણ એટલે કોમવાદ એવો લોકોનો ખ્યાલ ખોટો છે. બીજા શબ્દોમાં કહીએ તો રાજકારણમાં ધર્મ માત્રના પ્રવેશથી કોમવાદ ઉદ્ભવતો નથી. દા.ત. 20મી સદીના બે મહાન બિનસાંપ્રદાયિક નેતાઓ - મહાત્મા ગાંધી અને મૌલાના અબુલ કલામ આઝાદ ખૂબ જ ધાર્મિક હતા અને તેઓ પોતાના રાજકારણનું ધર્મની સાથે અનુસંધાન પણ કરતા હતા.
2. કોમવાદ ધાર્મિક તફાવતોનું પણ પરિણામ નથી. બીજા શબ્દોમાં કહીએ તો ધાર્મિક તફાવતો પોતે કોમવાદને ઉત્પન્ન કરતા નથી. દા.ત. હિન્દુ અને મુસ્લિમો વચ્ચેના ધાર્મિક તાફવતો સૈકાઓથી ચાલુ છે, પરંતુ આધુનિક સમયમાં જ તેણે કોમવાદી સ્વરૂપ ધારણ કર્યું છે. આમ વાસ્તવમાં કોમવાદ એ ધાર્મિક પ્રશ્ન છે જ નહિ.
3. ધારવામાં આવે છે તેમ કોમવાદ એ ભારતીય સમાજનું મૂળભૂત અંગ ન હતો. ભારતીય ભૂતકાળનું તે કોઈ ઘટક પણ ન હતો. ચોક્કસ સંજોગો અને પરિબળોમાંથી જ કોમવાદનો આવિર્ભાવ થયો. સાંસ્થાનિક શાસનના ઉદય સાથે ઉદ્ભવેલ કોમવાદ આધુનિક બનાવ છે. આથી ભારતીય ઇતિહાસના આધુનિક સમયમાં રાજકીય તથા આર્થિક વિકાસની પ્રક્રિયાના સંદર્ભમાં તેને સમજાવવો જોઈએ.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. કોમવાદનો અર્થ શો છે ? તેના વિશે 10 લીટીમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. નીચેના પ્રત્યેક વિશે બે બે લીટીઓ લખો.

(i) કોમવાદી તનાવો

..........................................................................................

..........................................................................................

(ii) કોમવાદી રાજકારણ

..........................................................................................

..........................................................................................

(iii) કોમવાદી મુલવણી

..........................................................................................

..........................................................................................

3. નીચેનાંમાંથી કયાં વિધાનો ખરાં (√) છે અને કયાં વિધાનો (×) છે ? તેની સામે નિશાની કરો.

(i) કોમવાદ એ માત્ર ધાર્મિક તફાવતોનું પરિણામ નથી.

(ii) કોમવાદ એ ભારતીય સમાજનું મૂળભૂત લક્ષણ હતું.

(iii) કોમવાદ એ આધુનિક બનાવ હતો.

(iv) કોમવાદને લગતી દલીલો ખોટી હતી અને તે ભારતીય સમાજના મૂળમાં ન હતી.

## 22.3 ઉદ્ભવ અને ફેલાવો (Emergence and Growth)

કોમવાદનાં મૂળ શોધવા માટે આપણે કેટલું પાછળ જવું જોઈએ ? આ બહુ વિવાદસ્પદ પ્રશ્ન છે. અમુક વિદ્વાનોએ ભારતીય ઇતિહાસના મધ્ય યુગમાં તેનાં મૂળ શોધવા પ્રયાસો કરેલા છે. તેમના મત પ્રમાણે હિન્દુઓ અને મુસ્લિમો પોતાના મતભેદો નિવારવામાં અને એક જ સમાજની સ્થાપના કરવામાં નિષ્ફળ ગયા તેમાં કોમવાદનાં મૂળ રહેલાં છે. તેમની માન્યતા એવી છે કે આ મતભેદો ભારતમાં પ્રવર્તતા હતા. ભારતમાં એક હિન્દુ સમાજ હતો અને બીજો મુસ્લિમ સમાજ હતો, પરંતુ ભારતીય સમાજ હતો નહિ; પરંતુ આ વિધાનનો અન્ય વિદ્વાનોએ જોરદાર વિરોધ કર્યો છે. તેમના મતે ભારતીય સમાજમાં ભાગલાવાદી પરિબળોએ ભજવેલી ભૂમિકાનો અતિરેક કરવો જોઈએ નહિ. ભારતમાં સહકાર અને એકતાનાં શક્તિશાળી તત્ત્વો પણ અસ્તિત્વ ધરાવતાં હતાં, જેમણે જુદી જુદી જ્ઞાતિઓ, સંપ્રદાયો અને જાતિઓમાં એકતાની ભાવના વિકસાવી હતી.

તો પછી કોમવાદના પ્રારંભનું મૂળ ક્યાં હતું ? બ્રિટને ભારત પર મેળવેલી જીતમાં કોમવાદનાં મૂળ રહેલાં હતાં, કારણ કે આ જીતની ભારતના સમાજ અને અર્થવ્યવસ્થા પર પ્રબળ અસર પડી.

### 22.3.1 સામાજિક-આર્થિક પરિબળો (Socio-Economic Factors)

બ્રિટિનની જીતથી ભારતના સત્તામાળખામાં પરિવર્તન થયું, જેની ભારતીય સમાજના તમામ વર્ગો પર અસર થઈ. શરૂઆતમાં બ્રિટિશ જીતથી ઉપલા વર્ગના મુસ્લિમોની પડતી થઈ. બંગાળમાં આ સ્થિતિ વિશેષ પ્રમાણમાં સર્જાઈ, કારણ કે ત્યાં મુસ્લિમોએ લશ્કર, વહીવટ અને ન્યાયતંત્રમાં પોતાની અર્ધ-ઇજારાશાહી ગુમાવી. તેમને જમીનદારીનો વર્ચસ્વવાળો કબજો પણ ક્રમશઃ છોડવો પડ્યો. ખાસ કરીને 1793ની કાયમી જમાબંધીએ અને 1833ના ધારાએ અંગ્રેજી ભાષાના અધિકૃત ભાષા તરીકે કરેલા સ્વીકારે ઉપલા વર્ગના મુસ્લિમોની સંપત્તિ, સત્તા અને અસર નષ્ટ કરી. ભારતની અજોડ પરિસ્થિતિને લીધે મુસ્લિમોને થયેલ ગેરલાભ હિન્દુઓને લાભ આપનાર નીવડ્યો, કારણ કે હિન્દુઓએ પાશ્ચાત્ય શિક્ષણ તથા આધુનિકતા લાવનાર પરિબળોને હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જ્યારે મુસ્લિમો આ બાબતમાં પછાત રહ્યા હતા. બીજા શબ્દોમાં કહીએ તો બ્રિટિશ સામ્રાજ્યવાદી પદ્ધતિમાં થયેલ આર્થિક વિકાસમાં જે હિન્દુઓને લાભ થયો તેમાં મુસ્લિમો કરતાં હિન્દુઓ ઘણા વધારે હતા. (ડબલ્યુ. સી. સ્મીથ, મોડર્ન ઇસ્લામ ઇન ઇન્ડિયા, 1946)

મુસ્લિમોએ હિન્દુઓ કરતાં વધુ સમય પછીથી પાશ્ચાત્ય શિક્ષણ, નવા ધંધા, વહીવટમાં નોકરીઓ તથા પાશ્ચાત્ય સંસ્કૃતિ જેવી બ્રિટિશ જીવનપદ્ધતિઓનો સ્વીકાર કર્યો. પરિણામે પુરાણી માન્યતાઓ, રિવાજો તથા ધોરણોનું પુનર્મૂલ્યાંકન કરતી બૌદ્ધિક જાગૃતિ પણ મુસ્લિમોમાં હિન્દુઓ કરતાં મોડી આવી. રાજા રામ મોહન રાયની સુધારાની ચળવળ કરતાં સૈયદ અહમદ ખાનની સુધારાની ચળવળ પાછળ પડી ગઈ કે વિલંબિત રહી તેનું સ્પષ્ટીકરણ મુસ્લિમોની નિર્બળતા તથા બિનસલામતીની ભાવના તેમ જ ધર્મ અને પ્રણાલિકાગત વિચારસરણીમાંથી મળે છે.

જો કે 19મી સદીના સામાજિક-આર્થિક વિકાસ તથા આધુનિકતાનાં પરિબળોનો સ્વીકાર કરવામાં હિન્દુઓ કરતાં મુસ્લિમો પાછળ હતા તે માન્યતાનો હવે વર્તમાન ઇતિહાસકારો પૂરેપૂરો સ્વીકાર કરતા નથી. આથી તેને થોડા અપવાદો સાથે સ્વીકારવી જોઈએ. આ મર્યાદાનું મુખ્ય કારણ એ છે કે તેનો જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે અમલ થયો હતો. બ્રિટિશ શાસનને પરિણામે મુસ્લિમોને બંગાળમાં નુકસાન થયું હતું, તો ઉત્તર પ્રદેશ જેવા દેશના અન્ય પ્રદેશોમાં તેમને લાભ થયો હતો. આમ છતાં, સમયને લગતી માન્યતા અગત્યની છે, કારણ કે 20મી સદીમાં મુસ્લિમો રાષ્ટ્રીય પ્રવાહથી અલગ કેમ રહ્યા તેને લગતી સમજણ આ માન્યતામાંથી મળે છે. જવાહરલાલ નેહરુએ 1939માં પોતાના મિત્રને લખેલ પત્રમાંથી સમયને લગતી માન્યતા અને કોમવાદ વચ્ચેના સંબંધની વાસ્તવિક માહિતી મળે છે:

> "1857ના વિપ્લવ બાદ ભારે દમનનો સમય શરૂ થયો, જેમાં હિન્દુ તથા મુસ્લિમોને સહન કરવું પડ્યું, પરંતુ તેમાં મુસ્લિમોને ઘણું વધારે સહન કરવું પડ્યું. સમય જતાં, લોકો આ દમનને વિસરતા ગયા. હિન્દુઓએ પાશ્ચાત્ય શિક્ષણનો સ્વીકાર કર્યો, જેને લીધે તેમને સરકારમાં મુસ્લિમો કરતાં વધારે નોકરીઓ મળી. હિન્દુઓએ ઉદ્યોગ-ધંધા પણ મોટા પ્રમાણમાં વિકસાવ્યા. મુસ્લિમોમાં પ્રત્યાઘાતી તત્ત્વોએ તેમનામાં આધુનિક શિક્ષણ તથા ઉદ્યોગોનો ફેલાવો અટકાવ્યો. હિન્દુઓમાં આ સમય દરમિયાન નવો મધ્યમ વર્ગ ઊભો થયો, જ્યારે મુસ્લિમો મોટે ભાગે હજુયે સમાન્તશાહી યુગમાં રહ્યા. હિન્દુ મધ્યમ વર્ગે રાષ્ટ્રીય લડતનો પાયો નાખ્યો. એક પેઢી બાદ મુસ્લિમો પણ નવા માર્ગે વળ્યા અને તેઓએ અંગ્રેજી શિક્ષણ લઈને રાજ્યની નોકરીઓ લીધી તથા ધંધાઓ વિકસાવ્યા. આથી તેમનામાં પણ નવો મધ્યમ વર્ગ ઊભો થયો. રાજ્યની નોકરીઓ મેળવવા મધ્યમ વર્ગના જુદા જુદા વર્ગો વચ્ચે સંઘર્ષ થયો, જેમાંથી કોમવાદ અને તેની સમસ્યાઓનો પ્રારંભ થયો."

આમ ભારતમાં કોમવાદ એ શૈક્ષણિક, રાજકીય તથા આર્થિક રીતે અસમાન જાતિઓ વચ્ચે રોજગાર મેળવવા માટેનો સંઘર્ષ કહી શકાય. કોમવાદી સમસ્યા પર કામ કરનાર સૌથી પહેલામાંના એક ઇતિહાસકાર કે.બી.કૃષ્ણે (પ્રોબલેમ્સ ઑફ માઇનોરીટીઝ, 1939) લખ્યું છે કે સામંતશાહી પરિસ્થિતિ હેઠળ ભારતીય મૂડીવાદના ઉદય વખતે બન્ને બાજુઓને સમતોલ કરવાની નીતિના ભાગરૂપે બ્રિટિશ સામ્રાજ્યવાદે આ સંઘર્ષને ઘણું વધારે પડતું મહત્ત્વ આપ્યું. આમ કોમવાદ એ ભારતના સામ્રાજ્યવાદી-મૂડીવાદી તથા સામંતશાહી માળખાનું પરિણામ કહી શકાય. કે.બી. કૃષ્ણના મત પ્રમાણે ભારતમાં કોમવાદી પ્રતિનિધિત્વનો ઇતિહાસ એ બ્રિટિશ નીતિનો ઇતિહાસ

કહી શકાય; વળી તે ભારતમાં મધ્યમ વર્ગની જાગૃતિના વિવિધતાભર્યા વિકાસ અને રાજકીય સત્તા મેળવવા માટેની તેની માગણીનો અહેવાલ પણ કહી શકાય. આમ છતાં બ્રિટિશ સામ્રાજ્યવાદ એ કોમવાદની સમસ્યાનું એક પાસું છે, જ્યારે દેશની સામાજિક અર્થવ્યવસ્થા એ તેનું બીજું પાસું છે.



આથી કોમવાદના ઉદયને પ્રોત્સાહન આપતી બ્રિટિશ સામ્રાજ્યવાદની નીતિનો અભ્યાસ કરવો જરૂરી છે.

### 22.3.2 બ્રિટિશ નીતિની ભૂમિકા (Role of British Policy)

ભારતમાં કોમવાદના ઉદય માટે મુખ્યત્વે બ્રિટિશ નીતિ જવાબદાર છે. ભારતમાં કોમવાદ આટલો બધો ફેલાઈ શક્યો તથા 1947માં તે રાક્ષસી (પ્રચંડ) પ્રમાણ દર્શાવી શક્યો એ બ્રિટિશ સરકાર તરફથી તેને મળેલ ટેકાનું પરિણામ હતું; પરંતુ આ પરત્વે બ્રિટિશ નીતિની લંબાણથી ચર્ચા કરતાં પહેલાં થોડી સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે.

બ્રિટિશ સરકારે કોમવાદનું સર્જન કર્યું નથી. આપણે નોંધ્યું છે કે ભારતમાં અમુક જાતના સામાજિક - આર્થિક તથા સાંસ્કૃતિક તફાવતો અસ્તિત્વ ધરાવતા હતા. બ્રિટિશ સરકારે આ તફાવતો સર્જ્યા ન હતા, પરંતુ પોતાનો રાજકીય હેતુ સિદ્ધ કરવા તેણે તેમનો લાભ જરૂર ઉઠાવ્યો હતો. ડબલ્યુ.સી.સ્મીથે (મોર્ડન ઇસ્લામ ઇન ઇન્ડિયા, 1946) આ મુદ્દો બહુ જ ભારપૂર્વક રજૂ કર્યો છે :

> "દેશમાં સરકારની રાજકીય નીતિને ઉત્તેજિત કરે તેવાં પ્રબળ આર્થિક પરિબળો અસ્તિત્વમાં ન હોત તો સરકારની આવી નીતિ ઓછી સફળ થઈ હોત. સંબંધિત હિન્દુઓ તથા મુસ્લિમો એક જ આર્થિક સ્તરના હોત તો ભારતમાં કોમવાદ ભાગલા પડાવનાર પરિબળ તરીકે આટલો અસરકારક બન્યો ન હોત તથા મુસ્લિમો પર આટલું બધું દબાણ થયું ન હોત, પરંતુ બન્ને વર્ગોનું સમાન આર્થિક સ્તર ન હતું તે હકીકત છે."

આથી એ તદ્દન સ્પષ્ટ થાય છે કે ભારતની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક તથા રાજકીય પરિસ્થિતિને લીધે જ બ્રિટિશ સરકારની "ભાગલા પાડો અને રાજ્ય કરો"ની નીતિ સફળ થઈ. તે નોંધવું જોઈએ કે સમાજની આ પરિસ્થિતિઓ કોમવાદના ઉદય તેમ જ ફેલાવા તેમ જ "ભાગલા પાડો અને રાજ્ય કરો"ની નીતિના અમલ માટે ઘણી અનુકૂળ હતી. કોમવાદનો ઉદય અને ફેલાવો બ્રિટિશ શાસનની રાજકીય જરૂરિયાતો પૂરી કરવા.માટે જ નહિ, પરંતુ ભારતીય સમાજના અમુક વિભાગોની સામાજિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પણ થયો હતો. કોમવાદ એ બ્રિટિશ સરકારનું પૂર્ણ રીતે સર્જન ન હતું. તે વિવિધ પરિબળોનાં જોડાણનું પરિણામ હતું. કોમવાદ પ્રતિ બ્રિટિશ સરકારની નીતિનું મૂળ 1857ના વિપ્લવ બાદ તુરત બનેલી ઘટનાઓમાં શોધી શકાય. 1857 પછીના સમયમાં તેમનાં રાજ્યો સામેની શક્ય ધમકી (સંભવિત રાષ્ટ્રીય પરિબળોની)નો સામનો કરવા માટે રાજાઓને નવી નીતિ અમલમાં મૂકવાનો બ્રિટિશ સરકારે આદેશ આપ્યો. આમ 1857 બાદ બ્રિટિશ રાજનીતિમાં મહત્ત્વનું પરિવર્તન થયું અને તેણે બેવડું ધોરણ અપનાવ્યું. તેમાં ઉદાર અને સામ્રાજ્યવાદી નીતિનો સમાવેશ થતો હતો. ઉદાર એટલા માટે કે તેણે નવા ઉદય પામેલા મધ્ય વર્ગના લોકોના હકોનો અને અપેક્ષાઓનો સ્વીકાર કર્યો અને સામ્રાજ્યવાદી એટલા માટે કે જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તે સામ્રાજ્યવાદી હિતોને ખ્યાલમાં રાખીને કરવામાં આવ્યો હતો તથા તેમાં પ્રતિસ્પર્ધી વર્ગોનાં હિતોનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ નીતિ બેવડા હેતુથી અમલમાં મૂકવામાં આવી હતી, જેમાં નવા ઉદય પામેલા થોડા લોકોની ઇચ્છાઓને પૂર્ણ કરવાની હતી. એક વર્ગને બીજાની સામે મૂકવાનો હતો તથા એક વર્ગનાં હિતોને બીજા વર્ગનાં હિતો વિરુદ્ધ રજૂ કરવાનાં હતાં. ટૂંકમાં બ્રિટિશ સરકારની આ નીતિને છૂટછાટ, એક વર્ગને બીજા વર્ગ વિરુદ્ધ ખડા કરવાની તથા દમનની નીતિ તરીકે વર્ણવી શકાય.

આ નીતિના અમલના પરિણામે ભારતમાં કોમવાદનો ફેલાવો થયો. આ નીતિના અનુસરણથી કોમવાદી વિચારસરણી બ્રિટિશ સરકારના રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટેનું ઉપયોગી સાધન બની. આ તબક્કે બ્રિટિશ સરકારના મુખ્ય બે હેતુઓ હતા :

(1) સમાજમાં અમુક મિત્રો ઊભા કરવા અને સમાજમાં પોતાનું સ્થાન મજબૂત કરવા અને તેમના પર વર્ચસ્વ સ્થાપવા તેમને આશ્રય આપવો.

(2) ભારતીય લોકોની એકતા અટકાવવી. સમાજના બધા જ વર્ગો એક જ વિચારસરણીને

આધારે સંગઠિત થાય તો તેઓ બ્રિટિશ શાસનને ધમકીરૂપ બને. આથી હિન્દના લોકોની એકતા રોકવા કોમવાદી વિચારસરણીનો અમલ તથા તેનો પ્રચાર કરવાનું જરૂરી હતું. રાષ્ટ્રીય વિચારસરણી અને સંગઠનની માગણીઓને કાયદેસરતા તથા વિશ્વસનીયતા રદ કરવાના આશયથી સરકારે 20મી સદીમાં કોમી માગણીઓ અને કોમી સંગઠનોને અસરકારક રીતે ઉત્તેજન આપ્યું. એક બાજુ સરકારે મુસ્લિમોને કૉંગ્રેસથી દૂર રાખવાના બધા પ્રયાસો કર્યા, તો બીજી બાજુથી કૉંગ્રેસ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરતી નથી એવું જાહેર કરીને તેની બધી માગણીઓ નામંજૂર કરી.

બીજી રીતે પણ બ્રિટિશ સરકારને કોમવાદ ઉપયોગી નીવડ્યો. કોમી કટોકટી તથા કોમી પરિસ્થિતિને લીધે સરકારે ભારતમાં પોતાના શાસનના અસ્તિત્વને યોગ્ય ઠરાવ્યું. તેની દલીલ એ હતી કે ભારતના મુખ્ય રાજકીય પક્ષો એટલે કે કૉંગ્રેસ, મુસ્લિમ લીગ તથા હિન્દુ મહાસભા પરસ્પર સમજૂતી સાધી શક્યા નથી. ભારતના લોકો અંદરોઅંદર વિભાજિત હતા. તેથી જો બ્રિટિશ શાસનનો અંત આવે તો તેઓ શાસન ચલાવવા સમર્થ ન હતા. આ રીતે ભારતમાં બ્રિટિશ શાસનના કોઈ પણ વિકલ્પનો ભારપૂર્વક ઇન્કાર કરવામાં આવ્યો. પ્રથમ કોમવાદને ઉત્તેજન આપવાની અને ત્યાર બાદ પોતાના રાજકીય હેતુ સિદ્ધ કરવા માટે તેનો ઉપયોગ કરવાની બ્રિટિશ નીતિ હતી. 20મી સદીની ભારતની રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરતી વખતે આ મુદ્દાની વિગતવાર ચર્ચા કરીશું.



ચિત્ર-૨૨ સૈયદ અહમદખાન

### 22.3.3 19મી સદીમાં પુનરુત્થાન (19th Century Revivalism)

19મી સદીમાં ભારતમાં પુનરુત્થાનની પ્રવૃત્તિઓ કોમવાદના ઉદય અને ફેલાવામાં સહાયરૂપ બની. જગતભરમાં સામ્રાજ્યવાદ હેઠળ પુનરુત્થાનની પ્રવૃત્તિઓ સર્વસામાન્ય ઘટના હતી. તેનો અર્થ રાજકીય પરાધીનતાથી ઘવાયેલ રાષ્ટ્રની સ્વમાનની ભાવનાને પુનર્જાગ્રત કરવાનો પ્રયત્ન કહી શકાય. ભારતના ભવ્ય ભૂતકાળનું પુનરુચ્ચારણ કરવાથી સ્વમાનની આ ભાવના કેળવી શકાય તથા તેને ભારતના થતા માનભંગના બદલા તરીકે રજૂ કરી શકાય.

જોકે પુનરુત્થાનની પ્રવૃત્તિએ ભારતના લોકોમાં ભૂતકાળ પ્રત્યે ગૌરવની લાગણી ફેલાવીને અમુક પ્રશ્નો હલ કર્યા, પરંતુ બીજી રીતે તેણે અમુક બીજા પ્રશ્નો ઊભા પણ કર્યા. આવો એક પ્રશ્ન હિન્દુઓ તથા મુસ્લિમોની જુદી જુદી દિવ્ય ઉત્પત્તિઓની રજૂઆતને લગતો હતો. આનાથી પ્રચલિત ધાર્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક-આર્થિક તફાવતોમાં ઐતિહાસિક તફાવતનો ઉમેરો થયો. હિન્દુ સુધારકોએ ભારતના પ્રાચીન યુગની ભારે પ્રશંસા કરી, જ્યારે મધ્ય યુગને જંગલીઓના સમય તરીકે વખોડી કાઢ્યો. જ્યારે મુસ્લિમ લેખકોએ મધ્ય યુગને આરબોની કીર્તિગાથા અને ગૌરવશીલતાનો યુગ કહ્યો. આમ જ્યારે હિન્દુઓ અને મુસ્લિમોને દરેક રીતે એકતાની જરૂર હતી, ત્યારે ઐતિહાસિક રીતે તેઓએ ભિન્નતા દર્શાવી. મહમ્મદ અલી જિન્હાએ 20મી સદીમાં જ્યારે બે રાષ્ટ્ર (એક હિન્દુ રાષ્ટ્ર અને બીજું મુસ્લિમ રાષ્ટ્ર)નો સિદ્ધાંત રજૂ કર્યો ત્યારે આ નુકસાન સ્પષ્ટ થયું. તેમણે જાહેર કર્યું કે હિન્દુ રાષ્ટ્ર અને મુસ્લિમ રાષ્ટ્ર અલગ અલગ હતાં કારણ કે તેમનો ઇતિહાસ અલગ અલગ હતો તથા એકનો ઉત્તમ પુરુષ તે બીજાનો દુષ્ટ પુરુષ ગણાતો.



ચિત્ર-૨૩ મદનમોહન માલવિયા

### 22.3.4 19મી સદીના ઉત્તરાર્ધમાં રાજકીય વલણો (Political Trends in the late 19th Century)

પુનરુત્થાનની પ્રવૃત્તિ સાથે સંબંધિત 19મી સદીના ઉત્તરાર્ધમાં મુસ્લિમોમાં કેટલાંક રાજકીય વલણો ઉદય પામ્યાં. જોકે આ વલણો કોમવાદી ન હતાં, તોપણ તેઓએ પછીના કોમવાદી રાજકારણની ભૂમિકા બાંધી. આ સંબંધમાં સર સૈયદ અહમદખાનનો નિર્દેશ કરવો જરૂરી છે. સૈયદ અહમદખાનની વિચારસરણી અને પ્રવૃત્તિઓ પ્રત્યે આકર્ષણ અને અણગમો બન્ને હતાં. તેણે કોમી પૂર્વગ્રહ વગર પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરી. તેનો મુખ્ય હેતુ મુસ્લિમોમાં સુધારા દાખલ કરવાનો, તેમને અંગ્રેજી શિક્ષણનું મહત્ત્વ સમજાવવાનો તથા તેમને માટે સરકારી આશ્રય મેળવવાનો હતો. આ હેતુ માટે તેણે અલીગઢ કૉલેજની સ્થાપના કરી, જેને ઘણા હિન્દુઓ તરફથી નાણાકીય સહાય મળી તથા જેમાં ઘણા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ હતા. સૈયદ અહમદખાને પોતે પણ હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મૂક્યો.

આમ છતાં, 1885માં કૉંગ્રેસની સ્થાપના થયા બાદ સૈયદ અહમદખાનના રાજકારણમાં પરિવર્તન થયું. તેણે કૉંગ્રેસના સામ્રાજ્યવાદ વિરોધી વલણની સામે મુસ્લિમોને બ્રિટિશ શાસનને વફાદાર

રહેવા તથા તેમને માટે વહીવટી જગાઓ મેળવવાની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપ્યું. જોકે સૈયદ અહમદખાનનું કૉંગ્રેસ વિરોધી વલણ, કૉંગ્રેસે બ્રિટિશ સરકાર વિરુદ્ધ અપનાવેલી નીતિ સામે હતું, પરંતુ પછીથી તે માનવા લાગ્યા કે કૉંગ્રેસ એ હિન્દુઓની સંસ્થા હતી, માટે મુસ્લિમોની વિરોધી હતી તેવું વલણ અપનાવ્યું. આમ તેમણે કોમવાદની મૂળભૂત બાબતનો પાયો નાખ્યો. સૈયદ અહમદની એવી માન્યતા હતી કે ભારતમાંથી જો બ્રિટિશ શાસન અસ્ત પામે અને હિન્દીઓના હસ્તક સત્તા આવે તો હિન્દુઓ બહુમતીમાં હોવાથી મુસ્લિમો પર વર્ચસ્વ ભોગવે અને મુસ્લિમોનાં હિતોને નુકસાન થાય. આ માન્યતાને લીધે સૈયદ અહમદખાને ભારતમાં પ્રતિનિધિત્વવાળી લોકશાહી સંસ્થાઓ સ્થાપવાનો વિરોધ કર્યો. તેના મત પ્રમાણે લોકશાહીનો અર્થ બહુમતીને સત્તાની સોંપણી થાય, જેને પાસાની રમત સાથે સરખાવી શકાય. તેમાં એક પક્ષની પાસે ચાર પાસા હોય તો બીજા પક્ષની પાસે ફક્ત એક જ પાસો હોય. સૈયદ અહમદ માનતા હતા કે ચૂંટણીની કોઈ પણ પ્રથાથી હિન્દુઓ હસ્તક સત્તા આવશે. આથી કોમવાદમાં નીચેની ત્રણ બાબતો મુખ્ય ગણાય :

- રાષ્ટ્રીય પરિબળોનો સામનો.
- લોકશાહી પ્રક્રિયા તથા લોકશાહી સંસ્થાઓનો વિરોધ.
- બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી.

આ ત્રણે બાબતોનાં મૂળ સૈયદ અહમદખાન અને તેમના અનુયાયીઓની વિચારસરણીમાં દેખાય છે.

એ કહેવાની જરૂર નથી કે આ ત્રણે બાબતો પરત્વેની દલીલો ગલત છે. જોકે કૉંગ્રેસમાં ઘણા હિન્દુઓ હતા. તોપણ તેને કદાપિ એક હિન્દુ સંસ્થા કહી શકાય નહિ. તેના કાર્યક્રમ કે માગણીઓમાં હિન્દુત્વ હતું જ નહિ. 1887ના કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બદરુદ્દીન તૈયબજી મુસ્લિમ હતા. ઘણા આગેવાન મુસ્લિમો સહિત પછીનાં કૉંગ્રેસ અધિવેશનોમાં મુસ્લિમ પ્રતિનિધિઓની સંખ્યા વધી હતી. લોકશાહી કે આધુનિક પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓથી મુસ્લિમોને કોઈ જ જોખમ ન હતું. વાસ્તવમાં સૈયદ અહમદખાન જેના પ્રતિનિધિ હતા તેવા મુસ્લિમો (તેમ જ હિન્દુઓમાં પણ)માં રાજાઓ, સામંતો તથા જાગીરદારી તત્ત્વોને પણ લોકશાહીનો ડર હતો.

### 22.3.5 કોમવાદી સંસ્થાઓની ભૂમિકા (Role of Communal Organisatinos)

એક વખત કોમવાદનો ઉદય થયો અને સરકાર તરફથી તેને ઉત્તેજન મળ્યું કે પછી તેનો ઝડપથી ફેલાવો થતો ગયો. કોમવાદે પોતે સ્થાપેલી સંસ્થાથી પછીથી બહારના કોઈ પણ પ્રકારના સાથ વગર પણ તે પોતાની તાકાત વધારી શક્યો. કોમી સંસ્થાઓએ આ બાબતમાં અગત્યની ભૂમિકા પૂરી પાડી. 1906માં સ્થપાયેલ અખિલ હિંદ મુસ્લિમ લીગ તથા 1915માં સ્થપાયેલ અખિલ હિન્દ હિન્દુ મહાસભા અગ્રગણ્ય કોમી સંસ્થાઓ હતી. અને તેઓ બન્ને એક બીજાની વિરોધી હતી તથા એક બીજાએ પોતાના અસ્તિત્વને ન્યાયી ઠેરવવા કરેલી પ્રવૃત્તિઓથી બન્ને વધારે કોમવાદી બનતી ગઈ. તેમની રાજકીય પ્રવૃત્તિઓ અને પ્રચારથી તેઓએ હિન્દુઓ અને મુસ્લિમોને એક થતા અટકાવ્યા, તેમની વચ્ચે એક અવિશ્વાસની ભાવના જગાવી અને આ રીતે બન્નેએ પ્રજામાં કોમવાદ જ ફેલાવ્યો.

### 22.3.6 રાષ્ટ્રીય લડતમાં નિર્બળતા (Weakness in the National Movement)

20મી સદીમાં રાષ્ટ્રીય ઉત્થાનથી કોમવાદના ફેલાવાને અટકાવી શકાય. રાષ્ટ્રીય પરિબળો અને રાષ્ટ્રીય વિચારસરણીથી કોમવાદી વિચારસરણીને પરાજિત કરી શકાય. પરંતુ રાષ્ટ્રીય પરિબળો અને રાષ્ટ્રીય વિચારસરણીની પ્રતિનિધિ હિન્દી રાષ્ટ્રીય મહાસભા લોકોમાં કોમવાદના ફેલાવાને રોકવામાં નિષ્ફળ ગઈ. જોકે બિનસાંપ્રદાયિકતા અને રાષ્ટ્રીયતાને પૂરેપૂરી વરેલી તથા હિન્દના લોકોમાં એકતા લાવવા માટે સંપૂર્ણ આતુર હિન્દની રાષ્ટ્રીય ચળવળ કોમીવાદી પરિબળોની સામે લડી, પરંતુ વિવિધ કારણોને લીધે તે નિષ્ફળ ગઈ.

- કૉંગ્રેસ પૂરેપૂરી રીતે કોમવાદના સ્વરૂપને સમજી શકી નહિ. આથી કૉંગ્રેસ પાસે કોમવાદ સામે લડવા કોઈ કેન્દ્રીય નીતિ ન હતી. એટલે તે કામચલાઉ રીતે નીતિઓ બદલતી રહી. વળી તે કોમવાદનાં ઝડપથી બદલતાં સ્વરૂપો સાથે પણ કદમ મિલાવી શકી નહિ.
- વિશેષમાં રાષ્ટ્રીય લડતમાં અમુક પુનરુત્થાનવાદી હિન્દુ તત્ત્વો પ્રવેશ્યાં, જેમણે મુસ્લિમોને પોતામાં સમાવી લેવાના કૉંગ્રેસના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. વળી "રામરાજ્ય" જેવાં કેટલાંક ધાર્મિક ચિહ્નોનો ઉપયોગ પણ આ બાબતમાં વિઘ્નરૂપ નીવડ્યો.

- કોમવાદને અટકાવવાની નીતિનો અમલ કરતી વખતે કૉંગ્રેસે કેટલીક ભૂલો કરી. કોમવાદી તત્ત્વોની સાથે વાટાઘાટો કરતી વખતે, કૉંગ્રેસે તેમને કેટલીક છૂટછાટ આપીને તેમની સાથે સમાધાન કર્યું, જેનાથી કોમી જૂથો (પરિબળો)ની પ્રતિષ્ઠા વધી, જ્યારે અન્ય પ્રસંગોમાં કૉંગ્રેસે તેમની સાથેના સમાધાનની તકો ગુમાવી દીધી, જેનાથી કટોકટી સર્જાઈ.

આમ છતાં કૉંગ્રેસની મર્યાદાઓ દર્શાવતી વખતે કોમી પ્રશ્નની જટિલતાની અવગણના પણ કરવી જોઈએ નહિ. ખાસ કરીને સરકારી નીતિને કારણે કોમી પ્રશ્નનું સમાધાન ઘણું મુશ્કેલ બન્યું. વિવિધ રાજકીય પક્ષો વચ્ચેની એકતા અટકાવવા બ્રિટિશ સરકારે તો બધા જ પ્રયત્નો કર્યા. કૉંગ્રેસ મુસ્લિમોને જે આપવાની દરખાસ્ત કરતી, તેના કરતાં તેમને વધારે આપવાની દરખાસ્ત સરકાર કરતી. આથી કૉંગ્રેસની દરખાસ્ત અર્થહીન બનતી. હવે પછીના વિભાગમાં કૉંગ્રેસના એકતા તથા સમાધાન માટેના પ્રયાસોની અને સરકારના ભાગલા પાડવા માટેના પ્રયાસોની આપણે વિગતથી ચર્ચા કરીશું.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. કોમવાદ પ્રત્યેની બ્રિટિશ નીતિ વિશે 10 લીટી લખો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. નીચેના પ્રત્યેક વિશે પાંચ પાંચ લીટીઓ લખો.

   (અ) વિલંબ નીતિ

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

   (બ) પુનરુત્થાન

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. નીચેનાં વિધાનો વાંચો અને તેની સામે ખરાં (√) કે ખોટાં (×) ની નિશાની કરો.

   (i) બ્રિટિશ સરકારે કોમવાદનું સર્જન કર્યું.

   (ii) પુનરુત્થાનની પ્રવૃત્તિ દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતના ઉદ્ભવમાં સહાયરૂપ બની.

   (iii) કૉંગ્રેસ કોમવાદના ઝડપથી બદલાતા સ્વરૂપ સાથે તાલ મિલાવી શકી નહિ.

   (iv) કોમવાદી સંસ્થાઓએ લોકોમાં કોમવાદ ફેલાવ્યો.

## 22.4 વીસમી સદીમાં કોમવાદ (Communalism in the 20th Century)

કોમવાદી સમસ્યા અને તેના ફેલાવાને લગતી ૨૦મી સદીમાંની કેટલીક વિગતોની આ વિભાગમાં આપણે ચર્ચા કરીશું. કોમવાદી પ્રશ્ન પર આ વિગતોએ કેવી અસર કરી તેનું પણ આપણે વિવરણ કરીશું. કોમી સમસ્યા વિશે બ્રિટિશ નીતિ તથા કૉંગ્રેસના વલણને લગતા કેટલાક મુદ્દાઓની આપણે નોંધ કરી છે તેને પણ આ વિભાગમાં આવરી લઈશું.

### 22.4.1 બંગાળના ભાગલા અને મુસ્લિમ લીગની સ્થાપના (Partition of Bengal and the Formation of the Muslim League)

1905માં બંગાળના કરાયેલા ભાગલા શરૂઆતમાં કદાચ વહીવટી પગલું હશે, પરંતુ પછીથી તેનો ઇરાદો હિન્દુ વિસ્તારો અને મુસ્લિમ વિસ્તારો અલગ કરવાનો હોવાથી તે સરકારને રાજકીય રીતે ફાયદાકારક પગલું નીવડ્યું. આમ આ પગલું બંગાળના રાષ્ટ્રવાદને નિર્બળ બનાવનારું તથા મુસ્લિમ જૂથને સબળ કરવાનું નીવડ્યું. વાઇસરૉય લૉર્ડ કર્ઝને કહ્યું કે :

> "બંગાળનું વિભાજન પૂર્વ બંગાળના મુસ્લિમોને એવી એકતા આપશે, કે જે તેઓએ મુસ્લિમ નવાબો તથા મુસ્લિમ સુબેદારો હેઠળના શાસનથી હાલ સુધી કદી ભોગવી ન હતી."

ભાગલાના અમલ તથા તેના પરિણામે થયેલી સ્વદેશી ચળવળ બાદ તુરત જ સરકારના આશ્રય તળે ડિસેમ્બર, 1906માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. તેમાં મોટા જમીનદારો, નિવૃત્ત અધિકારીઓ તથા આગા ખાન, ઢાકાના નવાબ અને નવાબ મોસિન-ઉલ-મુલ્ક જેવા ઉપલા વર્ગના મુસ્લિમોનો સમાવેશ થતો હતો. તેમનો ઇરાદો યુવાન મુસ્લિમોને કૉંગ્રેસમાં એટલે કે રાષ્ટ્રીય પ્રવાહમાં જતા રોકવાનો હતો. મુસ્લિમ લીગની સરકારને વફાદાર સંસ્થા તરીકે સ્થાપના થઈ, જેનો એક માત્ર આશય સરકારનો સદ્‌ભાવ અને આશ્રય મેળવવાનો હતો. તેમાં તે સફળ પણ થઈ.

મુસ્લિમ અલગતાવાદનો વિકાસ એ આ સમયનું બીજું અગત્યનું લક્ષણ હતું કારણ કે :

- સ્વદેશી ચળવળ દરમિયાન હિન્દુ પુનરુત્થાનની ભાવના ફેલાઈ.
- ભાગલાથી મુસ્લિમોને લાભ થશે એવો બ્રિટિશ પ્રચાર.
- કોમવાદી હિંસાની ઝડપી ગતિ. સ્વદેશી ચળવળ બાદ પૂર્વ બંગાળમાં કેટલાંક કોમી હુલ્લડો થયાં.

### 22.4.2 અલગ મતદારમંડળો (Separate Electorates)

મોર્લે-મિન્ટો સુધારાના એક ભાગ તરીકે 1909માં ધારાસભામાં અલગ મતદાર મંડળોની કરાયેલ જાહેરાત કોમવાદના ઇતિહાસમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન છે. અલગ મતદાર મંડળો એટલે ધર્મની ભૂમિકા પર મતદાન વિભાગો, મતદારો અને ચૂંટાયેલ ઉમેદવારોની જૂથોમાં વહેંચણી. વાસ્તવમાં તેનો અર્થ અલગ મુસ્લિમ મતદાન મંડળો, મુસ્લિમ મતદારો તથા મુસ્લિમ ઉમેદવારો થાય. તેનો અર્થ એમ પણ થાય કે બિન-મુસ્લિમ મતદાર મુસ્લિમ ઉમેદવારને મત આપી શકે. આમ ચૂંટણી જંગ અને રાજકારણ જે તે ધર્મની ભૂમિકા પર જ મર્યાદિત બની ગયા. આનાં ઘણાં અનર્થકારી પરિણામો આવ્યાં.

અલગ મતદાર મંડળનો અમલ એ ખ્યાલ પર રચાયો હતો કે ભારતીય સમાજ વિવિધ હિતો તથા જૂથોનો સમૂહ હતો અને તે મુખ્યત્વે હિન્દુ તથા મુસ્લિમોમાં વિભાજિત હતો. બીજી બાજુ હિન્દના મુસ્લિમોનો સ્પષ્ટ રીતે તદ્દન અલગ અને અવિભાજિત કોમના લોકો તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો. અલગ મતદાર મંડળોનો આશય વફાદાર મિત્રોને સત્તા સોંપવાનો તથા હિન્દુ - મુસ્લિમ એકતા રોકવાનો પણ હતો. સંયુક્ત મતદારમંડળો વિરુદ્ધ દલીલ કરતાં મિન્ટોએ મોર્લેને લખ્યું કે:

> "સંયુક્ત મતદાર મંડળોની યોજના હેઠળ હિન્દુઓ પોતાના જ માણસોને ચૂંટાવી શકશે, એટલું જ નહિ પરંતુ તેઓ એવા મુસ્લિમોને પણ ચૂંટાવી શકશે કે જેઓ ખરેખર મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવતા ન હોય."

આ સુધારા મુજબ મુસ્લિમોને ખાતરી આપવામાં આવી કે તેને માત્ર વસ્તીના ધોરણે જ નહિ,

પરંતુ તેમની રાજકીય અગત્ય ખ્યાલમાં રાખીને ધારાસમિતિઓમાં તેમને પ્રતિનિધિત્વ આપવામાં આવશે. મિન્ટોએ મુસ્લિમ પ્રતિનિધિમંડળને ખાતરી આપી કે :

> "પ્રતિનિધિત્વની કોઈ પણ યોજનામાં મુસ્લિમોને એક અલગ જાતિ તરીકે પ્રતિનિધિત્વ મળવું જોઈએ અને તે પણ માત્ર વસ્તીને ધોરણે નહિ, પરંતુ મુસ્લિમ જાતિએ સામ્રાજ્યની કરેલી સેવાને લક્ષ્યમાં રાખીને નક્કી કરવું જોઈએ એવા પ્રતિનિધિમંડળના દાવા સાથે પોતે પૂરેપૂરા સંમત છે. મિન્ટોએ કહ્યું કે, "મુસ્લિમોનાં રાજકીય હકો તથા હિતો વહીવટની થનારી પુનર્રચનામાં પૂરેપૂરાં જળવાશે. તે બાબતે તેઓ નિશ્ચિત રહે."

અલગ મતદાર મંડળોની અસર નીચે પ્રમાણે થઈ :

- તેનાથી અલગતાવાદની ભાવના ધરાવતી સંસ્થાઓ સ્થપાઈ.
- તેણે કૉંગ્રેસ પર ભારે દબાણ સર્જ્યું તથા તેની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું ક્ષેત્ર મર્યાદિત કર્યું.
- તેણે કોમવાદી જૂથો અને સંસ્થાઓને સક્રિય બનાવ્યાં.
- તેણે ભારતના રાજકીય પક્ષો વચ્ચેની સમજૂતીને અશક્ય બનાવી.

આમ છતાં અલગ મતદાર મંડળોની ભારતીય રાજકારણ પરની અસર પછીથી તો સપાટી પર જ રહી. ડેવિડ પેઈજે પોતાના તાજેતરના પુસ્તક (પ્રિલુડ ટુ પાર્ટીશન - 1982)માં તેનું સારું એવું સમાપન કરેલું છે :

> "બ્રિટિશ શાસને અલગ મતદાર મંડળોને આપેલી માન્યતા એ અંકુશની પોતાની પદ્ધતિને ટકાવી રાખવાની મહત્ત્વના ભાગ રૂપ હતી. રૂઢિગત તત્ત્વોનો સાથ મેળવીને પોતાના શાસનને દૃઢ અને વિસ્તૃત બનાવવાનો એ પ્રયત્ન હતો."

### 22.4.3 લખનૌ સમજૂતી (Lucknow Pact)

લખનૌ કરાર એ ભારતીય સંસ્થાઓ-કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે સમજૂતી સાધવાનો પ્રયત્ન હતો. મુસ્લિમ લીગનો સહકાર મેળવવા કૉંગ્રેસે અલગ મતદાર મંડળોને કામચલાઉ સંમતિ આપી. લખનૌ કરાર વિશે બે બાબતો ખાસ નોંધપાત્ર છે :

- તે લોકો વચ્ચેની નહિ, પરંતુ નેતાઓ વચ્ચેની સમજૂતી હતી. મુસ્લિમ લીગ ખરેખર મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી એવી માન્યતા હેઠળ કૉંગ્રેસ-લીગ વચ્ચેની સમજૂતીને અયોગ્ય રીતે હિન્દુ-મુસ્લિમ વચ્ચેની સમજૂતી તરીકે માનવામાં આવી.
- ટૂંકમાં જ લખનૌ સમજૂતી નિરર્થક બની, કારણ કે લખનૌ સમજૂતી અનુસાર મુસ્લિમોને જે આપવામાં આવ્યું હતું તેના કરતાં ઘણું વધારે તેમને 1919ના હિન્દ સરકારના ધારામાં આપવામાં આવ્યું.

### 22.4.4 ખિલાફત (Khilafat)

જે ખિલાફત આંદોલન વિશે તમે એકમ 18માં અભ્યાસ કર્યો છે, તે ચોક્કસ રાજકીય વાતાવરણમાં ભારતીય રાષ્ટ્રવાદ અને પાન-ઇસ્લામવાદના સંયુક્ત પ્રયાસનું પરિણામ હતું. તેને લીધે મુસ્લિમોએ રાષ્ટ્રીય લડતમાં અપૂર્વ ઉત્સાહથી ભાગ લીધો. આમ છતાં ચૌરીચૌરાના હિંસક બનાવને લીધે અસહકારની લડતની મોકૂફી બાદ કોમવાદ ભારતીય રાજકારણ અને સમાજમાં ફેલાવા માંડ્યો. 1922થી 1927ની વચ્ચે કોમવાદના ફેલાવાનાં ઘણાં દૃષ્ટાંતો પ્રાપ્ત થયાં :

- ઉત્તર પ્રદેશમાં કોમી હિંસા અભૂતપૂર્વ રીતે ભડકી ઊઠી. વિશેષતઃ ગૌ-હત્યા અને મસ્જિદ આગળ સંગીત વગાડવાના પ્રશ્ને 1923થી 1927ની વચ્ચે ઉત્તર પ્રદેશમાં 91 જેટલાં કોમી હુલ્લડો થયાં.
- હિન્દુ-મુસ્લિમ એકતાની પ્રતિનિધિરૂપ ખિલાફત સંસ્થાઓ ક્રમશઃ વિલીન થઈ ગઈ.
- 1922-23માં મુસ્લિમ લીગ ફરી સક્રિય બની અને ખુલ્લી રીતે અલગતાવાદી રાજકારણનો પ્રચાર કરવા લાગી.
- 1915માં સ્થપાયેલી અને 1922 સુધી નિષ્ક્રિય રહેલી હિન્દુ મહાસભા પણ સક્રિય બની.
- મુસ્લિમોએ તબલિઘ (પ્રચાર) અને તંઝીમ (સંગઠન) જેવી ચળવળો શરૂ કરી. હિન્દુઓએ શુદ્ધિ તથા સંગઠન જેવી ચળવળો શરૂ કરેલ તેના કંઈક અંશે પ્રતિભાવ રૂપે મુસ્લિમોની આ ચળવળો ઉદ્ભવી હતી. બીજી બાજુ શુદ્ધિ અને સંગઠન ચળવળો મોપલાઓના બંડ દરમિયાન હિન્દુઓના જે ફરજિયાત ધર્માન્તર કરવામાં આવેલા તેના પરિણામ રૂપે શરૂ થઈ હતી. આ બધાથી ભારતનું વાતાવરણ ઘણું દૂષિત થયું.

In Jail:—
Maulana Shaukat Ali,
Seth Yakub Hasan,
Dr. Saifuddin Kitchlew,
} Hon. Secretaries

٧٨٩

الله اكبر

*Telegraphic Address.*
**" KHILAFAT "**

الجمعية المركزية الهندية الخلافة الاسلامية ( بمبئی )

# The Central Khilafat Committee of India.

Dr. M. A. Ansari, President.
Dr. Saiyed Mahmud,
Maulvi Moazzamali,
Seth Osman Sobani,
} Hon. Secretaries.

Sultan Mansion,
Dongri,

*Bombay,* ______________ 192

My Dear ~~Sir,~~ Panditjee

The Khilafat Working Committee held at Nagpur decided that two days before the special sessions of the Congress(middle of August) a committee of responsible persons be held to consider the future policy and line of action for the Khilafat organisation As this a very important matter I earnestly request you to kindly attend the committee meeting at Bombay to help us in our delibration and to enable us to decide our future line of action.

I remain
Yours sincerely
Syed Mahmud
Hony.~~Secretary~~

24. ખિલાફત સમિતિનો મિટીંગ માટેનો કાગળ.

- આર.એસ.એસ.(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ની સ્થાપના 1925માં થઈ. વણસતી જતી કોમી પરિસ્થિતિનાં ઘણાં કારણો હતાં.
- ખિલાફત સાથેના જોડાણથી રાજકારણમાં ધાર્મિક વડાઓ પ્રવેશ્યા, પરંતુ તેઓ રાજકારણમાં પોતાની શરતોથી દાખલ થયા. ચળવળ પાછી ખેંચાયા છતાંય તેઓ રાજકારણમાંથી ખસી ગયા નહિ. આનાથી રાજકારણનું હવે ધાર્મિક રીતે અર્થઘટન થયું.
- રાજકારણમાં અલગ મતદાર મંડળોના અમલે કોમવાદનાં બીજ વાવ્યાં. 1919ના મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાએ કોમવાદી ધોરણે રાજકીય જોડાણો તથા કોમવાદી પ્રચારમાં વધારો કર્યો.
- પ્રમાણમાં ધંધાની તકોના વધારા વગર શિક્ષણના ફેલાવાએ શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો કર્યો જેમણે રોજગાર, મહેરબાની વગેરે પ્રાપ્ત કરવા ધર્મનો ઉપયોગ કર્યો.

આમ 1927ના વર્ષની રાજકીય સ્થિતિ અસંતોષકારક હતી. રાષ્ટ્રીય પરિબળો હતાશ અને વિભાજિત હતાં, જ્યારે કોમવાદ વેગ પકડતો હતો.



ચિત્ર- ૨૫ મહમ્મદઅલી જિન્હા

### 22.4.5 પરસ્પર વિરોધી વલણો (Parting of the Ways)

સાયમન કમિશનના આગમનને તથા બધા રાજકીય પક્ષો મારફત તેના થયેલ સાર્વત્રિક બહિષ્કારે ફરીથી એકતાની તક ઊભી કરી. જિન્હાની નેતાગીરી નીચેના મુસ્લિમ લીગના સભ્યોએ પહેલ કરી અને મુસ્લિમોની અમુક માગણીઓને સંતોષવામાં આવે તો અલગ મતદાર મંડળો છોડી દેવાની તથા સંયુક્ત મતદાર મંડળો સ્વીકારવાની તૈયારી બતાવી. આ માગણીઓ નીચે મુજબ હતી.

- મધ્યસ્થ ધારાસભામાં મુસ્લિમોને 1/3 પ્રતિનિધિત્વ.
- મુંબઈથી અલગ પ્રાંત તરીકે સિંધની રચના.
- સરહદ પ્રાંતમાં સુધારણા, અને
- પંજાબ અને બંગાળની મુસ્લિમ વસ્તીના પ્રમાણમાં મુસ્લિમોને ધારાસમિતિઓમાં પ્રતિનિધિત્વ.

કૉંગ્રેસે આ માગણીઓનો સ્વીકાર કરતાં એકતાની ફરી તક સર્જાઈ, પરંતુ 1928ની સર્વ પક્ષીય પરિષદમાં હિન્દુ મહાસભાએ આ શરતોનો સદંતર અસ્વીકાર કરતાં પરિસ્થિતિ ગૂંચવાઈ. મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભાના પરસ્પર વિરોધી વલણે એકતાના બધા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. મોતીલાલ નેહરુ અને તેજ બહાદુર સપ્રુએ ઘડેલ નેહરુ અહેવાલ મુસ્લિમોની બધી જ માગણીઓનો સ્વીકાર કરતો નહોતો તેથી મુસ્લિમ લીગે તેનો અસ્વીકાર કર્યો.

નેહરુ અહેવાલની અસર નોંધપાત્ર હતી :

- જિન્હા કૉંગ્રેસથી અલગ થયા અને તેણે નેહરુ અહેવાલને કૉંગ્રેસ તથા લીગ વચ્ચેની વિભાજન રેખા તરીકે ઓળખાવ્યો. તેણે ફરી અલગ મતદાર મંડળોની તરફેણ કરી અને જાણીતા થયેલા પોતાના 14 મુદ્દાઓ (મુસ્લિમોનાં અલગ મતદાર મંડળો, કેન્દ્ર તથા પ્રાંતોમાં મુસ્લિમોની અનામત બેઠકો, મુસ્લિમો માટે રોજગારમાં અનામત જગાઓ, મુસ્લિમ બહુમતી ધરાવનાર નવા પ્રાંતોની રચના વગેરે) રજૂ કર્યા, જે કોમી માગણીઓના મૂળાધાર બન્યા.
- તેણે રાજકીય પક્ષો વચ્ચેનું અંતર વધાર્યું અને જિન્હાને પણ વધારે કોમવાદી બનાવ્યા.
- તેનાથી સવિનય કાનૂન ભંગની લડત પ્રત્યે મોટા ભાગના મુસ્લિમ નેતાઓનું વલણ અલગતાવાદી તેમ જ વિરોધી બન્યું.

### 22.4.6 લોકસંપર્ક (Towards a Mass Base)

1928-29ના બનાવોએ કોમવાદી પરિબળોને અલગ કર્યાં, જે પછીથી રાષ્ટ્રીય પ્રવાહ સાથે ફરી જોડાયાં નહિ. કોમવાદનું સમૂહ શક્તિમાં પરિવર્તન થવાની આ શરૂઆત હતી. 1940માં મુસ્લિમો માટે અલગ રાષ્ટ્ર-પાકિસ્તાનની માગણી કરવામાં આવી, ત્યારે બીજી બધી માગણીઓ નિરર્થક બની ગઈ. આ માગણી 1947માં પરિપૂર્ણ થઈ. આ ઘટનાઓનો આપણે વિગતથી અભ્યાસ કરીએ.

હિન્દ સરકારના 1935ના ધારાએ પ્રાંતીય સ્વાયત્તતા તથા પહેલાં કરતાં વધુ વિસ્તૃત મતદાર મંડળની જોગવાઈ કરી. અલગ મતદાર મંડળો હેઠળ 1937માં ચૂંટણીઓ યોજાઈ. પરિણામો આશ્ચર્યજનક આવ્યાં. સામાન્ય મતદાર વિભાગમાં કૉંગ્રેસને સૌથી વધારે મતો મળ્યા તેથી તે

અગિયારમાંથી છ પ્રાંતોમાં પ્રધાનમંડળો રચી શકે તેમ હતી તેમ જ અન્ય બે પ્રાંતોમાં સૌથી મોટા પક્ષ તરીકેની સ્થિતિમાં હતી. આમ છતાં મુસ્લિમ મતદાર વિભાગોમાં તેની સ્થિતિ નિરાશાજનક હતી. 482 મુસ્લિમ મતદાર વિભાગોમાંથી કૉંગ્રેસે 58 પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા અને તેમાંથી તેણે 26 બેઠકો મેળવી. મુસ્લિમોની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી મુસ્લિમ લીગની સ્થિતિ વધારે ખરાબ હતી. તેને સરહદ પ્રાંતમાં એક પણ બેઠક મળી નહિ જ્યારે પંજાબમાં 84 માંથી 2 અને સિંધમાં 33માંથી ફક્ત 3 બેઠકો લીગને મળી. તે કોઈ પણ પ્રાંતમાં પ્રધાનમંડળ રચી શકે તેવી સ્થિતિમાં ન હતી. પંજાબ અને બંગાળ જેવા નિર્ણાયક પ્રાંતો પંજાબમાં સિકંદર હયાત ખાનના નેતૃત્વ નીચેના પ્રાદેશિક સંયુક્ત પક્ષે તથા બંગાળમાં ફઝલ-ઉલ-હકના નેતૃત્વ નીચેના પ્રાદેશિક પ્રજા કૃષક પક્ષે પ્રધાનમંડળો રચ્યાં.

ચૂંટણીનાં પરિણામોએ કૉંગ્રેસ અને મુસ્લિમ લીગના એક બીજા પ્રત્યેના વિરોધમાં વધારો કર્યો. કૉંગ્રેસની સ્થિતિ સ્પષ્ટ અને મજબૂત હતી. તે હિન્દુઓનો પૂરેપૂરો ટેકો ધરાવતી તો હતી, પરંતુ તેને મુસ્લિમોની પણ પ્રતિનિધિ હોવાનો પોતાનો દાવો હજુ સિદ્ધ કરવાનો હતો. કૉંગ્રેસ માટે એ આશાસ્પદ સ્થિતિ હતી કે તેની હરીફ સંસ્થા મુસ્લિમ લીગ પણ પોતે મુસ્લિમોની પ્રતિનિધિ હોવાનો દાવો કરી શકે તેમ ન હતી. આથી કૉંગ્રેસે બે પ્રકારની યોજના અમલમાં મૂકી :

- મુસ્લિમોનો સંપર્ક સાધવો અને તેમને કૉંગ્રેસમાં જોડી દેવા માટે પ્રયત્ન કરવો. 1937માં આ કાર્ય મુશ્કેલ ન હતું કારણ કે તે સમયે મુસ્લિમ આમજનતા કોમવાદ કે રાષ્ટ્રવાદ એમ બેમાંથી એક પણ વિચારસરણીની ઊંડી અસર નીચે હજી આવી ન હતી.
- જેનું મુસ્લિમો પર હજુ વર્ચસ્વ ન હતું તેવી મુસ્લિમ લીગની સંપૂર્ણ અવગણના કરવી. ચૂંટણીએ મુસ્લિમ લીગ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવતી ન હતી, તે હકીકત સિદ્ધ કરી હોવાથી તેની સાથે સમાધાન કરવાની કોઈ જરૂર ન હતી. આથી જવાહરલાલ નેહરુએ બહુ વિશ્વાસપૂર્વક જાહેર કર્યું કે દેશમાં માત્ર બે જ પરિબળો - એક કૉંગ્રેસના પ્રતિનિધિત્વવાળાં રાષ્ટ્રીય પરિબળો અને બીજાં સરકારનાં પ્રતિનિધિત્વવાળાં સામ્રાજ્યવાદી પરિબળો હતાં.



ચિત્ર-૨૬ સર તેજબહાદુર સપ્રુ

આ બન્ને કાર્યો સિદ્ધ કરવા કૉંગ્રેસે મુસ્લિમોની આમજનતાનો સંપર્ક સાધવાનું આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો. અન્ય સંગઠનોને અવગણીને મુસ્લિમ આમજનતાને કૉંગ્રેસમાં જોડાવા માટે અનુરોધ કરવાનો આ એક પ્રયત્ન હતો. જિન્હા કૉંગ્રેસના આ પ્રયત્નથી ચિંતિત થયા અને તેણે કૉંગ્રેસને મુસ્લિમોથી દૂર રહેવા ચેતવણી આપી, કારણ કે મુસ્લિમોનું પ્રતિનિધિત્વ માત્ર મુસ્લિમ લીગ જ ધરાવતી હતી. મુસ્લિમ લીગ માટેનો બોધપાઠ પણ સ્પષ્ટ હતો :

- હાલ સુધી મુસ્લિમ લીગ જમીનદારો અને નવાબોના વર્ચસ્વવાળા ફક્ત ઉપલા વર્ગની સંસ્થા હતી. તેનો મુસ્લિમ આમજનતા સાથે કોઈ સંપર્ક ન હતો. આથી ચૂંટણીમાં જીતવા માટે તથા બીજાં સંગઠનોના પ્રમાણમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે મુસ્લિમ લીગને આમજનતાનો સંપર્ક કરવો જરૂરી હતો; તો જ તે કૉંગ્રેસ જેવી લોકપ્રિય સંસ્થા બની શકે તેમ હતી.
- 1937 સુધીમાં સરકારે જિન્હાના બધા 14 મુદ્દાઓ મંજૂર કર્યા હતા, છતાં જિન્હા સામાન્ય મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવતા ન હતા અને તેઓ લીગના કાયમી પ્રમુખપદે નિયુક્ત થયા હોવા છતાંય એ ભારતીય રાજકારણમાં તે પોતાનું સ્થાન જમાવી શક્યા ન હતા. આથી મુસ્લિમ લીગનું સભ્યપદ જેટલું શક્ય તેટલું વિસ્તૃત કરવાની જરૂર હતી. તથા અલગ મતદાર મંડળો, અનામત બેઠકો વગેરે માગણીઓ સરકારે મંજૂર કરી હોઈને વિશેષ માગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવાની આવશ્યકતા હતી.

આ બન્ને કાર્યો સિદ્ધ કરવા મુસ્લિમ લીગે નીચે મુજબ કાર્યક્રમ અપનાવ્યો :

- મુસ્લિમ આમજનતામાં લીગને લોકપ્રિય બનાવવા લોકસંપર્કનો વ્યાપક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. મુસ્લિમ લીગે ઉપલા વર્ગના મુસ્લિમો પરથી ધ્યાન હટાવી લઈને મુસ્લિમ આમજનતા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. સભ્યપદની રકમ ઘટાડવામાં આવી, પ્રાંતીય સમિતિઓ રચવામાં આવી તથા મુસ્લિમ પ્રજાના સામાજિક-આર્થિક પ્રશ્નોનો નિકાલ કરવા માટેનો કાર્યક્રમ અમલમાં મુકાયો.
- લીગે કૉંગ્રેસ પ્રધાનોને સખત રીતે વખોડી કાઢતું તથા તેમને દોષિત ઠરાવતું લોકઆંદોલન પણ શરૂ કર્યું. તેમના પર મુસ્લિમ લઘુમતીઓ પ્રત્યે દુશ્મનાવટભર્યું તથા હિન્દુઓ પ્રત્યે પક્ષપાત યુક્ત વલણ દર્શાવવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો. હિન્દુ-મુસ્લિમ વચ્ચે તિરાડ

પડાવવાની આ અસરકારક રીત હતી. જિન્હા કોંગ્રેસને માત્ર હિન્દુ-સંસ્થા ગણતા હોવાથી, તેણે તેને માત્ર હિન્દુઓ પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કરવાનો અનુરોધ કર્યો.

- 1940માં લાહોરમાં લીગની યોજાયેલી બેઠકમાં જિન્હાએ દ્વિ-રાષ્ટ્રનો સિદ્ધાંત રજૂ કર્યો. તેણે જાહેર કર્યું કે મુસ્લિમો લઘુમતી ન હતા, તેઓ એક સ્વતંત્ર રાષ્ટ્ર હતા. હિન્દુ અને મુસ્લિમો અલગ અલગ રાષ્ટ્ર હતાં કારણ કે આર્થિક રીતે, રાજકીય રીતે, સામાજિક રીતે, સાંસ્કૃતિક રીતે તથા ઐતિહાસિક રીતે તેઓ તદ્દન અલગ હતા. આથી હિન્દના મુસ્લિમોને પોતાનું અલગ સાર્વભૌમ રાજ્ય હોવું જોઈએ. પરિણામે જિન્હાએ મુસ્લિમોના અલગ અને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે પાકિસ્તાનની માગણી રજૂ કરી.

આમ ઉપરોક્ત બાબતોને પરિણામે કોમવાદ એક લોકશક્તિ તરીકે ઉદય પામ્યો અને પછીનાં વર્ષોમાં તે વેગ પકડતો ગયો, જેને પરિણામે 1947માં પાકિસ્તાનની રચના થઈ.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. અલગ મતદાર મંડળોનો તમે શો અર્થ કરો છો ? 100 શબ્દોમાં તેનો જવાબ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. નીચેના પ્રત્યેક વિશે પાંચ પાંચ લીટીઓ લખો.

લખનૌ કરાર :

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત :

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(i) હિન્દુ મહાસભાની સ્થાપના ક્યારે થઈ ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ii) તબલિઘ અને તંઝીમ ચળવળો સામેની હિન્દુ ચળવળો કઈ હતી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(iii) 'હવે આપણે જુદા પડવાનો સમય આવ્યો છે' તેવો શબ્દ પ્રયોગ કોણે કર્યો હતો ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

4. કૉંગ્રેસને 1937નાં ચૂંટણી-પરિણામોથી શો બોધપાઠ મળ્યો ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 22.5 સારાંશ

ભિન્ન ભિન્ન કારણોને લીધે ભારતમાં કોમવાદ કઈ રીતે ઉદ્‌ભવ્યો અને કઈ રીતે ફેલાયો તે વિશેનો આ એકમમાં આપણે અભ્યાસ કર્યો. 19મી સદીમાં ચોક્કસ સામાજિક - આર્થિક પ્રવાહો, સામ્રાજ્યવાદી શાસનની ભૂમિકા અને તેણે કોમવાદી પરિબળોને વહીવટી પગલાં મારફત આપેલ મહત્ત્વ, પ્રતિ-કોમવાદી બળોની મર્યાદાઓ અને નિર્બળતાઓ, તથા 20મી સદીમાં કોમવાદનો બહોળો ફેલાવો વગેરે મુદ્દાઓની આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

1940 સુધીની હકીકતનો આપણે આ એકમમાં સમાવેશ કર્યો છે, પરંતુ ત્યાર બાદ પણ કોમવાદની આગેકૂચ ચાલુ રહી. 1940માં પાકિસ્તાનની જાહેરાત તથા 1947માં તેની પ્રાપ્તિ સુધીની હકીકતને આ પછીના એકમમાં આવરી લેવામાં આવી છે, પરંતુ અમુક મુદ્દાઓમાં અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે. પાકિસ્તાનની રચના એ કોમવાદની અંતિમ માગણી હતી અને તે તેનું ચરમબિન્દુ પણ હતું. પાકિસ્તાન એ બેવડી પ્રક્રિયાનું પરિણામ હતું:

- રાજકારણના મુખ્ય રાષ્ટ્રીય પ્રવાહથી ક્રમશઃ મુસ્લિમોની અલગતા, અને
- મહમ્મદ અલી જિન્હાની નેતાગીરી નીચે મુસ્લિમ લીગે શરૂ કરેલી અને છેવટે પાકિસ્તાન તરફ દોરી જતી કોમવાદી ચળવળનું કોમવાદી ધોરણે દઢીકરણ.

આ બન્ને પ્રક્રિયાઓ શક્ય બની કારણ કે ચાળીશીના (1940થી 1947) ગાળામાં કોમવાદ મુસ્લિમ આમજનતાને આકર્ષી શક્યો તથા લોકશક્તિમાં તેનું પરિવર્તન કરી શક્યો. આ પ્રક્રિયા વીસી (1920-29)ના ગાળામાં શરૂ થઈ, તેણે ત્રીસી (1930-39) ના ગાળામાં વેગ પકડ્યો અને ચાળીસી (1940-47)ના ગાળામાં તેણે લોકશક્તિનું વિસ્તૃત સ્વરૂપ ધારણ કર્યું. 1940 સુધીના કોમવાદના ફેલાવાની પ્રક્રિયા વિશે આપણે આ એકમમાં અભ્યાસ કર્યો. કોમવાદનો સૌથી અગત્યનો ભાગ (1940-47) તમે પછીના એકમમાં શીખશો.

## 22.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **કાયમી જમાબંધી** : બંગાળમાં 1793માં બ્રિટિશ સરકારે જમીન મહેસૂલની દાખલ કરેલી નવી પદ્ધતિ. આનાથી ખેડૂતો-જે મોટે ભાગે મુસ્લિમો હતા - તેમણે પોતાના જમીન માલિકીના હક ગુમાવ્યા અને તેઓ ભાડવાત બની ગયા.
- **નેહરુ અહેવાલ** : સાયમન કમિશન સામેનો ભારતીય પ્રતિભાવ તે 1928માં તૈયાર કરાયેલ બંધારણ હતું અને તેના ઘડવૈયામાંના એક મોતીલાલ નેહરુને નામે તે 'નેહરુ અહેવાલ' તરીકે પ્રસિદ્ધ પામ્યું. 1950માં અમલમાં મુકાયેલ સ્વતંત્ર ભારતના બંધારણનું તે અનેક રીતે અગ્રેસર હતું. ભારતના બધા રાજકીય પક્ષોએ તેનો સ્વીકાર કર્યો ન હતો એ કારણે કૉંગ્રેસે તે 1930માં પડતો મૂક્યો.
- **1935નો હિન્દ સરકારનો ધારો** : મોર્લે-મિન્ટો સુધારા (1909) તથા મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા (1919) પછીનો બ્રિટિશ સરકારે અમલમાં મૂકેલ ત્રીજો અગત્યનો બંધારણીય સુધારો હતો. તેણે અલગ મતદાર મંડળો તથા પહેલાંનાં કરતાં વિસ્તૃત મતાધિકારની જોગવાઈ કરી. તેણે પ્રાંતિક સ્વાયત્તતાનો પણ અમલ કર્યો. તે મુજબ પ્રાંતોમાં જે પક્ષ બહુમતી

મેળવે તેને પ્રધાનમંડળો રચવાનો હક મળ્યો, પરંતુ મોટા ભાગના અધિકારો કેન્દ્ર પાસે અનામત રાખવામાં આવ્યા હતા.

## 22.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. પેટા વિભાગ 22.2.1 જુઓ
2. પેટા વિભાગ 22.2.2 જુઓ
3. (i) √ (ii) × (iii) √ (iv) √

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. પેટા વિભાગ 22.3.2 જુઓ
2. પેટા વિભાગો 22.3.1 અને 22.3.3 જુઓ
3. (i) × (ii) √ (iii) √ (iv) √

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. પેટા વિભાગ 22.4.2 જુઓ
2. પેટા વિભાગો 22.4.3 અને 22.4.6 જુઓ
3. (i) 1915
   (ii) શુદ્ધિ અને સંગઠન
   (iii) મહમ્મદ અલી જિન્હા
4. પેટા વિભાગ 22.4.6 જુઓ

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Sumit Sarkar, *Modern India,* New Delhi, 1983.

D. N. Panigrahi (ed.)., *Economy, Society and Polity in Modern India,* New Delhi, 1984.

K. L. Tuteja., *Sikh Politics.* New Delhi, 1984.

Eugene F. Irschick. *Politics and Social Conflict in South India.* University of California Press, Berkley, 1969.

Sneh Mahajan., *Imperialist Strategy and Moderate Politics : Indian Legislature at Work*, New Delhi, 1983 Chapters 1 and 2

Kapil Kumar, *Peasants in Revolt; Tenants Landlords, Congress and the Raj in Oudh*, New Delhi, 1984.

Bipan Chandra., *Communalism in Modern India,* New Delhi, 1984

Bipan Chandra, Amales Tripathi and Barun De. *Freedom Struggle*, N. B. T. A. New Delhi.

નોંધ

નોંધ